

વર્ષ ૪૮મું · અંક ૧૦મો
ઑક્ટોબર · ૧૯૭૧
સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત
સળંગ અંક ૫૭૪



△ અબ્દુલ્લા કુત્બશાહ અને તેના ઝનાનખાનાની બાનુઓ · દખ્ખણી શૈલીના એક ચિત્રનું પ્રાથમિક છતાં સ્પષ્ટ રેખાંકન. ચિત્રાલેખનની સિદ્ધિ રેખાના પ્રભુત્વ પર આધારિત છે. એના સ્વરૂપમાં ભેદ હોઈ શકે, પણ એનું મહત્ત્વ વર્જ્ય નથી જ. આ ચારે દૃષ્ટાંતો તેનાં દ્યોતક છે.







'મારી કૃતિઓમાં રેખાનું પ્રાધાન્ય વધુ જણાશે... અને રંગની જમાવટ પણ.'—કલાકાર રયાવક્ષ ચાવડા. (જુઓ આ અંકમાં 'મારી માન્યતા') ઉપર તેમના એ કથનની પ્રતીતિ આપતી એમની ત્રણ કૃતિઓ. નૃત્યના આવેગને વ્યક્ત કરતું એમનું રેખાસામર્થ્ય જુઓ.



નૃત્ય
(ઉપર) શ્રી શ્યાવક્ષ ચાવડાના ચિત્રમાં
અને
(જમણી બાજુ) શ્રીમતી ખુરશીદ ચાવડાના
અભિનયમાં

ચિત્રમાં ગતિ
અને
ગતિમાં ચિત્રાત્મકતા







કુમાર

ઑક્ટોબર ૧૯૭૧ • અંક ૫૭૪

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭.૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫

એક વિવાદ

આ સાથેના ચોકઠામાં, શ્રી લક્ષ્મીશંકર મો. પંડયા (મુંબાઈ)ના હસ્તાક્ષરમાં, તેમની ડાયરીના પાના ઉપરથી બ્લૉક બનાવીને છાપેલું કાવ્ય અમને ઈ. ૧૯૬૯માં 'દીપોત્સવી અંક માટે ખાસ' શ્રી હરીશ અ. વટાવવાળા (અમદાવાદ) તરફથી મોકલાએલું. તેમાં ૧૩મી પંક્તિમાં કાંઈક ખૂટતું લાગતું હોઇ તે પૂરી કરી મોકલવા લખીને અમે જણાવેલું કે એ કાવ્ય દીવાળી અંકમાં તો નહિ પણ અભિનંદનની કૃતિઓ સાથે ('વાચકો લખે છે' વિભાગમાં) લેવાનું કદાચ વિચારીએ. તેના ઉત્તરમાં તેમનો નીચેનો પત્ર અમને મળ્યો :

તા. ૧૦-૧૧-૬૯

આપનો તા. ૨૮-૧૦-૬૯નો પત્ર મળ્યો. વાંચી ઘણો જ આનંદ થયો. સાથે મારી કૃતિ 'નવે વર્ષે'ને નવા વર્ષનાં અભિનંદનોની કૃતિઓ સાથે લેવાનું વિચાર્યું તે જાણી ઘણો જ આનંદ થયો. બીજું કે આપે મારા કાવ્યમાં જે અંગુલિનિર્દેશ કર્યો છે તે સત્ય છે. તેમાં એક પંક્તિ—

'આશા ને સ્થૈર્ય ને ધૈર્ય ક્યમે રહી શકે'

એ પ્રમાણે હોવી જોઈએ. આપના પત્ર બદલ આભાર.

લિ. આપનો હરીશ. અ. વટાવવાળા

આ પછી અમે એ કાવ્ય ઈ. ૧૯૭૦ના જાન્યુઆરી અંકના 'વાચકો લખે છે' વિભાગમાં પ્રકટ કરેલું, તે વાંચીને મુંબાઈના જાણીતા પુસ્તક વિક્રેતા અને પ્રકાશક ત્રિપાઠી કંપની પ્રકાશન વિભાગના અગ્રણી કાર્યકર (હાલ સેવાનિવૃત્ત) ઘણા સાહિત્યકારોના મિત્ર શ્રી લક્ષ્મીનારાયણ મો. પંડયા તરફથી એ કાવ્ય પોતાનું હોવા વિષેનો નીચેનો પત્ર મળેલો, જે અમે માર્ચ અંકના 'વાચકો લખે છે' વિભાગમાં પ્રકટ કરેલો :

જાન્યુ. અંકના આરંભમાં અમદાવાદના કોઇ હરીશ અ. વટાવવાળાના નામે છપાયલી મારી જ કૃતિ 'નવે વર્ષે' જોઈ તાજુબ થયો. એની છેલ્લી પંક્તિમાં એક શબ્દ જ ઊડી ગયો છે અને તેની પહેલાંની ઉપાન્ત્ય પંક્તિ તો આખી જ રહી ગઈ છે. છેલ્લાં બે ચરણ નીચે પ્રમાણે છે અને તો જ એનો અર્થબોધ થાય છે :

માથું પામરતા ના'વે, દુઃખમાં યે હસી શકું,
ભૂલું ના હું નિયન્તાને, એની હૂંફે સહુ સહું.

આમાં અનુસ્વાર છેલ્લા સહુંમાં છે, આગલો શબ્દ સહુ છે. અહીંના 'જનશક્તિ'ની દીપોત્સવી પૂર્તિમાં એ ત્રણેક વર્ષ પર છપાયું હતું. એની રચના પાછળ પણ થોડોક ઇતિહાસ છે. મારા એક મિત્ર કરોડરજ્જુનો છેલ્લો મણકો સ્થાનભ્રષ્ટ થવાથી ૮-૧૦ વર્ષોથી, માધુકરીમાંના શ્રી ભીમરાવ (પ્ર. હી.) મહેતા માફક, પથારીવશ હતા. આ કૃતિ એમને સંબોધીને રચી હતી.


ત્યારે આમ વાત છે! પ્રસિદ્ધિનો મોહ શું નથી કરાવતો? ૧૩મી પંક્તિમાં પણ 'હૈયે ક્યમે' ને બદલે 'ક્યેમે' કરી છે.

(મુંબાઈ) —લક્ષ્મીનારાયણ મો. પંડયા

ઉપરનો પત્ર 'કુમાર'માં વાંચીને શ્રી વટાવવાળાએ અમને લખ્યું :

૨૧-૯-૧૯૭૦

'કુમાર'ના જાન્યુઆરી અંક ૫૫૩માં 'વાચકો લખે છે' વિભાગમાં મારું કાવ્ય 'નવે વર્ષે' પ્રસિદ્ધ થએલું તેની ઉપર મુંબાઇના એક ભાઈ શ્રી લક્ષ્મીનારાયણ મો. પંડયા 'કુમાર'ના માર્ચ ૧૯૭૦માં 'વાચકો લખે છે' વિભાગમાં આ કાવ્યકૃતિ પોતાની છે તેમ જણાવે છે અને તે કૃતિ મુંબાઈથી પ્રસિદ્ધ થતાં 'જનશક્તિ'ના દીપોત્સવી અંકમાં ત્રણેક વર્ષ પર છપાયું હતું તેમ જણાવે છે, અને તેમણે મને 'પ્રસિદ્ધિનો મોહ શું નથી કરાવતો?' એમ જણાવે છે. પણ આ કૃતિ મારી છે અને આ જ કૃતિ



૧૯૬૬ના અમારા જ્ઞાતિ માસિક અને અમદાવાદથી પ્રસિદ્ધ થતા 'બ્રહ્મભટ્ટ યુવક' માસિકમાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે, તો આપ પોતે જ નક્કી કરશો કે આ કૃતિ કોની છે? 'જનશક્તિ' માસિક છે, અઠવાડિક છે, પાક્ષિક છે કે દૈનિક છે તેની મને ખબર નથી. મારા જોવામાં પણ આવ્યું નથી. આ નામ જ મારા માટે નવું છે.

આ સાથે હું 'બ્રહ્મભટ્ટ યુવક'નો ૧૯૬૬ ઑક્ટોબરનો દીપોત્સવી અંક આપશ્રીની ખાત્રી માટે—તેના પુરાવા માટે મોકલું છું. તો તેમાં જોઈ ખાત્રી કરવા વિનંતી છે.

કોઈ પણ લેખક ઉપર આવું તોહમતનામું કરતાં પહેલાં શ્રી લક્ષ્મીનારાયણ મો. પંડયાએ વિચાર કરવો રહ્યો. આ લેખકનું વગરકારણે ગળું દબાવ્યા બરાબર જ થયું છે.

લિ. આપનો વિશ્વાસુ હરીશ અ. વટાવવાળા

એના ઉત્તરમાં અમે એમને લખ્યું:

૨૫-૯-૧૯૭૦

આપનો તા. ૨૧મીનો પત્ર તથા સાથે મોકલેલો અંક મળ્યા છે. આપનો પત્ર શ્રી લક્ષ્મીનારાયણ પંડ્યાને અમે મોકલીએ છીએ.

અમને એ નથી સમજાતું કે જે કાવ્ય હજી આ જ વર્ષના જાન્યુ. અંકમાં અમે છાપ્યું તે ફરીથી પાછું આપે અમને છાપવા માટે શા કારણે મોકલ્યું હશે? તે પણ 'બ્રહ્મભટ્ટ યુવક'માં અગાઉ છપાઈ ગયા પછી ત્રીજી વાર?

આનો ઉત્તર અમને નીચે મુજબ મળ્યો:

૨૯-૯-૭૦

આપનો તા. ૨૫-૯-૭૦નો પત્ર મળ્યો, વાંચ્યો. જાન્યુ. '૭૦માં મારું કાવ્ય છપાયું હતું તેની મને જાણ ત્યારે જ થઈ કે જ્યારે મારા કાવ્યની સાથે આપે ઑફપ્રિન્ટ મોકલી ત્યારે જ મને ખબર પડી કે એ કાવ્ય જાન્યુ. '૭૦માં છપાયું હતું!

'બ્રહ્મભટ્ટ યુવક' એ મારી જ્ઞાતિ પૂરતું જ માસિક છે, અને 'કુમાર' એ આંતરરાષ્ટ્રીય માસિક છે એમ કહો તો પણ ચાલે; એટલે મેં આ કાવ્ય 'કુમાર'માં પ્રસિદ્ધાર્થે મોકલ્યું હતું. અને જો મને ખબર હોત કે જાન્યુ. '૭૦માં આ કાવ્ય છપાયું છે તો ફરીથી આપની ઉપર શા માટે પ્રસિદ્ધાર્થે મોકલત? શ્રી લક્ષ્મીનારાયણ પંડ્યાનો જવાબ આવ્યેથી જરૂરથી જણાવશો.

-હરીશ અ. વટાવવાળા

(ઉપલા પત્રમાં જોડણી પત્રલેખકની જ છે.)

એના ઉત્તરમાં અમે એમને લખ્યું:

૧-૧૦-'૭૦

આપનો ૨૯મીનો પત્ર મળ્યો. જાન્યુ અંકમાં આપનો પત્ર છપાયો તેનાં ઑફપ્રિન્ટ નિયમ પ્રમાણે આપને મોકલાયાં હતાં, જે આપને મળ્યાં જણાતાં નથી.

આપની વિવિધ વૃત્તોમાં લખેલી કાવ્યકૃતિઓ જોવાની ઇચ્છા છે. મોકલશો?

આ પછી શ્રી વટાવવાળા તરફથી અમને કશો ઉત્તર મળ્યો નહિ. દરમિયાન અમે એમના ઉપર્યુક્ત તા. ૨૧-૯-૧૯૭૦ના પત્રની નકલ શ્રી લક્ષ્મીનારાયણ મો. પંડ્યાને મોકલેલી. તેના ઉત્તરમાં શ્રી પંડ્યાએ અમને લખ્યું:

૨-૧૦-૭૦

તમારો તા. ૨૫/૯નો પત્ર તથા શ્રી હરીશભાઈના પત્રની નકલ મળી. આ વળી નવું! મારી અત્યારની નિજાનંદની મનોદશામાં ઘડીભર તો આ વિવાદમાં ઊતરવાનું મન ન થયું. પણ રખેને મૌનનો અર્થ એકરાર થાય એટલે નિરુપાયે ચોખવટ કરવી પડે છે

મારી ડાયરીમાં આ કાવ્યની નીચે 'સં. ૧૯૯૬ની ઊગતી કૃપાએ' એટલી નોંધ સદ્ભાગ્યે મળી આવી છે. સં ૧૯૯૬ એટલે સને

दीपमाला-मंगलम्

ज्योति श्चेतसि सर्वदा विजयते ज्ञान-प्रभा-भास्वरम्
सद्धर्मे प्रणयं सदा जनयतां, सारस्वतं वैभवम्।
प्रज्ञा, शील-समन्विता वितनुतां लोकोत्तरां संस्कृतिं
भव्यां जीवन-पद्धतिं दिशतु नः दीपावली-दीपिका॥

पोरबंदर · महिला कॉलेज — विद्यालंकारः शंकरदेवः।

૧૯૪૦માં, આજથી ત્રીસેક વર્ષ પહેલાં, મારા આગલા પત્રમાં જણાવ્યા મુજબ, મારા બીમાર મિત્રને સંબોધીને એ લખાયલું. ત્યાર પછી એ વર્ષે કે પછીના વર્ષે, સ્વ. ઈ. સુ. દેસાઈના 'ગુજરાતી'ના દીપોત્સવી અંકમાં, અને મહારીને 'મિલાપ'ના પહેલા કે બીજા વર્ષમાં એ છપાયું હતું. આ પણ મારી યાદદાસ્ત પરથી લખું છું આટલાં વર્ષે તો એ અંકો ય ક્યાંથી જડે? હું પણ એ બાબત જરા બેતમા તો છું જ. જોઈએ તો શ્રી રાજેન્દ્રભાઈ શાહ કે શ્રી જગન્નાથભાઈ ડૉક્ટરને મારી એ ડાયરી બતાવું. મને આ ચર્ચા એટલી ક્ષુલ્લક લાગે છે કે ડાયરીના એ પાનાની ફોટોપ્રિન્ટ મોકલવાની જરૂર લાગતી નથી. 'જનશક્તિ'ની સં. ૨૦૨૩ની દીપોત્સવી પૂર્તિમાં એનું છેલ્લું સંસ્કરણ છપાયું હતું, પણ એની એ ઑફપ્રિન્ટ ચિત્રકાર શ્રી યુસુફભાઈ મર્ચન્ટ અને બીજા મિત્રોને માગણી કરવાથી વહેંચી દીધી હતી. ટૂંકમાં આમ વાત છે. બીજું તો શું થઈ શકે? માનવું ન માનવું સહુની મરજીની વાત છે...

-લક્ષ્મીનારાયણ મો. પંડ્યા

ઉત્તરમાં અમે એમને ડાયરીના પાનાંનો ફોટો પ્રિન્ટ મોકલવા લખ્યું, જે એમણે મોકલી આપ્યો. તેની સાથે ઉપર્યુક્ત 'જનશકિત'ની દીપોત્સવી પૂર્તિવાળું પાનું પણ શોધીને મોકલ્યું. અમને ડાયરીના પાનાના મથાળાની તારીખ અને કાવ્ય નીચેની તિથિ વચ્ચે ફેર જણાયો તે તરફ તેમનું ધ્યાન દોર્યું. ઉત્તરમાં એમણે લખ્યું:

'ત્રિપાઠી લિ.માં હું ૧૯૨૯માં જોડાયો. ત્યારે મને આ ડાયરી મળેલી, અને એમાં મેં મારી રચનાઓ ઉતારવા માંડી હતી. હજી એ ડાયરી ચાલુ જ છે અને તાજી રચનાઓ પણ એમાં ઉતારું છું: રચનાને અને મથાળેની તારીખને કશો જ સંબંધ નથી. શ્રી વટાવવાળાનાં બીજાં કાવ્યો, ગીતો મળ્યાં ખરાં?'

-લક્ષ્મીનારાયણ મો. પંડ્યા

પણ શ્રી વટાવવાળા તરફથી કશો પત્ર નહતો. તેથી આ વાતને જાહેરમાં મૂકતાં પહેલાં ન્યાયને ખાતર અમે શ્રી વટાવવાળા સાથે રૂબરૂમાં આ બાબત ચર્ચવા તથા ઉપર્યુક્ત ફોટોપ્રિન્ટ તેમને બતાવવા ઇચ્છયું અને તેમને લખ્યું:

૨૪-૧૧-'૭૦

'નવે વર્ષે' નામક કાવ્ય સંબંધમાં થએલા પત્ર વ્યવહારમાં અમે લખેલા ૧-૧૦-'૭૧ના પત્રનો ઉત્તર તમારા તરફથી નથી. એમાં અમે તમારી અન્ય કાવ્ય-રચનાઓ-વૃત્તમાં-જોવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. એ વિષયે વાતચીત કરવી છે, તો રૂબરૂ મળવા આવી શકશો? આ પત્રને મથાળે લખેલા (છાપેલા) ટેલિફોન નંબર પર, આવતાં પહેલાં મળવાનો સમય નક્કી કરી લેશો તો અનુકૂળ રહેશે.

પણ તેમનો કાંઈ જ ઉત્તર ન આવ્યો. આ પછી થોડા સમયે ગુજરાત યુનિવર્સિટીના યુવક મહોત્સવ નિમિત્તે યોજાએલી પાદપૂર્તિ-હરીફાઈના નિર્ણાયક તથા સંચાલક તરીકેની કામગીરીના સંદર્ભમાં અમને એ પાદપૂર્તિ માટે આવેલી જે કૃતિઓ મોકલાઈ તેમાં શ્રી વટાવવાળાની પણ કૃતિ હતી. તેથી સમજાયું કે તેઓ યુનિવર્સિટીના વિદ્યાર્થી છે; એટલે એ હરીફાઈને દિવસે તેઓ પાદપૂર્તિ રજૂ કરવા આવે ત્યારે તેમની સાથે વાત કરી લેવા વિચાર્યું. પણ એ ધારણા નિષ્ફળ ગઈ. તેઓ આવ્યા જ નહિ. એટલે અમે ફરી તેમને લખ્યું:

૧-૧-'૭૧

'નવે વર્ષે' નામક તમારું કાવ્ય 'કુમાર'માં છપાયું તે વિષે ઊભી થએલી ચર્ચા બાબતમાં અમે તમને લખેલા તા. ૧-૧૦-'૭૦ તથા તા. ૨૪-૧૧-'૭૦ના બંને પત્રોનો જવાબ નથી તેથી આશ્ચર્ય થાય છે.

તે પછી યુનિવર્સિટી યુવક મહોત્સવ નિમિત્તે યોજાએલી પાદપૂર્તિ હરીફાઈમાં તમારું કાવ્ય જોયું એટલે ધારેલું કે ત્યાં તમને મળી શકાશે. પણ તમે તે દિવસે આવેલા જ નહિ.

ઉપર્યુક્ત 'નવે વર્ષે' કાવ્ય પોતે ઘણું વહેલું લખેલું એ બાબતમાં પુરાવા સાથે શ્રી લક્ષ્મીનારાયણ પંડ્યાનો પત્ર અમને મોકલવામાં

આવ્યો છે, તે સંબંધે તમારી સાથે વાત કરવી હતી, પણ તમે ન જ આવ્યા. ખેર. હવે એ પુરાવા સાથેનો એમનો ઉત્તર અમે 'કુમાર'માં પ્રકટ કરીશું.

તા. ક. ૨૯-૯-'૭૧ના પત્રમાં તમે જણાવ્યું હતું કે શ્રી પંડયાનો પત્ર આવ્યેથી જરૂરથી જણાવશો, એટલે તમને આ ખબર આપ્યા છે. આશા છે કે હજી પણ તમે અઠવાડિયામાં આવવાની તક લેશો, નહિતર પછી અમે પ્રકટ કરીશું.

...

આ પછી અનેક અઠવાડિયાં રાહ જોયા છતાં ન તેઓ પોતે આવ્યા કે ન કશો ઉત્તર આવ્યો. એટલે અંતે શ્રી પંડયાના હસ્તાક્ષરમાં પ્રસ્તુત કાવ્ય આ સાથે રજૂ કરીએ છીએ. વાચકો યોગ્ય નિર્ણય કરી લેશે. —તંત્રી

૫૭૦મો અંક: આલ્બ્રેખ્ટ ડ્યુરરનો પરિચય, ચિત્રો, 'તમારો તારુણ્યપ્રવેશ' તથા 'તારુણ્યની તકલીફ' જેવા પ્રેરક-બોધક લેખ, નારણભાઈ ખેર જેવા કલાકારનો પરિચય (અવસાન-નોંધ), 'એના અંતરની ઘટા' તથા અન્ય ચિત્રો (કે જે મેકસીન અથવા ગોગાં-રૂસોનાં ચિત્રો જેવું રહસ્યમય વાતાવરણ અનુભવાવે છે) વગેરે સાહિત્યથી સમૃદ્ધ બન્યો છે.

'લાંગ ભાંગે ટાંગ' જેવી કહેવત લાંગના વિરોધક લોકોએ અપંગ દશા આપવાના ગુણ (!)ને અનુલક્ષીને બનાવી કાઢી હશે. આ તરફ ચણાના લોટમાં લાંગના લોટનું મિશ્રણ કરવામાં આવે છે એમ કહેવાય છે.

(જામનગર) —મહેશ જોશી

મે અંકમાં શ્રી મુકુંદ પારાશર્યના 'આપણને બાળક થાય' એ લેખમાં બર્નાર્ડ શૉનો પ્રસંગ ખોટી રીતે રજૂ કરવામાં આવ્યો છે એમ મને લાગે છે. બર્નાર્ડ શૉ અને એક સ્વરૂપવાન અભિનેત્રી સાથેની આ વાત મૂળ તો એક jokeના સ્વરૂપની છે, એટલે એને joke તરીકે જ જોવી જોઈએ. અને એ કદાચ સાચી ન પણ હોય, ઉપજાવી કાઢેલી હોય એ શક્ય છે.

પટ્ટણીસાહેબનું આ 'જોક' પરનું ભાષ્ય વાંચીને લાગે છે કે તેઓ આ 'જોક' સમજ્યા જ નથી અને એમનું ભાષણ તદ્દન વિસંગત અને ચોખલિયું લાગે છે. શૉનો આવો જવાબ વાંચી-સાંભળીને એ અભિનેત્રીને મનદુઃખ થયું હોય એમ માની લઈએ. તેમ છતાં આવો retort વાંચી-સાંભળીને એ મુક્ત મને ખડખડાટ હસી પડી હોય એ પણ એટલું જ સંભવિત છે. એ લોકો ઓછા ખેલદિલ નથી અને તેમાંય શૉ જેવા જાણીતા નાટ્યકાર વિષે તો અવશ્ય. શૉ આવાં retort માટે ખૂબ જાણીતા હતા. શૉના જવાબ અસામાન્ય જ હોવાના એમ પ્રશ્નકર્તાને પ્રથમ જ અંદાઝ હોવાનો. એટલે પટ્ટણીસાહેબ આ 'જોક'ના સંબંધમાં અમેરિકાની લગ્નપ્રથા, લગ્ન પહેલાંની છૂટછાટ વગેરેમાં ઊતર્યા છે તે અપ્રાસંગિક અને અનુચિત છે, એટલું જ નહિ પરંતુ શૉએ એ અભિનેત્રી સાથે વધુપડતી છૂટ લીધી હશે ને પરિણામે અભિનેત્રીએ લગ્નની દરખાસ્ત મૂકી હશે, યા તો શૉ માત્ર છૂટ લઈ જાણે છે, જવાબદારી નહિ એવો આચારવિહીન આક્ષેપ કર્યો છે તે શૉ જેવી વ્યક્તિનું અપમાન કરવા સમાન છે. પટ્ટણીસાહેબને શૉ જેવા લેખકના વ્યક્તિત્વનો ખયાલ હોય એમ લાગતું નથી ને એટલે જ આવું ભારેખમ ભાષ્ય રચીને બે ઘડીના આનંદને રોળી નાખ્યો છે. આ પ્રકારની વિચારસરણીને સ્વસ્થ કહી શકાય નહિ.

વળી ઉપર્યુક્ત લેખનું શિર્ષક પણ બેજવાબદાર લાગે છે. શિર્ષક નથી લેખના હાર્દને પ્રગટ કરતું કે નથી એનો નિર્દેશ કરતું. ઊલટું વાચકને mislead કરે છે. વાચકના મનમાં લેખ વિષે વાંચ્યા પહેલાં જ ખોટો ભાવ ઉત્પન્ન કરે છે.

આ દૃષ્ટિએ લાગે છે કે આ લેખ 'કુમાર'માં જે રીતે રજૂ કરવામાં આવ્યો છે તે રીતે સ્થાન પામી શકે નહિ. એમ લાગે છે કે 'કુમાર'માં હવે લેખો વાંચ્યા વિચાર્યા વિના પ્રગટ થાય છે.

નાને મોઢે મોટી વાત થઈ ગઈ હોય તો માફ કરશો. આ તો 'કુમાર' પ્રત્યે નાનપણનો લંગોટિયો પ્રેમ છે એટલે આટલું લખાઈ ગયું.

(ઘાટકોપર મુંબાઇ) —એક વાચક

[* એ લંગોટિયો પ્રેમ છે એટલે આશા પડે છે કે અમારું આ વિધાન સ્વીકારશો કે 'કુમાર'માં આવતું એક પણ લખાણ ત્રણ વખત વંચાયા પહેલાં પ્રેસમાં જતું નથી. લેખ માટે અભિપ્રાયભેદ હોઈ શકે; પરંતુ એટલા ખાતર આવો આક્ષેપ થાય?]

મે માસના 'કુમાર'માં મુ. શ્રી મુકુંદભાઈ પારાશર્યનો 'સુંદરીને ઉત્તર' પ્રસંગ વાંચેલો ત્યારથી કાંઈક લખવા મન થયા કરતું.

માનવમાં બુદ્ધિ એક વિશેષ વસ્તુ રહી છે, અને તેથી જ એને હમેશાં પ્રધાનતા અપાયા કરે છે. પણ આ પ્રસંગ વાંચ્યા પછી સમજણને વિશેષરૂપે વાળવી જરૂરી લાગ્યા વિણ રહેતું નથી. મને લાગે છે કે વર્તમાન સમાજ બુદ્ધિને કાંઈક વધુ ને વધુ મહત્ત્વ આપતો થયો છે તે ખરેખર પ્રશસ્ય નથી જ. હૈયાની વાણી, અંતરના અવાજને જો તે પ્રાધાન્ય નહિ દેતો થાય તો એનાં પરિણામ વધુ ને વધુ વણસતાં જશે. મુ. શ્રી પારાશર્યનો આ પ્રસંગના લખાણ દ્વારા સચોટ ઇશારો છે. જો એને પારખતાં શીખીશું તો માનવજીવનનું ભાવિ ઉજ્જવળ છે.

હાલમાં જોવા મળે છે કે ડૉક્ટર, વકીલ, સરકારી ઑફિસર વ.નું સંગીતકાર, કવિ, ચિત્રકાર, શિક્ષક કરતાં સમાજમાં મહત્ત્વનું સ્થાન માનવામાં આવે છે; પણ એની ક્યારે જાણ થશે કે સર્જનાત્મક પ્રવૃત્તિ જેનો જન્મગત સંસ્કાર છે તેનું સ્થાન જો નીચું સમજવામાં આવશે તો સમાજ ઊંડી ગર્તામાં ધકેલાતો રહેવાનો?

(ગઢડા) —હસમુખ શાહ

જે 'કુમાર' સર્વશ્રી એ. એલ. સૈયદ અને અશ્વિન મહેતા જેવાના સુંદર ફોટો આપે એ જ 'કુમાર' પોતાની ફોટો-સ્પર્ધામાં, મે અંકમાં આપ્યા છે એવા બંડલ ફોટો કેમ આપે છે?

ત્રણમાંથી એક પણ ફોટો 'સારા'ની કક્ષામાં પણ ન આવે ત્યારે તેને ઈનામ કેમ આપ્યું? ટેક્નિકલ ખૂબીઓ પણ નથી. સ્ટડીઓ સિટિંગને (નં. ૨) સ્થાન ન મળવું જોઈએ. ઉપરાંત જ્યાં 'એક્સપોઝર' શબ્દ છે ત્યાં 'સ્પીડ' જોઈએ, જેથી ઊડતા પક્ષીની ગતિ ઝડપી શકાય.

ધીમે ધીમે 'કુમાર' કંટાળો ઉપજાવે એવું થતું જાય છે. 'આત્મકથાનકો' ક્યારે પૂરાં થાય છે? કે પછી જૂનાં ઋણ ચૂકવવા જ ચાલુ રાખવાં પડે છે? 'અંતર ગઠરી' પણ 'નવા ગગન નીચે' જેવી જમાવટ નથી કરતી.

ફોટો-સ્પર્ધા માટે 'ઈલસ્ટ્રેટેડ વીકલી' અને લેખોના વૈવિધ્ય માટે 'નવનીત' યાદ કરવું જોઈએ. નકલ નહિ, પણ સારું હોય તે સ્વીકારીને પોતાનામાં ફેરફાર કરવા જ રહ્યા.

'કુમાર'ની સુંદર છપાઈમાં બે મત નથી. જે છે તે ચાલુ રાખવા જોઈએ. વાચનમાં ઘટાડો ન થાય એ રીતે જાહેરાત વધારી કિંમતમાં ઘટાડો ન થઈ શકે? અથવા ચાલુ કિંમતમાં વાચન વધારવું જોઈએ.

થોડા સમય પહેલાં પૂરી થએલી 'ધર્મયુગ'માં આવતી 'ચિત્રકાર અને તેનાં શ્રેષ્ઠ ચિત્ર'ની શ્રેણી જેવી કોઈ યોજના 'કુમાર' પાસે છે? ન હોય તો વિચારવું જોઈએ. સારા આર્ટપેપર ઉપર અપાય તો જરૂર આકર્ષણ જન્માવી શકે અને સંગ્રાહકોને ફાઈલ પણ થઈ શકે.

(અમરેલી) —વિક્રમ ઠાકર

[*આમાંના મોટા ભાગના મુદ્દાઓના ઉત્તર અમે અથવા અન્ય વાચકો આપી ચૂક્યા નથી?]

ગુજરાતી સાહિત્યમાં પ્રાચીન ભારતીય શિલ્પકળા વિષે નહિવત્ સામગ્રી છે. પણ વિદ્વાન લેખક (સ્વ.) કનૈયાલાલ ભાઈશંકર દવેએ 'ગુજરાતનું મૂર્તિવિધાન' નામનો ગ્રંથ (પ્ર. ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ)માં સુંદર સામગ્રી પીરસી છે. એમણે મૌર્યકાળની પ્રાચીન પ્રતિમાઓને અજાતશત્રુ, અજઉદાયિ અને નંદિવર્ધન રાજાઓની મૂર્તિ તરીકે ઓળખાવી છે. આ જરા બંધબેસતું નથી. હકીકતમાં આ મૂર્તિઓ રાજાઓની પ્રતિમાઓ નથી પણ યક્ષોની મૂર્તિ છે, અને ડૉ. જયસ્વાલ જેવા કલાવિવેચકો તેમજ ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જેવા વિદ્વાનોએ પણ કબૂલ કર્યું છે કે આ **મૂર્તિઓ યક્ષોની મૂર્તિઓ છે.**

આનું પ્રમાણ મથુરા નજીકના 'ઝીંગ કા નગરા' નામના ગામે પૂજાતી એક યક્ષિણીની મૂર્તિના શિલાલેખ પરથી માલૂમ પડે છે. વળી આ પ્રકારની મૂર્તિઓ ખાસ વિશિષ્ટતા ધરાવે છે.

મૌર્યકાળની મૂર્તિઓ વિશાળકાય, ચારે બાજુથી જોઈ શકાય તેવી, સ્થૂળ દેહવાળી તેમ જ સામેથી જોઈ શકાય તેમ કંડારેલી છે તથા એમના પોશાક, અલંકાર આદિ લક્ષણોયુક્ત છે. આ ઉપરાંત સાહિત્યિક પુરાવા પણ મળે છે, જે દ્વારા સ્પષ્ટ થાય છે કે આ મૂર્તિઓ રાજાઓની નહિ પણ યક્ષોની મૂર્તિઓ છે. પ્રાચીન ભારતમાં યક્ષ-યક્ષિણીઓની પૂજાની વ્યાપકતાને કારણે એમની મૂર્તિઓ બનાવવાની શરૂઆત થઈ. ઋગ્વેદ, મહાભારત આદિ પ્રાચીન સાહિત્યમાં પણ યક્ષ-પૂજાનો ઉલ્લેખ મળે છે. આ યક્ષ-પૂજાની પરંપરા મૌર્ય કાળ અને બૌદ્ધ કાળમાં પણ ચાલુ હતી. મૌર્ય પછીના કાળનાં શિલ્પો—જેવાં કે સાંચી સ્તૂપ અને ભરહૂત સ્તૂપ તથા મથુરાની કળામાં પણ યક્ષ-યક્ષિણીનાં પાત્રો મળે છે. આશા છે કે 'ગુજરાતનું મૂર્તિવિધાન'ના દ્વિતીય સંસ્કરણ વેળા આ સુધારો થશે.

—ડૉ. ગોપાલ પુરુષોત્તમ બારોટ

પચ્છેગામના પ્રખ્યાત વૈદ્યરત્ન શ્રી જટુભાઈએ, 'કુમાર'ના માર્ચ ૧૯૭૧ના અંકમાં છાપવામાં આવેલ 'ઘડિયાળના ઇતિહાસ'ની ચર્ચાના અનુસંધાનમાં મને નીચેની વાત કરેલી:

બે માસ પહેલાં જ જેમનો દેહોત્સર્ગ થઈ ગયો તે સન્નિષ્ઠ શિક્ષક સ્વ. મનુભાઈ મોરારજીના દાદા અતિ ઉચ્ચ કક્ષાની વૈજ્ઞાનિક બુદ્ધિ ધરાવતા હતા. એક સાંજે કેટલાક યુવાનોએ તેમને ત્યારે નવી શોધાએલી ઘડિયાળની વાત કરી. વાત સાંભળી તેઓએ કહ્યું: 'એ કાંઈ અઘરું નથી; આપણે પણ ઘડિયાળ બનાવી શકીએ.' આ પછી માત્ર ત્રણ કે ચાર જ દિવસમાં તેમણે ઘટિકાયંત્ર બનાવી દીધું હતું.

પેટના ભાગમાંથી ખૂલી જતા, ચાંચ અને પૂંછડીના છેડે છિદ્રવાળા માટીના એક મોરલામાં સુંડલાનીસળીની કેટલીક કમાનો તથા લાકડાનાં કેટલાંક ચક્રો બનાવીને તેમણે મૂક્યાં હતાં. સવારે મોરલાના મોઢામાં ૨૪ ગાંઠાવાળો એક

દોરો પકડાવી દેતા. બરાબર એક કલાકે એક ગાંઠ મોરલો કદરસ્થ કરતો. એમ બીજે દિવસે સવારે બરાબર ૨૪ કલાકે મોરલાના પૂંછડીવાળા છિદ્રમાંથી ૨૪મી ગાંઠ બહાર નીકળી જતી! અઠવાડિયે નવી કમાનો ગોઠવવી પડતી. તેઓ આ યંત્રને 'મયૂર ઘટિકાયંત્ર' કહેતા. આ યંત્રે ગામડાગામમાં વર્ષો સુધી ગ્રામઘડિયાળ તરીકે સેવા બજાવી હતી.

—અરવિન્દ પંડ્યા

મે અંકમાં 'શારદાગ્રામ' લેખ ખૂબ જ ગમ્યો. આ લેખને 'માહિતી સભર' કહેવા કરતાં 'પ્રેરણા સભર' કહેવો વધુ યોગ્ય ગણાશે. આપણે ત્યાંની ઘણીખરી શિક્ષણસંસ્થાઓમાં ચાલતી વહીવટી અવ્યવસ્થા, ગેરશિસ્ત, 'ટ્યૂશન'ખાર માનસ અને ખાસ તો શિક્ષણક્ષેત્રે જરૂરી એવી સક્રિયતાનો અભાવ, આ બધું જે તે સંસ્થાને શૈક્ષણિક આદર્શ તરફ દોરી જવામાં અવરોધક રહ્યાં છે. પંડિત નેહરુના સમયમાં જેમ કહેવાતું કે દેશની સાચી પ્રગતિ માટે ગામડે ગામડે 'નેહરુ'ની જરૂર છે, એ રીતે આપણી શિક્ષણસંસ્થાઓએ રાજકીય વ્યક્તિઓથી પર રહીને 'શારદાગ્રામ' બનવું પડશે. આ માટે સંસ્થાકાર, સર્જક અને કેળવણીકાર શ્રી મનસુખરામભાઈ જોબનપુત્રાઓ વિના કેમ ચાલશે?

શિક્ષણમાં જાતીય શિક્ષણ વિષેની ચર્ચાઓ ચાલી રહી છે ત્યારે ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા 'તારુણ્યની તકલીફો' ઘણી જ આવકારપાત્ર છે. એક નમ્ર સૂચન કરવાનું મન થાય છે કે આજકાલ કિશોર માનસનો ઝોક મુખ્યત્વે 'પ્રેમલા-પ્રેમલી'નાં ચલચિત્રો તરફ વળી રહ્યો છે એ સમયે દર અંકમાં એકાદ-બે ચલચિત્રો વિષેનાં તટસ્થ અવલોકનો પ્રગટ થયા કરશે તો આવકારપાત્ર ગણાશે.

(ધ્રાંગધ્રા) —પ્રવીણ રાધનપુરા

'કુમાર'-મે, પૃ. ૧૯૯ ઉપર શ્રી પેથડશાની કિંમત રૂ. ૧-૫૦ છપાઈ છે તે રૂ. ૨-૫૦ જોઈએ. છતાં ભૂલ થઈ છે તો 'કુમાર'ના ગ્રાહકને એ કિંમતે અને પોસ્ટેજ ૨૦ પૈસા મળી ૧-૭૦થી અમારા તરફથી મોકલાશે.

'શબ્દકથા'માં બને તો નીલપચુનો અર્થ, ને ચોખાના આટાની મુરખા બને છે (કોઈક ચકલી અને કોઈ ચકરી કહે છે) તે મુરખા નામ કેમ પડ્યું?

—મુનિ જયપદ્મવિજય

(P. O. Box 11, Gadag)

'કુમારે' ગુજરાતી અર્વાચીન કવિતાને ઘાટ આપવામાં અત્યંત મહત્ત્વનો ફાળો આપ્યો છે. એમાં આપની કલાસૂઝ, બુધસભાની અનન્ય પ્રવૃત્તિ અને 'કુમાર' દ્વારા કવિઓને ઉત્તેજન, એ બધાંનો ફાળો નાનોસૂનો નથી. 'કુમાર' માટે હવે એક બીજી પ્રવૃત્તિ સૂચવવાનું મન થાય છે. 'કુમારે' તેના બુધસભાના કવિઓની એક તવારીખ તૈયાર કરી પ્રસિદ્ધ કરવી જોઈએ. દરેક કવિ કેવી રીતે ત્યાં આવતા થયા, ત્યાં શું પામ્યા એ વિષે એમના પોતાના જ શબ્દોમાં ઋણસ્વીકાર અને કેવી રીતે એ કાવ્યશાળાની વિદાય લીધી એ સંક્ષેપમાં નોંધાવવું. ઉપરાંત જે કવિમિત્રોની કલમ'કુમાર'માં સારી રીતે ચમકી હોય, આશા આપી ગઈ હોય અને છતાં કમનસીબે એ પ્રતિભા કુમાર-અવસ્થામાં જ આથમી ગઈ હોય એની એક મોજણી કુમારની ફાઈલ પરથી કરવી જોઈએ. આવું કેમ બન્યું તે તપાસવા બે કવિમિત્રો, બે કાવ્યરસજ્ઞો અને એકાદ તંત્રીશ્રીની બનેલી એક તપાસસમિતિ નીમી તેનો અભ્યાસ-હેવાલ પ્રસિદ્ધ કરવો જોઈએ. હું બેએક મિત્રોને જાણું છું જેમની કવિ પ્રતિભાને બુધસભાએ, આપે અને ત્યાંના મિત્રસમુદાયે આશાસ્પદ રીતે સંકોરી હતી. મોગરાનાં પુષ્પ જેવાં શુચિસુવાસિત કાવ્યો 'કુમાર'માં પ્રસિદ્ધ પણ થયાં હતાં. આ સુંદર ફાલ એકાદ બે વર્ષ સરસ ઊતર્યો અને પછી કવિ અંદર સમાઈ ગયા. આમ કેમ બન્યું? આવા અભ્યાસથી કાવ્યજગતને લાભ થશે જ.

(ગાંધીનગર) — કાલિદાસ ત્રિવેદી

ઑગસ્ટ અંકનું કવર જોતાં ઘડીભર તો કોઈ નવું માસિક હોય તેમ લાગ્યું; કારણ કે તેના ઉપરના અક્ષરો ઉર્દૂ, ફારસી કે અરબી ભાષાના હોય તેમ જણાયા. ખરેખર તમોએ 'તુગ્રા' આકારના શબ્દો લખ્યા હોય તેવો ભ્રમ પેદા થયો. આનું નામ કલા. જે ન હોય તે દેખાય અને આંખને છેતરે તેનું નામ કલા. 'ઇસ્લામી સુલેખનકળા'ના લેખ સાથે આ ડિઝાઈન તદ્દન બંધબેસતી છે. તેમાં પણ ખાસ કરીને 'બચુભાઈ રાવત' અક્ષરોની ઉપર તથા નીચે નિશાનીઓ તથા ટપકાં મૂકી અરબી જેવી લિપિમાં લખવાનો સફળ ને સુંદર પ્રયાસ કર્યો છે જે અભિનંદન તથા ધન્યવાદને પાત્ર છે.

(ભાવનગર) —મ. તા. કુરેશી

સપ્ટેમ્બર અંકમાં ક્ષમા અજમેરા (મદ્રાસ)-ના પત્રનો જવાબ: લાંગ ને મસૂર જુદાંજુદાં કઠોળ છે. લાંગની દાળ મસૂર જેવી કેસરી નથી હોતી. તે લીલા કાળા ભરૂચના વટાણાની દાળ કે તુવેરની દાળ જેવી પીળી હોય છે. 'લાંગ તોડે ટાંગ' એ કહેવત પ્રચલિત છે. પણ તે સતત વપરાશથી. મસૂર કરતાં લાંગનો દાણો જરા મોટો અને એક બાજુથી ચપટો હોય છે. ભરૂચ જિલ્લામાં લાંગ થાય છે, વપરાય છે.

(ખેડા) —કૃષ્ણવદન જેટલી

ઑગસ્ટના પૂઠા પર 'કુમાર' અને અન્ય શબ્દોમાં અરબી લિપિની મિલાવટ જોઈ હું ખૂબ રાજી થયો ખૂબ સારો સમન્વય કર્યો છે. રાવત લિપિની જેમ આવી સમન્વય લિપિઓ 'કુમાર'માં છાપો તો સારો વ્યાપક પ્રચાર થશે. સમાજમાં આપની રાવત લિપિએ ઘણું સારું સ્થાન બૉર્ડ (પાટિયાં)માં મેળવ્યું છે.

(કરનાલી) —દિનુભાઈ પંડ્યા

સપ્ટેમ્બર અંકમાં 'હિપ્પી જમાતના રંગ-ઢંગ' લેખમાં પૃ. ૩૫૩માં સોમને ભાંગ માનવામાં આવી છે. હકીકતે સોમ એ ભાંગ નથી.

સોમલતા: વેદકાળમાં ક્ષુપ રૂપે હતી અને તેને પીસીને બ્રાહ્મણો રસપાન કરતા. આયુર્વેદ-સુશ્રુત ગ્રંથમાં તેનું વર્ણન વિસ્તારપૂર્વક છે. તેમાં લખે છે કે સોમ એ કંદ છે. એને સોનાની સોયથી વીંધી અંદરના દૂધનું સેવન થતું.

સોમલતા પૂનમને દિવસે પંદર પાનવાળી થાય છે અને અમાસને દિવસે એક પણ પાન હોતું નથી. આ તેનું ખાસ લક્ષણ છે. 'સુશ્રુત'માં તેનાં વિભિન્ન ૨૪ નામો છે. અમરકોષમાં કુલ ૮ નામ છે. અમરસારમાં કુલ ૨૧ નામ છે. વિભિન્ન દેશ ને ભાષામાં તેનાં જુદાં જુદાં નામો છે.

સંસ્કૃત-સોમરાજી, સોમક્ષીરી, સોમવલ્લી.
હિંદી સોમલતા, સોમવલ્લી.
બંગાળી-સોમલતા.
ગુજરાતી થોર, સાંઠિયાવેલ, ચીરોડી, સોમલતા.
મરાઠી-સોમવલ્લી, થોર.
પંજાબ-પનસાનિયા, બુદસુર, બુતસુર, ચેબા.
સિંધી-ચોરીજલ. સતલજ-ફોક.
તેલુગુ-પલ્લીટીસી, પુલ્લતોગે, ટિગરસુમર.
તિબેટ-સોમ. ઇરાન-હૂમ હૂમ.
બલુચિસ્તાન-હુમાન અફઘાનિસ્તાન-ખોફ
અંગ્રેજી-મૂન પ્લાન્ટ.

ઉપરની વાત પરથી સ્પષ્ટ થાય છે કે ભાંગ એ સોમ નથી. જો કે તેના વિભિન્ન મતો છે. અને વેદના અભ્યાસી મૅક્સમુલરે, આ માટે ઘણો પ્રયત્ન કરેલો. પણ સોમ એ આ જમાનામાં પણ કોયડા રૂપ છે. માટે જ બ્રાહ્મણો હોમ કરતી વખતે 'સોમપાન' માટે અસલ સોમપાન ન મળતાં પ્રતિનિધિ દ્રવ્યનું એક પીણું બનાવી સોમપાન કરે છે.

(પોરબંદર) —(ડૉ.) ચીમનલાલ કે. ડાભી

સપ્ટેમ્બરના અંકમાં અમારી પ્રેરણામૂર્તિ મુરબ્બી શ્રી પરમાનંદભાઈની જે સુંદર જીવનરેખા પ્રગટ કરી એ માટે હું મારો અત્યંત આનંદ વ્યક્ત કરું છું, અને તમને અંતરનાં અભિનંદન આપું છું. 'કુમાર'નો હું નિયમિત વાચક છું—ગ્રાહક છું. સાહિત્ય અને જીવનના ઉપાસકોની મુલાકાત લેનાર શ્રી ચંપકલાલ મહેતાને હું ખરેખર બડભાગી માનું છું. 'મારી માન્યતા' લેખો પુસ્તકાકારે ન પ્રગટ થઈ શકે?

(મુંબઈ) —ચીમનલાલ જે. શાહ

સપ્ટેમ્બર 'કુમાર'માં 'પ્રબુદ્ધ પુરુષ પરમાનંદભાઈ' એ મથાળાનો ધીરૂભાઈ પરીખનો લેખ ફોટોગ્રાફ સાથે પ્રગટ થયો છે એટલે વધારે જીવંત લાગે છે. તેમના બાલ્યકાળથી અંત સુધીનું હકીકતોથી સભર એવું રેખાચિત્ર રજૂ કરવામાં શ્રી ધીરુભાઈ ખરેખર સફળ થયા છે.

(મુંબઈ) —શાંતિલાલ શેઠ

અંક ૫૭૨ (ઑગસ્ટ) પૃષ્ઠ ૩૨૯ ઉપર 'ઑગસ્ટ માસ ભારતમાં'ના પહેલા પેરેગ્રાફમાં ઈ. ૧૯૪૮ ને બદલે ૧૪૯૮ જોઈએ. બાળ ગંગાધર ટિળકનું અવસાન ૧લી ઑગસ્ટ ૧૯૨૦ છે.

(માંડવી સૂરત) —ધીરુભાઈ પટેલ

સપ્ટેમ્બર અંકમાં 'વાચકો લખે છે' વિભાગમાં મારા લખાણમાં આવેલું વાક્ય 'મારીનોંધ નેગેટિવ સહિત કોઈ પણ વ્યક્તિ ઉપયોગમાં લે તેની છૂટ આપી છે' તે કચ્છ ગુફાના સંદર્ભમાં બિલકુલ નથી, એ ચોખવટ કરવા વિનંતી છે.

(પોરબંદર) —મણિભાઈ વોરા

ઑગસ્ટ અંકમાં શ્રી લાભશંકર દવેની 'સનાતન અસ્તિત્વ' શિર્ષક હેઠળ પ્રગટ થએલી ગઝલમાં એક શે'ર છે:

હું ફૂલ એનાં જોઈને નિશ્ચિંત થઈ ગયો!
મારું કફન વણાઈ રહ્યું છે કપાસમાં!

શે'ર બહુ મજાનો છે પણ તે જાણીતા કવિ શ્રી મરીઝના પ્રખ્યાત અને લોકજીભે ચઢેલા શેર'નું સીધું અનુકરણ છે. નીચે લખેલો શ્રી મરીઝનો શે'ર વાંચો અને પછી શ્રી દવેના શે'ર સાથે સરખાવો. શ્રી 'મરીઝ'નો શે'ર:

ફૂલોમાં કેમ શ્રેષ્ઠ છે ફૂલો કપાસનાં
એમાં છુપેલું મારું કફન હોવું જોઈએ.

(અમદાવાદ) —જલન માતરી

તમે સાથે રહેજો / ઉશનસ્

·શિખરિણી સૉનેટ·

અરેરે, ક્યાંથી એ નસીબ વળી કે દ્વૈત જ શમે?
તમે સાથે રહેજો ઘણું ય સુજને એ ગણીશ હું.

તમે તો જાણો છો: મૂંગું મૂંગું મને ચાલવું પથે
ગમે ના એકાકી; અમથું અમથું ગીત ગગણું;
મને તો–જાણો છો–અમથી અમથી વાત કરવી
ગમે છે; ને આવા પથ પણ વિના વાતચીત કૈં
કદી યે ખૂટે કે? 'પ્રિય' કહી હું સંબોધું ય ખરી,
તમે ઝીલી લેજો સરસ પથના સોબતી થઈ.

અને જાણો તો છો–અવશ છું, અજાણ્યા નવ થશો;
અરેરે; અંતે તો ધરણી તણી માટીની જણી છું,
અમસ્તી આવેગે પકડી લઉં જો હાથ, ખમજો.

અને અંતે થાકી લથડી ય પડું, સ્કંધ પર જો
તમારા ઢાળી દૌં મુખ મમ, સહેજો તરુ થઈ
તમે છાયાવાળા વિટપી, જરી નીચે ઝૂકી જઈ.

હવે થાય કે / ભાનુપ્રસાદ પંડ્યા

·ગાન·

કૅલેન્ડરથી લીલમલીલા ખર્યા દિવસ ક્યાં શોધું?
હવે થાય કે બધી ઋતુને પતઝડ કહી સંબોધું!

ચડ-ઊતરની લાઠી ખાતો ગયો દાદરો થાકી!
અહીં પડશે-માની અક્કેકું રહે પગથિયું તાકી!

ખીલે ફરી ત્યમ ખર્યાં ફૂલને ડૂંખ ઉપર શેં મેલું?
કહો, સર્યાં આંગળિયુંથી તે સ્પર્શો ક્યમ સંકેલું?

અણોસરી સૌ તરુડાળખી જે શોભાવી સૂડે!
પીળાં પાનની કરી સવારી આ આવરદા ઊડે!

અહીં દૃષ્ટિની આગળ આગળ ઝાંખપ બાંધે જાળું!
અરે, વટાવ્યું વન તો યે કાં વધ્યા કરે અંધારું?

'જલન'ને પૂછશો તો કે'શે / જલન માતરી

·ગઝલ·

સમજદારીથી અળગા થઈ જવાનાં સૌ બહાનાં છે,
મને શંકા પડે છે કે દીવાના શું દીવાના છે?

ગમે ના સૌ કવન તો માફ કરજો એક બાબત પર
ખુદા જેવા ખુદાનાં ક્યાં બધાં સર્જન મજાનાં છે?

ચલો એ રીતે તો કચરો થશે ઓછો આ ધરતીનો
સુણ્યું છે ધનપતિઓ ચંદ્ર પર રહેવા જવાના છે.

તમે પણ દુશ્મનો ચાલો આ મારા સ્નેહીઓ સાથે
એ કબ્રસ્તાનથી આગળ મને ક્યાં લઈ જવાના છે?

સજા દેતો નથી એ પાપીઓને એટલા માટે
મરીને આ જગતમાંથી એ બીજે ક્યાં જવાના છે?

રહે છે આમ તો શયતાનના કબ્જા મહીં, તો પણ
'જલન'ને પૂછશો તો કે'શે એ બંદા ખુદાના છે.

એક દિ જયારે.... / મનહર તળપદા

·ગાન·

એક દિ જ્યારે આમલિયાળા ખેતર ઉપર
મેઘની રેલમછેલ થઈ તે યાદ તમોને!
ભારથી લચોલચ મૂકીને શિર પે ભારો સીમનો
લીલોકચ ઊભેલાં તમે ત્યાં એ યાદ અમોને!

પાંપણનો થનકાર ઊડીને આંબાડાળે
મૌન બનેલાં મેના પોપટ–ચાંચમાં બેઠો;
હડુડુડુ કરી ગાજતો પવન આભ આખાની
લાજ મેલીને વાદળીઓના ઝુંડમાં પેઠો!
વીજળીના ઝબકારે એકલ આંખને ખૂણે
ઝગમગેલી પ્રીતનું લીલું ઝાડ ઊગ્યું એ યાદ અમોને!...

શેઢે શેઢે શરમાવાના શેરડા ફૂટ્યા
હેતથી ભીંજ્યાં મુખ ત્યાં આપણ સાવ રે લાલમલાલ,
આભલાના ઉઘાડ પછી યે ભીંસમાં ફૂલ્યાં
એટલાં કે ના રાત કે દિ' નો ખ્યાલ!
વેણીએ ગૂંથી મન તમારા કેશમાં આખું
મ્હેકનું ભર્યું વન બધું તે યાદ અમોને! —એક દિ૰

સવારી / ધીરુ પરીખ

·સ્રગ્ધરા·

ધીરે ધીરે વટાવી ક્ષિતિજ પ્રસરતી વાયુભીની સવારે,
ટોચે ટોચે સુનેરી તરુવર હસતાં મ્લાન જે અંધકારે;
નીડે નીડે જગાવી કલરવ-સ્તુતિ શી સ્વાગતે ભગપુંજ,
ડોલે ડોલે મજેથી ખગ-કુસુમ લચી વલ્લરી વ્યોમકુંજ.

મૂગી મૂગી વહેતી સરિત સલજ શી કન્યકા સ્વપ્ન-ઘેરી,
વચ્ચે વચ્ચે કહેતી લહરિ મૃદુ રવે ગુપ્ત વાતો અનેરી;
પર્ણે પર્ણે પહેરી તગતગ તગતી ઓસમાલા લલામ,
મોતી મોતી ધરે છે ઝળહળ રવિને દર્પણો (શી ય હામ!)

આછી આછી સુહાઈ અલસ ગૃહ તણી તેજ-લીપી કતાર,
સૂના સૂના સજાયે પથ ઝગમગતી હેલ કેરી શી હાર!
ખીલા-છૂટ્યું મદીલું ધણ રણઝણતી ઘંટડી કેરું ધીમે
આઘુંપાછું ટહેલે, રજત-રજ-રસ્યુ વાદળું જાય સીમે.

લાવી લાવી પ્રસારી મઘમઘ કરતી લ્હેરખી સૃષ્ટિ શ્રાંત
આવી આવી સવારી નવરસ ભરતી વ્યોમથી ભૂમિ-પ્રાંત.

'તમે સાથે રહેજો'—હૃદયના ઐક્યનાં ઝંખનો કોરે રહ્યા, પણ સથવારો ય સાંત્વના બની રહેશે એ આકાંક્ષાને, સ્વાભાવિક ઉદ્‌ગારોમાં વ્યક્ત કરતું સૉનેટ / 'હવે થાય કે'—નવાં નવાં પ્રતીકો દ્વારા વૃદ્ધત્વની વેદના પ્રકટ કરતું ગાન, જેની છેલ્લી પંક્તિમાંનો 'વન'નો શ્લેષ જોયો હશે / 'જલનને પૂછશો તો'—જગત પરના તીણા કટાક્ષની ગઝલ / 'સવારી'—પ્રભાતની આનંદમય સવારીનું અવનવી કલ્પનામઢ્યું નિસર્ગચિત્ર / 'એક દિ જ્યારે' વર્ષાની રેલમછેલમાં પ્રીતભીંજ્યાં બે હૈયાંના મનોગતને ચારુ કલ્પનાઓ દ્વારા વ્યક્ત કરતું ગાન.

પર્વત-કંદરામાં / મહેશ જોશી

· મિશ્ર ·

એકાન્ત કો પર્વત-કંદરામાં
અમૂં જણે મૌન ધ્વનિત થૈ ઊઠયું
અચિંત, 'હુ કોણ હું'!' બૂમ પાડી, ત્યાં,
આવી પડયા ગહ્વર એકસામટા
'હું…હું…' કરીને પ્રગટાવતા મને
પ્રતિ-ધ્વનિરૂપ : અપાર ખિન્નતા
તણી શિલાઓ મહીંથી અખંડ
મુદા તણા ઉચ્છલ વારિધિમાં.

તમે જ છો જે મુજ સ્વપ્નડાળે
બેસી સદા આરત આયુમાં ભરો?
પ્રસૂનના ફુલ્લ દલેદલે જે
શ્રી-રંગ-લાવણ્ય, અપૂર્વ ભાવિનું
સાફલ્ય, શું કામિનીની દગો તણા
તમે જ છો ઇજન–બીનમાં સૂતી
સંગીતની કો ગત શા? મને મળયા
આજે અહીં પર્વત કંદરામાં
જે
મારા મહીં?

શબખંડમાં / ચિનુ મોદી

· પૃથ્વી સૉનેટ ·

સમાય નહિ એટલાં શબ સડે અહીં ખંડમાં,
નથી સ્વજન કોઇનાં પણ રહ્યાં હવે શેષમાં;
ન અગ્નિ. જળ કે ધરાતલ વિશે સમાઈ શકે,
અને ડણકતી સ-ફાળ અપગંધ ટોળે વળે.

અભાન પણ મૃત્યુને નહિ વરેલ હુંને અહીં
ગણી જ શબ કોક અંદર ગયું હશે ભેળવી;
સભાન બનતાં જ હું વિકળ છું, છતાં કોઈ તે
મને શબભરેલ ખડ થકી બ્હાર લાવે નહીં.

થતું: ઝડપથી સરું. સડસડાટ ભાગી જઉં,
શ્વસું પવન મુક્ત ને કિરણમાં કરું સ્નાન હું;
ન હસ્ત હલવી શકું, ન ગતિધારતા પાય આ,
જણાય રગમાં ન રક્ત ફરતું નર્યા શૈત્યમાં.

સહાય નહિ ગંધ કે છટકવું રહ્યું શકય, તો
મથું અવશ હું અભાન બનવા ફરી ક્યારનો.

ટેરવાં કરે વાત

ભગવતીકુમાર શર્મા

· કટાવ ·

ટેરવાં કરે વાત
ને મૂગા હોઠની કોયલ
જઇને આંબા ડાળની
નીલમ ઝાંયમાં
મીઠું કૂજવા માંડે–
ગુંજવા લાગી હોય ન જાણે
ઊજળી પૂનમ-રાત…

એક હથેળી
ફૂલગુલાબી વનની સીમા
વીંધવા મથે લઈ હિલોળા;
ધ્રૂજતી બીજી તડકે તપી
શ્યામ હથેળી સાથ;
ને તો યે બેયની રેખા
સામસામી કંઠારથી
ઊડી આવતી
શ્વેતલ કુંજડીઓ શી
એકબીજામાં ભળવા કરે
કેસરી વલોપાત…

ટેરવે આવી તગતગે કાંઈ
લાખ સૂરજનું તેજ તસોતસ;
ટેરવાંમાં ઠલવાય મદીલો
ચાંદની કેરો લચબીનો
આસવ છલોછલ;
ટેરવાં જાણે તારલાના ચમકાર
કે આવી આગિયા ઊડે?
ટેરવે મણિ ઝગમગે કે
કેસરવરણી દાંડલીઓના પુંજમાં
ઊગ્યાં નેહનાં પારિજાત?…

મળવાની પળ જેટલાં વેઢાં
આળગાં તો યે સળવળીને
આંગળી કેરી પાળ વળોટી
ધસમસે–કે એકથી ભલાં બે–
પળો આ
કેટલા યે અવતાર પછીથી પાંગરી
–સોનલ પોયણાં શી–
લંબાઇ–હજી લંબાત–હજી લંબાત…

ટેરવાં કરે વાત.

મારા ફળીમાં / 'કંટક'

· વેરાએલો વસંતતિલકા ·

આડેધડે ઘૂઘવતા ઘુવડો
અંધાર.
આખી ય રાત વરસ્યો
ટમકયો તુષાર, કાળો થઈ
હરીભરી વનરાની ધ્રો પે;
ને બે ઘડી ચકચકયો
ચીબરીની ચાંચે,
બેસી સૂકા તરુની
શાખ પરે અટૂલો.

ઊભા વને ખડખડયો,
તલબાવળાની
બે હારની જ વચમાં
સરકયો પછીથી
ક્ષિતિજપાર સૂસંગ્યો
ખૂબ દૂર દૂર!

પાછો જ એ
આકાશનાં કુસુમને ય
ગુલાબી રંગી
બાગે ખીલ્યો.
સુકુલ–ઓજસ–ગુલબાસ
વેરાણી ત્યાં
બુલબુલો તણી પાંખમાંથી
કંઠે ફૂટયું ગીત:નવું
કનકપ્રભાનું
ત્યારે
અંધાર
ફળીમાં મરીને સૂતો'તો
મોતી ભરી રજાઇ ઓઢી
અમારી સામે
કૂળા પ્રકાશ તણી
મઝારે.

પુલ પરથી

મૌન બલોલી

· મનહર ·

કયાંથી હવે સંભળાય
ઝરણાની ખળખળ?
પરપોટો થાય પલ
એટલું ય કયાં છે જલ!
ડીઝલ ડીઝલ
બસ ડીઝલ ડીઝલ!

ઘડતો રહ્યો / આહમદ મકરાણી

· ગઝલ ·

મારી સાથે રોજ હું લડતો રહ્યો;
ખીણ ઊતરી ડુંગરે ચડતો રહ્યો.

જિંદગીના અવનવા આ ઢાળ પર
ભાગ્યનો કંદુક બની દડતો રહ્યો,

શકયતાના ટાંકણે કોના થકી
હું જ મારા શિલ્પને ઘડતો રહ્યો?

આશ છે, મંઝિલ કદી મળશે મને;
આજ છો ને વાટ પર પડતો રહ્યો.

'પર્વત-કંદરામાં'—આત્માના ગહ્વરમાં પરમ તત્ત્વના મિલનની વાત, પર્વતકંદરા અને પડઘા દ્વારા અહીં પ્રશિષ્ટ બાનીમાં વ્યક્ત થઈ છે / 'શબખંડમાં'—બીજી રીતે જોતાં આ સંસારના શબાલયમાં આવી પડેલા કોઈક પ્રાણવંતની વેદના તીવ્રરીતે ઉપસાવતી કૃતિ / 'ટેરવાં કરે વાત'—સ્પર્શની રોમાંચક વાત, ટેરવાંના પ્રતીક દ્વારા, રંગદર્શી શૈલીમાં, અવનવી કલ્પનાઓ ગૂંથીને રજૂ કરતી કૃતિ / 'મારા ફળીમાં'—અંધકારના પ્રતિ-ધ્વનિ, અને એમાંથી પરિણમતા પ્રકાશનું આનંદકર ચિત્ર / પુલ પરથી—વેદનાસિક્ત તીવ્ર કટાક્ષ / 'ઘડતો રહ્યો'—જિંદગીનો સંઘર્ષ ખેડતાં મંઝિલ પહોંચવાની આશા ઘૂંટતી ગઝલ.



આઝાદ હી રહે વહ આઝાદ હી મરે

જીવનની બધી કૂંળી લાગણીઓને વજ્ર હૃદય તળે ભંડારીને પોતાની ભાવનાઓના સમગ્ર સ્રોત વડે જેમણે આઝાદીના ઊછરતા છોડને સીંચ્યો; વિશ્વામિત્રને યે ચળાવનારી યાચનાને જે નરસિંહે ચાળ પરના ઝાકળબિંદુ પેઠે ખેરવી નાખીને દેશને ખાતર આજીવન બ્રહ્મચર્ય સ્વીકાર્યું; પોતાને પકડાવી દેવા તત્પર થએલા યજમાન પ્રતિ પણ એક વીરને છાજે એવી ક્ષમાશીલતા દાખવી; અને હિંસાનો માર્ગ અપનાવ્યા છતાં યે જેમણે કદી કોઈ પર નિરર્થક ગોળી ન ચલાવી એ ક્રાંતિવીર

ચંદ્રશેખર આઝાદ

લેખક · મનહર શાહ

અદાલત ખીચોખીચ ભરી હતી. ચૌદ વર્ષના કિશોર પર કેસ ચાલી રહ્યો હતો:

'તારું નામ?' 'આઝાદ'.
'બાપનું નામ?' 'સ્વાધીન.'
'ઘર?' 'જેલખાનું.'

ગુલામ પ્રજાના એક છોકરાને આમ બેધડક ને સણસણતા જવાબ આપી બ્રિટિશ અદાલતની હાંસી ઉડાવતો જોઈ ન્યાયાધીશ રાતાપીળા થઈ ગયા. પણ કિશોરની સગીર વયને કારણે એમનાથી એને આકરી સજા થઈ શકે તેમ નહોતી. છતાં તેમણે શિક્ષા ફરમાવી: 'પંદર ફટકા!'

આજે તો પોલીસની એક લાઠી અડી જતાં તેની સામે હોબાળો કરી મેલવાના સમયમાં એ ફટકા એટલે શું એની તો માત્ર કલ્પના જ કરવી રહી. પણ પેલા કિશોરની પીઠ પર ચામડી ઊતરડી લે તેવો ચામડાની વધારીનો પહેલો ફટકો પડચો ને તેણે નારો લગાવ્યો: 'મહાત્મા ગાંધી કી જય!' બીજો ફટકો, ને ફરી: 'ગાંધીજી કી જય!' કિશોરે એ પંદરે પંદર ફટકા સહી લીધા. એના એકએક સબાકે એણે લોકોના હૃદયમાં પોતાનું અહોભાવભર્યું સ્થાન પાકું કરી લીધું. અને ત્યારથી એનું નામ જ પડી ગયું. 'આઝાદ'.

ઈ. ૧૯૨૦-'૨૧ના અસહકારના આંદોલનના એ દિવસો હતા. શાળા-કૉલેજોમાં પિકેટિંગ કરવામાં ભાગ લેવા બદલ એને પકડવામાં આવ્યો હતો. ફટકાની સજા ભોગવી આવ્યા પછી શહેરના—બનારસના 'જ્ઞાનવાપી'માં એનું સ્વાગત કરવામાં આવ્યું. એક સભા ભરાઈ ને તેમાં મેજ પર ઊભા રહી એણે ભાષણ આપ્યું. ડૉ. સંપૂર્ણાનંદના માસિક પત્ર 'મર્યાદા'માં એનો ફોટો છપાયો. નીચે લખ્યું હતું વીર બાળક; 'આઝાદ'.

એનું ખરું નામ ચંદ્રશેખર. મધ્ય પ્રદેશના ભાવરા નામના ગામડામાં એક વાંસની ઝૂંપડીમાં એનો જન્મ થએલો. પિતા સીતારામ તિવારી સનાતની બ્રાહ્મણ હતા. ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લાનું બદરકા વતન છોડી આજીવિકા અર્થે ભાવરામાં સરકારી બગીચાની રખેવાળીમાં સ્થિર થયા હતા, ને પાંચ રૂપિયાથી આરંભી બઢતી પામીને માસિક સાત રૂપિયાનો દરમાયો મેળવતા હતા. ભણતર ખાસ નહિ, પણ અત્યંત સ્વાભિમાની ખરા. માતા જગરાણીદેવી તદ્દન નિરક્ષર. પિયરમાં એમનું કોઈ નહોતું. ચંદ્રશેખર એમનાં પાંચમાંના સૌથી નાના સંતાન હતા.

બચપણમાં ચંચળ ને અત્યંત નટખટ ચંદ્રશેખરને સીતારામજીએ એક દિવસ એના અળવીતરાપણા માટે સારી પેઠે ફટકાર્યો, એટલે એણે રિસાઈને ઘર છોડી નાસી જવાનું પસંદ કર્યું. રખડીરવડીને એ કાશી પહોંચ્યો ને ત્યાં એક છાત્રાલયમાં રહી સંસ્કૃતનો અભ્યાસ આદર્યો. એવામાં અસહકારનું આંદોલન ઊપડચું ને તે પિકેટિંગમાં જોડાયો ને ફટકાની સજા વેઠીને ગાંધીજીની જય પોકારી.

પણ આગળ જતાં અદાલતમાં દાખવેલા વલણને એણે ખોટું પાડચું. ગાંધીજીની જય પોકારનાર એણે એ પછી જીવનપર્યંત ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતોથી અલગ રાહ જ પસંદ કર્યો અને 'જેલખાનાને ઘર' કહેનાર એણે કદી જેલની કેદ ભોગવી નહિ! 'આઝાદ' જીવનભર આઝાદ જ રહ્યા. ગાંધીજીનો માર્ગ એમણે કેમ છાંડચો એ તો સ્પષ્ટ નથી, પણ લાગે છે કે ચૌરીચોરાના હિંસક બનાવ પછી ગાંધીજીએ આંદોલન સંકેલી લીધું ત્યારે દેશબંધુ ચિત્તરંજન દાસ અને મોતીલાલ નેહરુ જેવાને પણ એ જચ્યું નહોતું, ત્યારે નવલોહિયા ચંદ્રશેખરને તો એ ક્યાંથી જ ગમે? ચૌરીચોરાના પરિણામે અસહકારની લડત પાછી ખેંચાતાં રાસબિહારી બોઝના સાથી શચીન્દ્રનાથ સાન્યાલ અને ગેંદાલાલ દીક્ષિતના દળના રામપ્રસાદ બિસ્મિલ વગેરે દેશની આઝાદી માટે સરફરોશી કરવા ફરી મેદાનમાં આવ્યા અને કાશીમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓનો આરંભ થયો: 'હિંદુસ્તાન રીપબ્લિક એસોસીએશન'ની સ્થાપના થઈ.

આ કાશીમાં જ ચંદ્રશેખર ભણતા હતા. આ ચબરાક કિશોરના ભણતરનો બધો ખર્ચ પ્રસિદ્ધ દેશભક્ત નેતા બાબુ શિવપ્રસાદ ગુપ્ત ઉપાડવા તૈયાર હતા, પણ તરવરિયાને આઝાદીપરસ્ત ચંદ્રશેખરનું ચિત્ત હવે ભણતરમાં ચૉંટે એમ હતું જ નહિ. મન્મથનાથ ગુપ્ત (આજના સરકારી હિંદી માસિક 'આજકલ'ના ભૂતપૂર્વ સંપાદક) દ્વારા તેઓએ ક્રાંતિકારીઓનો સંપર્ક સાધ્યો ને થોડા જ સમયમાં પોતાની અદ્વિતીય સંગઠનશક્તિ અને અસીમ સાહસિકતાથી તેઓ બધાના પ્રિય થઈ ગયા. રામપ્રસાદ બિસ્મિલે આ તરવરિયા જુવાનનું નામ પાડચું 'ક્વિક સિલ્વર'—પારો. બિસ્મિલ અને શચીન્દ્રનાથને આ નવલોહિયા ચંદ્રશેખર પર ઘણું હેત હતું. કાચી ઉંમર હોવાથી ચંદ્રશેખર ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ગંભીરતા અને ગુપ્તતા કદાચ ન જાળવી શકે એવો પણ એમને ભય રહેતો. પણ એ ખોટો પાડી, ભયાનક ને જીવસટોસટના કામમાં સદા કૂદી પડવા તત્પર ચંદ્રશેખરે એમની અનેક લૂંટોમાં વીરતાથી

સોક્રેટીસ

નિત્યક્રમ મુજબ સોક્રેટીસે લોકોને ઉદ્દેશીને પૂછ્યું: 'સૌથી મોટું દુઃખ કયું?' ટોળામાંથી એક સ્ત્રીએ કહ્યું: 'માતાનું બાળકથી વિખૂટા પડવું.' અને એક જુવાનિયો બોલ્યો: 'પ્રેમની નિષ્ફળતા' અને એક ભગતે કહ્યું: 'ઈશ્વરનું વિસ્મરણ.'

ઘણાએ જુદા જુદા જવાબો આપ્યા. પણ સોક્રેટીસના શાંત મુખ પર સંમતિ-સૂચક સ્મિત ફરક્યું જ નહિ.

અંતે કંટાળીને એક નિષ્ઠુર ડોસાએ કહ્યું: 'ત્યારે તું જ કહેને!' અને સોક્રેટીસે કહ્યું: 'અકાર્યશીલતા એ મોટામાં મોટું દુઃખ છે.'

લોકોના મોઢા પર વિસ્મય છવાયું. સોક્રેટીસના કથનનો મર્મ સમજવા એ લોકો મથતા લાગ્યા. ત્યાં તો નિષ્ઠુર ડોસો બરાડી ઊઠયો: 'પણ તું કહે છે તેનું સમર્થન શું?'

સોક્રેટીસે અપૂર્વ શાંતિથી કહ્યું: 'હું તમને પુરાણનો એક પ્રસંગ કહી સંભળાવું, જેથી તમને સત્યની પ્રતીતિ થશે:

ઈશ્વરના દરબારમાં એ માફીનો દિવસ હતો. ચિત્રગુપ્ત એક પછી એક લોકોનાં પાપ વર્ણવતા હતા અને કરુણામય ઈશ્વર ઉદારતાથી માફી બક્ષતા હતા. ચિત્રગુપ્તે એક માણસ વિષે કહ્યું: આ માણસે એની સગી ભત્રીજી પર અત્યાચાર કર્યો છે.

કરુણામય ઈશ્વરની આંખો લજ્જાથી ભારે બની. એમણે પૂછ્યું: તને આનો પશ્ચાત્તાપ થાય છે?

પછી એ માણસની ઝળઝળિયાંથી ભરેલી આંખો અને ભક્તિપૂર્વક જોડેલા હાથ જોઈને કરુણાર્દ્ર સ્વરે ઈશ્વરે કહ્યું: માફી.

ચિત્રગુપ્તે કહ્યું: એનો બીજો પણ ગુનો છે. એણે જીવનનાં અમૂલ્ય વર્ષો આળસ અને અકાર્યશીલતામાં વેડફી નાખ્યાં છે.

ઈશ્વરના વિશાળ નેત્રોમાં રતાશ આવી. હોઠ કંપી ઊઠયા. ખૂબ જ સંયમિત ધ્રૂજતા સ્વરે તેમણે કહ્યું: 'રૌરવ નરકની સજા.'

'નિશીથ'

ભાગ લેવા માંડયો. છેવટ કાકોરી ધાટમાં પણ એમણે એવા જ ઉત્સાહ ને હિંમતથી ટ્રેઈન લૂંટી. આના અનુસંધાનમાં ઉત્તર પ્રદેશમાં વ્યાપક ધરપકડો થઈ; ઘણાખરા કુશળ અને બાહોશ નેતાઓ પકડાઈ ગયા; ચંદ્રશેખરના નામનું વૉરંટ પણ નીકળ્યું; પણ એ તો 'આઝાદ' એનો પત્તો પોલીસને ન લાગ્યો તે ન જ લાગ્યો.

'કાકોરી કાવતરા કેસ' તરીકે જાણીતા એ મુકદ્દમામાં એક માત્ર આઝાદ સિવાય લગભગ બધા અગ્રગણ્ય ક્રાંતિકારીઓ પકડાઈ ગયા હતા. લખનૌમાં લગભગ દોઢ વર્ષ સુધી એ કેસ ચાલ્યો. પં. ગોવિંદ વલ્લભ પંત, ચંદ્રભાણ ગુપ્ત, મોહનલાલ સક્સેના જેવાઓએ તેમાં આરોપીઓ તરફી વકાલત કરી. પણ કેસને અંતે પં. રામપ્રસાદ બિસ્મિલ, અશફાકુલ્લાખાં, રાજેન્દ્ર લાહિડી તથા રોશનસિંહને ફાંસી, શચીન્દ્રને કાળાપાણીની અને મન્મથનાથને પંદર વર્ષ તથા અન્યને ઓછીવત્તી કેદની સજા થઈ. પરિણામે ક્રાંતિદળની કામગીરી લગભગ અટકી પડી. પણ કાકોરી કાવતરાના હજી નાસતા ફરતા આરોપી ચંદ્રશેખરે દળના અન્ય સભ્યો સાથે ક્રાંતિના આંદોલનને ફરી સંગઠિત કરવાની પ્રવૃત્તિ આદરી દીધી. ભગતસિંહ ને બટુકેશ્વર દત્ત વગેરે એમની સાથે હતા. ઝાંસીમાં એમનું મુખ્ય મથક હતું. ત્યાં માસ્ટર સત્યનારાયણ સિંહે એમને ઘણી સહાય કરી. જેને પકડાવી દેવા અંગ્રેજ સરકારે હજારોનું ઈનામ જાહેર કર્યું હતું એ આઝાદ ઝાંસીમાં બેધડક પોતાની પ્રવૃત્તિ ચલાવી રહ્યા.

દેખાવે જાડા ભરાવદાર શરીરને કારણે ઠીંગણા લાગતા, વાને ઘેરા ઘઉંવર્ણા ને મોટે શીળીનાં ચાઠાંવાળા ચંદ્રશેખર પોતાના મિલનસાર ને નિખાલસ તથા સહાનુભૂતિભર્યા ઝિન્દાદિલ સ્વભાવથી જે કોઈના પરિચયમાં આવતા તેમના પ્રિય બની રહેતા. ઝાંસીમાં શચીન્દ્રનાથ બક્ષીની પ્રવૃત્તિઓથી પોલીસનું ધ્યાન દોરાયું હતું એટલે હવે આઝાદને ઝાંસીમાં રહેવું સલામત ન લાગ્યું. તેમણે ત્યાંની શાખાના સૌ સાથીઓને બોલાવી કાર્યક્રમની દોરવણી આપી દીધી ને પછી ખભે કામળી ને હાથમાં રામાયણ લઈ ઝાંસી અને ઓરછા વચ્ચે ઢીમરપુરા નામે એક ગામ પાસે વહેતી નાની નદી સાતારના તટ પર એક ઝૂંપડી બાંધી ત્યાં હરિશંકર બ્રહ્મચારીના નામે આસન જમાવ્યું. અહીં એ ગામલોકોને રામાયણ સંભળાવતા અને બદલામાં મળતી માધુકરી પર નિર્વાહ ચલાવતા.

થોડા જ દિવસોમાં આ હરિશંકરે લોકોની ચાહના મેળવી લીધી. એની પાઠશાળામાં ગામના બાળકો અ-આ-ઈ શીખવા લાગ્યાં. બેએક માસ પછી એમણે ઝાંસીથી પોતાના સાથીઓને અહીં બોલાવવા માંડયા. ધીરેધીરે સાતાર તટ પર ઉત્તરપ્રદેશ અને પંજાબના ક્રાંતિકારીઓનું એક મથક–મિલન જામી ગયું.

પણ હરિશંકરની લોકપ્રિયતામાંથી એક અજબ ફણગો ફૂટયો. ગામની એક સ્ત્રી એના પ્રેમમાં પડી! અનુનય, વિનતિ વગેરે કોઈ ચેષ્ટાની ચંદ્રશેખર પર કંઈ અસર ન પડી ત્યારે એ સ્ત્રી ભાંગી પડી. પરંતુ એનાં આંસુ પણ અડીખમ આઝાદને વિચલિત કરી શક્યાં નહિ અને કુદરતે મોકલેલી આ આકરી તાવણીમાંથી પણ ચંદ્રશેખર શુદ્ધ સુવર્ણ પેઠે પાર ઊતર્યા. ગામના ઠાકુર નંબરદાર આ સમગ્ર બાબતના સાક્ષી હતા. આઝાદની દઢતાથી તેઓ ઘણા પ્રભાવિત થયા ને એમના પરની ઠાકુરની શ્રદ્ધા એટલી તો વધી ગઈ કે એમને પોતાના નાના ભાઈ સમાન આત્મીય ગણવા લાગ્યા. ઠાકુરની તિજોરીની ચાવી અને બંદૂક હવે આઝાદ પાસે રહેવા લાગી. આઝાદે એનો ઉપયોગ ઝાંસીથી બોલાવેલા સાથીઓને નિશાનબાજી શીખવવામાં કર્યો.

વિશ્વનાથ વૈશમ્પાયન, બાલકૃષ્ણ, સોમનાથ, કાલિકાપ્રસાદ અગ્રવાલ વગેરેની અવરજવર હવે વધી ગઈ. દળનું સંગઠન દઢ થવા લાગ્યું. આઝાદ હવે ધોતી-કુરતું પહેરી સાઈકલ પર ઢીમરપુરા ને ઝાંસી વચ્ચે બેધડક આવજા કરવા લાગ્યા. પંજાબમાંથી ભગતસિંહ, સુખદેવ વગેરે અને ઉત્તર પ્રદેશના સાથી શિવવર્મા, કુંદનલાલ, વિજયકુમાર સિંહા, સુરેન્દ્રનાથ પાંડે વગેરે સાથેનો સંપર્ક પણ જોડાઈ ગયો ને દળનું પુનર્ગઠન થયું. સાથીઓએ હવે આઝાદને ઝાંસી છોડી લાહોર, દિલ્હી, આગ્રા, કાનપુર, બનારસ વગેરેમાં આવજા કરીને ત્યાંની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ ને સંચાલન કરવા માગણી કરી. આઝાદે એ સ્વીકારી યે ખરી પરંતુ મુખ્ય મથક તો હજી ઝાંસીમાં જ રાખ્યું. અહીં તેઓ 'પંડિતજી' તરીકે ઓળખાતા. ગુપ્તતા ખાતર દળના અન્ય સૌને પણ જુદાંજુદાં નામ આપ્યાં હતાં. આ રીતે ભગતસિંહ 'રણજિત' તરીકે, વૈશમ્પાયન 'બચ્ચન' તરીકે ને ભગવાનદાસ માહોરે 'કૈલાસ'ના નામે ઓળખાતા હતા.

પણ એવામાં ઢીમરપુરામાં એક હત્યા થઈ. ગામમાં પોલીસોની અવરજવર ચાલુ થઈ. આઝાદે હવે આ સ્થળ છોડી દેવું મુનાસિબ માન્યું. ઠાકુર નંબરદારને સમજાવી-પટાવીને આઝાદ ઝાંસી ચાલ્યા આવ્યા. ત્યાં સત્યનારાયણસિંહે નવી વસ્તીમાં રહેતા ડ્રાઈવર રામાનંદજીની સાથે એમને રાખ્યા. આ રામાનંદજીને પોતાના મોટા ભાઈ બનાવી ચંદ્રશેખર તેમની સાથે એક મોટર કંપનીમાં કામ કરવા લાગ્યા. ઝાંસીમાં આઝાદે રવિ ધુળેકર અને સીતારામ ભાગવત વગેરે કૉંગ્રેસી નેતાઓનો સંપર્ક સાધ્યો. તેઓ એમને શક્ય એટલી મદદ પણ કરવા લાગ્યા. ઝાંસી હવે ક્રાંતિકારીઓનું મુખ્ય મથક બન્યું ને ધીમેધીમે દળમાં સભ્યો પણ વધવા લાગ્યા. અને જેને માટે હજારો રૂપિયાનું ઈનામ જાહેર થએલું એ કાકોરી કેસના

આ ફરાર આરોપી ચંદ્રશેખર ઝાંસીમાં મોજથી મોટર રીપેરિંગનું કામ શીખી રહ્યા એટલું જ નહિ, ઝાંસીના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પાસે ડ્રાઇવિંગની પરીક્ષા આપી એની પાસેથી લાઈસન્સ પણ મેળવી આવ્યા!

એવામાં એક અકસ્માત બની ગયો. એક મોટરનું હૅન્ડલ ફેરવવામાં સાથી કારીગરો બધા નિષ્ફળ થયા ત્યારે આઝાદે બીડું ઝડપ્યું. બળપૂર્વક તેમણે હૅન્ડલ ઘુમાવી તો દીધું પણ એના ઝટકાથી એમના હાથનું હાડકું ભાંગ્યું. સાથીઓએ એમને ઇસ્પિતાલમાં દાખલ કરી ઑપરેશન કરાવીને હાડકું ઠીક કરાવી દીધું. પણ ત્યાં ઓળખાઈ જવાના સતત ઝઝૂમતા ભય વચ્ચે યે આઝાદની સ્વસ્થતા ડગી નહોતી. ઉદ્વેગ, લાગણી કે ઉશ્કેરાટથી પ્રેરાઈને કામ કરવાની એમને ટેવ જ નહોતી. પરિસ્થિતિનો તેઓ હમેશાં ઠંડકથી તાગ મેળવતા. શબ્દોથી તે પોતાનો તર્ક વ્યક્ત કરી શકતા નહિ; પરિસ્થિતિને પારખી લેવાની એમનામાં એક અદ્ભુત શક્તિ હતી.

માસ્ટર સત્યનારાયણસિંહ દ્વારા આઝાદને બુંદેલખંડના કેટલાક રાજાઓ અને ઠાકુરો સાથે પરિચય થયો હતો. એમાંના અમુકને આઝાદે પોતાની સાચી ઓળખ પણ આપી હતી. આવા એક રાજ્યના એક સરદારને ત્યાં તે થોડો સમય રહેલા ને ત્યાં પોતાના સાથીઓને બંદૂકની તાલીમ આપવાની વ્યવસ્થા પણ કરેલી આ સરદાર ને એમના કેટલાક સાથીઓ રાજાની વિરુદ્ધ હતા અને આઝાદ દ્વારા રાજાનો કાંટો કાઢવા ઇચ્છતા હતા. આ માટે તેઓ આઝાદના દળને સારી એવી રકમ પણ આપવા તૈયાર હતા. આઝાદ પણ એ માટે તૈયાર હોવાનું જણાવતા હતા. દળના સભ્યો પણ રાજાને મારતાં જો દળને મોટી રકમ મળતી હોય તો એ મેળવવામાં કંઈ વાંધો નહિ એવું માનતા. દળને માટે પૈસા મેળવવા તેઓ અવારનવાર લૂંટ કરતા ત્યારે ક્યારેક નિર્દોષ વ્યક્તિ મારી યે જતી. જ્યારે અહીં તો દુરાચારી ને વિલાસી રાજાને હટાવવાનો હતો, એટલે રૂપિયા ખાતર આ કામ કરવા તેઓ આઝાદને સમજાવતા.

દળના સભ્યો સાથેના વ્યવહારમાં ચંદ્રશેખર બહુ જ સ્પષ્ટ અને કટ્ટર સિદ્ધાંતવાદી રહેતા, પણ બહારના લોકો—ખાસ કરીને દળ પ્રત્યે સહાનુભૂતિ દાખવનારાઓ સાથેનો એમનો વ્યવહાર મોહક સલુકાઈભર્યો પણ અત્યંત સાવચેતીપૂર્ણ રહેતો. રાજાના ખૂનના પ્રસ્તાવને એમણે ચાલાકીથી ટાળી દીધો. દળમાં સભ્યો સાથેની ચર્ચામાં એમણે સ્પષ્ટ કહ્યું: 'આપણું દળ એ આદર્શવાદી ક્રાંતિકારીઓનું દેશભક્તોનું દળ છે, હત્યારાઓનું નહિ. આપણી પાસે પૈસા નહિ હોય તો ભૂખ્યા રહીને પકડાઈશું, ફાંસીએ ચડી જઈશું, પણ આવું ઘૃણાત્મક કાર્ય કદાપિ કરીશું નહિ.' આ પછી આઝાદે પેલા સરદાર સાથેનો સંપર્ક સિફતપૂર્વક ઘટાડી નાખ્યો.

બીજા એક રાજ્યમાં એક ઠાકુરને ત્યાં આઝાદ થોડો સમય રહ્યા હતા. સંજોગવશાત્ એ ઠાકુરની આર્થિક સ્થિતિ બહુ કથળી ગઈ. ઠાકુર તથા એના સાથીઓને આઝાદની ગિરફતારી માટેના હજારોના ઈનામની જાણ હતી. એક વાર આઝાદ સૂતા હતા ત્યારે પેલાઓ એમને ઊંઘી ગએલા ધારી અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યા કે જો આઝાદને પકડાવી દેવાય તો પુષ્કળ પૈસા તો મળે જ અને સરકારમાં પણ વાહવાહ થઈ જાય. ઊંઘતા હોવાનો ઢોંગ જારી રાખી આઝાદ એ બધું સાંભળતા રહ્યા અને ઊઠ્યા પછી યે ઠાકુર સાથેનો વ્યવહાર સલુકાઈ ને મૈત્રીભર્યો જારી રાખ્યો. પણ બીજે જ દિવસે કોઈને યે કહ્યા વિના તેઓ આડ માર્ગે જંગલ નાળાં પાર કરી છટકી ગયા.

પૂઠા ઉપરનું ચિત્ર


લક્ષ્મી

'લક્ષ્મી'નો પ્રથમ ઉલ્લેખ ઋગ્વેદમાં થયો છે જ્યાં તેનો અર્થ સદ્ભાગ્ય એવો થાય છે. તૈત્તરીય સંહિતામાં 'લક્ષ્મી' અને 'શ્રી'-ને આદિત્યની પત્ની કહી છે. પ્રજાપતિના મુખમાંથી ઉદ્ભવેલી સમૃદ્ધિ અને સૌંદર્યની આ દેવી ધનની અધિષ્ઠાત્રી ગણાય છે. એક ઉલ્લેખ પ્રમાણે મહર્ષિ ભૃગુએ ક્રોધાવેશમાં સમગ્ર આકાશીય દેવોને શાપ આપ્યો ત્યારે તેની પુત્રી લક્ષ્મીને પણ એ લાગતો હોવાથી તેણે ઉદધિમાં આશ્રય લીધો, જ્યાંથી સમુદ્રમંથન વેળા એ પુનઃ પ્રકટ થઈ. ત્યારે કમલની પાંખડી પરના ઝાકળબિંદુઓમાં તરતી લક્ષ્મીનું દૈવી સૌંદર્ય પૂર્ણ કલાએ દીપતું હતું. પાછળની બધી કથાઓમાં લક્ષ્મીનો ઉલ્લેખ ભગવાન વિષ્ણુની પત્ની તરીકેનો જ બહુધા જોવા મળે છે. વિષ્ણુના દરેક અવતાર વખત લક્ષ્મીએ પણ તેની પ્રિયતમા તરીકે જન્મ લીધાનું મનાય છે. આ રીતે રામની સીતા, વામનની પદ્મા, પરશુરામની ધરણી, કૃષ્ણની રુક્મિણી વગેરે લક્ષ્મીના જ અવતાર ગણાય છે. સ્વભાવે ચંચળ આ દેવીનું સ્વરૂપ અત્યંત સુંદર મનાય છે, પણ દિવાળીમાં તેમજ વારતહેવારે થતી તેની પૂજામાં એની પ્રતિમાના બદલે નાણું ભરેલી મંજૂષા પર એક થાળીમાં ચોખાની ઢગલી કરી તેને કોડીઓથી શણગારીને પૂજન કરાય છે.

કમલા, સિંધુજા, માયા, ઇંદિરા, જલનિધિજા, ચંચલા, લોલા, લોકમાતા, શ્રી, માધવી, ક્ષીરાબ્ધિતનયા, પદ્મા, મા, પદ્માલયા, સિંધુસુતા, વિષ્ણુવલ્લભા, ચપલા, હરિપ્રિયા વગેરે અનેક નામોથી તેનો ઉલ્લેખ થાય છે જેના અર્થ સ્પષ્ટ છે.

વળી લક્ષ્મી કામદેવની માતા ગણાય છે. કમળ તેનું આસન અને હાથી તેનું વાહન ગણાય છે.

મહાકાલી અને મહાસરસ્વતી સાથે મહાલક્ષ્મીના સ્વરૂપની યે કલ્પના છે. એનો અવતાર ભાદરવા વદિ ચૌદશના દિવસે થયો હતો. આસો સુદિ આઠમના દિવસે એણે મહિષાસુરને માર્યો અને નવમીએ દેવતાઓએ એનું પૂજન કર્યું. મહાલક્ષ્મીનું ઈષ્ટદેવી તરીકે પણ પૂજન થાય છે.



આ ચરિત્રલેખમાં જેમનો ઉલ્લેખ છે તેમાંના કેટલાક આઝાદીના મતવાલા આશક–ડાબી બાજુથી અનુક્રમે: રાસબિહારી બસુ, લાલા લજપતરાય, ભગતસિંહ, અશફાકુલ્લાખાં, મન્મથનાથ ગુપ્ત (હિંદી સામયિક 'આજકલ'ના ભૂતપૂર્વ તંત્રી ને આજે સંપાદક મંડળના સભ્ય) અને રાજેન્દ્ર લાહિડી.

લ ઘુ ક થા

મૂક વેદના

રાજેન્દ્રસિંહ રાયજાદા

સવારે પાંચ વાગ્યે મનમોહન વહેલો ઊઠીને તૈયાર થઈ ગયો. ચાર વર્ષની સ્મિતા પાસે સદ્‌ગત પત્નીની છબિ પર ફૂલનો હાર પહેરાવડાવ્યો. મનમોહનની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. સ્મિતાથી મોં ફેરવી તેણે આંખોના ખૂણા લૂછી નાખ્યા.

કુટુંબીઓ, સ્નેહી મિત્રો અને ગામના લોકો, નવા વર્ષની શુભેચ્છા પાઠવવા, સવારના નવ વાગ્યા સુધીમાં લગભગ બધા જ આવી ગયા. હવે તે ઓરડામાં એકલો પડયો. સામેની સ્વ. પત્નીની છબિ પર તેની દૃષ્ટિ ફરી સ્થિર થઈ. હજી સાત માસ પહેલાં જ તે મનમોહનનો સાથ છોડીને ચાલી નીકળી હતી. ગાઢ પ્રેમના સ્મરણ સાથે જ તેની આંખ આગળ પત્નીની આખરી વિદાય ચીતરાઈ રહી:

પત્નીની નનામી બંધાઈ રહી હતી ત્યારે મનમોહનના મનમાં વિચારો અટવાતા હતા: 'શું માણસ ખરેખર આમ જ મરી જતું હશે? આ માણસ હવે ફરી વાર કોઈ દિ' આ દુનિયામાં પાછું નહિ જ આવે?' છાતીમાં જાણે મોટું ખાલી પોલાણ પડી ગયું હોય તેવી લાગણી સાથે તેણે પોતાની વહાલી પત્નીને કીમતી સાડીની સોડ ઓઢાડી હતી. ચિતાની જ્વાળાઓમાં સંગાથીનો દેહ રાખ થઈ ગયો ત્યારે તે ધ્રૂસકે ધ્રૂસકે રોઈ પડયો હતો. જગતનું અસ્તિત્વ તેને ધુમાડા જેવું લાગતું હતું. જાણે એક સુંદર સ્વપ્ન આવ્યું અને અધૂરું જ રહી ગયું!

પત્નીની સ્મૃતિમાં મનમોહન ખોવાઈ ગયો હતો ત્યાં બહારથી અવાજ આવ્યો "મનમૉન શેઠ!"

આંખને ખૂણે ભરાએલાં આંસુ લૂછતો તે બહાર આવીને જુએ છે તો હીરી ભંગડી સપરમો દા'ડો માગવા આવી હતી—

—પત્નીને સોડમાં ઓઢાડેલી સાડી ઓઢીને!

આ વાતની જાણ થતાં એક સાથીએ કહ્યું: 'પંડિતજી, આવા ગદ્દારો માટે તો એક એક કારતૂસ બસ હતો.' ત્યારે આઝાદે ગંભીર થઈ જઈ કહ્યું; 'આ ગુલામ દેશમાં દગાખોરોનો ક્યાં તોટો છે? બિચારા ઠાકુરની હાલત અત્યારે બહુ કફોડી છે, પણ અત્યાર સુધી તેમણે મને સારી રીતે રાખ્યો હતો. સારું થયું કે હું એને ત્યાંથી આવતો રહ્યો. સાપ મર્યો નહિ ને લાઠી ભાંગી નહિ. જરૂર પડયે ભવિષ્યમાં આપણે એની પાસેથી યે કામ લઈશું. તેનું મન કંઈ સદાને માટે આવું થોડું રહેવાનું છે?'

આમ, આઝાદ સૌ પ્રત્યે સલુકાઈ રાખતા, પણ એમાં યે દળ અને પોતાના સાથીઓ માટે તો એમને ખૂબ જ પ્રેમ હતો, એમના પ્રત્યેની આત્મીયતાને તેઓ પોતાનું કર્તવ્ય સમજતા. આમાં અંગત ભાવુકતાનો વિક્ષેપ તેઓ કદી આવવા દેતા નહિ. એક વાર કોઈએ એમનાં માતાપિતાને માટે આઝાદને એક રકમ આપી; પણ એ સમયે દળને પૈસાની અત્યંત જરૂર હતી એટલે આઝાદે એ રકમ દળને આપી દીધી. કોઈ કે કહ્યું કે, 'આ રકમ તમારાં માતાપિતા માટે જ મળી છે તો એને દળ માટે કઈ રીતે વાપરી શકાય?' ત્યારે એમણે જવાબ આપ્યો: 'વધુપડતા લાગણીવેડા ન કરો. બુઢ્ઢા-બુઢ્ઢી માટે તો બે આનાની ચપાટી બસ થઈ રહેશે, પણ પાર્ટીને અત્યારે પૈસાની વધુ જરૂર છે.'

દળનો એકે ય પૈસો ખોટો ન વેડફાય એ સારુ પોતાના સાથીઓ પર પણ તેઓ કડક નિગરાની રાખતા. સભ્યોને આખા દિવસના ખર્ચ માટે અમુક પૈસા મળતા. જો કોઈને સિનેમા જોવું હોય તો તેમાંથી બચાવીને જોવાની છૂટ ખરી, પણ નિયત ખર્ચથી વધુ વાપરવા કોઈને કંઈ મળતું નહિ. કેટલીક વાર પૈસાને અભાવે ક્રાંતિકારીઓને બહુ વેઠવું પડતું હતું, એટલે એ અંગેની આઝાદની ચીવટ સર્વથા યોગ્ય જ હતી.

હિંદુસ્તાનની સ્વરાજ્ય અંગેની યોગ્યતા તપાસવા જ્યારે સાઈમન કમિશન આવ્યું ત્યારે એક પણ હિંદી સભ્યને એ પંચમાં લેવામાં આવ્યો ન હોવાથી કૉંગ્રેસ સહિત દેશના તમામ રાજકીય પક્ષોએ તેનો વિરોધ કરવાનું ઠરાવ્યું, પણ ક્રાંતિકારી દળે તો ખુદ આ કમિશનને જ ઉડાવી દેવા માટે માર્કન્ડેય, મનમોહન ગુપ્ત તથા હરેન્દ્ર ભટ્ટાચાર્યને બૉમ્બ આપીને મોકલ્યા. કમનસીબે મનમોહ નજીક અચાનક બૉમ્બ ફાટતાં રેલગાડીના ડબ્બાની છત ઊડી ગઈ. માર્કન્ડેય અને કેટલાક મુસાફરો માર્યા ગયા. હરેન્દ્ર ગિરફતાર થયો ને પાછળથી સરકારી સાક્ષી બની બેઠો. પરિણામે મનમોહનને સાત વર્ષની સજા થઈ. ગાંધીજીએ ક્રાંતિકારીઓની આ પ્રવૃત્તિને 'ધી કલ્ટ ઑવ બૉમ્બ' એ શિર્ષકનો લેખ લખી વખોડી નાખી ને ક્રાંતિકારીઓને બુઝદિલ કહ્યા. એનો જવાબ ચંદ્રશેખર અને ભગવતીચરણ વોરાએ 'ધ ફિલૉસૉફી ઑવ બૉમ્બ' નામે એક પત્રિકા પ્રસિદ્ધ કરીને આપ્યો. પાછળથી ગાંધીજીએ ક્રાંતિકારીઓને બુઝદિલ કહેવા બદલ ક્ષમા માગી અને એમને ત્રણ વર્ષ થોભી જવા, તથા એ દરમિયાન પોતે જો સ્વરાજ્ય ન લાવી શકે તો યોગ્ય લાગે તેમ કરવા વિનતિ કરી.

સાઈમન કમિશન લાહોર પહોંચ્યું ત્યારે તેનો વિરોધ કરતા લાલા લજપતરાય પર જે પાશવી લાઠીમાર થયો તેને પરિણામે એમનું અવસાન થયું. દેશભરમાં હાહાકાર મચી ગયો. લાલાજી માટેની શોકસભામાં શ્રીમતી ચિત્તરંજનદાસે એનો બદલો લેવા આહ્‌વાન આપ્યું. લાલાજીનું મૃત્યુ એ દેશનું એક મહાન અપમાન હતું. જો એનો બદલો ન લેવાય તો સાઈમન કમિશનના બહિષ્કારથી જે જુસ્સો પ્રજામાં વ્યાપ્યો હતો એ શમી જાય એવું ક્રાંતિકારીઓને લાગ્યું. આ માટે લાલાજીની હત્યાના જવાબદાર ગોરા અમલદાર સ્કૉટને ઠાર કરવા ચંદ્રશેખર આઝાદ ભગતસિંહ, રાજગુરુ ને જયગોપાલે નિશ્ચય કર્યો. નક્કી કરેલા દિવસે એમાંના ત્રણ જણ ભરી પિસ્તોલે સાઈકલ પર પોલીસ દફતરે પહોંચી ગયા. રાજગુરુ પગે ચાલતા પહોંચ્યા. બાતમી મેળવનાર જયગોપાલે દફતર બહાર નીકળતા નાયબ સુપરિન્ટેન્ડેન્ટ સૉન્ડર્સને જ સ્કૉટ માની ઈશારત કરી ને ગોળીઓ છૂટી. સૉન્ડર્સ ઢળી પડયો. ભગતસિંહ ને રાજગુરુ નાઠા ત્યારે એમને પકડવા દોડેલા પોલીસોને ચંદ્રશેખરે ગોળીબાર કરી રોક્યા, જેમાં એક શિખ સિપાહી માર્યો ગયો.

આરંભમાં શચીન્દ્રનાથ સાન્યાલે ક્રાંતિકારી દળને 'હિન્દુસ્તાન રીપબ્લિક એસોસીએશન' એવું નામ આપેલું. દળનો ઉદ્દેશ પ્રજાતંત્રની સ્થાપના કરવાનો હતો. હવે ચંદ્રશેખર, ભગતસિંહ, વિજયકુમાર સિંહા, સુરેન્દ્રનાથ પાંડે વગેરેએ સ્પષ્ટપણે સમાજવાદ સ્વીકારી લીધો હતો. એટલે દળને 'હિંદુસ્તાન સોશ્યલિસ્ટ રીપબ્લિક એસોસીએશન (આર્મી)' એવું નામ આપ્યું. દળનો ઉદ્દેશ દેશમાં ધર્મ-નિરપેક્ષ વર્ગવિહીન સમાજવાદી પ્રજાતંત્ર સ્થાપવાનો હતો. તેઓએ સામુહિક નેતાગીરીનો સિદ્ધાંત સ્વીકાર્યો હતો. ચૂંટણી દ્વારા ચંદ્રશેખર આઝાદને દળના પ્રથમ સેનાપતિ નિયુક્ત કર્યા હતા અને કાર્ય દ્વારા પ્રચારનો માર્ગ અપનાવ્યો હતો. આ રીતે સૉન્ડર્સની હત્યા દ્વારા તેઓએ લોકોને બતાવી આપ્યું કે લાલા લજપતરાયના મૃત્યુનો બદલો લેવામાં આવ્યો છે. 'વંદેમાતરમ્' અને 'મહાત્મા ગાંધી કી જય'ના બદલે ભગતસિંહે 'ઇન્કિલાબ ઝિંદાબાદ'નું સૂત્ર આપ્યું જે પ્રજાના હૃદયમાં આજેયે થનગનાટ પ્રેરી રહેવા જેટલું પ્રબળ છે.

ઈ. ૧૯૨૯ના એપ્રિલમાં દિલ્હીની વડી ધારાસભામાં ચાલુ બેઠકમાં બૉંબ-ધડાકો કરી પોતાના દળની જાગરૂકતાની પ્રતીતિ કરાવવાની એક યોજના ક્રાંતિકારીઓએ ઘડી. ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે બૉંબ ફોડવાનો હતો અને રાજગુરુ તથા સુખદેવ વગેરેએ તેમને બચાવવાના હતા. આઠમી એપ્રિલે ધારાસભામાં વિઠ્ઠલભાઈ પટેલ પ્રમુખપદેથી જાહેર સલામતી ધારા પર બોલવા ઊભા થયા કે બૉંબ ફેંકવામાં આવ્યો. આ

ઑમ્બ ખાલી ધડાકાનો જ હતો, કોઇને ઈજા કરવાની તેની પાછળ નેમ હતી જ નહિ. એકાએકના આ ધડાકાથી ખળભળાટ મચી ગયો. પણ બચાવ-યોજના બરાબર કારગત ન નીવડી. ભગતસિંહ અને અન્ય સાથીઓ પકડાઈ ગયા. પણ આઝાદ હજી આઝાદ હતા. ઝાંસીમાં ખબર આવ્યા કે ભગતસિંહ તાજના સાક્ષી બની ગયા છે. અખબારમાં આ વાંચતાં જ આઝાદે ભગવાનદાસ માહૌરને કહ્યું કે, 'કૈલાસ, સદાશિવ વગેરેને સૂચના આપી દો કે સૌ થોડા દિવસ આઘાપાછા થઈ જાય.'

ભગવાનદાસે કહ્યું : 'પંડિતજી, જો ભગતસિંહ તાજના સાક્ષી બની જાય તો આ પાર્ટીબાર્ટી બધું ઢોંગ છે.' આ સાંભળી આઝાદ બોલ્યા : 'તું મૂર્ખ છે. આમાં ભગતસિંહ પ્રત્યે અવિશ્વાસ રાખવાની વાત જ નથી, પણ પાર્ટી અંગે વધારે સાવધાની રાખવાની બાબત છે. હું પોતે પણ જો ક્યારેક પકડાઈ જાઉં તો મને જે જે અડ્ડાની ખબર છે તે બધાં સ્થાનેથી બધો સામાન હટાવી લેજો.'

બીજે દિવસે તો ખબર પડી ગઈ કે ભગતસિંહ અંગેના ખબર ગલત જ હતા. થોડા દિવસ પછી ફણીન્દ્ર ઘોષ પણ પકડાયા. દળમાં સૌ એમને 'દાદા'ના વહાલસોયા નામે ઓળખાતા. તેઓ પણ તાજના સાક્ષી બની ગયાના ખબર આવ્યા અને આઝાદે પોતાની રીત પ્રમાણે બધું સગેવગે કરી દીધું. પછી તો ખાતરી થઈ કે 'દાદા' ખરેખર ફરી બેઠા હતા ને એમણે સૂચવેલી જગ્યાઓએ પોલીસે તપાસ પણ કરેલી પણ આઝાદની દીર્ઘદૃષ્ટિથી બધા બચી ગયા હતા.

ભગતસિંહની ગિરફતારી પછી શિવવર્મા અખબારમાં આવેલી એમની એક છબિ લઈ આવ્યા. એ જોઈ બધાની આંખો દ્રવી ઊઠી; માત્ર આઝાદ સ્થિતપ્રજ્ઞ પેઠે અવિચલિત નજરે સૌને જોતા બેસી રહ્યા. પણ થોડા સમય પછી સૂનમૂન બની ગએલા એમના પ્રતિ સાથીઓએ જોયું ત્યારે તેમની આંખોમાં પાણી વહેતાં દેખાયાં. ભગવાનદાસ એમને આશ્વાસન આપવા લાગ્યા ત્યારે તેઓ બોલ્યા : 'ભગતસિંહ અને દત્ત પકડાઈ ગયા તેનું મને દુઃખ નથી. આપણે બધા પણ આગળપાછળ પકડાઇને કે ગોળી ખાઇને મરવાના જ છીએ. પણ હું જોઉં છું કે તમારું સૌનું હૃદય કેટલું પ્રેમપૂર્ણ છે. જ્યારે હું તદ્દન જડ પથ્થર જેવો બની ગયો છું. તમે લોકો જ સાચા માણસો છો. મારું હૃદય તે શું હૃદય કહેવાતું હશે?' અને તુરત આંખો લૂછી બોલ્યા : 'કૈલાસ, ભગતસિંહને ફાંસી જ મળશે. પણ એવું થાય એ પહેલાં જ આપણે કંઈક કરી બતાવવું છે.' અને ખરેખર ચંદ્રશેખર આઝાદે એ કરી પણ બતાવ્યું.

આઝાદે કહ્યું હતું તેમ સાચે જ કેટલાક સાથીઓ એમને સંગદિલ આદમી જ માનતા હતા, પણ હકીકત એમ નહોતી. ઉચ્ચ આદર્શ માટે મરી ફીટનાર વીરને માટે એમનું હૃદય રડી ઊઠતું. ભગવતીચરણના મૃત્યુ પર ને ભગતસિંહ તથા દત્તની ગિરફતારી પર એમની આંખોમાં પાણી આવી ગયાં હતાં જ. મા-બાપની માયા-મમતાને એમણે અંતરથી ઊઝરડી નાખી હતી છતાં એ અંતરમાં પ્રેમ, મમતા ને દયા ભારોભાર હતાં જ, પણ એ બધી લાગણીઓની યે ઉપર દેશ પ્રત્યેના કર્તવ્યનું સ્થાન હતું. એક સમયે ગાયનને ગળું ફાડવાની નિરર્થક ક્રિયા સમજનાર આઝાદના હૃદયમાંનો સુષુપ્ત પ્રેમ આમ એક વાર પ્રકટ થઈ ગયા પછી તેઓ સમજી ગયા કે આપણે લડવાને માટે જીવતા નથી પણ જીવવાને માટે લડીએ છીએ ત્યારથી ગાવા સાથે પણ એમને પ્રીત બંધાઈ ગઈ.

ક્રાંતિકારીઓમાં કેટલાકને ગાવા ઉપરાંત કાવ્યલેખનનો પણ શોખ હતો. એક વાર સંગીત અને કાવ્યો પર ચર્ચા ઊપડી. મોટા ભાગનો ચર્ચાદોર ભગતસિંહ અને વિજયકુમાર સિંહાના હાથમાં હતો. આઝાદ પણ વચમાં પોતાનો સૂર પુરાવતા હતા. એમાં ભગવાનદાસ એક પ્રેમગીત બોલ્યા, 'હૃદય લાગી પ્રેમકી બાત હી નિરાલી મનમથશર હો...' આ સાંભળી આઝાદ બોલી ઊઠયા, 'આ પ્રેમબ્રેમ શું છે? તારું અને



'હું જીવતો તો કદી પોલીસના હાથમાં નહિ આવું.' ચંદ્રશેખર આઝાદની એ પ્રતિજ્ઞા હતી. અને અલ્લાહાબાદમાં આલ્ફ્રેડ પાર્કમાં જ્યારે પોલીસના ઘેરામાંથી છટકવું અશક્ય બની ગયું ત્યારે એમણે છેલ્લી ગોળી પોતાના લમણામાં જ ઝીંકી દીધી. આઝાદ આઝાદ જ રહ્યા. એમની આ મૃત્યુ પછીની છબિ છે.

બીજાનું મન શા માટે બગાડે છે? આ જિંદગીમાં પ્રેમ કરવાનો સમય જ ક્યારે મળવાનો છે? કદાચ કાલે કોઈ સડક પર પોલીસની ગોળી ખાઇને ઢળી જઈશું. અરે કંઈ 'બમ ફટકર, પિસ્તોલ ઝટક કર' એવું કંઈક ગા. જો હું ગાઉં છું.' અને એમણે ઘોઘરા અવાજે ઉપાડયું—

'દુશ્મન કી ગોલિયોં કા હમ સામના કરેંગે
આઝાદ હી રહે હૈં, આઝાદ હી રહેંગે.

જોયું? આને કાવ્ય કહેવાય. હૃદયમાં તો લાગશે થ્રી નોટ થ્રીની ગોળી, મનમથશર બનમથશર નહિ.'

આ જ રીતે એક વાર આગરાના એક મકાનમાં મંડળી જામી હતી. આઝાદ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, બટુકેશ્વર વગેરે કેટલાક બેઠા હતા. વિનોદ-મજાક ચાલતી હતી. કોણ કેવી રીતે પકડાશે તેની ચર્ચા થતી હતી. જ્યારે આઝાદનો વારો આવ્યો ત્યારે ભગતસિંહે મજાક કરી : 'પંડિતજી, તમારા માટે તો બે દોરડાંની જરૂર પડશે–એક તમારી ગરદન માટે અને બીજું તમારી ભારે ફાંદ માટે.' આઝાદે તુરત જ હસીને જવાબ આપ્યો : 'જો, ફાંસીએ ચડવાનો મને શોખ નથી, એ તો તને જ મુબારક હો. દોરડું-ફોરડું તો તારા માટે છે. બાકી જ્યાં સુધી મારી આ 'બમતુલ બુખારા' (આઝાદે પોતાની પિસ્તોલનું એ નામ રાખ્યું હતું.) મારી પાસે છે ત્યાં સુધી કોની તાકાત છે કે મને કોઈ જીવતો પકડે?'

અને એ ખરું જ હતું. કાનપુર છોડી અલ્લાહાબાદમાં દળનું હેડક્વાર્ટર રાખવામાં આવ્યું હતું. એ દિવસોમાં કોઈ ને કોઈ ક્રાંતિકારી પકડાઈ ગયાના સમાચારો આવતા જ રહેતા હતા. આઝાદની ઊંઘ હરામ થઈ ગઈ હતી. ક્રાંતિકારીઓની છિન્નભિન્ન થતી જતી શક્તિને કઈ રીતે સંગઠિત કરવી તેની ચિંતા એમને સતાવતી હતી. વૈશંપાયન એ દિવસોમાં એમની સાથે જ હતા. તેઓ લખે છે: 'એક વાર આઝાદે મને

દિવાળીટાણે / કનુભાઈ જાની

· મિશ્ર ·

થીજી ગયું લીપણુ શાન્ત રાત્રિનું
ને ભાત્ય શી ઓકળીઓની ઊઠી !
અનંત જે વ્યાપતણી દીવાલે
અદીઠની આંગળીઓ ફરી વળી,
સંકોરતી તે અહીં વાટ ખૂણે
પડેલ જે મૃણ્મય મૂક કોડિયે.

બોલાવીને કહ્યું: 'બચ્ચન, મને લાગે છે કે લાહોર ષડયંત્ર પછી ઉત્તર હિંદુસ્તાનના ક્રાંતિકારીઓનું સંગઠન છિન્નભિન્ન થઈ જશે.' અને ખરેખર એમની એ આગમવાણી સાચી જ પડી.

લાહોર કાવતરા કેસ પછી પોલીસ હવે કાકોરી કાવતરાના આ ફરાર ક્રાંતિકારીની જ પાછળ પડી હતી. પણ આઝાદ એમને છક્કડ આપી રહ્યા હતા. ઈ. ૧૯૩૧ની ૨૭મી ફેબ્રુઆરીએ આઝાદ અને સુખદેવ કંઈ વાત અંગે અલ્લાહાબાદના આલ્ફ્રેડ પાર્કમાં મળ્યા. એવામાં એકાએક પોલીસ અફસર બાવરે એમને ઘેરી લીધા. આઝાદે એમની બમતુલા બુખારા ખેંચી, પણ તુરત બાવરે એમની જાંઘમાં ગોળી પેસાડી દીધી. આઝાદની ગોળીએ બાવરના હાથમાંની પિસ્તોલ પાડી દીધી. બાવરે પડેલી પિસ્તોલ બીજા હાથે ઉપાડી લીધી ને એક ઝાડની ઓથે છુપાઈને એ ગોળીબાર કરવા લાગ્યો. દરમિયાન સુખદેવ તો છટકી જઈ શક્યો, પણ આઝાદ ઘેરાઈ ગયા. એક થડની પાછળ રહી તેમણે ત્રણચાર પોલીસોને ઘાયલ કરી નાખ્યા. પણ હવે બમતુલામાં એક જ ગોળી રહી હતી અને જીવતા કદી પોલીસને હાથ ન પકડાવું એ એમનો એક કાયમી નિશ્ચય હતો. છેલ્લી ગોળી એમણે પોતાના લમણામાં જ ઝીંકી અને ભગતસિંહને ફાંસી મળે એ પહેલાં એમણે પોતે શહીદીની માળા પહેરી લીધી. પોતાના રક્તથી આઝાદીના બાગનું એમણે સિંચન કર્યું. એમની એ આહુતિની કીર્તિસૌરભ દેશભરમાં પસરી રહી. દેશને માટે જ એ જીવ્યા, દેશને માટે જ એ મર્યા. 'રહીમન સાચે સૂરકો વૈરી હુ કરત વખાન', એમ પોલીસ સી. આઈ. ડી.ના સર્વોચ્ચ અધિકારી મિ. હૉલિન્સે પણ એમની વીરતા અને દેશભક્તિની પ્રશંસા કરી હતી.

એક તદ્દન સામાન્ય ગરીબ ઘરમાં જન્મી પોતાના પ્રચંડ પુરુષાર્થ વડે દેશના ક્રાંતિકારી દળના સેનાપતિપદે એ પહોંચેલા. વ્યાવહારિક આપસૂઝ, અદમ્ય સાહસ અને સાથીઓની સલામતી ને સવલતોની કાળજી સાથે ક્રાંતિકારી દળના કપરા સમયમાં એને સુગ્રથિત રાખી કુશળ નેતૃત્વનું એમણે અનુકરણીય ઉદાહરણ પૂરું પાડયું હતું. એમની નિખાલસ આત્મીયતા ને એમના અકૃત્રિમ સ્નેહપૂર્ણ વ્યવહારથી તેઓ સૌના શ્રદ્ધેય પ્રીતિપાત્ર બની રહ્યા હતા. એમના એક જ ઈશારે સાથીઓ પોતાનો પ્રાણ નિછાવર કરવા તૈયાર રહેતા. સંકટના સમયે હમેશાં પોતે જ આગળ રહેતા, છતાં પોતે નહિ હોય ત્યારે દળ નષ્ટ થઈ જશે એવું એમણે કદી વિચાર્યું નહોતું. બધા જ સાથીઓ એમની સલામતીને હમેશાં સુરક્ષિત રાખવા મથતા. એમને પકડવા સરકારે હજારોનાં ઈનામો જાહેર કર્યાં છતાં એની લાલચ દળમાં કદી કોઈને સ્પર્શી સુધ્ધાં ન હતી. એ દળના નેતા હતા, દળની પ્રતિષ્ઠા હતા. સાધારણ કાર્યોમાં સાથીઓ એમને જોખમ ખેડવા દેતા નહિ, પણ આઝાદને અલગ ને સુરક્ષિત બની બેસવું ગમતું નહિ. તેઓ કહેતા: 'મને દળના નેતા માનવામાં આવે છે તો દળના કોઈ પણ સભ્યનો પ્રાણ સંકટમાં આવે એ પહેલાં મારે જ એ જોખમ વહોરવું જોઈએ.'

પોતે સનાતની ઘરમાં જન્મેલા છતાં એમને સનાતની ધર્મમાં શ્રદ્ધા નહોતી. એનાથી વ્યક્તિનો વિકાસ રુંધાય છે એમ તેઓ માનતા. રામપ્રસાદ બિસ્મિલની અસરથી તેઓ આર્ય સમાજના રંગથી રંગાયા હતા. મૂર્તિપૂજા કે છૂતાછૂતના તેઓ વિરોધી હતા. આગળ જતાં ભગતસિંહના સંપર્કથી તેઓએ ધર્મનિરપેક્ષ સમાજવાદનો દૃષ્ટિકોણ સ્વીકાર્યો હતો. વ્યક્તિગત જીવનમાં એમણે આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળ્યું હતું. આરંભમાં તો તેઓ સ્ત્રીઓને ક્રાંતિદળમાં પ્રવેશ આપવાના પણ વિરોધી હતા પણ પાછળથી એમણે પોતાનો મત બદલ્યો અને પછી તો ખૂબ ઉત્સાહથી તેઓ સ્ત્રી સભ્યોને પણ ગોળી ચલાવતાં શીખવતા. સ્ત્રીઓ સાથેનો એમનો વ્યવહાર અત્યંત સરળ ને નિખાલસ રહેતો.

એમની શહાદત સાથે દેશની આઝાદીની લડતોમાં વિપ્લવવાદી યુગોનો અંત આવ્યો. પણ એમની સક્રિયતાએ દેશમાં એક જુસ્સો પેદા કરી દીધો હતો. પ્રજાની કલ્પનાને એમણે ઉદ્દામ કરી મૂકી હતી.

અંતિમ દિવસોમાં તેઓ પંડિત નેહરુને પણ મળેલા. જેનો ઉલ્લેખ પંડિતજીએ પોતાની આત્મકથામાં કર્યો છે. એમણે આ ક્રાંતિકારીઓને ફાસિસ્ટ મનોવૃત્તિના કહી ઉતારી પાડયા છે, પણ એ સત્ય નથી. સુરેન્દ્રનાથ પાંડે અને યશપાલજી છેલ્લેછેલ્લે આઝાદની સાથે જ હતા. તેઓ લખે છે કે આઝાદ અંતિમ દિવસોમાં ત્રાસવાદી પ્રવૃત્તિની નિરુપયોગિતાને સ્વીકારી ચૂક્યા હતા. દળનું વિસર્જન કરી નાખવાનું પણ એમણે અંતિમ દિવસોમાં વિચાર્યું હતું. અમને એટલું તો સમજાઈ ગયું હતું કે વ્યાપક જનઆંદોલન વિના કોઈ સશસ્ત્ર પ્રવૃત્તિ કદાપિ અસરકારક બની શકે નહિ.

ચંદ્રશેખર આઝાદની શહીદી પછી તેમનાં માતા વીસ વર્ષ સુધી જીવ્યાં. તેમાં અઢાર વર્ષ તો એમને લગભગ ભૂખમરામાં કાઢવાં પડયાં. અને જ્યારે સરકારે એમને સહાય આપવાનો નિર્ણય કર્યો ત્યારે તો તેઓ લગભગ મરણપથારીએ હતાં.

સ્વ. બનારસીદાસ ચતુર્વેદીના સતત પ્રયત્નોથી ઉત્તરપ્રદેશ સરકારે અલાહાબાદના આલ્ફ્રેડ પાર્કમાં આઝાદનું એક સ્મારક રચ્યું છે. ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસમાં અમર શહીદ ચંદ્રશેખર આઝાદનું નામ સુવર્ણાક્ષરે જ લખાશે. તેમનો ત્યાગ અને તપસ્યા આજે યે એટલાં જ પ્રેરણા રૂપ છે. એમનું જીવન પ્રચંડ પુરુષાર્થ અને કર્તવ્યની એક જીવતી જાગતી પ્રતિમા સમ હતું. □

લેખકો-કલાકારોને નિમંત્રણ

'કુમાર'માં પ્રકટ થતા લેખો, કાવ્યો, ચિત્રો વગેરે માટે ચાલતાં નીચેનાં પારિતોષિકો પ્રત્યે લેખકો–કલાકારોનું લક્ષ ખેંચીએ છીએ:

- શ્રી હરિઃૐ આશ્રમ (નડિયાદ) તરફથી જીવનનાં ઉચ્ચ મૂલ્યોના ઘડતરમાં પ્રેરણા રૂપ થઈ પડે તેવાં જીવનચરિત્રો કે મૌલિક વાર્તાઓ માટે દર મહિને રૂ. ૫૦.
- એ જ સંસ્થા તરફથી ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતાં વ્યક્તિ-ચિત્રો કે પ્રસંગાલેખનો માટે દર મહિને રૂ. ૫૦.
- એ જ સંસ્થા તરફથી ભાવકોની ઉચ્ચ રસવૃત્તિને પોષે એવી શ્રેષ્ઠ ને મૌલિક પૂર્ણરંગી ચિત્રકૃતિ માટે રૂ. ૫૦.
- વર્ષભરની શ્રેષ્ઠ મૌલિક નવલિકા માટે 'કુમાર' તરફથી રૂ. ૩૦.
- જીવસટોસટનાં સાહસ કે વિકરાળ પ્રાણીનો સામનો નિરૂપતી વર્ષભરની શ્રેષ્ઠ વાર્તા માટે 'એક ગૃહસ્થ' તરફથી રૂ. ૨૫.
- શ્રી સોમાભાઈ ભાવસાર તરફથી તેમની સ્વ. પુત્રી દીપ્તિના સ્મરણાર્થે દર ઑગસ્ટથી સપ્ટેમ્બર માસના વર્ષમાં આવેલા, ભારતીય સંસ્કારપરંપરાને પોષક તથા જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને રૂ. ૫૦.

શેરદિલ રિચર્ડ

ખ્રિસ્તધર્મનો રખેવાળ પરાક્રમી ને પ્રેમી રાજવી

લેખક
શિવપ્રસાદ
જોષી

ઈસુની બારમી સદીની નમતી સંધ્યા ધર્મયુદ્ધો અને જેહાદોના અનવરત ધમસાણમાં લોહિયાળ યુદ્ધોની લાલિમાથી કંકુવરણી બની ગઈ હતી. પ્રથમ ધર્મયુદ્ધ ખેલાયા બાદ જેરૂસલેમ ખાતે ખ્રિસ્તી હકૂમતે તો સ્થપાઈ; પણ એક સદી જેટલો કાળ વીત્યો તે દરમિયાન તેનું રક્ષણ કરનાર નાઇટ્સ અને ટેમ્પલર્સને નાકે દમ આવી ગયો હતો. ચોતરફ ઈસ્લામની આણ ફેલાઈ રહી હતી. જો કે તેમના પ્રદેશોમાં જોઈએ તેવો સંપ ન હતો તેનો લાભ ખ્રિસ્તીઓને મળ્યો હતો.

બારમી સદીની અધવચમાં જર્મનીના શહેનશાહ કૉનરાડ ત્રીજાએ અને ફ્રાન્સના લૂઈ સાતમાએ સાથે મળીને બીજી વાર જેરૂસલેમ પડાવી લીધું તેનાથી ઈસ્લામી જગત ખળભળી ઊઠયું હતું અને જબરી હલચલ મચી ગઈ હતી. અરબ, તુર્ક અને સારાસેન પ્રજાઓ એકતાંતણે બંધાવા તલસી રહી હતી. છેવટે તેમને એક શક્તિશાળી નેતા મળી પણ ગયો: સલાદીન. એ જન્મે કુર્દ અને સંસ્કારે દમીસ્કી-દમાસ્કસી હતો. ઇજિપ્ત સીરિયા જેવા વિશાળ પ્રદેશો ઉપર આધિપત્ય જમાવી, તેમજ દમાસ્કસ અને ઍલેપ્પો જીતી લઈ તે એક બળવાન સુલતાન બન્યો. ઈ. ૧૧૮૬માં તેણે ખ્રિસ્તીઓને જબરદસ્ત પડકાર આપ્યો અને નેપલ્સ, બૈરૂત તથા જાફ્ફા તેના હાથમાં આવી પડતાં, જોતજોતામાં તે જેરૂસલેમને બારણે આવીને ઊભો રહ્યો.

ખ્રિસ્તીઓના ધર્મગુરુ પોપે આ ઈસ્લામી આક્રમણ સામે ધર્મયુદ્ધનું એલાન કર્યું. યુરોપભરનાં ખ્રિસ્તી રાજ્યોમાંથી કુમક આવી રહી. આક્રમણ અને પ્રતિ-આક્રમણની હારમાળા ચાલુ રહી અને ખૂનખાર યુદ્ધ પછી સલાદીને ફરીથી ઈ. ૧૧૮૭માં જેરૂસલેમ પર ઈસ્લામી વર્ચસ્વ સ્થાપ્યું. ખ્રિસ્તીઓનું દસ હજારનું લશ્કર આ એક જ યુદ્ધમાં નાશ પામ્યું: તેમને મરણતોલ ફટકો પડયો, અને સાથોસાથ ત્રીજા ધર્મયુદ્ધની શરૂઆત થઈ ગઈ. સલાદીનના વિજયથી યુરોપ તેમજ ખ્રિસ્તી જગત ભયભીત થઈ ઊઠયાં. વધસ્તંભ મુસલમાનોના કબજામાં જઈ પડયો હતો.



ધર્મયુદ્ધનો સૈનિક
(ચિત્ર: મટાનિયા)

આની સાથોસાથ અંગ્રેજોની ભૂમિ ઈંગ્લૅન્ડમાં અવનવો ઇતિહાસ આકાર લઈ રહ્યો હતો. ત્યાંનો રાજા હેન્રી બીજો ધર્મયુદ્ધમાં ભાગ લેવા ઝંખી રહ્યો હતો, પરંતુ તેના પુત્રો ગાદી માટે ખટપટ કરતા હતા. સૌથી મોટેરો યુવાન હેન્રી પિતાની હયાતીમાં જ મૃત્યુ પામ્યો એટલે હવે ગાદીનો વારસ રિચર્ડ થવાનો હતો. તે ઘણો શક્તિશાળી ને બહાદુર લેખાતો.

ઈ. ૧૧૮૦ના ડિસેમ્બરની ત્રીજી તારીખ હતી. કાષ્ઠનગરી લંડન ઉપર અંધારાનો ઓથાર જાણે કે ફરી વળ્યો હતો. શહેર વચ્ચેથી પસાર થતી નદીના બીના બદબદી રહેલા બંને કાંઠે હકડેઠઠ માનવ સમુદાય ઊમટયો હતો. અશ્વોની ખરીના પછડાટથી ઊડેલો ધૂળિયો કાદવ ટોળાના લોકો ઉપર છંટાતો જતો હતો, પણ પ્રત્યેક ક્ષણે, ઉમંગીલા લોકોનું ટોળું વધુ ને વધુ વિસ્તરતું જતું હતું. કારણ?

હેન્રી બીજાનું અવસાન થતાં આજે ઈંગ્લૅંડના સિંહાસન ઉપર જે બિરાજવાનો હતો તે ઇતિહાસનો એક શ્રેષ્ઠ વીર પુરુષ હતો. 'શેરદિલ' તરીકે જેને લોકોએ નવાજ્યો હતો તે, ભવ્ય મુખમુદ્રા ને ખડતલ શરીરસૌષ્ઠવધારી લોકલાડીલો રિચર્ડ પહેલો. વેસ્ટ મિનિસ્ટરમાં રાજતિલક બાદ આજે લંડન શહેરમાંથી એની સવારી નીકળવાની હતી!

રાજ્યાસનના આનંદને પ્રતિઘોષિત કરતા ઘંટનાદો વચ્ચે પણ શેરદિલ રિચર્ડના મનમાં એક જ વિચાર ઘોળાતો હતો-પૂર્વ! રાજ્યને સુવ્યવસ્થિત કરવાની કે શાહી કુટુંબને ઠરીને ઠામ પાડવાની કોઈ યોજનામાં તેને રસ ન હતો. પિતાનો લાડકો અને પોતાથી નાનેરો જ્હૉન પિતાની હયાતીમાં જ જંગે ચડયો હતો અને હવે કદાચ પોતાની સામે બાખડે તેવી શક્યતા હતી. રૈયતની કાળજી લેવી, તેમનાં સુખદુઃખ જાણવાં અને તેમનું ભાવિ સમૃદ્ધ કરવું-આવી કોઈ વાતમાં રિચર્ડને રસ ન હતો.

યુદ્ધનો રોમાંચ તેનું જીવન હતું. તેમાં ઝળહળતી ફતેહ મેળવવી એ તેની મહત્ત્વાકાંક્ષા હતી. યુદ્ધનો પોકાર ખુદ તેના લોહીમાંથી ઊઠતો. તેને વિજયની ભૂખ હતી-લોહીથી ખપ્પર ભરવાની ખ્વાએશ હતી તથા સતત લડતા રહેવાની એષણા હતી. અને યુદ્ધ પણ કેવું? ફ્રાન્સ અથવા ઑસ્ટ્રિયામાં પિતરાઈ સામે ખેલાતું છમકલું નહિ પણ ધર્મયુદ્ધ! જે ધર્મમાં શ્રદ્ધાનું આરોપણ કર્યું તેની રક્ષા અર્થે વિધર્મીઓ સામે સતત ખેલાતું ધર્મયુદ્ધ! ધાર્મિક યુદ્ધોમાં વીરતા કસવાના એ દિવસો હતા.

તે વખતે યુરોપમાં દરેક રાજા પાસે બે પ્રકારનાં રાજ્ય હતાં-એક જેમના ઉપર રાજ્ય ચલાવતા તે લોકોનું રાજ, અને બીજું ખ્રિસ્તીઓનું ધર્મરાજ્ય! ખ્રિસ્તીઓના ક્રૉસનું સ્થાન હવે ઈસ્લામના બીજચન્દ્રે લીધું હતું. ઇસ્લામી ઝનૂને ખ્રિસ્તીઓનાં પવિત્ર દેવળો અભડાવ્યાં હતાં. ગમે ત્યાં, ગમે તેની સાથે, ગમે તે રીતે રિચર્ડ યુદ્ધ તો ખેલ્યું હોત પણ તેના લલાટમાં તો એક ઉમદા હેતુ માટે ધર્મયુદ્ધ ખેલવાનું લખાયું હતું, અને તેમાં તેણે દાખવેલી વીરતાએ શૌર્યની ગાથાઓમાં તેનું નામ યાવતચંદ્ર-દિવાકરૌ કોતરી નાખ્યું. માત્ર રણે ચડેલો કે પરીકથામાં આવે તેવો ફૂટડો રાજકુંવર તે ન હતો-પ્રેમાળ અને ક્ષમાશીલ પણ એવો જ હતો. રાજગાદીએ બેઠા પછી સર્વ પ્રથમ પોતાની માતા ઇલિનોરને કારાવાસમાંથી મુક્તિ અપાવી અને તેને કેદમાં રાખનાર જેલરને કારાવાસમાં પૂર્યો ને સાંકળે બાંધ્યો! પિતાની સામેના બળવા વખતે એક વાર હેન્રીના વિશ્વાસુ સૈનિક વિલિયમ માર્શલના હાથમાં રિચર્ડ ઝડપાઈ ગએલો. કફોડી સ્થિતિમાં ફસાએલા રિચર્ડ માર્શલને આજીજી કરી: 'મને જતો કરો!' રિચર્ડની સામે ઉગામેલો ભાલો તેના અશ્વની પીઠમાં ઘોંચી દેતા માર્શલે કહ્યું: 'હું તને મારતો નથી; પણ સેતાન તારી ખબર લેશે!'. સત્તારૂઢ થયા પછી રિચર્ડે એને ક્ષમા આપી, એટલું જ નહિ માનમરતબો આપ્યાં તથા એક અમીર બાનુ સાથે તેનાં લગ્ન પણ કરી આપ્યાં.

આવો અપ્રતિમ ગુણશાળી પરાક્રમી રાજવી રિચર્ડ તખ્તનશીન થયો તેની ખુશાલીમાં આજે લંડનમાં તેની સવારી નીકળવાની હતી. સૈનિકો, પહેરેગીરો, ચોકીદારો અને દરબાર ચાકરો રંગબેરંગી પોશાકમાં આમતેમ ફરતા કામે લાગી ગયા હતા. થોડા દિવસ અગાઉ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેમાંના આદેશ મુજબ રાજતિલકનો વિધિ કર્યા બાદ, વેસ્ટમિનિસ્ટરના જે ઓરડામાં શાહી સમારંભ રાખવામાં આવ્યો હતો ત્યાં અગર એટલામાં કોઈ સ્થળે દાખલ થવાની યહૂદીઓને મનાઈ કરવામાં આવી હતી. તે વખતે યહૂદીઓનું જે સ્થાન રાજ્ય ને સમાજમાં હતું તે જોતાં આ ઘોષણા ઘણી વિચિત્ર લાગતી હતી. તેમની ગણના રાજાના મિત્રો તરીકે થતી હતી, કેમ કે તેમનું અઢળક દ્રવ્ય જરૂર પડયે રાજાને મળતું હતું. યુદ્ધો ખેલવા અને દેવળો બાંધવા એ તો તે જમાનાનો નાદ હતો. તેમાં પૈસાની ખૂબ જરૂર પડતી અને યહૂદીઓ પાસેથી તે મળતા. વળી ધર્મયુદ્ધ માટે મદદનો પોકાર જેરૂસલેમની ભૂમિ પરથી સંભળાયા જ કરતો હતો. ઇંગ્લૅન્ડમાં તે વખતે ઉમરાવોના જુલમથી લોકો ગરીબ અવસ્થામાં હતા; ને ગરીબો હમેશાં પોતાની ગરીબાઈનું કારણ શોધતા જ હોય છે, તેમાં આ યહૂદીઓનું બહાનું હાથ આવી ગયું. નૉર્મન ઉમરાવો આ ઘોષણા સાંભળીને રાજી થયા કેમ કે કળકળિયો તેમના ઉપરથી ખસીને યહૂદીઓ પર પડતો હતો. નાણાકીય ક્ષેત્રે જે કુશળતા યહૂદીઓ આજે દેખાડી શકે છે તે ૮૦૦ વર્ષ પહેલાં પણ વિદ્યમાન હતી જ. ઉત્તમ વહીવટીશક્તિ અને ગમે તે રીતે નફો તારવી લેવાની સહજવૃત્તિ આ કોમને દ્રવ્યોપાર્જનમાં કામયાબ બનાવતી હતી.

રિચર્ડને પૈસાની તાતી જરૂર હતી કેમ કે તે વિના સૈનિકોનો નિભાવ શક્ય નહતો. એટલે પૈસાનું વળતર આપે તેવી દરેક વસ્તુ તેની નજરમાં હતી જ. ઇંગ્લૅન્ડની ભવ્ય પ્રણાલિકાને અનુરૂપ કિલ્લાઓ, કૌટુંબિક અસ્કયામતો, શાહી સંપત્તિઓ–બધું જ વેચી નાખવાની તૈયારી તેણે કરી નાખી. નવા અને ક્રાંતિકારી કરવેરા પ્રજા ઉપર લાદવામાં તેણે જરા પણ આનાકાની કરી નહિ. જો કોઈ ખરીદનાર મળે તો લંડન શહેરનું પણ સાટું કરવા તે તૈયાર હતો!

સંપત્તિ એકઠી કરવામાં યહૂદીઓએ દૂરંદેશી દાખવી હતી. અમીર ઉમરાવોને ખપમાં આવે તેવી જ સંપત્તિ તેમણે એકઠી કરી હતી. ધર્મયુદ્ધમાં રાજાને સાથ આપનાર ઉમરાવોને તેમણે રાક્ષસી વ્યાજના દરે પુષ્કળ નાણું ધીર્યું હતું. પૈસા લેતી વખતે જ અમીરોની દાનત શુદ્ધ નહોતી, લડાઈમાં ખપી જાય તો પોતાના વંશવારસોને પાછું કંઈ આપવાનું નહોતું. અને લડાઈમાં જ્યાં જાય ત્યાં લૂંટફાટ કરવાની છૂટ હતી. ઇતિહાસ વ્યંગનો પણ વિધાતા બની શકે છે. એટલે યહૂદીઓએ જે દ્રવ્ય રાજાઓને ધીર્યું તે ઈસ્લામ પાસેથી ખ્રિસ્તી પ્રદેશ પાછો મેળવવામાં કારણભૂત બન્યું અને એ રીતે યહૂદીઓનો ભાગ પણ તે યશમાં સમાયો હતો.

હેન્રી બીજાના વખતમાં માનમરતબો પામેલા યહૂદીઓ રિચર્ડની ઘોષણાથી ચોંકી ગયા. તેમણે તાબડતોબ એક સમિતિ નીમીને નવા રાજાની તાજપોશીમાં આપવાની કીમતી ભેટસોગાદો તૈયાર કરી અને મિજબાની સમયે તે રાજાને ચરણે ધરવા ચાલી નીકળ્યા. પણ દરવાજા પાસે તેમને અટકાવવામાં આવ્યા. વાંધાવચકામાંથી ધમાલ ને તેમાંથી છમકલું થઈ પડયું. ભેટના અલંકારો ને ઝવેરાત ટોળાનાં માણસોએ ઝૂંટવી લીધાં. શાહી દરવાનો ચમકતાં ભાલાં સાથે આવીને ત્યાં ઊભા રહ્યા. ઘોંઘાટ વધતો ગયો. એક મુખેથી બીજે મુખ અફવા ફેલાતી ગઈ કે યહૂદીઓએ મહેલમાં પ્રવેશવા ધીંગાણું કર્યું છે. વાતનું વતેસર થતાં વાર લાગી નહિ.

'યહૂદીઓએ રાજાના આદેશનો અનાદર કર્યો છે!' 'યહૂદીઓએ રાજાને લાંચ આપવા પ્રયાસ કર્યો છે.'

મૂલ્યવાન ભેટસોગાદો આપી, રાજવંશ પ્રત્યે વફાદારી પ્રકટ કરી, રાજાની કટુતા ઓછી કરવાનો યહૂદીઓનો પુરુષાર્થ નાકામિયાબ ગયો. લોકોએ માની લીધું કે યહૂદીઓએ ભયંકર અપરાધ કર્યો છે. દરવાનોએ જોરજુલમથી યહૂદીઓને હાંકી કાઢયા. જોતજોતામાં કોઈએ ગબારો વહેતો મૂકયો: 'યહૂદીઓની કતલ કરવાનો રાજાએ આદેશ આપ્યો છે!'

વેસ્ટમિનિસ્ટરમાં સિંહાસન પર બેઠેલા રિચર્ડને સાચી વાતની જાણ ન હતી. પોતે તખ્ત ઉપર બેઠો અને ચોતરફ ખુશાલી તથા આનંદનો ઊભરો લોકસમુદાય વ્યક્ત કરી રહ્યો છે, એથી વિશેષ ગંધ તેને આવી નહિ. ટોળામાં આવાં છમકલાં ત્યારે રોજ થતાં. વાસ્તવમાં ટોળાની આજની ગેરશિસ્તે આણધાર્યો અને જુદો રંગ પકડયો હતો. લોકોએ યહૂદીઓ તરફ વેર વાળવાનું નક્કી કરી રાખ્યું હતું અને તાજપોશીના બનાવને અનુલક્ષીને થોડી જ વારમાં લંડન શહેરમાં આદેશ ફરી વળ્યો.

'યહૂદીઓને ખતમ કરો!' 'ચૂસણખોરોનો નાશ કરો!'

એક સદીથી આંતરયુદ્ધમાં રોળાતી, ધર્મગુરુ અને રાજા વચ્ચેના ઝઘડાથી ત્રસ્ત બનેલી અંગ્રેજ પ્રજાને આ વિષયાંતર ભાવતું'તું અને વૈદે ચીંધ્યા જેવું બની ગયું. અમીર-ઉમરાવો અને ખિતાબધારી રાજવંશી નબીરાઓએ આંખ આડા કાન કર્યા. તે વખતે લંડન શહેરમાંથી થતા વેપારની આયાત-નિકાસનું કેન્દ્ર ટેમ્સ નદીનો કાંઠો હતો: માતબર શરાફી પેઢીઓ ત્યાં હતી અને તેમાં મુખ્યત્વે યહૂદીઓ હતા. લોકોએ ત્યાંથી લૂંટફાટ અને હુમલાની શરૂઆત કરી. તેમનાં ઘરબારોમાં ઘૂસીને જે કાંઈ હાથ આવ્યું તેની ઉઘાડી લૂંટ ચાલી અને જે કોઈ યહૂદીઓ નજરે ચડયા તેમની હત્યા કરી. દેવાદાર ઉમરાવો માટે દેવામાંથી છૂટવાની આ તક હતી. દેવળોની તિજોરીમાંથી એવા દસ્તાવેજો કાઢીકાઢી તેની હોળી કરવામાં આવી. યહૂદીઓએ સ્વબચાવ માટે ઘરનાં બારણાં આડી આડશો રચી પણ આક્રમક લોકોનો મિજાજ પાછો પડે તેમ ન હતો. જ્યાં કુહાડી કામ ન કરે અથવા તીર જ્યાં લક્ષ્ય ન વેધી શકે ત્યાં તેમણે વિકલ્પ તૈયાર રાખ્યો જ હતો: આગ લગાડવાનો. મોટા ભાગનાં મકાનો લાકડાનાં હતાં એટલે આગનું સામ્રાજ્ય તો બરાબર જામી ગયું. તેમાંથી બચવા જે કોઈ ભાગ્યા; તેમને ભાલાની અણીએ અને પથ્થરમારાથી ભોંય ભેગા કરવામાં આવ્યા. લુડગેઈટ હિલ ઉપર ઈસુનું મોટામાં મોટું નૉર્મન દેવળ નવતર-રચના તરીકે ગણાતું. ભૂખરા પથ્થરથી તેની બાંધણી થઈ હતી. લંડન શહેરમાં ભભૂકેલી આગે તેને પણ ભરખી લીધું, અને ખ્રિસ્તી ધર્મના બચાવયુદ્ધના પ્રતીક જેવો લોહીનો લાલ રંગ દેવળના ભૂખરા પથ્થરોએ ધારણ કર્યો. લંડનનો દાવાનળ ચોતરફ ફેલાયો. યૉર્ક ખાતે કિલ્લામાં પાંચસો યહૂદીઓએ શરણું લીધું, પણ કિલ્લાનું રક્ષણ કરવા તેઓ અસમર્થ નીવડયા ત્યારે બૈરાંછોકરાંની હત્યા કરી જાતે મૃત્યુને શરણે થયા. જે થોડાઘણા બચ્યા તેમણે મકાનને આગ લગાડી અને તેમાં જીવતા શેકાઈ ગયા.

ઘરઆંગણે લંડનમાં આવી ધાંધલ મચી હતી ત્યારે જેરૂસલેમ ભીષણ યાદવાસ્થળીનું જબરદસ્ત કેન્દ્ર બની રહ્યું હતું. એ કમનસીબ શહેરનો ઈ. ૧૦૯૫ થી ૧૨૯૧ સુધીનો બસો વર્ષનો ઇતિહાસ નવનવ ધર્મયુદ્ધોની શોણિતભીની કથાઓથી ખ્રિસ્તીઓ અને મુસલમાનોનાં કાળજાં કંપાવી રહ્યો હતો. બીજા ધર્મયુદ્ધ પછી ૧૧૮૭માં સલાદીને જેરૂસલેમ પાછું મેળવ્યું ત્યારથી ત્રીજા ધર્મયુદ્ધનો પ્રારંભ થયો. પોપ અને શહેનશાહ–બંનેની તલવારો ધર્મયુદ્ધ માટે ખેંચાએલી જ રહેતી. પોપના શબ્દ પાછળ ભગવાન ઇસુની આજ્ઞા સંભળાતી. શહેનશાહના શબ્દે યુરોપી રાજ્યોના સૈનિકો ઘર છોડી ચાલી નીકળતા.

રિચર્ડ ગાદીએ આવ્યો ત્યારે જેરૂસલેમની ધરતીનો પોકાર તીવ્ર આક્રંદ રૂપે તેને કાને અફળાયો. યુદ્ધ માટેની તૈયારીઓ તો એણે આરંભી દીધી હતી. કરવેરા દ્વારા લોકો પાસેથી, લૂંટફાટ કરીને યહૂદીઓ કનેથી અને બાકીનું બધું જાહેરમાં વેચીને દ્રવ્યભંડોળ તેણે એકઠું કરી લીધું હતું. શૌર્ય અને બહાદુરીના ઢાંચા પર તેના વ્યક્તિત્વનું ઘડતર થયું હતું.

દસ વર્ષના તેના શાસનકાળ દરમ્યાન ફક્ત દસ માસ જ તે ઇંગ્લૅન્ડમાં રહ્યો હતો—બાકીનો કાળ રણમેદાનમાં અને બાખડવામાં ગાળ્યો હતો. યુદ્ધના વ્યૂહો રચવામાં અને રણકૌશલમાં તેની બુદ્ધિના ચમત્કારનું દર્શન થતું હતું.

ઇંગ્લૅન્ડનો કિનારો છોડવાની પળ રિચર્ડ માટે નિર્માણ થઈ ચૂકી હતી. પણ સાથેસાથે તેણે એક સુખદ ફરજ પરિપૂર્ણ કરવાની હતી–પરણી જવાની. આ વાત એટલી સરળ પણ ન હતી. તેનું વેવિશાળ ફ્રાંસની કુંવરી અને ફિલિપ ઑગસ્ટસની બહેન એલિસ સાથે થયું હતું, પણ તેનું દિલ બીજે ચોંટયું હતું. તે હતી નવારેના રાજવંશની બેરનગેરિયા. રિચર્ડે આ કુંવરીનો હાથ માગવા પોતાની માતાને તેના પિતા સાન્ચો પાસે મોકલી. તે તો તૈયાર જ હતો. રિચર્ડ યુદ્ધ ખેલવા ઇટાલીને રસ્તે નીકળે ત્યારે પોતાની માતા એલિનોર બેરનગેરિયા સાથે તેને સિસિલીમાં મળે તેવી યોજના નક્કી થઈ. પરિણામે રાજમાતા અને ભવિષ્યની રાજરાણીના રથનાં પૈડાં આલ્પ્સની ખરબચડી ભૂમિ પર દડમંજલ કરતાં હતાં ત્યારે રિચર્ડનો નૌકાકાફલો ભૂમધ્યમાં માર્સેલ્સ થઇને, ફિલિપ્સના નૌકાદળ સાથે જીનિવાથી સેલારતો આવી રહ્યો હતો.

આ ત્રીજા ધર્મયુદ્ધ માટે યુરોપનાં બધાં જ રાજ્યો એકત્રિત થયાં હતાં. તેમાં ત્રણ મુખ્ય મહારથીઓ હતા: ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ ને જર્મની એ પૈકી જર્મનીનો શહેનશાહ ફ્રેડરિક બાર્બરોસા ૧૧૮૯ના મે માસમાં નીકળી ચૂક્યો હતો–અને જેરૂસલેમને ત્રિભેટે ત્રણે લશ્કરો એકઠાં થવાનાં હતાં તેમાં પહેલ તેણે કરી હતી.

ઈ. ૧૧૯૯નો સપ્ટેમ્બર માસ ચાલતો હતો. ફ્રાન્સ અને અંગ્રેજ નૌકાકાફલા આગળ ધપી રહ્યા હતા તેવામાં દરિયાપીર તોફાને ચડયો. અને આગેકૂચ અટકી પડી. સૈનિકોએ મેસિના બંદરમાં આશ્રય લીધો. ફ્રેન્ચ સૈનિકો શહેરમાં ધૂસી ગયા અને અંગ્રેજ યોદ્ધાઓએ ગામ બહાર પડાવ નાખ્યો. સિસિલીનો શિયાળો દરિયા ઉપર દુઃસહ હોય છે પણ ભૂમિ ઉપર આહ્લાદજનક બની રહે છે. સૈનિકોને મઝા પડી ગઈ. ફ્રેન્ચ અને અંગ્રેજ સૈનિકો, ઇતિહાસને નાતે દાના દુશ્મન હોવા છતાં, ઇસુને નામે ખેલાતા યુદ્ધમાં ધર્મના ભાઈ હતા તો પણ તેમની વચ્ચે કલહ, સંઘર્ષ અને છમકલાં તે દિવસોમાં થતાં જ હતાં. લશ્કરી સૈનિકોની બેમર્યાદ વર્તણૂક સામે સિસિલીની સ્ત્રીઓ લાચાર બની ને તેમના પુરુષો અસરકારક સામનો કરી શક્યા નહિ. આખો શિયાળો બંને લશ્કરોએ અહીં જ પડાવ રાખ્યો.

રિચર્ડને જે મહત્ત્વનો નિર્ણય લેવાનો હતો તે આ સમય દરમ્યાન તેણે લીધો. આ રણયોદ્ધામાં રસિક જીવનો પણ વાસ હતો. કેટલીક સુંદર કવિતાઓના રચયિતા તરીકે અંગ્રેજો તેને ઓળખે છે. આ કવિતો સાહિત્યક્ષમ હતાં અને તેને ગાયા કરવાનું રિચર્ડને ગમતું. આ પ્રેમદીવાના રાજવીએ ફિલિપની બહેન સાથેની સગાઈ તોડી નાખી અને તેના કારણમાં એમ જણાવ્યું કે પોતાના પિતાની તે રખાત હતી. ઠંડા દિમાગનો અને ગણતરીબાજ મુત્સદ્દી ફિલિપ ગમ ખાઈ ગયો. તે કે રિચર્ડ દસ હજાર માર્કનું નજરાણું ફ્રેન્ચ રાજવીને ચૂકવ્યું તો પણ એક જ હેતુ માટે સિસિલીમાં એકઠા મળેલા બે મિત્ર રાજ્યોના રાજવીઓ વચ્ચે કડવાશનું બીજ રોપાઈ ગયું. દુનિયાની દૃષ્ટિએ બેરનગેરિયા સાથેના રિચર્ડના વેવિશાળને તેણે વધાવી લીધું.

ઈ. ૧૧૯૧ના માર્ચની ૩૦મી તારીખે બન્ને લશ્કરોએ મુકામ ઉપાડયો અને પૅલેસ્ટાઈન જવા કૂચ કરી ત્યારે સિસિલીના લોકોએ રાહતનો દમ ખેંચ્યો. રાજકુંવરી બેરનગેરિયા રિચર્ડને મળવા રેગ્ગીઓ ખાતે આવી પહોંચી. શેરદિલ રાજવી પ્રેમભૂખ્યો પણ એવો જ હતો. દરેક જાતની સુખસગવડવાળી નૌકા તેના સ્વાગત માટે તેણે મોકલી અને એક કાબેલ નાવિકને તેનું સુકાન સોંપ્યું, તથા પોતાની બહેન જોઆન્નાને તેની તહેનાતમાં રાખી. જુદાંજુદાં કદ અને આકારની બસો નૌકાઓ રિચર્ડના કાફલામાં હતી. રંગબેરંગી શઢ અને કેસરિયા રંગની ધ્વજાપતાકાઓ સાથે ક્રૉસની નિશાનીઓ ફરકાવતી, દરિયાનાં ચડ-ઊતર મોજાં ઉપર ડોલતી આગળ ધપતી રહી તેમ તેમ તાજામાજા સૈનિકોના ઉત્સાહમાં આનંદની ભરતી ઉભરાવી રહી. રિચર્ડ માટે ખાસ જુદી નૌકા હતી અને તેના મુખ્ય કૂવાસ્તંભ ઉપર પ્રકાશ વેરતો મોટો દીપક ઝળહળતો હતો.

આ બીજી વાર પણ દરિયાપીરે બ્રિટિશ કાફલાને યારી આપી નહિ. સિસિલી છોડયાને થોડા જ કલાકોની અંદર દરિયામાં તોફાનનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. વામવામ ઊંચાં મોજાં ગાંડાંતૂર બની ઊછળી રહ્યાં. નૌકાના શઢોને કાબૂમાં રાખવાનું મુશ્કેલ બન્યું. નાખુદાના અવાજો મોજાંનાં તાંડવમાં ડૂબી ગયા; પૂર્વથી પશ્ચિમમાં અને ઉત્તરથી દક્ષિણમાં આકાશ ઘનઘોર અંધારાથી છવાઈ ગયું; શઢ વીંટી લેવામાં આવ્યા; વહાણોના કૂવાસ્તંભો હાલકડોલક થવા લાગ્યા; અધૂરામાં પૂરું, ત્રાંસી ધારે વરસાદનો મારો શરૂ થયો અને નજર સમક્ષ કાંઈ પણ દેખાતું બંધ થયું; નૌકાઓમાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ અને વેરવિખેર બની, એકબીજી સાથે અથડાવા લાગી. ખલાસીઓ વહાણનાં મજબૂત દોરડાંના અટવાએલા ગૂંચળામાં સપડાઈ નીચે પડવા લાગ્યા. ત્યાં તો રાત્રિનો અંધકાર પણ સૃષ્ટિ પર ઊતર્યો અને માનવી આંખ નકામી બની રહે તેવી સ્થિતિ પેદા થઈ. વિધર્મીઓ સામે નહિ, પણ કુદરતનાં તત્ત્વો સામે યુદ્ધ લડવાનું હોય તેવો તાલ એકાએક થઈ ગયો. જે નૌકામાં રાજકુંવરી હતી તેનો સંપર્ક સાધવા રિચર્ડની શાહી નૌકાએ તનતોડ પ્રયાસ કર્યો પણ તેની પોતાની જ નૌકા ડૂબવામાંથી માંડ બચી શકી અને મોજાંના વહેણ સાથે ર્હોડ્ઝ ટાપુ ઉપર જઈ ચડી. માનવીનું સંચાલન ફાવે તેમ ન હતું. અથડાતી-કુટાતી–પવનની દિશા સાથે ગતિ સાધતી ઘણીખરી નૌકાઓ સાઈપ્રસ બાજુ તણાઈ ગઈ અને મોટા ભાગના સૈનિકોને ઇજિયન ટાપુઓમાં બચવા માટે આશ્રય લેવો પડયો.


કુદરતે મારેલા આ ફટકાથી રિચર્ડ દિઙ્મૂઢ બની ગયો. તેના નૌકાકાફલાને ભારે નુકસાન પહોંચ્યું હતું. તેની પ્રેમિકા આમાં ક્યાંક ગુમ થઈ હતી. જેની સામે કારી ન ફાવે તેવા દુશ્મનનો તેને ભેટો થઈ ગયો હતો. તોફાન શમી ગયું અને દૃષ્ટિમર્યાદામાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થયું ત્યારે રિચર્ડને ખબર પડી કે સાઈપ્રસના વતનીઓએ બે મહત્ત્વની નૌકાને નજરકેદ રાખી હતી. રિચર્ડ માટે આ સારા સમાચાર હતા. કેમ કે માનવી સાથે આખડવાનું તો તેણે ગળથૂથીમાં જ પીધું હતું. પોતાના વહાણ ઉપર ઊભા રહી તેણે નજીક આવી રહેલો સાઈપ્રસનો કાંઠો નિહાળ્યો. ધુમ્મસછાયા પ્રકાશમાં એમ પણ દેખાયું કે દૂર એક બીજી નૌકા બંદરમાં પ્રવેશવા મથી રહી છે તેમાં પોતાની વાગ્દત્તા હોઈ શકે છે. શેરદિલ રિચર્ડનો સિંહગર્જના જેવો બુલંદ અવાજ તેની પ્રેમિકાએ પકડી પાડયો અને તે નૌકા ઉપર હાથ ફરકાવતી નજરે પડી. આનંદની લહરી રિચર્ડના દિલમાં ઊઠી; પણ એક ક્ષણ માટે જ. બાજુમાં જ સાઈપ્રસની નૌકાઓ હતી ને કાફલાના બધા જ સભ્યો કેદ જેવી સ્થિતિમાં હતા. સાઈપ્રસનો ગ્રીક રાજવી કુંવરીને કિનારે લઈ જવા માગતો હતો.

રિચર્ડના લડાયક દિમાગને માફક આવે તેવી આ બાબત હતી. બધી જ નૌકાઓમાં, સૈનિકોને ઠાંસોઠાસ ભરી, એક વીરને છાજે તેવી રીતે તેણે હાકલ મારી: 'સૌ મારી પાછળ ચાલ્યા આવો.'

શાહી આદેશની વીજળિક અસર થઈ. નૌકાઓનાં સેંકડો હલેસાં એક સાથે સૂચિત દિશામાં પાણી કાપવા લાગ્યાં. રિચર્ડે પોતાના જમણા હાથે શસ્ત્રાયુધને જકડી રાખતો પટ્ટો કસકસાવીને બાંધ્યો. તેમાં હમેશાં તલવાર નહિ પણ તેની પ્રખ્યાત કુહાડી રહેતી. થોડાક ચોરસ માઈલ ભૂમિના ધણી અને પોતાની જાતને શહેનશાહમાં ખપાવતા ગ્રીકના રાજવી આઇઝૅકે બ્રિટિશ નૌકાઓને આવતી જોઈ. અર્ધ-સજ્જ પોતાના



...વીરને શોભે તેવું સ્ત્રીદાક્ષિણ્ય દાખવી રિચર્ડે આઇઝૅકના પુત્રીનો હાથ પકડી તેને બેઠી કરી...અને એક પળ એને નીરખી રહ્યો. (ચિત્રકાર · મટાનિયા)



ત્રણે રાજવંશી નારીઓએ તેને વિદાય આપી (ચિત્રકાર - મટાનિયા)

સૈનિકોને તેણે તાબડતોબ એકઠા કર્યા અને યુદ્ધ આપવાની ચેષ્ટા કરી. રિચર્ડ કિનારે ઊતર્યો અને પ્રથમ તો સૌજન્યભરી રીતે ગ્રીક રાજવીને વિનતિ કરી કે પોતાનાં વહાણોને સાઈપ્રસવાસીઓ રોકી રાખી લૂંટી રહ્યા છે તે બંધ થવું જોઈએ. રિચર્ડના લશ્કરની નાનકડી સંખ્યા જોઈ આઇઝૅકે ઉદ્ધત જવાબ વાળ્યો: 'સમુદ્ર તરફથી મારા ટાપુ પર જે કાંઈ આવે છે તેનો કબજો લેવા કોઈને પૂછવાની જરૂર નથી.'

આટલો જવાબ પૂરતો હતો. બીજી જ ક્ષણે શરતના ઘોડાની જેમ રિચર્ડના સૈનિકો મેદાનમાં તૂટી પડયા. સાઈપ્રસના સૈનિકો સામનો કરવાને બદલે ઊભી પૂંછડીએ નાસી ગામના ઝાંપામાં ઘૂસી ગયા! દીવાલો હોવા છતાં, અંગ્રેજોના પ્રાણવાન આક્રમણ અને નૈતિક જુસ્સા સામે તેઓ લડત આપી શક્યા નહિ. આઇઝૅક શરણે આવ્યો. જે નૌકામાં બેરનગેરિયા હતી, તેણે બંદરમાં પ્રવેશ કર્યો ત્યારે વિજયી બનેલા રિચર્ડે તેનું સ્વાગત કર્યું.

સાઈપ્રસનું આ યુદ્ધ અણધાર્યું આવી પડયું હતું. અને રિચર્ડ એમાં સંપૂર્ણ વિજયી નીવડયો હતો. લીમોસાના મેદાનમાં બન્ને રાજવીઓ સામસામે ઊભા રહ્યા ત્યારે ડેવિડ અને ગૉલીઆથની જોડી જેવા લાગતા હતા, જો કે અહીં વિજય ગોલીઆથનો થયો હતો. ઊંચો, પડછંદ, પહોળા ભરાવદાર ખભા અને માથા ઉપરના છટાદાર વાળથી શોભતો રિચર્ડ ગ્રીક રાજવીને વામણો બનાવી દેતો હતો. એક હજાર શ્રેષ્ઠ સૈનિકો, પુષ્કળ દ્રવ્ય તેમજ પોતાની પુત્રી બાન તરીકે આપીને, આઇઝૅકે હાર સ્વીકારી લીધી. પરંતુ રાત્રિના સમયે, અંગ્રેજ ચોકિયાતની નજર ચૂકવી, ગ્રીક રાજવી ભાગી ગયો અને પર્વતમાળામાં આવેલા મઠમાં આશ્રય લીધો. રિચર્ડે ટાપુને ફરતો ભરડો લીધો અને તમામ ગ્રીક વહાણો કબજે કર્યા ત્યારબાદ શહેર ઉપર આક્રમણ કરી તેને તાબે કર્યું. ગ્રીક રાજવીએ વચનભંગ કરીને વિજયી રિચર્ડની વધુ ખફગી વહોરી હતી.

સાઈપ્રસ ઉપર સંપૂર્ણ અને ભવ્ય વિજય મેળવ્યા પછી રિચર્ડ તેના લાવલશ્કર સાથે ત્યાં જ રોકાઈ પડયો અને એક સાથે બે ઉત્સવો ઊજવવાની તડામાર તૈયારીઓ ચાલી. રિચર્ડનું બેરનગેરિયા સાથે લગ્ન તેમજ નવા જીતી લીધેલ પ્રદેશના રાજા તરીકેનો રાજ્યાભિષેક લીમોસામાં ઊજવવાનું નક્કી થયું. ઈ. ૧૧૯૧ના મે માસના ખુશનુમા દિવસોમાં પ્રેમની દેવીનો જ્યાં આવાસ છે તે વિશાળ અને આનંદદાયક સાઈપ્રસ ટાપુના પ્રાંગણમાં જ રિચર્ડે પોતાની પ્રિયતમાને હૃદયસામ્રાજ્ઞી તરીકે સ્વીકારી. આઇઝૅકના આપખુદ તંત્રથી તંગ આવી ગએલી સાઈપ્રસની પ્રજાની સંમતિથી તેમજ ધર્મયુદ્ધના અન્ય ભાગીદાર પક્ષોની સલાહથી રિચર્ડનું સાઈપ્રસના રાજવી તરીકે રાજતિલક થયું ને તેની વધૂને ઇંગ્લૅંડ તથા સાઈપ્રસની રાણી તરીકે સંબોધવામાં આવી. તાજપોશી ભવ્ય રીતે ઊજવાઈ.

ગુલાબી સાટીનનો મુલાયમ પટ્ટો રિચર્ડની કમર ઉપર વીંટાળ્યો હતો. રૂપાના તારમાંથી બનાવેલો જરિયન જામો ચોતરફ મૂકેલા રૂપેરી અર્ધચંદ્રોથી ચમકતો હતો. દમાસ્કસના ઉત્તમ પોલાદમાંથી બનાવેલી તલવાર સોનાની મૂઠ અને રૂપેરી મ્યાનમાં શોભતી લટકી રહી હતી. મસ્તક ઉપર રત્નખચિત મુકુટ સોહી રહ્યો હતો. રિચર્ડના એક હાથમાં સત્તાના પ્રતીક જેવો રાજદંડ હતો. સ્પૅનિશ ઓલાદનો શણગારેલો થનગની રહેલો અશ્વ રાજાની આગળ તૈયાર ઊભો રાખવામાં આવ્યો હતો. ઘોડાના જીન ઉપરના સોનાના ભરતકામમાં સોનાના સિંહની બે આકૃતિઓ, સામસામા પંજા ઊંચા કરી, તરાપ મારતી હોય તેમ જીનમાં બેસાડવામાં આવી હતી. અને તેમાં વચ્ચે હીરા-માણેક-મોતી ઝળહળતાં હતાં. આછા સોનેરી વાળ, ગૌરવર્ણ ને યોદ્ધાનું પડછંદ શરીર સૌષ્ઠવ ધરાવતો રિચર્ડનો સીનો, રોમન અને ગ્રીક શિલ્પની પ્રતિકૃતિ સમો દીસતો હતો. તાજપોશીનો

વિધિ પૂરો થયો ત્યારે બંદીવાન રાજા આઇઝૅકની પુત્રી રાજાને પગે પડી આર્તસ્વરે કહ્યું: 'પ્રતાપી રાજા! અમારા પર દયાભાવ વરસાવો!'

કોઈ વિરલ વીરને શોભે તેવી વિવેકઅદાથી રાજાએ તેને ઊભી કરી અને તેના સૌન્દર્ય પર આંખો ઠેરવી. લોપ થતા જતા ગ્રીસના પૌરુષના વિરોધાભાસ જેવી ગ્રીસ સૌન્દર્ય આદર્શમૂર્તિ સમી આ નારી તરફ પ્રતાપી રાજા ક્ષણભર તાકી રહ્યો અને પછી સીધેસીધી તેને પોતાની નવવધૂ રાણી પાસે મોકલી આપી.

વચનભંગ માટે આઈઝૅકને કેદ કરી તેને હાથેપગે સાંકળ અને બેડી નાખવામાં આવ્યાં. આ પ્રકારના વર્તનથી ગ્રીક રાજવીને ગુસ્સો ચડ્યો. તેણે રાજવીને છાજે તેવી છૂટછાટની રિચર્ડ પાસે માગણી કરી તેમજ પોતાની પુત્રી પાછી સોંપવા વિનંતી કરી. બીજી વાતની રિચર્ડે ના પાડી. પરંતુ પહેલી વિનતિ સ્વીકારી આઇઝૅકને હાથેપગે બાંધેલી લોખંડી સાંકળને બદલે રાજાને રૂપાની સાંકળે બાંધવાનું કહી તેની ઠેકડી ઉડાવી. જો કે કેદી રાજવીએ આ ફેરફાર માટે પણ આભાર માનતો લાંબોલચ પત્ર રિચર્ડને લખ્યો.

ધર્મયુદ્ધ માટે પ્રયાણે નીકળેલા રિચર્ડને માટે સાઈપ્રસનો વિજય, આઇઝૅકને ગાદી પરથી પદભ્રષ્ટ કરવાની ચેષ્ટા, બાન તરીકે તેની પુત્રીનો સ્વીકાર ઈત્યાદી આ આડબનાવો પૅલેસ્ટાઇન ખાતે તેના આગમનને ઢીલમાં નાખી રહ્યા. ગ્રીક લોકોનો દરબાર હમેશાં દબદબાભરેલો રહેતો. ધર્મયુદ્ધ લડનારને તો દરેક વિજયમાંથી શકય લાભ લેવાનો લોભ રહેતો. એટલે આ અણધારેલા વિજય પછી ગ્રીસની ભૂમિમાં રિચર્ડ થોડો વખત રંગરાગમાં ઊતરી પડ્યો. શસ્ત્રોને બદલે જાતજાતના ભાતીગળ પહેરવેશ પહેરીને અને હાથમાં અવનવાં વાદ્યો ધારણ કરીને સૈનિકો સંગીતમાં મસ્ત બન્યા. મધ્યયુગના અંગ્રેજ સૈનિકો સંગીતના શોખીન ને જાણકાર ગણાતા. ગ્રીક સ્ત્રીપુરુષો છૂટથી સૈનિકો સાથે ભળી ગયાં. ગ્રીસની રમણીઓએ અંગ્રેજ સૈનિકોમાં સાક્ષાત્ યુદ્ધ દેવતાઓનાં દર્શન કરી તેમને ચરણે જાતને સોંપી દીધી. વીનસની પ્રતિકૃતિસમી ગ્રીક સુંદરીઓના હાથની મદ્યપ્યાલીઓ સૈનિકો માટે સ્વાદમાં વધુ મિષ્ટ પણ મસ્તક માટે ખતરનાક બની રહી.

પણ રિચર્ડ કાંઈ માર્ક ઍન્ટની જેવી ભૂલ કરે એવો હૈયાફૂટો ન હતો. બહુ જ ઓછા સમયમાં તેણે જાત ઉપર કાબૂ મેળવી લીધો, નવેસરથી લશ્કરની પુનર્રચના કરી તેને શસ્ત્રાયુધોથી સજ્જ કર્યું. તથા નૌકાકાફલાને વ્યવસ્થિત કરીને વિસ્તાર્યો. હવે અહીંથી ૬૦૦ માઈલની છેવટની સફર હતી અને પછી જાતને ધર્મયુદ્ધમાં સોંપી દેવાની હતી, અને તે પહેલાં પ્રિયતમાની વિદાય લેવાની હતી. જે નૌકામાં બેરનગેરિયા, બહેન જોઆન્ના અને સાઈપ્રસની રાજકુંવરીને રાખવામાં આવી હતી તેની મુલાકાત લઈ, તેણે સફરનો આરંભ કર્યો ત્યારે આ ત્રણે રાજવંશી નારીઓ નિજી અને નિરાળી દૃષ્ટિથી તેને વિદાય આપી રહી.

ભૂમધ્યનાં સ્વચ્છ ચમકતાં પાણીમાં અંગ્રેજ નૌકાકાફલો ધીર ગતિએ ક્ષિતિજ ભણી અંતર કાપી રહ્યો. તેના સેંકડો શ્વેતરંગી શઢો અને સૈનિકોનાં શસ્ત્રો તથા ઢાલ પ્રકાશમાં ઝળહળી રહ્યાં. એ અદ્ભુત દશ્યે ત્રણે નારીઓ ધન્યતા અનુભવી રહી. ધર્મયુદ્ધ માટે જંગે ચડેલા સૈનિકોના ગણવેશમાં લાલ રંગના ક્રૉસનાં નિશાન અગ્નિઓની જેમ ઉદધિમાં ઊછળી રહ્યાં. જે માનવસાગર પશ્ચિમમાંથી પૂર્વ તરફ જઈ રહ્યો હતો તે તલવારના બળે ક્રૉસની પ્રતિષ્ઠા સ્થાપવા માટે કૃતનિશ્ચયી હતો અને તેનું નેતૃત્વ રિચર્ડ સંભાળ્યું હતું.

આ બાજુ ઇસ્લામના જ્યોતિર્ધર સલાદીને લાજવાબ તૈયારી રાખી હતી. તેણે સીરિયા અને ઇજિપ્તનું નૌકાદળ એકઠું કર્યું હતું. લડવામાં અને વ્યૂહ રચવામાં તે ઘણો કુશળ હતો. તેને ખબર હતી કે દુશ્મન એકલો નથી–આખા યુરોપની સંઘશક્તિનો સામનો તેણે કરવાનો છે. એટલે જમીનમાર્ગે તેણે ઠેરઠેર સામના આપીને રસ્તામાં જ પ્રતિસ્પર્ધીને ખોખરા કરવાની યોજના કરી હતી. વળી પ્રથમ આક્રમણની શરૂઆત સલાદીને ઇ. ૧૧૮૯ના સપ્ટેમ્બરથી જ શરૂ કરી હતી, અને પહેલો ઘા મારીને આક્રે સાથે સંપર્ક સાધવા જેટલું ગાબડું પાડી દીધું હતું. આની સામે બીજે જ દિવસે ખ્રિસ્તીઓએ વળતું આક્રમણ કરી સલાદીનને પાછો હટાવ્યો હતો. સલાદીનનું લશ્કર સંખ્યાબળમાં ખ્રિસ્તીઓ કરતાં ઓછું હતું અને તેને જુદાંજુદાં વ્યૂહાત્મક મથકોમાં રાખવું પડ્યું હતું. હુમલા અને પ્રતિહુમલાઓ ચાલુ જ રહ્યા. બંને પક્ષે ખુવારી પુષ્કળ પ્રમાણમાં થઈ. મૃત સૈનિકોનાં કોહવાતાં શબોથી રોગચાળો ફાટી નીકળ્યો. લડાઈ કરતાં રોગચાળાએ વધુ ભોગ લીધો.

પૅલેસ્ટાઈનમાં ખ્રિસ્તીઓને લોઢાના ચણા ચાવવાના હતા, અને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ઘેરો ઘાલેલા શહેરની કિલ્લેબંધી તોડવા લાકડાની વિશાળ નિસરણીઓ તેમજ ઊંચા માંચડા માટે ત્રીસ-ચાલીસ માઈલ દૂરથી લાકડું લાવવું પડતું. સલાદીને ૧૧૯૦ના માર્ચમાં ફરીથી આક્રમણ કર્યું. આક્રેના રહેવાસીઓએ ઘેરો લાંબો ચાલે તેની પૂર્ણ તૈયારીઓ કરી હતી. મેસોપોટેમિયા અને ઇજિપ્તની મદદ મેળવીને ઘેરો ટકાવી રાખ્યો હતો. સલાદીને તેમને ખ્રિસ્તીઓના રાક્ષસી લાકડાના માંચડાનો નાશ કરવા અગનગોળા ફેંકવાનો વ્યૂહ શીખવ્યો હતો.

જર્મનીનો શહેનશાહ ફ્રેડરિક હંગેરીમાં થઈને કૉન્સ્ટૅન્ટિનોપલ સુધી લશ્કરને દોરી લાવ્યો હતો, પણ બાઇઝૅન્ટાઈન સામ્રાજ્યની હદ શરૂ થતાં મુશ્કેલી ઊભી થઈ હતી. રાજા કૉન્સ્ટૅન્ટાઈનના વંશજો બાલ્કન વિસ્તાર અને એશિયા માઈનોરમાં રાજ્ય ચલાવતા હતા. ગ્રીસ અને સીરિયા પણ સલાદીન તરફી હતાં. છેવટે ઈ. ૧૧૯૦ના માર્ચ માસમાં ફ્રેડરિકને બૉસ્ફરસ રસ્તે માર્ગ મળતાં તેણે સાઇલેશિયા થઈને આક્રે તરફ કૂચ કરી. આ સમાચારથી તુર્કોમાં ભારે નિરાશા ફેલાઈ, પણ કમનસીબે ફ્રેડરિકનું અકસ્માત ડૂબી જવાથી મૃત્યુ થયું અને જર્મન લશ્કરમાં નાસભાગ શરૂ થઈ. કેટલાક વિશ્વાસુ સૈનિકો ડ્યૂક ઑવ સ્વાબિયાના નેતૃત્વ નીચે આગળ વધ્યા.

ફ્રાન્સનો ફિલિપ્સ ઑગસ્ટસ ગ્રીસ પાસેથી જ અંગ્રેજોથી જુદો પડીને બનતી ત્વરાએ પૅલેસ્ટાઈન ભણી આવી રહ્યો હતો. ફ્રેડરિકના અવસાનના સમાચાર સાંભળી ગતિમાં ત્વરા આણી હતી. એપ્રિલમાં તો તે લડાઈના મથકે આવી પહોંચ્યો. તેની પાછળ રિચર્ડનો નૌકાકાફલો હાથવેંતમાં જ હતો. અંગ્રેજ અને ફ્રેન્ચ લશ્કર સાથે આવી પડતાં, સલાદીન કફોડી સ્થિતિમાં મુકાઈ ગયો. ઓછામાં પૂરું બૈરૂતથી મદદમાં મોકલાએલા વહાણનો રિચર્ડે અધવચ્ચેથી જ નાશ કર્યો.

આ તરફ બબ્બે વર્ષથી ચાલતા ઘેરા સામે આક્રે હજી મચક આપતું ન હતું. જૂનની આઠમી તારીખે રિચર્ડે ત્યાંની કઠિનમાં કઠિન હરોળ સંભાળી અને શત્રુઓની બચાવ હરોળને તોડી નાખવાનો વ્યૂહ ઘડી કાઢ્યો. સલાદીનના વજ્જર ગણાતા આ કિલ્લા સામે એકત્રિત થએલા ખ્રિસ્તી સરદારોમાં માંહોમાંહે સ્પર્ધા હતી. પરંતુ રિચર્ડ તેમાં નવી ભાત પાડી. દુશ્મનનું જોર વધુમાં વધુ દેખાય ત્યાં તેણે પ્રહાર મારવા શરૂ કરી દીધા; અને ૨૪ માસમાં જે શકય ન બન્યું તે પાંચ અઠવાડિયામાં કરી બતાવ્યું. કિલ્લો રિચર્ડને શરણે થયો. બે લાખ સિક્કા, સોળસો સૈનિકો અને ઈસુનો ક્રૉસ વિજેતાને મળ્યાં.

આક્રેનું પતન થતાં રિચર્ડની ખ્યાતિ એક કુશળ યોદ્ધા અને સેનાપતિ તરીકે ખ્રિસ્તી જગતમાં પંકાઈ ગઈ. પણ સાથેસાથે વિજેતાઓમાં અંદરોઅંદર વિખવાદ પણ જાગ્યો. જેરૂસલેમની ગાદી માટે દેશવટો ભોગવતા ગાઈ લુસીગન ને મૉન્ટફેરટના કૉનરાડ વચ્ચે ગજગ્રાહ ચાલ્યો, તેમાં રિચર્ડ અને ફિલિપે સામસામા પક્ષ લીધા, પરિણામે અરસપરસ મનદુ:ખના પ્રસંગો બનતા ગયા.

રિચર્ડના નેતૃત્વ નીચે લશ્કરી કૂચ હવે એસ્કેલોન તરફ આગળ વધી.

દોઢસો માઈલની આ કૂચમાં અગિયાર યુદ્ધો ખેલાયાં અને એ બધામાં ઇસ્લામી સૈનિકોને પરાજય મળ્યો. આર્સૂફ ખાતે સલાદીને રિચર્ડનો સજ્જડ સામનો કર્યો. રિચર્ડ આવે તે પહેલાં તેણે ઍસ્કેલોનનો કિલ્લો જમીનદોસ્ત કરી નાખીને રિચર્ડ માટે જેરૂસલેમને દૂર રાખી દીધું

ખ્રિસ્તીઓની છાવણીમાં ઑસ્ટ્રિયાના ડ્યૂક ઑવ લીઓપોલ્ડે પોતાનો વાવટો, ઇંગ્લૅંડના રાજા કરતાં ઊંચે રાખ્યો તે રિચર્ડને ગમ્યું નહિ અને એક સૈનિકને મોકલી તેનો ધ્વજ ઉતારી લીધો. આને અપમાન ગણી લીઓપોલ્ડે વતનની રાહ લીધી. ફ્રાન્સનો ફિલિપ પણ છટકવાની રાહ જ જોતો હતો. એટલે તેણે હવે રિચર્ડને અહીં લડતો રાખી પાછા જઈ ફ્લૅન્ડર્સ પરગણું હાથ કરવા અને રિચર્ડ વિરુદ્ધ તેના નાના ભાઈ જ્હૉનને ઉશ્કેરવામાં વધુ લાભ જોયો. આમ રિચર્ડ હવે એકલો પડી ગયો. મિત્રો તેને છોડીને ચાલ્યા ગયા એટલું જ નહિ; દુશ્મન બની બેઠા.

સલાદીન આ બધી વાતનો લાભ ન લે તેવો મૂર્ખ ન હતો, અને સલાદીનની બહાદુરી અને શૌર્યને સમજી ન શકે તેવો રિચર્ડ પણ ન હતો. રિચર્ડ હવે પતાવટમાં શ્રેય જોયું. ઘેર પાછા ફરવાની તેને પણ ઉતાવળ હતી, કેમ કે ઘરઆંગણે જ્હૉન ગાદી મેળવવા માટે કૌભાંડો રચી રહ્યો હતો. એટલે તેણે સલાદીન સાથે વાટાઘાટો શરૂ કરી અને જેરૂસલેમમાં બન્ને ધર્મના અનુયાયીઓને ફરવાની છૂટ મળે તે માટે તેને તટસ્થ શહેર જાહેર કરવા દરખાસ્ત મૂકી. વધારામાં પોતાની વિધવા બહેન સુલતાનના ભાઈ વેરે આપવાની પણ તૈયારી બતાવી. પરંતુ ખ્રિસ્તી ધર્મગુરુઓએ વિધર્મી સાથેના લગ્નની વાતને ફગાવી દીધી એટલે જેરૂસલેમને જીતી લેવા રિચર્ડનાં દળોએ પ્રયત્ન કર્યો અને વાટાઘાટોનાં આવરણ નીચે યુદ્ધ ચાલુ રહ્યું. બૅરૂત ઉપર આક્રમણ આવી રહ્યાનું સાંભળી સલાદીન ત્યાં દોડી ગયો. રિચર્ડ જાફ્ફાનો કિલ્લો કબજે કર્યો. પણ હવે જીતી લીધેલા પ્રદેશ પર કાબૂ જાળવી રાખવાનું તેને માટે મુશ્કેલ બન્યું એટલે છેવટે સલાદીન સાથે ત્રણ વર્ષના શાંતિ કરાર કર્યા. જેરૂસલેમમાં આવવાની ખ્રિસ્તીઓને છૂટ મળી. કૉનરાડનું ખૂન થતાં ત્યાંની ગાદી ગાઈ દ લુસિગનને મળી. તેણે રિચર્ડને દ્રવ્ય આપીને સાઈપ્રસનું રાજ્ય પાછું મેળવ્યું. એણે જે વંશ સ્થાપ્યો તેણે ૪૦૦ વર્ષ સુધી તુર્કો સામે ખ્રિસ્તી થાણાનું રક્ષણ કર્યું હતું.

રિચર્ડને હવે ઘરઆંગણેથી વધુ ચિંતાજનક સમાચાર મળી રહ્યા હતા. પોતે રાજ્યની ધુરા જેને સોંપી હતી તે ધર્મગુરુ વિલિયમ લૉંગચૅમ્પે તો કારોબાર સંપૂર્ણ વફાદારીપૂર્વક ચલાવ્યો હતો, પરંતુ પ્રિન્સ જ્હૉને પોતાનું વર્તુળ ઊભું કરી, ૧૧૯૧માં ખુલ્લો બળવો પોકાર્યો હતો તેને પડકારવા લૉંગચૅમ્પે અથડામણમાં ઊતરવું પડ્યું હતું. જેરૂસલેમથી પાછો ફરેલો ફિલિપ ઑગસ્ટસ પણ જ્હૉનને તનમનધનથી મદદ કરતો હતો.

ઑસ્ટ્રિયા, ફ્રાન્સ અને જર્મની ત્રણે સ્થળોએ જોખમ હોવાથી ઘેર પાછા ફરવા રિચર્ડ માટે યુરોપનો જમીનમાર્ગ ભયજનક હતો. તેથી આડ્રીઆટિક સમુદ્રના માર્ગે ઇંગ્લૅંડ જવાનું નક્કી કર્યું, પણ ઇટાલીના કિનારા પાસે તોફાન નડતાં તેણે છૂપા વેષે કાંઠાળ પ્રદેશમાં આશરો લીધો. લખલૂટ દ્રવ્ય વેરતા આ વિદેશીમાં ડ્યૂક લીઓપોલ્ડને ગંધ આવી અને તેને કેદ પકડી લીધો. રિચર્ડ યુરોપમાં કેદ પકડાયાના સમાચાર વાયુવેગે ફેલાઈ ગયા. રણમેદાનનો સિંહ આમ પિંજરે પડવાથી ઇંગ્લૅન્ડમાં હાહાકાર મચી ગયો. જ્હૉને તો ત્યાં સુધી જાહેર કર્યું કે રિચર્ડનું અવસાન થયું છે અને પોતે જ હવે ગાદીનો વારસ છે.

રિચર્ડનું કેદનું સ્થાન ગુપ્ત રાખવામાં આવ્યું હતું. જર્મનીના શહેનશાહે એને પોતાને હવાલે કરવા લીઓપોલ્ડ સમક્ષ માગણી કરી હતી, પણ આવું ઇનામ એમ ને એમ જતું કરવા ડ્યૂક તૈયાર ન હતો.

રાજગાયક બ્લૉન્ડેલ રિચર્ડનો વિશ્વાસુ ચાકર હતો. રિચર્ડે લખેલાં ગીતો તેને કંઠસ્થ હતાં, એટલું નહિ પણ એવી મીઠી હલકથી તે ગાતો કે તેને સાંભળીને રિચર્ડ પણ ગાવા લાગતો. જર્મની અને ઈટાલીના દરેક કિલ્લામાં બુલંદ સૂરે ને મીઠી હલકથી ગીતો ગાતો બ્લૉન્ડેલ ફરી વળ્યો. તેને આશા હતી કે પોતાનો માલિક જ્યાં હશે ત્યાંથી સામો જવાબ આપશે જ. અને ખરેખર એક દિવસ, એક કિલ્લા પાસેથી રિચર્ડનું માનીતું ગીત લલકારતો તે પસાર થયો ત્યારે નજીકના ભોંયરામાંથી તે જ ગીતના શબ્દો તેને કાને પડ્યા. આમ સંગીતની ભાષામાં પોતાના પ્રશ્નનો જવાબ વાળનાર રિચર્ડ સિવાય અન્ય કોઈ હોઈ ન શકે તેની તેને ખાતરી થઈ ગઈ.

માલિકના વાવડ મળતાં જ તેને મુક્ત કરાવવા બ્લૉન્ડેલે ઝુંબેશ આદરી અને ઇંગ્લૅંડથી પ્રતિનિધિઓ આવવા લાગ્યા. રોમના રાજવીએ રિચર્ડને છોડાવવા દોઢ લાખ માર્કની માગણી મૂકી. આ રકમ અંગ્રેજ-તાજની વાર્ષિક આવક કરતાં બમણી હતી. બીજી બાજુ જ્હૉન તથા ફિલિપ બન્નેએ સાથે મળી સામી દરખાસ્ત મૂકી કે રિચર્ડને કેદી તરીકે ચાલુ રાખવાના એંશી હજાર માર્ક તેઓ રોમના શહેનશાહને આપશે, અને જો પોતાને સોંપે તો તાત્કાલિક દોઢ લાખ માર્ક ચૂકવી આપશે. પરંતુ રિચર્ડ પોતે જ આટલી રકમ આપવાનું વચન આપ્યું. બાનની રકમ ભરપાઈ કરવા ઇંગ્લૅંડમાં ઘેર ઘેર ઉઘરાણાં થઈ રહ્યાં. જેરૂસલેમના ધર્મયુદ્ધમાં રિચર્ડ પંકાઈ ગયો હતો એટલે એ ધર્મવીર રાજવીને બચાવવા ખ્રિસ્તીઓ ઉપરાંત દેવળોનાં ઝવેરાત તેના બચાવ માટેના ફાળામાં ઠલવાતાં રહ્યાં. ઈ. ૧૧૯૩ની આખરમાં બાનની રકમનો પ્રથમ હપ્તો રોમના રાજવીને ચુકવાતાં ૧૧૯૪ના ફેબ્રુઆરીમાં તેને મુક્ત કરવામાં આવ્યો.

હજી ઘર સુધી પહોંચતાં રિચર્ડે સંભાળવાનું હતું. ભૂલેચૂકે ફ્રાન્સની ભૂમિ ઉપર પગ ન પડે તેની ખાસ તકેદારી રાખવાની હતી. અંતે દડમજલ કરતા રિચર્ડે ૧૬મી માર્ચે ઇંગ્લૅન્ડની ભૂમિ ઉપર પગ મૂક્યો ત્યારે ખબર પડી કે પ્રિન્સ જ્હૉને ઘણા કિલ્લા કબજે કર્યા હતા અને મળતિયા સામંતોની મદદથી ખુલ્લો બળવો કરવા સુસજ્જ હતો. પરંતુ ધર્મગુરુઓ અને આમ જનતા રિચર્ડને પક્ષે હતાં, એટલે જોરદાર પ્રતિકાર કરવાનો રિચર્ડનો ઈરાદો જોઈ, જ્હૉન ફ્રાન્સ તરફ ભાગી છૂટ્યો.

ધર્મયુદ્ધના વિજેતા તરીકે રિચર્ડનું ઇંગ્લૅંડમાં બહુમાન કરવામાં આવ્યુ અને ભભકાબંધ રીતે તેની બીજી વાર તાજપોશી કરવામાં આવી. તેણે જોયું કે ચાર વર્ષની પોતાની ગેરહાજરી દરમ્યાન ધર્મગુરુએ સ્વચ્છ વહીવટ ચલાવ્યો હતો એટલું જ નહિ રાજા પ્રત્યેની વફાદારીમાં જરા પણ આંચ આવવા દીધી ન હતી. પણ વતનમાં ભાગ્યે જ છ માસ રિચર્ડ રોકાઈ શક્યો, કેમ કે ફ્રાન્સ તેને બોલાવી રહ્યું હતું. ઇંગ્લૅંડના રાજવીને જેટલો પ્રદેશ બ્રિટિશ ટાપુ પર હતો તેનાથી બમણો-તમણો ફ્રાન્સમાં હતો. એ ફ્રેન્ચ પરગણાંઓ બ્રિટિશ આધિપત્યમાંથી છોડાવવા ફ્રાન્સનો ફિલિપ ઑગસ્ટસ તલપાપડ હતો અને ઠેરઠેર ઉમરાવોને તેણે ઉશ્કેરી મૂક્યા હતા. એટલે રિચર્ડના અશાંત આત્મા માટે આરામ હરામ હતો. તેણે ફરીથી યુદ્ધની તૈયારીઓ આદરી; યોદ્ધાઓને સુસજ્જ કર્યા અને ફ્રેન્ચ પ્રાંતોનું રક્ષણ કરવા લાવલશ્કર સાથે ખાડી ઓળંગી. ફ્રાન્સની ભૂમિ ઉપર તેનો પગ મંડાતાં જ, સીમાઓ મૂળ હતી તેમ કંડારાઈ ગઈ અને ફિલિપને રક્ષણાત્મક યુદ્ધ લડવાની ફરજ પડી! જ્હૉન પણ અહીં રહીને ઑગસ્ટસની હૂંફ નીચે મોટા ભાઈની સામે યુદ્ધે ચડ્યો હતો. તેને રિચર્ડે પહેલો મ્હાત કર્યો. જ્હૉને શરણાગતિ સ્વીકારી મોટા ભાઈની માફી માગી, પોતાને જર્મનોના હાથમાં કેદી રખાવવા જેણે આકાશ-પાતાળ એક કર્યાં હતાં, ઇંગ્લૅન્ડમાં ધર્મગુરુઓને અપમાનિત કરી ગાદીએ બેસવા જેણે ખુલ્લો બળવો પોકાર્યો હતો અને ફ્રાન્સ ખાતે ભાગી જઈ, ત્યાંના રાજાની સહાયથી પોતાને પદભ્રષ્ટ કરવા ગઈ કાલ સુધી જે ભાઈ ઝનૂનપૂર્વક લડ્યો હતો તેણે જ્યારે ક્ષમાની પ્રાર્થના કરી ત્યારે આજીવન લડવૈયો રિચર્ડ ઉદાર બની ગયો! 'ક્ષમા વીરસ્ય ભૂષણ'નો ભાવ તેના હૃદયમાં ઉભરાઈ આવ્યો. અને જ્હૉન તો પોતાનો નાનેરો

ભાઈ હતો. રિચર્ડે તેને માફી આપી અને ઈંગ્લંડ જવા દીધો. રિચર્ડના આ બંધુપ્રેમની તેની પોતાની રૈયત ઉપરાંત સમગ્ર ખ્રિસ્તી જગતમાં ભારોભાર પ્રશંસા થઈ અને તેની વીરતા પર સૌ વારી ગયા.

રિચર્ડે હવે ફ્રાન્સમાં બધું ઠીકઠાક કરવા માંડયું. જીવનનાં છેલ્લાં પાંચ વર્ષ તેણે ત્યાં જ ગાળવાં પડયાં. પોતાના વતી ઈંગ્લૅંડમાં રાજ્ય ચલાવવા કૅન્ટરબરીના આર્ચબિશપ હ્યૂબર્ટ વૉલ્ટરને તેણે નીમ્યો હતો. હેન્રી બીજાના વખતથી તે રાજ્યને, રાજાને અને રૈયતને એકસરખો વફાદાર રહ્યો હતો. તેણે ઘણી દક્ષતાથી રાજ્યકારોબાર ચલાવી. તેણે એક સમર્થ વહીવટકર્તાની છાપ પાડી. તોલમાપની પદ્ધતિ તેણે દાખલ કરી અને લંડન તથા મુખ્ય શહેરોમાં સ્વશાસનની પ્રણાલિકા તેણે લાગુ પાડી હતી.

સ્વભૂમિમાં કારોબાર આવો વ્યવસ્થિત ચાલતો હોવાથી જ રિચર્ડ ફ્રાન્સ ખાતે રોકાઈ રહ્યો. ત્યાં ફિલિપ ઑગસ્ટસ સાથે દર વર્ષે સંધિ થતી તૂટતી ને ફરી થતી. યુદ્ધો ચાલુ જ રહેતાં. રિચર્ડને લાગ્યું કે આ પ્રદેશોના રક્ષણ માટે મજબૂત કિલ્લેબંધીની જરૂર છે અને તેથી તેણે એ ભગીરથ કામ ઉપાડયું. નૉર્મેડી પરગણાના રક્ષણ માટે સીન નદી પાસે તે જમાનાનો અભેદ્ય અને સૌથી મજબૂત ગણાતો ત્રણ સ્તરનો કિલ્લો 'શૅટો ગેલાર્ડ' તેણે બાંધ્યો, જે તેની મહત્ત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરતો હતો.

લડતાં-ઝઘડતાં, સંધિઓ કરતાં અને તોડતાં મેદાન ઉપરના સંઘર્ષમાં રિચર્ડે ફ્રાન્સના ફિલિપ ઑગસ્ટસને અંતે ઈ. ૧૧૯૭માં ગાઈસોર ખાતે સજ્જડ શિકસ્ત આપીને શેરીઓમાં રઝળતો કરી મૂકયો. દસ વર્ષ પહેલાં, આ જ સ્થળે આ બન્ને રાજવીઓએ ધર્મયુદ્ધ ખેલવાના સાથે શપથ લીધા હતા. રિચર્ડને આમ એક પછી એક વિજય તો હાંસલ થતા ગયા, પણ સાથે સાથે પૈસાની તંગી પણ વધતી ચાલી. લશ્કરના નિભાવની અને તેને લડતું રાખવાની બેવડી જવાબદારીમાં તે ઘસાતો ચાલ્યો. આમ ને આમ ઈ. ૧૧૯૯ની સાલ બેઠી.

દ્રવ્યની તંગી અનુભવતા રિચર્ડને ખુશખબર મળ્યા કે તેના એક ખંડિયા ઉમરાવના 'શેલુઝ' ખાતેના કિલ્લામાંથી ખોદકામ દરમ્યાન અઢળક ખજાનો ને ટેબલની આસપાસ બેઠેલાં રાજા-રાણી, પુત્ર-પુત્રીઓની પૂરા કદની સોનાની મૂર્તિઓ મળી આવી છે. આ સંપત્તિ પોતાને સોંપી દેવા તેણે ઉમરાવને કહેણ મોકલ્યું પણ ઉમરાવે ચોખ્ખી ના પાડી દીધી. કોઈ રણયોદ્ધો પોતાના વેણનો અસ્વીકાર સહન કરી શકે નહિ. રિચર્ડે એ નાનકડા કિલ્લાને ઘેરો ઘાલ્યો. અને બે દિવસ સુધી તેના પર મારો ચલાવી પંગુ બનાવી દીધો.

ત્રીજે દિવસે પોતાના અશ્વ ઉપર આરૂઢ બની રિચર્ડ કિલ્લાની દીવાલને અડીને જઈ રહ્યો હતો ત્યારે પાછળથી ફેંકાએલું એક તીર તેના ખભામાં ભોંકાઈ ગયું. ઘા ઘણો ઊંડો હતો. હકીમના હાથ પણ એ ઘાને રૂઝ આપી શકયા નહિ. આજીવન યુદ્ધોમાં જિંદગી ગાળનાર યોદ્ધાને આ ઘાનો મર્મ સમજાતાં વાર લાગી નહિ. છેવટે તો સૈનિક તરીકે જ તેણે ઋણ ચૂકવવાનું હતું. વીર યોદ્ધાને છાજે તેવા ગૌરવથી આવી રહેલા મૃત્યુને આવકારવા તેણે તૈયારી કરી. રાજપાટ અને મિલ્કતની વ્યવસ્થા કરી લીધી. જૉનને ગાદીનો વારસ બનાવ્યો. કેટલુંક દ્રવ્ય તેણે દાનમાં આપ્યું. માતા એલિનોર પાસેથી આશીર્વાદ માગ્યા.

મધ્યકાલીન યુરોપનો એક સમર્થ નાયક ઇતિહાસે સર્જેલી કરુણાન્તિકામાં વિલીન થઈ ગયો. તેના બધા જ સદ્ગુણો અને દુર્ગુણોનો સરવાળો કરવામાં આવે તો પલ્લું પ્રથમ પક્ષે નમે છે. યોદ્ધા તરીકેની તેની ચતુરાઈએ રાજકારણમાં તેને યારી આપી ન હતી, લોહી અને હિંસા યુદ્ધનાં અનિવાર્ય અંગો છે. સાઈપ્રસના રાજવીએ વચનભંગ કર્યો ત્યારે તેના પ્રત્યે નિર્દય થવાનો એક જ વિકલ્પ યોદ્ધા માટે હોઈ શકે. તેવી જ રીતે જેરૂસલેમના યુદ્ધમાં બે હજાર સારાસેન યુદ્ધકેદીઓની ઠંડે કલેજે કતલ કરવામાં રિચર્ડે ધર્મયુદ્ધના લક્ષ્યનો જ આદર્શ નજર સમક્ષ રાખ્યો હતો. સેનાપતિ તરીકે તેણે દુશ્મનોનું બહુમાન હમેશ કર્યું હતું. જે રિચર્ડને મહાત કરવાનું દુઃસાહસ કોઈ લશ્કરી સેનાપતિ પણ ન કરે એ રણસિંહને આજે એક સામાન્ય તીરંદાજે જખમી કર્યો હતો અને તેની અંતિમ પળો ગણાતી હતી.

ખૂની તીરંદાજને પકડીને રાજાની સમક્ષ રજૂ કરવામાં આવ્યો. રિચર્ડે તેને પૂછયું, 'તેં મારા પર તીર કેમ છોડયું? મેં તારું શું બગાડયું હતું?'

જરા પણ ગભરાયા વિના તીરંદાજે જવાબ આપ્યો: 'મારાં માતા-પિતા-ભાઈઓના તમે ખૂની છો. એક લૂટારા તરીકે તમે અહીં વર્ત્યા છો!'

એક યોદ્ધાનો બીજા યોદ્ધાને છાજે તેવો આ જવાબ હતો. રિચર્ડને તેના જવાબથી સંતોષ થયો. તેણે પોતાના ખૂનીને ક્ષમા આપી, એટલું જ નહિ ઉપરથી બક્ષિસ પણ આપી. (જોકે રાજાના મૃત્યુ પછી આ તીરંદાજને ફાંસીએ લટકાવવામાં આવ્યો હતો!)

મૃત્યુની અંતિમ ઘડીએ ધર્મગુરુ સમક્ષ રિચર્ડે પાપપુણ્યનો ખુલ્લા-દિલે બધો જ એકરાર કર્યો—છેલ્લાં સાત વર્ષથી તે આ પ્રસંગ ટાળતો હતો—એટલા માટે કે ફ્રાન્સના ફિલિપ સાથે માંડવાળ કરવી પડે!

ઈ. ૧૧૯૯ એપ્રિલની છઠ્ઠી તારીખે, ૪૨ વર્ષની યુવાન વયે રિચર્ડે દેહ છોડયો ત્યારે એક મહા પ્રતાપી પાત્રના જીવનાસ્તને અર્ધ્ય આપવા ઇતિહાસે પડદો પાડી દીધો. □

લેખન તેમજ ચિત્રણા એમ બેવડી કલમના સ્વામી વિખ્યાત કલાકાર એફ. મટાનિયાની કલમે લિખિત તથા ચિત્રિત 'ઓલ્ડ ટેઈલ્સ રીટોલ્ડ' નામક માળામાંની કથા ઉપરાંત નીચેના સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ આ લેખમાં કર્યો છે: ૧) The House of History by Elizabeth Issacson, 2) Short History of the Saracens by Amir Ali, 3) History of English Speaking Peoples by Winston Charchill અને બ્રિટિશ એન્સાઇક્લોપિડીઆ.

અનુસંધાન] **મનોમંથન** [પૃ. ૩૯૮થી

હતું. સંસ્કૃત નાટકોમાં સ્ત્રીઓ ને શૂદ્રો પ્રાકૃત ભાષામાં બોલે છે એટલું તો જોયું હતું, પણ મૂળ પ્રાકૃત વાંચવાની જરા પણ તકલીફ ન લેતો. એનું સંસ્કૃત, જે ત્યાં જ આપેલું હોય તે વાંચીને આગળ જતો. એટલું જ નહિ પણ પ્રાકૃતનાં શબ્દરૂપો ને ભાષાનું ઉચ્ચારણ જરા યે ગમે નહિ.

આગળ જતાં જ્યારે પંડિત ધર્માનંદ કોસંબી સાથે મૈત્રી થઈ અને બૌદ્ધ ધર્મનું માહાત્મ્ય જણાયું ત્યારે પાલી વાંચવાનું શરૂ કર્યું. તે પણ કેટલું? 'દીપવંશ' અને 'મહાવંશ' એ ગ્રંથો વાંચવા જેટલું જ; ધમ્મપદની કેટલીક ગાથાઓ મોઢે કરી; અને આપણે ગંગા નાહ્યા! પણ હવે ખાત્રી થઈ છે કે માણસ વૈદિક સંસ્કૃત શીખે કે ન શીખે, પણ એણે પાણિનીય સંસ્કૃત સાથે પાલી અને અર્ધમાગધી એ બે ભાષાઓ શીખવી જ જોઈએ. એ બે ભાષાઓ અને એનું સાહિત્ય જેણે મૂળમાં વાંચ્યું નથી તેને હું સંસ્કૃત જાણનાર પણ ન ગણું.

સંસ્કૃત ભાષા, એનું પાણિનિએ વિકસાવેલું શાસ્ત્રશુદ્ધ વ્યાકરણ, સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, અને પાલી, અર્ધમાગધી તથા બીજી પ્રાકૃત ભાષાઓ જે સંસ્કૃત કુટુંબની જ છે, એ બધી વસ્તુઓનું મહત્ત્વ જાણતા છતાં કૉલેજના દિવસોમાં સંસ્કૃત પ્રત્યેનો અનુરાગ હું વધુ કેળવી ન શકયો એનું મને દુઃખ છે. આજે સંસ્કૃત-સંસ્કૃતિ પ્રત્યે ભક્તિ પણ વધતી જાય છે, ને એ સંસ્કૃતિમાં દાખલ થએલી ઊણપો પ્રત્યે પણ મન દોડે છે.

સંસ્કૃત ભાષા અને સાહિત્ય પ્રત્યેની મારી કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી જ આ પ્રકરણ મેં લખ્યું. □

દુનિયાનાં દૈનિકપત્રોની માળામાં આપણી ગૌરવગાથા: ભારતભરનું જૂનામાં જૂનું અખબાર ગુજરાતી ભાષાનું છે. ધીર, સ્વસ્થ અને વિવેકશીલ ગુજરાતનો ગુણવિશેષ પ્રકટ કરતું દૈનિક

મુંબઈ સમાચાર

દોઢસો વર્ષનું થાય છે



લેખક >

યજ્ઞેશ શુક્લ

'મુંબઈ સમાચાર'ના અગ્ર-લેખોના લેખક ને પીઢ પત્રકાર

ઈ. સ. ૧૮૨૨ અને ઈ. ૧૯૭૧-'૭૨—આ બંને સાલ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસનાં સીમાચિહ્નો સમી બની રહે છે. ઈ. સ. ૧૮૨૨ની ૧લી જુલાઈએ, ગુજરાતી ભાષાનું સૌપ્રથમ અખબાર 'શ્રી મુમબઇનાં શમાચાર' પ્રકટ થયું અને ગુજરાતી પત્રકારત્વનું મંગળાચરણ થયું. ગઈ (ઇ. ૧૯૭૧ની) ૧લી જુલાઇએ એ અખબારે તેનાં આયુષ્યનાં દોઢસોમા વર્ષમાં પ્રવેશ કર્યો અને ૧૯૭૨ની ૧લી જુલાઇએ તે દોઢસો વર્ષ પૂરાં કરીને એકસો ને એકાવનમા વર્ષમાં પ્રવેશ કરશે, અને તે સાથે ગુજરાતના પત્રકારત્વનો ઇતિહાસ દોઢસો વર્ષનો બની રહેશે. આમ, એ ઇતિહાસ ઘડવાનું માન 'મુંબઈ સમાચાર'ને ફાળે જાય છે. વધારે મહત્ત્વનું તો એ છે કે, 'મુંબઇ સમાચાર' એ ભારતભરમાં એક જ એવું અખબાર આજે હસ્તીમાં છે, જેણે જીવનનાં ૧૫૦ વર્ષ જોયાં છે. ભારતમાં પ્રકટ થતાં, અંગ્રેજી સહિતની તમામ ભાષાઓના અખબારોમાં જૂનામાં જૂનું પત્ર હોવાનું માન પણ 'મુંબઈ સમાચાર'ને ફાળે જાય છે. અને વિશેષ નોંધપાત્ર એ પણ છે કે વર્ષોના વધવા સાથે જો એના પર વાર્ધક્યનાં કોઈ ચિહ્નો દેખાતાં હોત અને એ જેમતેમ જીવતું હોત તો એ એટલું બધું ગૌરવભર્યું નહિ લેખાત; પણ 'મુંબઇ સમાચાર' તો, વર્ષોના વધવા સાથે યૌવનનો તનમનાટ દાખવતું રહ્યું છે, એટલું જ નહિ પણ, ગુજરાતી ભાષા બોલતી અને સમજતી પ્રજાનું એ લોકપ્રિય અને તેથી સૌથી વધુ ફેલાવો પામેલું પણ એ જ દૈનિક છે.

વળી બીજી એક ગૌરવની વાત એ છે કે સારા યે ભારતમાં સો વર્ષ વટાવી ગયાં હોય એવાં માત્ર ચૌદ પત્રો છે, જે પૈકી ચાર ચાર પત્રો ધરાવવાનું સદ્‌ભાગ્ય ગુજરાતી પત્રકારત્વને સાંપડ્યું છે: ૧) 'મુંબઈ સમાચાર', ૨) 'જામે જમશેદ' જેની સ્થાપના ઈ. ૧૮૩૨માં હોઈ એને આજે ૧૪૦મું વર્ષ ચાલે છે. ત્રીજું તળ ગુજરાતમાં ખેડામાંથી પ્રકાશતું 'ખેડા વર્તમાન' (સ્થાપના ઈ. ૧૮૬૧) અને ચોથું દક્ષિણ ગુજરાતનું અગ્રણી અખબાર 'ગુજરાત મિત્ર અને ગુજરાત દર્પણ' (સ્થાપના ઈ. ૧૮૬૩)—આ ઉપરાંત ૧૦૦ વર્ષ વટાવી ગએલાં ભારતનાં પત્રોમાં સાત અંગ્રેજી ભાષાનાં છે: ૧) 'ટાઈમ્સ ઑાવ ઇન્ડિયા'-ઈ. ૧૮૩૮, ૨) 'કલકત્તા રિવ્યૂ'-૧૮૪૪, ૩) 'એક્ઝામિનર'-૧૮૫૦, ૪) 'ગાર્ડિયન'-૧૮૫૧, ૫) 'પાયોનિયર'-૧૮૬૫; ૬) 'મેઇલ'-૧૮૬૮), ૭) 'અમૃત બઝાર પત્રિકા' -૧૮૬૮. બાકીનાં ત્રણ પૈકી તમિળનું 'તિનેવેલી ડાયોસિસન મૅગૅઝીન' (૧૮૪૯), પોર્ટુગીઝ 'એ ઇન્ડિયા' (૧૮૬૧) અને 'બેલગામ સમાચાર' (૧૮૬૨) છે. પત્રકારત્વના વિકાસની દૃષ્ટિએ પણ જોઈએ તો ગુજરાતી પત્રો ભલે ફેલાવામાં બહુ ઊંચું સ્થાન નહિ ધરાવતાં હોય, પણ રૂપરંગ ને માવજતમાં તો કોઈ પણ ભાષાના અખબારની જોડે બેસી શકે એમ છે.




◁ મુંબઈ સમાચારના સ્થાપક શ્રી ફર્દુનજી મર્ઝબાનજીએ પાંત્રીસ વર્ષની વયે આ પત્રનો આરંભ કર્યો હતો. એમની છબિ તો અપ્રાપ્ય છે, પણ આ જે છબિ એમના નામે પ્રચલિત છે તેમાંની વ્યક્તિ એમના જેવી જ હતી એટલે શ્રી ફર્દુનજી આવા હતા એમ બતાવવા એનો ઉપયોગ થઈ રહ્યો છે.

કોઈ પણ અખબારની સ્થાપના માટેની સૌથી પહેલી જરૂરત છાપખાનાની છે અને સુભગ યોગ એ પણ થયો કે ગુજરાતી છાપખાનાની શરૂઆત એ ભાષાનાં અખબારની સ્થાપનાથી દશ વર્ષ પહેલાં, ઈ. ૧૮૧૨માં એ જ અખબારના આદ્ય સ્થાપકે કરેલી. એટલે કે, ગુજરાતી પત્રકારત્વના જનક એ જ ગુજરાતી છાપખાનાના પણ પિતા છે. ઈ. સ. ૧૮૧૨માં સૌથી પહેલું ગુજરાતી છાપખાનું કાઢ્યા પછી એના સ્થાપકે એમાંથી સંખ્યાબંધ પુસ્તકો પ્રકટ કરેલાં એટલું જ નહિ, પણ સૌથી પહેલું ગુજરાતી પંચાંગ પણ એમણે જ પ્રકટ (ઈ. ૧૮૧૪માં) કર્યું. આમ ગુજરાતી છાપખાનું, ગુજરાતી પંચાગ અને ગુજરાતી અખબારનો આવો ત્રિવેણી સંગમ સર્જનારા હતા, પારસી મોબેદ ફર્દુનજી મર્ઝબાનજી. એમણે કોઈ એવી શુભ ઘડીએ ગુજરાતી છાપખાનાનો પાયો નાખ્યો કે એના પર એ ત્રણે સંસ્થાઓ આજે ઉત્તરોત્તર આગળ વધતી રહી છે.

આજથી દોઢસો વર્ષ ઉપરની પરિસ્થિતિનો વિચાર કરીએ છીએ ત્યારે આવું સાહસ ખેડવા માટે કેટલું પ્રચંડ મનોબળ હોવું જોઈએ તેનો ખયાલ આવ્યા વિના રહેતો નથી. ઈ. ૧૪૪૫માં જર્મનીમાં ગટનબર્ગે છૂટાં બીબાંની શોધ કરીને આજની મુદ્રણકળાનો પાયો નાખ્યો ત્યાર પછી ભારતમાં ઈ. ૧૫૫૬માં ફિરંગી વસાહતીઓ પોતાના ધર્મગ્રંથો છાપવા પહેલું છાપખાનું લાવ્યા; અને તેને અનુસરીને દેશી ભાષામાં ધર્મગ્રંથો છાપવાના આશયથી મુંબાઈની ઈસ્ટ ઇંડિયા કંપનીના ગુજરાતી દલાલ સૂરતના ભીમજી પારેખે ઈ. ૧૬૭૪માં કંપનીની ઇંગ્લંડની કચેરી દ્વારા છાપખાનું મંગાવ્યું, પણ તેમાં સફળતા મળી નહિ. ત્યાર બાદ મુંબાઈમાં સૌપ્રથમ અંગ્રેજી પુસ્તક તે રુસ્તમજી ખરશેદજી નામના પારસીએ ઈ. ૧૮૭૦માં એ સાલનું પંચાંગ છાપ્યાનો દાખલો મળે છે. તે અગાઉ ઈ. ૧૭૮૯માં 'બૉમ્બે હેરલ્ડ' નામનું અંગ્રેજી અખબાર પણ શરૂ થએલું પણ તે તરત જ બંધ થએલું.

ભારતમાં વેપાર ઉદ્યોગ, શિક્ષણ, સંસ્કાર, તબીબી આદિ ક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિઓની શરૂઆત કરવાનું માન પારસી કોમના ગૃહસ્થને આ રીતે;જેમ મળે છે તેમ ગુજરાતી બીબાં પ્રથમ કોતરી એ ભાષામાં પ્રથમ છાપખાનું, અખબાર તથા પંચાંગ કાઢવાનું ગૌરવ પણ અગાઉ જણાવ્યું



શ્રી મુમબઈનાં શમાચાર

આરે ગરમ ભજીજણે પેદાકમાલકર*   ઓર જેકમાલ ચશમેખબાઈક મેંભારે*

પુશતક ૧)   તા૦ ૧લી જુલાઈ ૧૮૨૨ શંવત ૧૮ ૭૮ નાં અશાડ શુદી ૧૨ ને વાર શોમે   (અંક ૧લો)

જાહેર ખબર*

શ્રી મુમબઈ મધે કોટમો કોલીવાડની શેરીમો ૪ કોડડાની ચાલી ૧તા૦ તેહની શંઝળા શધ્યાંછે તેમીલકત બાઈ કાશીબાઈ મરનાર ગોવીંદરાંમ શાણવજીની ધણીઆંણીની છે તેમીલકત બાઈ કાશીબાઈ દે આ૦ જમશેદજી પાલણજીની શાથે વેચવાનું શાટું કીધુછે તેવીશે તા૦ ૫મી ગીઆ જુન મઈનાની તે દીને શ્રી મુમબઈ ગેજેટના શમાચારમધે શરવેતે જાહેર કીધુછેજે જોકદાપી તેમીલકત ઉપર કોઈનો દાવો હોઈતો દીન ૧૪ની મુદતમોં જાહેરકરે તેમુદત પુરીથાઈ ચુકીછે અને હજુરશ્યી કોઈ કાઈ પાંતીનો દાવો કીધોનથી તેથી હવેતે આ૦ જમશેદજી પાલણજી તેબાઈ કાશીબાઈને રૂપીઆ નરી ખતકરીલેછે વાશાતે હવે પછે કોઈ કશી પાંતીથી દાવો કરશે તો તેહનું શાંભલશેનહી*

તા૦ ૧લી જુલાઈ ૧૮૨૨

જાહેર ખબર*

ખોવાઈછે

સ્તાંની પેનશીલ ૧ તેઉપર મથારે તેરીખ કોતરેલીછે તા૦ તે પેનશીલ પલેનછે તે તેની ઢોરો ઉપર નકશી કીધેલીછે તે ઈ પેનશીલ ઉપર નામ અંગરેજીમો આ રીતે કોરેલુછે F. S. N. તથા પેનશીલને મથારે ધ્રતર ૧ રાળાવરખનો બેશારેલોછે જે શાખશને ઈ પેનશીલ મલીહોઈતો શ્રીમુમબાઈનાં શમાચારખાનાં મધે આવીને જાહેરકરેતેને રૂ૨૦) બખશીશ આપશે*

તા૦ ૧ જુલાઈ ૧૮૨૨

જાહેર ખબર*

ખોવાઈગીઆંછે

બે નંવાં શોન   ઠેપ શાથેનાં ઘડીઆલ ડાબ જીઊલેડ હેરીન ટલતાં અને નલીઆનાં બેવ કેશોનકશીદાર ફેરવવાનાંછે તેની નીશાન (? તથા ડબલીઉ મારીશ) અને તેનાં નંમબર ૧૨ તા૦ ૬૨૦૭ છે ઈ નંમબર ઈ ઘડીઆલાંનાં ઢોગો અંદરછે તે હરેક લોક આગર લોકોને મલેખં હે અથવા ખરીદ કીધાં હોઈતો તે ધણીને પેશતન લીખાજી તથા છોકરાવો ખરજ કરેમને તેઘડી બાંહ્મારે પારો મોકલીદે તારે હમે ઈ ઘડીઆલાં

'મુંબઈ સમાચાર'ના પહેલાં અંકનું પહેલું પાનું. આરંભમાં જ ત્રણ જાહેરખબરો છે. ત્રણે વાંચવા જેવી છે. એમાં યે બે તો ખોવાઈ ગએલી ચીજોની છે–એક સોનાની પેનસિલની—જેને માટે દોઢસો વર્ષ પહેલાં ૨૦ રૂપિયાનું તો ઈનામ જાહેર કરેલું છે અને બીજી ઘડિયાળની, એ જમાનાનો આ બધા પરથી અચ્છો ખયાલ મળે છે. પણ સૌથી વધુ દાદ તો આ પત્રના પ્રકાશન અંગેના સાહસને ઘટે છે. ભણતર, સાધનસામગ્રી, બંડોળ ઊભું કરવાની સવલતો વગેરે અનેક દિશામાં આગળ વધેલા આ જમાનામાં યે બંધ થઈ જતાં અનેક પત્રો વચ્ચે મુંબઈ સમાચારનું સાહસ એક પ્રેરક ઉદાહરણ પૂરું પાડે છે.

તેમ એ જ કોમના નબીરા મોબેદ ફર્દુનજી મર્ઝબાનજીને વરે છે. એ મોબેદ ફર્દુનજીને છાપખાનું કાઢવાનો વિચાર કેમ સૂઝયો તે વિષે મુંબાઈની રોટરી ક્લબમાં 'મુંબઈ સમાચાર'ના આજના સંચાલક શ્રી મંચેરજી નસરવાનજી કામાએ આપેલા પ્રવચનમાં રસમદ ઉલ્લેખ કર્યો હતો: "એ વખતે યુરોપમાં નેપોલિયનની લડાઈઓ ચાલુ હતી એટલે મુંબાઈના વેપારીઓને પોતાના ભાવો નક્કી કરવા તથા સટ્ટા કરવા માટે સફરોનાં જહાજો દ્વારા મળતા સમાચારો પર આધાર રાખવો પડતો. આથી મુંબાઈના બારામાં આવતાં જહાજો દ્વારા મળતા સમાચારોનું મહત્ત્વ સમજતાં ફર્દુનજીને વાર લાગી નહિ. તેણે મુંબાઈમાં જહાજોના આગમન સાથે જ સમાચારપત્રો પ્રસિદ્ધ કરવા માંડયાં અને તેનું નામ 'શ્રી મુમબઈના શમાચાર' એવું રાખ્યું, આ માટે તેમણે (ઉપર ઉલ્લેખેલું) ઈ. ૧૮૭૦નું અંગ્રેજી પંચાંગ છાપનાર રુસ્તમજી ખરશેદજીનું છાપખાનું ખરીદી લીધું અને ભારે પરિશ્રમ કરીને ગુજરાતી બીબાં ઢાળી તેને ગુજરાતી છાપખાનામાં ફેરવી નાખ્યું, આમ ઈ. ૧૮૧૨ની ૧૬ ડિસેમ્બરે એ છાપખાનાનો આરંભ થયો, ને તેની સાથે ગુજરાતી મુદ્રણકળાનો પાયો નંખાયો.

પણ એ કામ સહેલું ન હતું, કેમ કે એમાં પહેલી જરૂર ગુજરાતી બીબાંની હતી. એ વખતે 'બૉમ્બે કુરીઅર' નામનું એક અંગ્રેજી છાપું નીકળતું. તેમાં અંગ્રેજી ઉપરાંત મરાઠી, ગુજરાતી, કન્નડ, ઉર્દૂ, પોર્ટુગીઝ વગેરે બધી ભાષાઓમાં જાહેરખબરો છપાતી. એનાં બીબાં કોતરનાર પણ એ પ્રેસમાં કામ કરનાર એક પારસી જ હતા. એમનું નામ મોબેદ

જીજીભાઈ બહેરામજી છાપગર. એ ત્યાં કૉમ્પોઝીટર અને પ્રિન્ટર હોવા ઉપરાંત બીબાં ઢાળવાનું કામ પણ કરતા. આવી સર્વતોમુખી કામગીરીને કારણે એ છાપગર કહેવાયા. એ જીજીભાઈ, ફર્દુનજીના ખાસ દોસ્ત હતા. એમનું કામ જોઈને જ ફર્દુનજીએ ગુજરાતી બીબાંવાળું છાપખાનું કાઢવાની પહેલ કરવાનો વિચાર કર્યો હોય. એમણે જીજીભાઈ પાસેથી છાપખાનાનો બધો કસબ જાણી લીધો. પછી પોતાની જાતે જ તીખા લોઢા ઉપર ગુજરાતી બીબાંનો એક સટ કોતર્યો, તેને તાંબાની તક્તીમાં ઠોકી, એ તક્તીમાં ધાતુ ઢાળી ટાઈપો પાડ્યા. એ રીતે ટાઈપો પાડવા, તે ઘસીને એકસરખા કરવા, સાફ કરવા વગેરે કામમાં પોતાના ઘરના સ્ત્રીવર્ગની પણ સહાય લીધી હતી; કેમ કે બધું કામ ખૂબ કરકસરથી કરવાનું હતું. આમ, અથાક ઉત્સાહભરી અખંડ જાતમહેનતને અંતે ઈ. ૧૮૧૨ની ૧૬મી ડિસેમ્બરે મુંબાઈમાં કોટની જૂની મારકીટ સામેના એક નાના ઘરમાં ભાવિના એક મોટા અને ચિરંજીવ ઉદ્યોગનો જન્મ થયો. અને તેના જન્મદાતા તરીકે ફર્દુનજીનું નામ ગુજરાતી મુદ્રણ અને પત્રકારત્વના સ્થાપક અજોડ સાહસવીર તરીકે અંકિત થયું.


શ્રી મીનોચેહેર ખુરશેદે લખેલા એ સાહસવીરના ચરિત્રગ્રંથ અનુસાર ફર્દુનજીનો જન્મ ઈ. ૧૭૮૭ની ૨૮ માર્ચે સૂરતમાં કણપીઠમાં આવેલી કમાનગરની શેરીને નાકે આવેલા બાપીકા ઘરમાં થયો હતો. એમના પિતા તથા પ્રપિતા ફારસીના મોટા વિદ્વાન અને ભારે વિદ્યાવ્યાસંગી હતા, જે વારસો ફર્દુનજીમાં પણ ઊતર્યો હતો. બાર વર્ષની વય સુધી પિતા પાસે ગુજરાતી તથા ફારસીનું પ્રાથમિક જ્ઞાન લઈ તેમણે ઝહીરુદ્દીન નસરુલ્લા ઓલિયા પાસે ફારસીનો વિશેષ અભ્યાસ કરવા ઉપરાંત એક પંડિત પાસે સંસ્કૃતનું પણ શિક્ષણ લીધું અને પછી ઈ. ૧૮૦૫માં એક સગાના લગ્નમાં મુંબાઈ જવાનું થતાં ત્યાં જ રોકાઈ પડ્યા. ત્યાં કદમી પંથના વડા મહાપંડિત દસ્તુર મુલ્લાં ફિરોઝ બિન મુલ્લાં હાઉસના



ઈ. ૧૮૩૨ના ડિસેમ્બરની ૩જી તારીખના 'જામે જમશેદ'ના અંકનું મથાળું

આશ્રયે ફારસી તથા અરબી ભાષાઓનું વિશાળ જ્ઞાન હાંસલ કર્યું. એ દરમ્યાન એમને અનેક લીલીસૂકી વેઠવી પડી, પણ ગમે તેવી મુસીબત છતાં એ પોતાના ધ્યેયમાંથી ચલિત ન થયા. પોતે મેળવેલા આ બહોળા જ્ઞાન વૈવિધ્યનો લાભ લોકોને આપવાની હવે તેમનામાં તાલાવેલી જાગી. અને એ જ્ઞાનવિતરણને માટે સ્વ-ભાષામાં છાપખાનું કાઢવાની ઇચ્છાનો ઉદ્ભવ થયો.

આ દરમ્યાન જીવનનિર્વાહ માટે તેમને અનેક કામગીરી કરવી પડી હતી. દસ્તુરજીની નિશ્રામાં રહેતા ત્યાં તેમના પુસ્તકાલયની સંભાળ રાખતા. એમાં પુસ્તકોની બાંધણીનું કામ પણ શીખી લીધું. પારસી ધર્મશાસ્ત્રનું જ્ઞાન મેળવેલું હોઈ દાદીશેઠ આતશ બહેરામમાં મોબેદ તરીકે પણ સેવા બજાવતા. આવાં એકધારાં કામથી છૂટવા એક વાર તો ઈરાન નાસી જવાનો પ્રણ મનસૂબો ઊઠેલો. પણ પછી બધી


ફલાદીશ।
ઈઆને•નવે•ધરેનું•ફલ•તા૦
બીજી•કેટલીઈક•પરચુત
ણ•ફ્રીકત•પુખતે શર*
ઈકેતાબ•શ્રી•મુમબાઈમધે•કમત
રીન•મોબેદ•ફરદુનજી•મરજબાંન
જીનાં•છાપખાનાંમાં છપાઈ છે*
શંવત(૧૮ ૭ ૧)નાં આશોવદી૧૦
વારશુકરે
કેતાબની•કીમત રૂ ૧।।
અંકે•રૂપીઓ•દોઢ

(૨)
શારા•શુરજનું•ફલ*
(૩)(૬)(૧૦)(૧૧) જનમ•રા
શીથી•તા૦નાંમ•રાશીથી•ઈટલામો
શુરજ•હોઈતો*ધન•વધારે*જશ•
વધારે*રાજા•દઆ•હેકેમથા•આ
બરૂ•થાઈ*શારવે•કાંમની•શીધી•
થાઈ*બુધી•વધારે*લાઈથી•શુખ
દેખાડે*ફરજંદનું•શુખ•વધારે*નાં
ણા•વધારે*ધરમ•કરાવે*
નરશ•શુરજનું•ફલ*
(૧)(૨)(૪)(૫)(૭)(૮)(૯)
(૧૨)

આજથી ૧૫૬ વર્ષ પહેલાં ઈ. ૧૮૧૫માં ફર્દુનજી મર્ઝબાનજીના છાપખાનામાં છપાએલા નવ ગ્રહોના ફલાદેશના પુસ્તકનાં આરંભનાં બે પાનાં, એની ભાષા, 'સ' અને 'શ'ની લખાવટ, 'એ' અક્ષરનો 'દ' જેવો વળાંક, બે શબ્દો વચ્ચે ટપકું ને પૂર્ણવિરામને સ્થાને ફૂદડી, દોઢસો વર્ષ પહેલાંની ગુજરાતી ભાષા અને લેખનનું અભ્યસનીય ઉદાહરણ પૂરું પાડે છે.

અધીરાઈ અને કંટાળો ખંખેરીને મુંબાઈમાં જ દઢમૂલ થવાનો નિર્ધાર કર્યો, પત્નીને સૂરતથી બોલાવી લીધી અને મુંબાઈમાં સંસાર માંડી ઈ. ૧૮૦૮માં મોતીશાના ઉપાશ્રય પાસે બુક બાઈન્ડિંગ (ચોપડીઓ બાંધવા)નો નાનો ધંધો શરૂ કર્યો. એમાં છ મહિનાને અંતે માત્ર દોઢ રૂપિયાનું કામ મળ્યું! છતાં એથી નિરાશ ન થતાં કામની ખોજ ચાલુ રાખી.

એવામાં એમની પડોશમાં દુકાન ધરાવનાર એક વહોરાએ દેશી સિપાહીઓની ટોપીઓ બનાવવા માટે ખોખાં પૂરાં પાડવાનો કૉન્ટ્રાક્ટ રાખેલો એ કામ તે સમયસર આપી શકેલો નહિ હોવાથી છોડી દીધેલું. ફર્દુનજીને આની માહિતી મળતાં તેમણે એવા ખોખાનો એક એવો સરસ નમૂનો તૈયાર કરી લશ્કરી અમલદાર આગળ રજૂ કર્યો કે તરત એમને એવાં ૩૦૦૦ ખોખાં તૈયાર કરી આપવાનો રૂ. ૧૫૦૦નો ઑર્ડર મળ્યો! પછી તો એ ધંધો ચાલુ રાખ્યો. ઉપરાંત એમણે ટપાલની એક સ્વતંત્ર દુકાન શરૂ કરી. અનેક ગામમાં પોતાના આડતિયા રાખીને મુંબાઈના વેપારીઓની ટપાલ તેમની મારફત પહોંચાડવાનો અને ગામેગામની ટપાલ મુંબાઈ મંગાવી વહેંચવાનો આંગડિયા-વ્યવસાય શરૂ કર્યો.

આ પછી તેઓ છાપખાના તરફ વળ્યા અને ઉપર જણાવ્યા પ્રમાણે તેના શ્રી ગણેશ કરી તેને વિકસાવવા, ભારે સાહસ ખેડીને, રૂ. ૧૧,૦૦૦ના ખર્ચે વિલાયતથી ટાઈપો મંગાવ્યા. એમને ત્યાં ગુજરાતી ઉપરાંત અંગ્રેજી, મરાઠી અને ફારસી ટાઈપ પણ હતા. અખબાર શરૂ કર્યા પહેલાંથી જ એમણે પુસ્તકોનું મુદ્રણ શરૂ કરી દીધું હતું અને વિવિધ ભાષા તથા વિષયનાં પ્રકાશનો કરતા. એ પૈકીના એક ગુજરાતી પ્રકાશનનાં પૃષ્ઠનો નમૂનો આ સાથે આપ્યો છે. ફારસી 'ગુલિસ્તાન'નો ગુજરાતી અનુવાદ પણ એમણે પ્રકટ કરેલો જેની, કિંમત એ જમાનામાં અતિ ભારે ગણાય તેવી—રૂ. ૧૫ હોવા છતાં જોતજોતામાં ખપી ગએલો.

ઈ. ૧૮૨૨માં 'મુંબઈ સમાચાર' શરૂ કરીને તે પાછળ એમણે ભારે જહેમત ઉઠાવીને એને દસ વર્ષ સુધી પાળ્યું ને પોષ્યું. છાપખાના ને પ્રકાશનનાં બધાં કામો તે કરતા. કોઈ કામમાં કદી એમને નાનમ લાગતી નહિ. રાજકીય ક્ષેત્રમાં સ્વતંત્ર વિચારસરણીને અનુસરીને તેમણે નીડરતાથી કલમ ચલાવી. સામાજિક સુધારાના પણ તે પ્રખર હિમાયતી હતા અને તેની હિમાયત પોતાના પત્રમાં કરતા. પણ ઈરાનના અને ભારતના પારસી કૅલૅન્ડરમાં રહેતા તફાવતને લીધે કબીસાની ભાંજગડ ઊભી થઈ તેમાં ફર્દુનજી પાયમાલ થઈ ગયા. તેમને અખબાર તો છોડવું જ પડ્યું, સાથે મુંબાઈ પણ છોડ્યું અને દમણ જઈને રહ્યા. ત્યાં પણ તેમણે ગ્રંથપ્રકાશનની પ્રવૃત્તિ ચાલુ રાખી. ઉપરાંત તેમણે ત્યાં લોકસેવાની પણ ઉમદા પ્રવૃત્તિ કરી, અને ૬૦ વર્ષની ઉંમરે ઈ. ૧૮૪૭ની ૨૬ માર્ચે દમણમાં અવસાન પામ્યા. એમણે જીવનભર અખંડ અંતપૂર્વક કાર્યરત રહીને મુદ્રણકળા અને પત્રકારત્વ ઉપરાંત ગુજરાતી સાહિત્ય અને ભાષાની પણ ઓછી સેવા નથી કરી. લગભગ ૫૦ ઉપરાંત ગ્રંથો લખીને એમણે પ્રકાશનક્ષેત્રે કરેલું અર્પણ એ ક્ષેત્રના એક પુરોગામી તરીકે ગૌરવપ્રદ ગણાય એવું છે.

ગુજરાતી ભાષાનું સૌપ્રથમ અખબાર 'મુંબઈ સમાચાર' ઈ. ૧૮૨૨માં પ્રકટ થયું તે પહેલાં હિંદુસ્તાનભરનું સૌપહેલું પત્ર ૧૭૮૦ની ૨૯મી જાન્યુઆરીએ જેઈમ્સ ઑગસ્ટસ હિકી નામના અંગ્રેજે 'ધ બૅંગાલ ગૅઝેટ ઍન્ડ ધ કલકત્તા જનરલ ઍડવર્ટાઈઝર' નામથી શરૂ કર્યું. 'જેનાં દ્વાર તમામ પક્ષો માટે ખુલ્લાં છે અને જે કોઈની જ લાગવગ હેઠળ નથી' એવા અખબાર તરીકે એની ઓળખ આપવામાં આવેલી, પરંતુ કંપની સરકારના અધિકારીઓના ખાનગી જીવન પર પ્રકાશ પાડવાનું કામ કરતાં કરતાં તે હલકી કોટિ પર ઊતરી પડ્યું અને બે વર્ષ ચાલીને બંધ થયું. એ. પછી ભારતમાં ઘણાં પત્રો નીકળ્યાં પણ કોઈની હસ્તી આજે રહી નથી.

ઈ. ૧૪૪૫માં ગટનબર્ગે છૂટાં બીબાંની શોધ કરીને મુદ્રણકળાનો પાયો નાખ્યો તેને પગલે ઇંગ્લૅંડમાં ૧૪૭૬માં કૅક્સ્ટને સૌપ્રથમ છાપખાનું શરૂ કર્યું તે પછી યુરોપ ને ઇંગ્લૅંડમાં ભારત કરતાં ઘણો વહેલો પત્રકારત્વનો પ્રારંભ થયો હતો. પરંતુ મળતી માહિતી પ્રમાણે એમાંનાં ઘણાં ક્ષણજીવી નીવડ્યાં હતાં. ઇંગ્લૅંડના રસભર્યા પત્રકારત્વના ઇતિહાસમાં ઊતરવું અત્રે પ્રસ્તુત નથી, પરંતુ ભારતના પત્રકારત્વના મુકાબલે એટલી નોંધ અવશ્ય લેવી જોઈએ કે ઈ. ૧૭૮૫માં જૉન વૉલ્ટરે સ્થાપેલા લંડનના 'ધ ટાઈમ્સ' અને માન્ચેસ્ટરમાં ઈ. ૧૮૨૧માં સ્થપાએલા 'માન્ચેસ્ટર ગાર્ડિયન'ની પછી ભારતનું સૌપ્રથમ અખબાર 'મુંબઈ સમાચાર' અખંડ કારકિર્દીના આયુષ્યની દૃષ્ટિએ ત્રીજે નંબરે આવે છે.

આના અનુસંધાનમાં ભારતનાં તેમજ મુંબાઈનાં અંગ્રેજી તેમજ ગુજરાતી સિવાયની ભારતીય ભાષાઓનાં અખબારોની સરખામણી જાણી લઈએ. મુંબાઈમાં અંગ્રેજી અખબારોનું પગરણ ઈ.સ. ૧૭૯૦માં 'ધ ગૅઝેટ'થી અને ઈ. ૧૭૯૧માં 'ધ કુરીઅર'થી મંડાયું, અને એ બંને ઠીક ઠીક આયુષ્ય ભોગવીને 'ધ ગૅઝેટ' ૫૩ વર્ષ બાદ ૧૮૪૨ના જાન્યુઆરીમાં બંધ થયું અને 'ધ કુરીઅર' એથી પણ લાંબું જીવી ઈ. ૧૮૬૦માં 'બૉમ્બે ટાઈમ્સ'માં ભળી ગયું. એટલે ભારતનાં અંગ્રેજી અખબારોમાં યે 'મુંબઈ સમાચાર' જેટલું દીર્ઘજીવી કોઈ નથી. લાંબામાં લાંબું આયુષ્ય ભોગવનારાં જે બે અંગ્રેજી પત્રો આજે છે તે ઈ. ૧૮૩૮માં પ્રકટેલું 'ટાઈમ્સ ઑવ ઇંડિયા' અને ઈ. ૧૮૭૫માં સ્થપાએલું કલકત્તાનું 'સ્ટેટ્સમૅન'; ને ગુજરાતી પત્રોમાં જોઇએ તો ઈ. ૧૮૩૨માં પ્રકટ થએલું મુંબાઈનું 'જામે જમશેદ' મુંબાઈ સમાચાર પછી બીજે નંબરે આવે. ગુજરાતી સિવાયની બીજી દેશી ભાષાઓમાં પણ મુંબાઈનાં આ બંને અખબારો જેટલું દીર્ઘજીવી કોઈ હસ્તીમાં નથી. જોકે પ્રાદેશિક ભાષાઓમાં સૌથી પહેલું અખબાર બંગાળીમાં ઈ. ૧૮૧૮માં ૭મી મે ના રોજ કલકત્તાના ખ્રિસ્તી પાદરીઓએ કાઢેલું 'સમાચાર દર્પણ' ગણાય; પણ એની માલિકી પરદેશીઓની હતી. એટલે હિંદીજનને હાથે નીકળેલા પત્ર તરીકે ઈ. ૧૮૨૦ લગભગ નીકળેલા રાજા રામમોહનરાયના પત્ર 'સંવાદકૌમુદી'ને લેખવું જોઇએ. પણ આજે એ પૈકી એકેની હસ્તી નથી. એટલે આજે ભારતની તમામ ભાષાઓમાં ગુજરાતી ભાષાનું 'મુંબઈ સમાચાર' જૂનામાં જૂનું અખબાર છે.

'મુંબઈ સમાચાર' શરૂમાં દસ વર્ષ—ઈ. ૧૮૩૨ સુધી તો સાપ્તાહિક રૂપે જ પ્રકટ થતું રહેલું. ઈ. ૧૮૩૨નું આખું વર્ષ તે દૈનિક રૂપે નીકળ્યું, પણ તેમાં ફાવટ ન આવી એટલે પછી તે દર રવિવારે અને ગુરુવારે પ્રકટ થતું અર્ધ-સાપ્તાહિક બન્યું, જે રૂપમાં તે ૨૨ વર્ષ એકધારું ચાલીને ૧૮૫૫માં ફરી દૈનિક બન્યું અને એ રૂપે તે અદ્યાપિપર્યંત રહ્યું છે.

ગુજરાતના પત્રકારત્વની વાત કરીએ તો ગુજરાત તે વખતે મુંબાઈ ઈલાકાનો એક ભાગ—પ્રાંત હતો, એટલે 'મુંબઈ સમાચાર' એ ગુજરાતી ભાષાનું સૌપ્રથમ દૈનિક ગણાય. પરંતુ તળ ગુજરાતનું પ્રથમ અખબાર તેની પછી ૧૭ વર્ષે ઈ. ૧૮૪૯માં અમદાવાદમાંથી ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલની ગુજરાત વિદ્યાસભા)એ બહાર પાડેલું સાપ્તાહિક 'વરતમાન' (વર્તમાન) ગણાય. એ દર બુધવારે બહાર પડતું હોઈ જનસામાન્યમાં 'બુધવારિયું' નામે ઓળખાતું. આધુનિક કહેવાય એવા દૈનિકની શરૂઆત તો છેક ઈ. ૧૯૨૩માં સ્વ. નંદલાલ બોડીવાળાએ 'સંદેશ'થી શરૂ કરી હતી. તે પછીના છેલ્લા ચાર પાંચ દાયકામાં તો ગુજરાતના પત્રકારત્વે મોટી હરણફાળ ભરી છે. (ચાલુ)

હરિ: ૐ આશ્રમ તરફનું
સપ્ટેમ્બર અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'પ્રબુદ્ધ પુરુષ પરમાનંદભાઈ'ના લેખક
ધીરુભાઈ પરીખને આપવામાં આવ્યું છે

ઇસ્લામી સુલેખનકળા

ડૉ. ઝિયાઉદ્દીન અ. દેસાઈ
અરબીફારસી કક્ષ · પુરાતત્ત્વ ખાતું (ભારત સરકાર)

નસ્તાલિક શૈલી

ઇસ્લામી સુલેખનકળાની જાણીતી છ કલમો તથા બિહાર અને તાલિક શૈલીનું સુલેખન જ્યારે પ્રચલિત હતું ત્યારે એટલે કે લગભગ ૧૪મી સદીમાં એક બીજી નવી શૈલી પણ પ્રકટ થઈ, જેણે સુલેખનકલામાં જબરું પરિવર્તન આણ્યું. રૂઢ અને પ્રમાણમાં લોચરહિત સ્ટ્રોકવાળી નસ્ખ અને લચકદાર સ્ટ્રોકવાળી નવસર્જિત તાલિકના સમન્વયથી યોજાએલી આ શૈલી 'નસ્તાલિક (નસ્ખ+તાલિક) તરીકે ઓળખાઈ. નસ્તાલિકના સર્જનનો સમય અબુલફઝલ અને તેને અનુસરી ભારતના અમુક વિદ્વાનોએ ૧૫મા સૈકાના આરંભકાળનો નોંધ્યો છે, પરંતુ વાસ્તવમાં ૧૪મા સૈકામાં લખાએલા આ શૈલીના નમૂનાઓ એશિયા તેમ જ યુરોપનાં પુસ્તકાલયોમાં ઉપલબ્ધ છે; જ્યારે ૧૫મા સૈકાના પ્રારંભના નસ્તાલિકના નમૂનાઓમાં આ શૈલીનું સંપૂર્ણ વિકસિત રૂપ જોવા મળે છે. લોકપ્રિયતાને કારણે તેના મુકાબલે નસ્તાલિકનું વર્ચસ્વ ઘણું વધારે જોવા મળે છે. ખાસ કરીને ઇસ્લામી સામ્રાજ્યોના પૂર્વ ભાગમાં એટલે કે ઈરાન, અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને હિંદુસ્તાનમાં તેણે બીજી એકાદ સદીમાં તો પોતાનું અનન્ય સ્થાન જમાવ્યું જણાય છે.

નસ્તાલિકનું મુખ્ય લક્ષણ છે તેના અક્ષરોના વર્તુલીય ભાગો (curves)ની ગોળાઈનું સંપૂર્ણ સમતુલન અને સ્વાભાવિક સુગમતા તથા તેના ઊભા કે આડા સ્ટ્રોકોનો લાલિત્યપૂર્ણ ઢાળ. તેની આ કલા-સહજ વિશેષતાને લઇને કલાકારોને પોતાની કાવ્યમય કલાપ્રતિભાને મનગમતું રૂપ આપવાનું ઘણું સુગમ બન્યું. તેના અક્ષરોની આ રમણીય સુંદરતાએ મેળવેલી લોકપ્રિયતાએ ઇસ્લામી સામ્રાજ્યોના લગભગ અર્ધા વિસ્તારમાં છેક ૧૬મી સદીથી લઇને આજ પર્યંત પોતાનું વર્ચસ્વ જારી રાખ્યું છે. પણ પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકાના ઈસ્લામી દેશોમાં નસ્તાલિક બિલકુલ પ્રસાર પામી નહિ, અને ત્યાં આજ સુધી નસ્ખ કે તેનાં સ્થાનિક સ્વરૂપોનું જ ચલણ જારી રહ્યું છે. ઈરાની-અરબ સાંસ્કૃતિક સંઘર્ષને લઇને કદાચ આ બન્યું હોય; પણ એની ચર્ચા અહીં અસ્થાને છે.



નસ્તાલિક શૈલીની એક વસ્લી : સુલેખક ઈમામ વર્દી

નસ્તાલિક શૈલીનું પ્રમુખ લક્ષણ તેની ગોળાઈનું પ્રમાણ અને કમનીયતા છે. તેના સ્ટ્રોકો ફરી તેમ જ નસ્ખ કરતાં વધુ લચકદાર અને કમનીય તથા આડા સ્ટ્રોકો વર્તુલીય-'અર્ધચંદ્ર જેમ ગોળ અને કમનીય તથા અંડાકાર તેમ જ સ્નિગ્ધ' હોય છે. આ શૈલીમાં ઊભા સ્ટ્રોકોની લંબાઈ પણ બીજી શૈલીઓને મુકાબલે વધારે હોય છે. તેની આ વિશેષતાએ અક્ષરોની સપ્રમાણતાને પૂર્ણતાએ પહોંચાડી. વળી આ સ્ટ્રોકોના ઉપર જતા છેડા તીક્ષ્ણ કે ખડ્ગ પેઠે અણિયાળા હોઈ અક્ષરોની કલામયતામાં પણ વિશેષતા આવી. તેના 'સમતલ ધરતી પર વહ્યા જતા સ્ફટિક શા નિર્મળ જલપ્રવાહ જેમ સ્પન્દનીય તેમજ ધીર ગંભીર' આડા સ્ટ્રોકો છેડા કરતાં મધ્યમાં સહજ વધુ જાડા ખેંચાય છે અને સાથેસાથ તે



◁ નસ્તાલિક શૈલીનાં બે વિશિષ્ટ ઉદાહરણ. ડાબી તરફના નમૂનામાં બે લીટીના અક્ષરોની આડી રેખાઓને સમાંતર અને સમરૂપ રાખીને કલાકારે એક અજબ અને નયનરમ્ય ચાતુર્ય દર્શાવ્યું છે. જમણી તરફના નમૂનામાં શબ્દોના અક્ષરોની નીચે ગોળાઈ લેતી રેખાઓને એવી ચતુરાઈથી યોજી છે કે તેનાથી બનતો એક જ અક્ષર ગોળાઇવાળા બે જુદાજુદા અક્ષરોની ગરજ સારે છે. એટલે કે શબ્દની આગળના ભાગના એક અક્ષરની ગોળ વળતી રેખા તે શબ્દના પછીના એવા આ પ્રકારના બીજા અક્ષરનું પણ કામ સારે છે. લખાવટની આ સિદ્ધિ અન્ય કોઈ લિપિમાં સાધ્ય નથી.







નસ્તાલિકનાં અન્ય ઉદાહરણ. ડાબી બાજુ છેડે: મુહમ્મદ આકિલ(ઈ.૧૭૪૮); અને વચ્ચે કાબુલના યાકૂબ (ઈ. ૧૮૯૩)ની લખાવટ. ઉપર: 'ગુલ્ઝાર'માં કુર્આનનું એક સૂત્ર.

ભાગને સહેજ નીચો ઝોક આપવામાં આવે છે; રિકાઅ જેમ તિરછા કે નસ્ખ જેમ લોચારહિત અથવા અક્કડ એ નથી ખેંચાતા.

ઈ. ૧૪—૧૫મા સૈકાનો મશહૂર ઈરાની સુલેખક મીર અલી તબ્રેઝી નસ્તાલિકનો પ્રણેતા છે. જાફર તબ્રેઝી, મૌલાના અઝહર, સુલ્તાન અલી મશ્હદી, સુલ્તાન મુહમ્મદ ખન્દાન, સુલ્તાન મુહમ્મદ નૂર, ઝેનુદ્દીન માહ્મૂદ, મીર ઈમાદ કઝ્વીની, બાબાશાહ ઈસ્ફહાની, શાહ માહ્મૂદ નીશાપુરી ઝરીન-કલમ, અલી રિઝા અબ્બાસી, અબ્દુલ્લાહ કાતિબ, મુહમ્મદ હુસૈન તબ્રેઝી વગેરે આ શૈલીના અન્ય નામી કલાકારો ગણાય છે. આ બધામાં સુલ્તાન અલી મશ્હદી નસ્તાલિક્ના સર્વોત્તમ સુલેખક તરીકે વિખ્યાત છે. સુલેખનશાસ્ત્ર પર તેણે પુસ્તિકાઓ લખી છે જેની પ્રતો પુસ્તકાલયોમાં મળે છે.

નસ્તાલિક ઉપરાંત બીજી બે શૈલીઓ પણ પ્રચલિત થઈ. એક 'શફીઆ' અને બીજી તેને મળતી શિકસ્તા. ખરું જોતાં તેમને ઉપર વર્ણવેલી સાત કલમની પેઠે આગવી શૈલીઓ ન કહી શકાય, પણ તાલિક કે નસ્તાલિકને 'ઘસીટ'રીતે લખતાં મળેલાં એ બે સ્વરૂપો છે. આ સ્વરૂપોમાં લિગેચરનો ઉપયોગ નિયમ વિરુદ્ધ થઈ શકે, એટલું જ નહિ પણ તેમ કરવામાં આવે છે. મતલબ કે હાથ સહેજ પણ ઉપાડ્યા વિના વર્તુલીય સ્ટ્રોકોને પૂરતી ગોળાઈ ન આપતાં અર્ધવર્તુલીય રાખી, રેખાઓ ખેંચી, બિંદુઓને પડતાં મૂકી લખતાં આ અલગ સ્વરૂપો થયાં છે. ઔપચારિક પત્રવ્યવહાર તેમ જ રાજ્યલેખો, આદેશો, ફર્માનો વગેરે રાજદ્વારી બાબતોમાં શફીઆનો ઉપયોગ થાય છે, જ્યારે દૈનિક લખાણો, પત્રવ્યવહાર તથા એવી અનૌપચારિક બાબતો માટે શિકસ્તા વપરાય છે. શિકસ્તામાં શફીઆ કરતાં 'ઘસીટ'પણું વધારે જણાય છે.

આરબી લિપિની આ મુખ્ય શૈલીઓ છે. પણ હિંદુસ્તાની કલાકારોએ, વિશેષ કરીને છેલ્લી બેત્રણ સદીઓમાં, પોતાનું કલાકૌશલ નવી શૈલીઓ દ્વારા તો નહિ, પરંતુ પ્રચલિત શૈલીઓનાં આલંકારિક સ્વરૂપો દ્વારા પ્રદર્શિત કર્યું છે. આ અલંકૃત રૂપો માટે સ્વાભાવિકરીતે તેમની પસંદગી નસ્તાલિક પર ઊતરી છે; કેમ કે એક તો નસ્તાલિકનું હિંદમાં અનન્ય એવું ચલણ હતું અને બીજું, નસ્તાલિક કૂફીની જેમ, પણ ભિન્ન રૂપે અન્ય શૈલીઓ કરતાં અલંકરણમાં વધુ ફાવતી છે. આ સ્વરૂપોમાં સુંદરતાના પ્રદર્શન સિવાય બીજો ઉદ્દેશ નથી. અલબત્ત, સુલેખનનું મુખ્ય ધ્યેય એ જ છે, પણ લિપિની શૈલીઓની આગવી લાક્ષણિકતા આ હિંદી રૂપોમાં નથી. એટલે આવાં લખાણોના નમૂનાઓ ગ્રંથલેખનમાં નહિ, પણ વસ્લીઓના રૂપમાં જ સર્જાતાં રહ્યાં. આ સ્વરૂપમર્યાદા લક્ષમાં લઇએ તો પણ આ કલાકારોએ તે સમયના ધોરણ પ્રમાણે પોતાની કલાશક્તિનું આલંકારિક લખાવટ દ્વારા જે પ્રદર્શન કર્યું છે તે ઉલ્લેખનીય તો છે જ. નસ્તાલિકની સ્વાભાવિક લચક અને કમનીયતા તેમજ ગોળાઈને એમણે સુલેખનનાં જે રમણીય રૂપો આપ્યાં છે તે પ્રસન્નકર છે.

આ આલંકારિક રૂપોનાં નામ છે 'ગુલ્ઝાર' (ઉપવન), 'માહી' (મત્સ્ય), 'તાઊસ' (મોર), 'ઝુલ્ફે અરૂસ' (નવવધૂની લટ), 'લર્ઝા' (કંપ), મન્શૂર (વિસ્તૃત), 'ગુબાર' (રજ), 'તુગ્રા' (ગુમ્ફાક્ષર-monogram) ઈત્યાદિ. ગુલ્ઝાર, માહી અને તાઊસમાં વિષયવસ્તુનો ફેર છે. દા. ત. કિત્તા વડે શાહીથી પૂરા ભરેલા અક્ષરો ન લખતાં માત્ર તેમનું પોલું રેખાંકન કરી અક્ષરોમાં ફૂલપત્તીઓ, માછલી કે મોરનાં પીછાં વગેરેનું શોભન કરાય તેને અનુક્રમે ગુલ્ઝાર, માહી કે તાઊસ કહે છે. અક્ષરો નસ્ખ, નસ્તાલિક કે બીજી કોઈ પણ શૈલીના હોઈ શકે, પણ ઉપર કહ્યા મુજબ નસ્તાલિક શૈલી આ રૂપો માટે વધુ ઉચિત હોઈ તેનો પ્રયોગ સર્વસાધારણ છે.

એ પ્રમાણે, અક્ષરોના વક્રીય સ્ટ્રોકો ઘુંઘરિયાળા વાળ જેવા અને ઊભા સ્ટ્રોકો સહેજ પાતળા તથા અણીદાર દોર્યા હોય તો એ કોઈ સુંદર વાળની લટ જેવા લાગે છે તે પરથી આ સ્વરૂપને 'ઝુલ્ફે અરૂસ' કહે છે. 'લર્ઝા'માં અક્ષરો હાથને કંપ આપી લખાય છે. 'મન્શૂર'માં અક્ષરો વળ આપેલી રિબન પટ્ટી જેવા તેમજ છેડેથી ગૂંચળાં વાળેલ હોય છે.

ગુબારમાં અક્ષરો અત્યંત સૂક્ષ્મ અને એકબીજાની અત્યંત નિકટ બારીક કાઢવામાં આવે છે. પરિણામે દેખાવમાં તે અક્ષરો નહિ પણ રજકણો જેવા લાગે છે તે પરથી આ સ્વરૂપ 'ગુબાર' નામે ઓળખાય છે. સૂક્ષ્મદર્શક કાચ વગર આવું લખાણ વંચાવું મુશ્કેલ છે.




△ 'સુલ્સ' અને 'નસ્ખ' શૈલીના લખાણમાં 'ગુબાર'નું આલેખન. અતિ સૂક્ષ્માક્ષરોનું લેખન એ ગુબારની લાક્ષણિકતા છે. અહીં મોટા અક્ષરાલેખનને પશ્ચાદભૂના અતિ સૂક્ષ્માક્ષરોમાં કરેલા લેખન દ્વારા પ્રકટ કર્યું છે. ઈ. ૧૫૫૦માં ઈબ્રાહિમ અસ્તરાબાદીનું આ લખાણ અસલ ૨૨ ફૂટ ૪ ઈંચ લાંબા અને પોણા ચાર ફૂટ પહોળા કાગળ પર છે, ને તેમાં સૂક્ષ્માક્ષરે આખું કુર્આન લખેલું છે.


તુગ્રા

પણ આ બધાં આલંકારિક રૂપોમાં સૌથી વધુ અટપટું અને જટિલ રૂપ તો 'તુગ્રા'નું છે. જોકે 'તુગ્રા'નું ચલણ ઈસ્લામી અસરવાળા દરેક દેશમાં ને ઘણા સમયથી છે પણ તે લિપિ શૈલીનું નહિ, પરંતુ અમુક મર્યાદિત પ્રમાણના સુલેખનનું એક આલંકારિક રૂપ હોઈ તેનું વર્ણન સ્વરૂપો સાથે કર્યું છે. રાજકીય આદેશો ને ફર્માનો વગેરેને પ્રમાણિત કરવા રાજાના નામવગેરેની મુદ્રાલગાડવામાં આવતી. આમુદ્રામાં સાધારણતઃ નામવગેરે આપણે લખીએ એમ છૂટા અક્ષરોમાં નહિ, પણ એકબીજા ઉપર લખેલા કે એકબીજામાં ગૂંથેલા અક્ષરો–મૉનોગ્રામના રૂપમાં રહેતાં. અરબી ભાષામાં આવા પ્રમાણિત આદેશોને 'તુગ્રા' કહે છે, જે શબ્દ પાછળથી તેના પર લગાડાતા રાજાના નામાક્ષરો કે મુદ્રા માટે, અને આગળ જતાં આ પ્રકારની બધી રચના માટે પ્રચલિત બન્યો.



△ 'લર્ઝા' અને 'મન્શૂર' શૈલીના અક્ષરો. નીચે: ભૌમિતિક વળાંકોવાળા અક્ષરોના 'તુગ્રા'નો એક નમૂનો જેમાં પવિત્ર નામો લખ્યાં છે. જમણી બાજુ: મુહમ્મદ દાઉદ અલ હુસૈની(૧૮૯૩)નું શિકસ્તા શૈલીનું એક લખાણ













'તુગ્રા' એ ઈસ્લામી સુલેખનકલાનું એક અત્યંત અટપટું ને પૂર્ણ ચાતુરીમય રૂપ છે. એક રીતે એને લિપિલેખન નહિ પણ સુલેખનનું આલંકારિક સ્વરૂપ કહી શકાય. જીવંત પ્રાણીના આલેખનનો નિષેધ હોવાથી કલાકારોએ તેની ગરજ સારે તે રીતે સર્જેલું આ સ્વરૂપ અત્યત કૌશલ માગી લે તેવું છે. એ રીતે અહીં પોપટની આકૃતિમાં 'નાદે અલી'નું સુભાષિત, માનવમુખાકૃતિમાં ડાબુંજમણું ઊલટસૂલટ લખાણ (તુગ્રાએ મઅકૂસ) હાથીની આકૃતિમાં એક રાજવીનું નામ અને તેનાં બિરુદો તથા વાઘની આકૃતિમાં અક્ષરાલેખન કરેલું છે.

તુગ્રામાં કોઈ પણ નામ, ધર્મસૂત્ર, સુવાક્ય કે ટૂંકા પાઠના અક્ષરો; ઉપર નીચે, આગળપાછળ કે અન્ય કોઈ પણ સુંદર ને અટપટીરીતે મુખ્યતઃ અલંકરણના હેતુથી લખાય છે. તુગ્રામાં જે થોડીઘણી રાજ્યમુદ્રાઓ ઉપલબ્ધ છે તે તો સુંદર છે જ, પણ એ ઉપરાંત અન્ય લખાણોના નમૂના પણ સારી સંખ્યામાં મળે છે, પરંતુ લેખનાક્ષરોની વળાંકોમાં છૂટ લઈ તેની અટપટી રચના વડે કોઈ પક્ષી, પ્રાણી—ખાસ કરીને બાજ, વાઘ, હાથી, ઘોડો કે પરીની આકૃતિમાં લખાએલા તુગ્રાના કેટલાક બહુ વિલક્ષણ નમૂનાઓ જોવા મળે છે. અલબત્ત, આ વિલક્ષણ સ્વરૂપનો કોઈ ખાસ ઉદ્દેશ હોય તેમ લાગતું નથી. આવાં તુગ્રાથી દોરેલા પક્ષીપ્રાણીનાં સ્વરૂપમાં સાધારણરીતે ધાર્મિક સૂત્રો લખાય છે. એમાં પણ મોટે ભાગે 'નાદે અલી'નું સૂત્ર વધુ પ્રચલિત છે, જે મૂળ ચોથા ખલીફા હઝરત અલીની પ્રશંસામાં રચાએલી એક કાવ્યની કડી છે. તેમાં 'અલી'ને સાદ કરવાથી, તેની મદદ યાચવાથી આપત્તિ–વિપત્તિઓ દૂર થઈ જાય છે તે મતલબનું કથન છે. આ ઉપરાંત, હઝરત અલીનું ઉપનામ તેમની બહાદુરીના ઉપલક્ષ્યમાં 'અલ્લાહનો વાઘ' હોઈ તથા તેમના ઘોડા 'દુલ્દુલ'નું પણ તેમની તલવાર 'ઝુલ્ફકાર' જેમ માન હોઈ તુગ્રામાં તે આકૃતિઓ દોરવામાં આવે છે. 'નાદે અલી'ની આફતનિવારણ શક્તિમાં આસ્થા ધરાવતા લોકો આવા તુગ્રાઓની વસ્લીઓને પોતાનાં ઘરમાં સતત નજરે ચડે એવી જગ્યાએ લટકાવતા આવ્યા છે. આ પ્રથાની પ્રાચીનતાનો ખયાલ એ પરથી આવશે કે વિશેષ કરીને દક્ષિણ ભારતમાં—જ્યાં બહ્મની અને તેમના અનુગામી બિજાપુર, ગોવળકોંડા વગેરેની સલ્તનતોમાં હઝરત અલીનું પેગંબર સાહેબ પછી પ્રથમ સ્થાન હોવાની માન્યતા ધરાવતા શીઆપંથી મુસ્લિમોનું વર્ચસ્વ હતું—એ તરફના અમુક કિલ્લાઓ પર આવા તુગ્રામાં આલેખાએલા વાઘવાળા શિલાલેખો જોવા મળે છે.

તુગ્રાનો એક બીજો પ્રકાર પણ છે જેને 'તુગ્રાએ મઅકૂસ' (એ ઉલટાવેલ તુગ્રા) કહે છે. આમાં જમણી બાજુએ આલેખાએલ સીધા લખાણવાળા તુગ્રાનું ડાબી તરફ ઊલટું રૂપ દોરવામાં આવે છે. વસ્લીઓમાં તેમજ દક્ષિણ ભારતના ૧૭મા સૈકાના શિલાલેખોમાં આના નમૂના જોવા મળે છે.

હિંદુસ્તાનમાં તુગ્રાનું આથી પણ વધુ સુંદર અને કલામય કહી શકાય તેવું સ્વરૂપ બંગાળ (પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળને આવરી લેતા પ્રદેશ)ના શિલાલેખોમાં મળે છે. આલેખનદૃષ્ટિએ વિશ્વના બીજા દેશોમાં એનો જોટો નથી એમ બેધડક કહી શકાય. બંગાળના અનામી પણ પ્રતિભાશાળી કલાકારોએ નસ્ખ ને સુલ્સ શૈલીઓના તુગ્રાનાં અનેકવિધ સુંદર રૂપો સર્જ્યાં છે. ગુજરાતના અરબી શિલાલેખોમાં પણ આ કલાવિશેષતા છે ખરી, પણ બંગાળ કરતાં ઓછા પ્રમાણમાં.

આ વિશિષ્ટ શૈલી-સ્વરૂપનું બુનિયાદી લક્ષણ છે તેના તીરની અણી જેવા છેડાવાળા લાંબા ખેંચેલા (elongated) ઊભા સ્ટ્રોકો અને ખેંચેલી કમાન આકારના અર્ધ વર્તુલીય આડા સ્ટ્રોકોનું કૌશલ્યપૂર્ણ નિરૂપણ અને ગૂંથણી. આ તુગ્રામાં ઊભા અને આડા સ્ટ્રોકોની એવી કલાત્મક ગોઠવણ કરવામાં આવી છે કે જોવામાં જાણે એમ લાગે કે આકાશ તરફ તીર ફેંકવા માટે ધનુષ્ય-બાણની એક પંક્તિ ખડી કરી દીધી છે. બંગાળના શિલાલેખોના તુગ્રાની મૂળભૂત લાક્ષણિકતાને અભિલેખજ્ઞાનના વિશારદો (epigraphists) બંગાળની 'તીર-ધનુષ્ય પ્રકાર' (bow and arrow variety) તરીકે ઓળખાવે છે. પછી એમાં સહેજ કુચિત ફેરફાર થઈ તેમાંથી વિભિન્ન લાક્ષણિકતાઓ સરજાઈ: જેમ કે હાથમાં ઉપર ઉઠાવેલા ધ્વજો કે ભાલાઓ લઈ ચાલતી સૈનિક–કતાર, સુંદર કમાનોવાળી જાળીના કઠોડા, કે સીધી જાળીની પશ્ચાદ્ભૂ પર ગોઠવેલા ભારતીય શૈલીના દીવાઓ, કે ફણીધર સર્પો યા હંસલાઓની હાર વગેરે. (આવતા અંકે પૂરું)

પત્રો

બકુલ ત્રિપાઠીની નિર્બંધિકા

મારી પાસે મિત્રોના આવેલા જૂના પત્રો પડ્યા છે: લગ્નની કંકોત્રીઓ છે, નૂતનવર્ષાભિનંદનના પત્રો છે, મિત્રોના ઠપકાના, મુબારકબાદીના, 'કેમ છો?' ના, અને 'શું ચાલે છે?'ના, આવવાના, જવાના, મઝામાં હોવાના, ન હોવાના, દુ:ખના, સુખના, પરણ્યાના, પસ્તાવાના, પ્રેમભર્યા તેમજ રોષભર્યા, અને રિવાજસરના પત્રો પડ્યા છે. વર્ષ પૂરું થઈ ગયું. ફાડી નાખું? મારો જીવ નથી ચાલતો, ઘણા તો ફાડી નાખીશ જ; કેટલાક નહિ. પણ એને ય ક્યાં સુધી સંઘરી રાખીશ?

ગાંધીજીના અન્ય પરના—અને કેટલાક બીજાઓના ગાંધીજી પરના પત્રો ય સંઘરાયા છે, પ્રકટ થયા છે. વિનોબાએ ગાંધીજીને પત્રો લખેલા, ગાંધીજીએ વિનોબાને. એમાંથી વિનોબાએ ગાંધીજીને લખેલા પત્રો મળી આવ્યા છે: ઠીક સંઘરાએલા; પણ ગાંધીજીએ વિનોબાને લખેલા પત્રો... નથી! કારણ વિનોબા કહે છે, 'એ મને મળ્યા એવા જ મેં ફાડી નાખેલા.'

શું કહેવું આ વિનોબાને? ઠપકો આપવાનું મન થઈ આવે એવું છે—એમને. 'અરે ભલા માણસ! ગાંધીજી જેવાના પત્રો તો સાચવવા હતા!' પણ એ રહ્યા વૈરાગી જીવ! માયા સંઘરે જ શાના? અને વિનોબા પાછા છે આનંદી અને રમતિયાળ. પત્રો નહિ સંઘરવા પાછળ સંગ્રહવૃત્તિનો અભાવ, એ વાત તો ખરી, પણ તે ઉપરાંત કાગળો ફાડી નાખવામાં પડતી ગમ્મત માણવાની એમની વૃત્તિ પણ જવાબદાર હોવી જોઈએ, એમ મને લાગે છે.

કાગળો ફાડી નાખવામાં મઝા તો આવે છે. કવિ સુન્દરમ્ પોતે આશ્ચર્યચકિત થઈ ગએલા ને કૅલૅન્ડરની તારીખોનાં પાનાં ફાડવાનો ગૃહરાજ્ઞીનો ઉત્સાહ જોઈને! એમણે લખ્યું છે.

'પંચાંગ-પત્તાં નિત ફાડવાનો
એનો મહોત્સાહ મને વિચારતો
કરી મૂકે—'

ખેર, કાગળ ફાડવાની પ્રવૃત્તિમાં જોનારને ગભરાવી નાખવાનો ગુણ હશે, તો કાગળો ફાડનારને પોતાને આનંદ આવવાનો ગુણ નથી એવું તો નથી જ! કૅલૅન્ડરનાં પાનાં ફાડવાનો પેલી કવિતામાંની ગૃહરાજ્ઞીનો ઉત્સાહ નમૂનારૂપ છે. મેં ઘણા માણસો જોયા છે, જેમને કાગળો ફાડવા ગમે છે. નાનપણમાં તો મને પણ ગમતા, અમને સૌને ગમતા. પણ તે વખતે પૂરતા કાગળ ન મળતા ફાડવા માટે. આજે કાગળો મળે છે-કેટલા બધા! -પણ મન ભીરુ બની ગયું છે; કોઈ અગત્યનો કાગળ ફડાઈ જશે તો?' એવી ચિંતામાં આપણામાંના ઘણા માણસો કાગળોના ઢગલા ભેગા કરે છે: 'કો'ક દિવસ કાંઈક કામ પડે તો?' એવો આશાવાદ પણ ખરો!

પણ જે લોકોમાં કાગળ ફાડવાની હિંમત છે તેઓ કાગળો ફાડવામાં ઘણી મોજ અનુભવે છે. આમ તો, પત્રો ફાડી નાખવા એ વિધ્વંસાત્મક પ્રવૃત્તિ છે; પણ ઘણા લોકો પત્ર વાંચી એના બે, પછી ચાર, પછી આઠ, પછી સોળ—એમ સંભાળથી ટુકડા કરી, નીચા વળી, વેસ્ટપેપર બાસ્કેટમાં એને નાખવાનો વિધિ કોઈ પૂજનવિધિ કરતા હોય એવા ગાંભીર્યથી—અને તૃપ્તિ પણ મળતી જ હશે—કરે છે.

કાગળો કે પત્રો ફાડી નાખવા એ સારું? આ અંગે ચર્ચા ઉપાડો, ગમે ત્યાં; તમને એકબીજાથી ચોકસપણે વિરુદ્ધ એવા જોશીલા અભિપ્રાયો મળી આવવાના. કદાચ આ મૂળભૂત વૃત્તિનો, જીવન પ્રત્યેના અભિગમનો સવાલ છે. પાઠક સાહેબે (રા. વિ. પા. એ) માણસજાતના બે વિભાગ પાડેલા: ટ્રેઇનમાં બારી પાસે હોય ત્યારે ટ્રેઇન જતી હોય એ દિશામાં નજર રાખીને બેસનારા, અને બીજા તે ટ્રેઇન જે દિશામાંથી આવતી હોય તે દિશામાં નજર રાખીને બેસનારા.

પત્રો સંઘરવા એ આશાવાદીપણું કહેવાય કે નિરાશાવાદીપણું? દેખીતીરીતે તો પત્રો સંઘરનારા આશાવાદી લાગે છે; કારણ ભવિષ્યમાં કો'કવાર આ પત્રો કામ આવશે એવી એમના મનમાં આશા હોય છે. પણ વાસ્તવમાં તો એ લોકો નિરાશાવાદી હોય છે,—આ પત્રથી ય અદકા પત્રો ભવિષ્યમાં આવવાના છે, અને માટે આ પત્રો સંઘરી રાખવાની જરૂર નથી એવી ઉજ્જ્વલ આશા એ લોકોને હોતી નથી. દષ્ટિ એમની ભૂતકાળ તરફ હોય છે. સરી જતા વર્તમાનને, સરી ગએલા ભૂતકાળને એ લોકો સાચવી રાખવા મથે છે. જ્યારે પત્રો વાંચીને ફાડી નાખનારો માનવી એ ભવિષ્ય તરફ ઉમંગભેર મુખ રાખીને ઊભેલો લાગે છે. એને ભૂતકાળને ટેબલના ખાનામાં, ફાઇલોમાં, કવરોમાં કેદ કરી રાખવો નથી. જે સરી જઈ રહ્યું છે એને જવા દેવામાં એ માને છે,—વિનોબાજીની જેમ.

બીજા પત્રોનું તો ઠીક, પ્રેમપત્રો તો ન જ સંઘરી રાખવા જોઇએ. પ્રેમની પ્રકૃતિ, ઘણુંખરું, અર્થશાસ્ત્રમાં આવતા 'ઝડપથી વધતા જતા ઉત્પાદન, સ્થિર ઉત્પાદન, અને પછી ધીમેધીમે પ્રલંબિત ગતિએ ઘટતા જતા ઉત્પાદન'ના ગ્રાફ જેવી હોય છે. પ્રેમ મોટે ભાગે અમુક ઝડપથી આવી જતા તબક્કા પછી તો ઘટતો જ જતો હોય છે, એવું આસપાસ જોતાં લાગે છે. આ સંજોગોમાં પ્રેમના પત્રો સંઘરવા એટલે ભૂતકાળને સંભારીને દુ:ખી થવું—અને ફરીથી પ્રેમમાં પડવા જેટલો ઉત્સાહ અને મૂર્ખાઈ ભેગાં કરવા માટે અશક્તિ કેળવવી! અને સંઘરવા જ હોય, તો પ્રેમપત્રો સ્થૂલ કાગળ રૂપે સંઘરવાને બદલે, સ્મૃતિ રૂપે જ સંઘરવા, એટલે સમય જતાં, ઉમરની જરૂરિયાત પ્રમાણે એનું સંગૃહીત સ્વરૂપ બદલાતું તો જાય! આ ફાયદો મોટો છે. આપણી સ્મૃતિ એ કૉમ્યુનિસ્ટ દેશના ઇતિહાસ જેવી છે: હુકમ થાય તે પ્રમાણે, તેસમયે સમયે ઇતિહાસ બદલાયા કરે!

અને આ વાત મંજૂર ન રાખો, તો એક વાત તો ચોકસ;—નાટકની નાયિકાએ તો પ્રેમપત્રો ન જ સંઘરવા; કારણ, બીજા અંકમાં કાં તો એ પત્રો પતિના હાથમાં જવાના અને એ ગાંડિયો ગુસ્સે થવાનો; અથવા ખલનાયકના હાથમાં જવાના, અને એ દુષ્ટ બ્લૅકમેઈલ કરવાનો. (કેટલીક વાર આપણા જૂના પ્રેમપત્રો આપણા હાથમાં આવે છે ત્યારે આપણે આપણને ય બ્લૅકમેઈલ કરીએ છીએ.) નાટકમાં તો, આમ છતાં ય, ઘણુંખરું, નાયિકાઓ પ્રેમપત્રો તથા બીજી ચિઠ્ઠીઓ સંઘરે છે જ—અને રખડતી પણ મૂકે છે. જૂના પત્રો સંઘરાય નહિ તો નાટકનો સંસાર ન ચાલે! અને એ પણ એટલું જ ખરું છે કે જૂના પત્રો ફાડતા ન રહીએ તો આપણો જીવનસંસાર ન ચાલે. દરેક બાળક એ સૃષ્ટિ પરનો ઇશ્વરનો પ્રેમપત્ર છે; પણ શાણો ઈશ્વરે ય પાંચસાત દાયકાને અંતે એ પત્રને...

મઘમઘતો મોગરો

અમીલાલ ઢાંકી



ઘરઆંગણે ક્યારો નહિ તો એકાદ બે કૂંડાંમાં કે છેવટ બારસાખે ઝળુંબતી વેલ પર મોગરાના છોડ કે જૂઈ-જાઈની વેલ પર ખીલેલાં ફૂલ ને એની આછી મીઠી સુગંધનો અનુભવ એ રોજિંદી જીવન ઘરેડમાં એક આહ્લાદક લહાવો છે. આ નીચે આપેલી એની વિવિધ જાતો, પૈકી તમને મનપસંદ જાતને સૂચના મુજબ ઘેર ઉછેરીને તમે પણ એ લહાવો લઈ શકો. મોગરાને અંગ્રેજીમાં જૅસ્મીન કહે છે, જે નામ મૂળ ફારસી યાસ્મીન પરથી આવ્યું છે. પણ આ વર્ગનાં ફૂલ મૂળ ભારતનાં મનાય છે. ઉત્તર પ્રદેશમાં એની અનેક જાત જોવા મળે છે. મહાબળેશ્વરનાં જંગલોમાંથી ઉનાળામાં મહેકતી એની સૌરભથી આકર્ષાઈને સ્પેઈનના વહાણવટીઓ ઈ. ૧૫૬૦માં એના છોડ યુરોપ લઈ ગયા એમ કહેવાય છે. આજે તો ત્યાં એનો વ્યવસ્થિત ઉછેર અને મોટે પાયે વ્યાપારિક ઉપયોગ થાય છે. મોગરો, બટમોગરો, લવારો, જામસાહી, જાઈ, જૂઈ, ચમેલી વગેરે આ વર્ગનાં જ પુષ્પો છે. જેમાં ડોલર, મોગરો, બટમોગરો, મદનબાણ (જામસાહી), કુંદ, કાગડા, લવારો, નેવારી વગેરેના છોડ તથા જૂઈ, જાઈ, ચમેલી વગેરેની વેલ થાય છે. નીચે એમાંનાં કેટલાંકની પ્રાથમિક લાક્ષણિકતા આપી છે.

'ભૂંગળીયો ડોલર' એ ઘેરાં લીલાં પાનવાળો છોડ છે જેની ડાળે એકેક છૂટું ત્રણ હારમાં પાંખડીવાળું ભરાવદાર ને સુવાસિત સફેદ ફૂલ બેસે છે. 'ડોલર'નાં પાન ઘેરાં લીલાં હોય છે.

'બટમોગરા'નાં પાન ઘેરાં લીલાં જ, પણ એ ત્રણત્રણ પાનની વચ્ચે નાના ગુલાબ જેવડું ભરાવદાર મીઠી સુગંધભર્યું ફૂલ હોય છે.

'કુંદ'નાં પાન અણિયાળાં લીલાં. ફૂલ લાંબી પાંખડીવાળું ને નીચેથી જાંબુડી ઝાંયવાળું.

'કાગડા'નાં પાન ઘાટાં લીલાં ને ફૂલ અણીદાર લાંબી પાંખડીવાળાં સુવાસિત.

'જામસાહી' (મદનબાણ)નાં પાન પીળાશ પડતાં ને ટૂંકાં. ફૂલની કળીઓ લાંબી ને ઝૂમખામાં ખીલે ત્યારે સુવાસિત.

'લવારા'નાં પાન પીળાશ પડતાં ટૂંકાં, પાતળાં ને ગીચોગીચ; ફૂલની પાંખડીઓ ઝીણી.

'નેવારી'નાં પાન લાંબાં ને લીલાં. ફૂલ લાંબી ને જાડી પાંખડીનું સુવાસિત.

'વીલીઆ મોગરા'ની ત્રણત્રણ પાનનાં ઝૂમખાંવાળી વેલ તો ઘણે ઊંચે સુધી વધે છે ને તેના પર અસંખ્ય સુવાસિત ફૂલ બેસે છે. વગડામાં આ વેલો મોટાં વૃક્ષ પર પણ ચડેલી જોવા મળે છે.

'જાઈ'ની વેલને ઘાટાં પાનવાળી સંખ્યાબંધ ડાળીઓ ફૂટે છે જેના પર ઝીણી પાંખડીવાળાં અસંખ્ય સુવાસિત ફૂલો ખીલે છે.

'જૂઈ'નાં ફૂલ જાઈ કરતાં સહેજ મોટાં હોય છે. ચમકતાં લીલાં પાન પર કાયમ ટમટમતા તારા જેવાં એનાં ફૂલનાં ઝૂમખાં સુગંધ સાથે સુંદર દેખાવ આપે છે.

'ચમેલી'ની ડાળીઓ સીધી ફૂટે છે, જેના પર ઘેરાં લીલાં અણીદાર પાન વચ્ચે સફેદ રંગનાં સુવાસિત ફૂલો ખીલે છે. આની એક પીળી જાત પણ છે પરંતુ એમાં સુગંધ હોતી નથી.

ગરમ પ્રદેશની છેલાણ કે ખારચ જમીન સિવાયની બધી જમીનમાં આ ફૂલો ઊછરે છે. રેતીવાળી જમીનમાં આવા છોડ સરળતાથી વધે છે. પથરાળ જમીનમાં એનાં મૂળ સમાંતર પથરાય છે. વૈશાખમાં રોહિણી નક્ષત્રમાં તળપાણી વધે ત્યારે આ છોડમાં નવજીવન પ્રકટે છે ને વર્ષા બાદ ઠંડીમાં એનો વિકાસ થંભી જાય છે.

વસંત બેસતાં સૂકી ડાળીઓ કાપી, ગોડ કરી, ગળતિયું ખાતર આપી, પાણી શરૂ કરતાં છોડ ઉપર નવી ફૂટ આવીને કળીઓ બેસવા માંડે છે. યૂરિયા, સુપર ફૉસ્ફેટ અને સલ્ફેટ ઑવ પોટાશનું પ્રમાણસર મિશ્રણ કરી પૂરક ખાતર આપવાથી એનો સારો વિકાસ સધાય છે. આ ઉપરાંત, એના વર્ધન માટે વર્ષાના આરંભમાં એકાદ વર્ષની ડાળીના એક એક ફૂટની કલમ કરી ક્યારામાં ફૂટ ફૂટને અંતરે રોપી હોય તો તેમાં યે મૂળ આવી નવાં પાનડાળ ફૂટે છે.

દાબકલમથી પણ એનું વર્ધન થઈ શકે. એ માટે વર્ષાના આરંભમાં છોડની અર્ધપાક્ટ ડાળને વાળીને જમીનમાં દબાય એટલા- એટલે કે બેત્રણ ઈંચના એના ગાળા પરથી છાલ ઉખેડી એ ભાગ પર શેરોડિન 'બી' પાઉડર લગાડી તેને જમીનમાં દાટવો. ઉપર માટી વાળી પથ્થરનું વજન મૂકવું. ત્રણેક માસમાં એને મૂળ ફૂટે એ પછી આ ડાળને અસલ છોડથી કાપીને અલગ પાડી દેવી.

વેલીની કલમ કરવા છેડેથી એકાદ મીટર જેટલો ભાગ જતો કરી વચ્ચેના ભાગનું ગૂંચળું વાળી જમીનમાં કે કૂંડામાં દબાવી દેવું. ત્રણેક મહિને મૂળ ફૂટે ત્યારે મૂળ વેલથી એને છૂટું પાડી દેવું. વળી, દરેક વેલને થડ પાસે ફૂટ થાય છે એ ફૂટ પણ છૂટી પાડી જમીન કે કૂંડાંમાં વાળીને નવી વેલ કરી શકાય છે.

દેવપૂજા, હાર-ગજરા કે વેણીમાં વાપરવા ઉપરાંત આ ફૂલોનું માથામાં નાખવાનું 'મોગરેલ' તેલ પણ બને છે. 'જૅસ્મીન' નામ સાથે બજારમાં એની અનેક અવનવી બનાવટો મળે છે તેમાં યે મોગરા ને એના વર્ગનાં ફૂલોનો બહોળો ઉપયોગ થાય છે. તમીળનાડુમાં 'મુલાઇ' નામથી એનું વ્યાપારી ધોરણે વાવેતર થાય છે, તેમાં એકએક છોડ પર એપ્રિલથી ઑક્ટોબર સુધીમાં બબ્બે કિલોગ્રામ જેટલો ફૂલનો ફાલ ઊતરે છે. ને એક એકરે ત્રણ-ચાર હજાર રૂપિયાની આવક થાય છે. મૈસૂરમાં ફ્રાંસથી મંગાવેલા જૅસ્મીનના છોડનું બહોળું વાવેતર થાય છે, જેનો ફાલ અર્ક તથા સેન્ટ બનાવવામાં વપરાય છે. આમ, મોગરો ને તેના વર્ગની અન્ય જાતનું વાવેતર આર્થિક દૃષ્ટિએ લાભદાયી પુરવાર થયું છે. □



પ્રા. કનુભાઈ જાનીની પ્રાસાદિક અને પ્રસન્નકર કલમે લખાતી આવતી ગ્રીક નાટકોની કથામાળામાં હવે જેનાં વાર્તાંતર રજૂ થવાનાં છે તે, ગ્રીક ટ્રૅજેડીઓમાંની એકમાત્ર અખંડ નાટ્યત્રયી

એસ્કિલસ કૃત ઓરેસ્ટિયાનો ટૂંકો પરિચય



ટ્રૉય પર કૂચ▷

રાજા વાવ ગળાવે છે, ઊંડે ને ઊંડે સુધી સતત ખોદાણ થાય છે—

'તો ય ન નીકળ્યાં નીર મારા વાલા!'

હવે? જાણતલ જોષીએ રાજાને ઉપાય બતાવ્યો:

'દીકરો ને વહુ પધરાવો મારા વાલા!'

અને જેવો એ દૂધમલ જુવાન પહેલે પગથિયે, બીજે, ત્રીજે...એમ ઊતરતો ગયો કે પાણી ચડતું ગયું ને વાવ છલકાઈ ઊઠી!

આવાં કથાગીતો આપણા લોકસાહિત્યમાં અનેક છે. પણ પછી? કથા ચૂપ રહે છે. બલિ ચડનાર ને ચડાવનારની, એ નીરખનાર ને સાંભળનારની, એ નીરમાં પગ ઝબોળનાર ને પીનારની સંવેદના પર સંવરણ રહે છે. ત્યાં સુધી કોઈ કવિ જાય તો હત્યા કરનાર, પામનાર, ને નિષ્પન્ન કરનારની એનાં પરિણામરૂપ વ્યક્તિ-સમાજનાં અનેક સંવેદનો, બળાબળો, વ્યથો, મૂલ્યો, ક્રિયાપ્રક્રિયાઓ, આઘાત-પ્રત્યાઘાતો, બધાંની નાટ્યગર્ભ મહાકથા સર્જાય. એવી કથા સંકુલ છતાં સમીક્ષાભરી બને. પહેલી નજરે એ હત્યાની કે બદલાની કથા લાગે; ઊંડેથી અનુભવતાં એ આ બધાં બળાબળોની તોલનકથા લાગે. 'ઓરેસ્ટિયા' એવી છે.

ગ્રીક ટ્રૅજેડીઓમાંની એ એકમાત્ર અખંડ નાટ્યત્રયી છે એટલી જ એની મહત્તા નથી. એના લેખકના અંતિમ કાળે-મૃત્યુ પહેલાં બે વર્ષે લખેલી, એના સમગ્ર જીવનદર્શનને સફળ રીતે પ્રગટાવતી એ કૃતિ છે. એ ત્રણ રચનાઓના બનેલી છે: 'ઍગામેમ્નોન', 'કોએફોરી', (અથવા 'લાયબેશન-બેરર્સ') અને 'યૂમેનાઈડ્ઝ'. આ ત્રણેમાં એક ગુનાનો ગુણાકાર થતો બતાવ્યો છે.

ભાભી પ્રત્યે દુરાચરણ કરનાર થીસ્ટસ પર એના ભાઈ ઍટ્રિયસને એવી ઝાંઝ ચડે છે કે એને એના પુત્રો સાથે એ નગર બહાર તગડી મૂકી, રઝળતા કરી મૂક્યાથી યે સંતોષાતો નથી; એ શરણાગતિ યાચતો જ્યારે પાછો આવે છે ત્યારે એને છેતરીને, શરણ આપવાનો-માફ કરવાનો-સ્નેહ બાંધવાનો ડૉળ કરીને, ભોજનસમારંભ યોજી, એના જ પુત્રોનો વધ કરી, એનું આમીષ રાંધી ઍટ્રિયસ થીસ્ટસને પીરસે છે! પરિણામે, થીસ્ટસ વેર વાળવાની પ્રતિજ્ઞા લઈ, એના એકમાત્ર બચેલા પુત્ર ઇજિસ્થસ સાથે, આર્ગોસથી નાસી છૂટે છે.

પૅપ્લૉસ વંશના આ બન્ને ભાઈઓની સંતતિમાં પણ વેરનો આ વારસો ઊતરી આવે છે. ઍટ્રિયસના બે પુત્રો ઍગામેમ્નોન અને મૅનેલૉસ આર્ગોસમાં રાજ્ય કરતા હોય છે એ દરમિયાન, અતિથિ બનીને આવેલો ટ્રૉયનો પારિસ મૅનેલૉસની સુંદર પત્ની હેલનનું હરણ કરી જાય છે. તેને પાછી મેળવવા ને ટ્રોય જીતવા આ બન્ને ભાઈઓ (ઍગામેમ્નોન અને મૅનેલૉસ) લશ્કર લઈને ઊપડે છે. ઑલિસ આગળ દરિયાઈ તોફાન નડે છે. 'જાણતલ જોષી' જેવો કેલ્કસ કહે છે: 'આ તો દરિયાઈ દેવી આર્ટેમીસનો કોપ.' રાજા પૂછે છે: 'કોઈ ઉપાય?' જોષી કહે છે: 'હા; પણ કપરો છે.' 'શો?' 'બત્રીસલક્ષણી કોઈ કુમારિકાનું બલિદાન અપાય તો દેવીનો કોપ શમે.' રાજા બીજા કોને કહેવા જાય? પોતાની જ પુત્રી ઇફીજીનિયાને સ્વહસ્તે વધેરે છે. લશ્કર દરિયો પાર કરી ટ્રૉય પહોંચે છે. ટ્રૉય પડે ને ઍગામેમ્નોન જીતે કે તરત એ સંદેશસૂચક મોટું તાપણું પાસેની ટેકરી પર કરવું, ને પછીના આંતરે-આંતરે આવેલા ટાપુઓની ટેકરીઓ પર પણ તરત એ સંદેશ-સંકેત ઝીલી, તાપણાંની હાર એક પછી એક પ્રગટતી જાય જેથી આખરે આર્ગોસમાં એ સંદેશ પહોંચે એવી વ્યવસ્થા કરી રાખી છે. ટ્રૉયને ઘેરો ઘાલીને ઍગામેમ્નોનનું લશ્કર પડે છે. યુદ્ધ સતત દસ વર્ષ ચાલે છે.

એ દરમિયાન પેલા થીસ્ટસનો પુત્ર ઇજિસ્થસ આર્ગોસમાં પ્રવેશે છે. એને તો પિતાનું વેર લેવું છે. ક્લાઇટેમ્નેસ્ટ્રા ત્યાં એકલી છે. પુત્રી ઇફીજીનિયાનું બલિદાન ઍગામેમ્નોને આપ્યું તેથી પતિ પર એ અતિ ક્રુદ્ધ છે. આ બન્નેને સારો મેળ ખાય છે. એથી વિજિત રાજાની પુત્રી કાસાન્ડ્રા સાથે પાછા ફરેલા રાજા ઍગામેમ્નોન ને કાસાન્ડ્રા બન્નેનું ખૂન ક્લાઇટેમ્નેસ્ટ્રા કરે છે. કેવી રીતે, તે પ્રથમ રચના 'ઍગામેમ્નોન'નો વિષય છે.

હવે ઍપોલોનો પ્રેરાયો ઍગામેમ્નોનનો પુત્ર ઓરેસ્ટસ પિતૃહત્યાનું તર્પણ કરવા, પોતાના જ મૃત્યુના ખબર લાવનાર દૂતને વેશે આર્ગોસમાં પ્રવેશી, બહેન ઇલેક્ટ્રાની સહાયથી, ક્લાઇટેમ્નેસ્ટ્રા તથા ઇજિસ્થસને પૂરાં કરે છે. છતાં માતૃહત્યાનો વિચાર એને કોરી ખાય છે: જાણે એના કૃત્યથી કોપદેવીઓનો એ દોષિત ઠર્યો છે, કોપદેવીઓ જાણે એની પાછળ પડી છે. એ આર્ગોસમાં સુખે રહી શકતો નથી. ભાગે છે. એ આર્ગોસમાં આવ્યો અને ગયો-એ વચમાંની ઘટનાઓ તે બીજી કૃતિ 'કોએફોરી'-('લાયબેશન-બેરર્સ'-પિતૃશ્રાદ્ધ)નો વિષય છે.

એ ઍપોલોને શરણે જાય છે. છતાં ત્યાં ય કોપદેવીઓ એને છોડતી નથી. ત્યાંથી નાસીને એ ઍથેન્સમાં દેવી ઍથેનાને શરણે જાય છે. ત્યાં ઍપોલો અને ફ્યૂરીઝ (કોપદેવીઓ) બન્ને ઍથેનાને ન્યાય આપવા વીનવે છે. ઍથેના જાતે ન્યાય કરવાને બદલે એક સમિતિ નીમે છે-જ્યૂરર્સની. એ આ કામ ચલાવે છે. અંતે જ્યૂરર્સ મતદાન વખતે સરખે ભાગે વહેંચાઈ જતાં, ઍથેના ઓરેસ્ટસને પક્ષે નિર્ણાયક મત આપી એને દોષમુક્ત કરે છે. આ ત્રીજી રચના 'યૂમેનાઈડ્ઝ'નો વિષય છે. એ, જગતનું પહેલું અદાલતી નાટક છે.

ઝીણી નજરે જોનારને આ લાગશે ઓરેસ્ટસના પરિભ્રમણના સૂત્રે સંકળાએલી કથા. પહેલી કૃતિમાં એના પિતાની હત્યા એની માતા કપટથી કરે છે ત્યાં ઓરેસ્ટસ નથી, એ એનો દોષ! પણ આ કપટના એક ભાગ રૂપે જ એને બહાર કાઢી મૂકવામાં આવ્યો છે. પછી ઍપોલો જાતે જ એને બદલો લેવા પ્રેરે છે, તો ય ગણાય છે એનો જ દોષ! એના કૃત્યનો બદલો લેવા એની સામે કોઈ માનવ પડતું નથી ત્યાં કોપદેવીઓ પડે છે! એને મુક્ત કરવાનું પણ માનવોના હાથમાં હવે નથી રહેતું—એ ન્યાય પણ અંતરતમનું પ્રેરકચાલક તત્ત્વ જ તોળે.

પહેલી નજરે હત્યાની લાગતી આ કથાને, વ્યક્તિ ને સમાજમાં હિંસા, વેરનાં બળોના વ્યાપનિર્વ્યાપની સમીક્ષા કરતી કથામાં એ- (અનુ. પૃ.૪૦૩)

વીરસ્મૃતિનો અને વીરપૂજાનો એક પ્રકાર

ગોવર્ધન

પાળિયાપૂર્તિ

લેખક
મણિભાઈ વોરા

ફોટો
નરોત્તમ પલાણ

પશ્ચિમ ભારતમાં—વિશેષ કરીને પશ્ચિમ રાજપૂતાના ને સૌરાષ્ટ્રમાં, જ્યાં કૃષ્ણભક્તિનો પ્રચાર સારી રીતે થયો હતો તથા પશુપાલક પ્રજામાં 'ગોસેવા' કંઈક વિશેષ ધર્મ મનાયો હતો ત્યાં, એ ધર્મનું કાર્ય કરનાર પુરુષ અથવા દંપતીના ચતુષ્કોણ કીર્તિસ્તંભો ઊભા કરવાનો રિવાજ હતો. લગભગ પ્રતિહાર યુગથી આવાં સ્મારકો મુકાવાં શરૂ થએલાં જેને 'ગોવર્ધન' નામથી ઓળખવામાં આવે છે. આ 'ગોવર્ધન' એ પાળિયાને મળતો એક પ્રકારનો સ્મારક સ્તંભ છે.

સંપૂર્ણ ચોરસ એવા આ સ્તંભનો ઉપરનો ભાગ મંદિરના શિખર જેવો રહેતો અને ચારે દિશાની તકતીઓમાં સૂર્ય, વિષ્ણુ, શિવ તથા બ્રહ્માની આકૃતિઓ કોતરાતી. કોઈ સ્થળે એ ચાર પૈકી કોઈ એકને બદલે ગણેશ પણ મુકાતા. ગણેશવાળી તકતીમાં શિવલિંગનું શિલ્પ પણ જોવા મળે છે. મોટે ભાગે આવી તકતીઓમાંની કોઈ એકની નીચે શિલાલેખ આવેલો હોય છે, તો કોઈ સ્થળે લેખ વિનાનો ગોવર્ધન પોતાની એક બાજુએ કોઈ વીરપુરુષનું (ભિન્ન ભિન્ન અદાવાળું) શિલ્પ ધરાવતો પણ જોવા મળે છે. કોઈ સ્તંભ પર ગોવર્ધનધર શ્રી કૃષ્ણનું અંકન પર થએલું હોય છે, જે ગોરક્ષા સાથેનો સંબંધ સ્પષ્ટ કરે છે. આવા ગોવર્ધનો ગોરક્ષા કાજે વીરગતિ પામનાર વ્યક્તિ પાછળ તેમજ ગોઅર્થે વાવ-કૂવા-તળાવ બંધાવી આપનાર દંપતીના સ્મારક તરીકે ઊભા થએલા જણાય છે.

મરુદેશ (પશ્ચિમ રાજસ્થાન)ના; ઈસુની ત્રીજી સદીથી બારમી સદી પર્યંતના (જે સમયમાં કૃષ્ણભક્તિનો સારો પ્રવાહ હતો) ગોવર્ધન-અવશેષો બિકાનેર, અજમેર, ઉદયપુર આદિનાં સંગ્રહસ્થાનોમાં આવેલા છે. આ જ સમયથી ભારતીય મૂર્તિકલામાં ગોવર્ધન કૃષ્ણની પ્રતિમાના સગડ વરતાય છે. બિકાનેર રંગમહલમાં ત્રીજી સદીનો ગોવર્ધન છે, જેમાં ગોવર્ધનધર આવેલા છે. મંડોરના વિશાળ સ્તંભ પર સાત ફૂટ ઊંચે ગુપ્તકાલીન શિલ્પમાં શ્રી કૃષ્ણની લીલા ઉતારવામાં આવી છે. જેસલમેરના પ્રાચીન લોદ્રવાના સ્તંભથી જાણ થાય છે કે 'સંવત ૯૭૦ જ્યેષ્ઠ શુકલ ૧૫ના રોજ ક્ષત્રિય વંશોત્પન્ન રામધરના પુત્ર ભદ્રકે ગોવર્ધન-પ્રતિષ્ઠા કરી.' નાગોર જિલ્લામાંથી બારમી સદીના ગોવર્ધનો મળ્યા છે, તેમ પોકરણ-ફલોદીના બાલકનાથ મંદિરની બહાર અગિયારમી સદીના બે ચોકોર ગોવર્ધનો આવેલા છે. આ ગોવર્ધનોમાં 'ગુહિલ વંશી રાજા ગાયોની રક્ષા કરતાં સદ્ગતિ પામ્યા'ના ઉલ્લેખો છે. અભિલેખોમાં સૂર્યવંદના કરી છે. ઉપર ફલકમાં કવચધારી સૂર્ય, આલિંગન મુદ્રામાં શિવપાર્વતી તથા ગણેશ અને વિષ્ણુ આવેલા છે. પ્રતિહાર યુગમાં આવા 'ગોવર્ધન' લોકપ્રિય હતા.





બરડા ડુંગરમાં
સોન-કંસારી મંદિરોમાં
૧૪મી સદીનો
એક લાક્ષણિક
ગોવર્ધન

નીચે
પ્રભાસપાટણમાં
ભાલકાતીર્થના કુંડમાંનો
૧૧મી સદીનો ગોવર્ધન

આપણે ત્યાં ગુજરાત-સૌરાષ્ટ્રમાં ૧૧મી સદીથી ગોવર્ધનો મળે છે. પ્રભાસપાટણના ભાલકા તીર્થમાં આવેલા કુંડ મધ્યે જ એક સુંદર ગોવર્ધન ઊભેલો છે, જે ૧૧મી સદીનો હોવા સંભવ છે. આ ગોવર્ધનમાં ઉપર શિખરને સ્થાને બેઠેલો નંદી કોતરાએલો છે. તથા બાજુના ફલકમાં પાતાળમાં બાણ મારી ગંગા જન્માવતા વીર પુરુષનું અંકન છે.

બરડા ડુંગરમાં સોન કંસારી મંદિરસમૂહમાં, ૧૪મી સદીના બે સુંદર ગોવર્ધનો છે. આ ગોવર્ધનમાંથી એકમાં નીચે અભિલેખ છે, ઉપર હાથ જોડી ઊભેલા વીર પુરુષનું શિલ્પ છે તથા બીજા ફલકમાં સંપૂર્ણ સાજવાળા અશ્વની આકૃતિ નજરે આવે છે. આ સમયની વેશભૂષા લક્ષ દોરે તેવી છે.

ગોરક્ષા અર્થે કાર્ય કરનાર તેમજ વીર ગતિ પામનારના આ કીર્તિસ્તંભો—સામાન્ય પાળિયાના આકારના પણ સારા પથ્થરમાં કોતરેલા તેમજ નીચે લેખવાળા—સૌરાષ્ટ્રમાં મંડાર, વીસાવાડા વગેરે સ્થળે જોવા મળે છે. આવા કીર્તિસ્તંભોને મોટે ભાગે છત્રી બનાવી તેમાં મૂકેલા જણાય છે. ઓડદર, સોરિયાજ વગેરે સ્થળે ખુલ્લામાં પણ આવેલા છે.

દેવલી, ગોવર્ધન, પાળિયા (પાદચિહ્ન) પૂજવાની પ્રથા આપણે ત્યાં મહત્ત્વપૂર્ણ છે. દક્ષિણમાં 'વીરગળ' નામે પૂજાતા પૂર્વજો આપણે ત્યાં આવાં અનેક પ્રતીકોથી પૂજાઅર્ચના પામે છે. ગોવર્ધન એ વીરસ્મૃતિનો અને વીરપૂજાનો જ એક પ્રકાર છે.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર
રાવળનું
આત્મકથાનક
૧૧૪



૫૭૪
બાલુભાઈ ભટ્ટ

હું જ્યાંત્યાં સ્વયંસ્ફૂર્તિવાળા યુવાનોનો પરિચય સાધતો. મને ધંધાર્થી કામમાં ઘણી તસ્વીરોમાં બ્રોમાઈડ ઍન્લાર્જમેન્ટ (મોટી ફોટો છબિઓ) પર તૈલચિત્ર કરવાનું કામ મળતું. તે માટેનાં ઍન્લાર્જમેન્ટ હું બજારના ફોટો-સ્ટુડિયોમાં કરાવી લેતો. એવામાં મને એક જુવાન ચિત્રશિક્ષક મળ્યા. તે ભાઈ ઘર આગળ ડાર્ક રૂમ (અંધાર-ઓરડી) બનાવી નૅગેટિવો કરવાનું કામ કરતા. તે ઓરડીમાં બારી કરી, કૅમેરા અંદર ગોઠવી, બહારના પ્રકાશ તરફ નૅગેટિવ રાખી અંદર જોઈએ તે માપની મોટી છબિ કરી લેતા. તેથી ફોટોગ્રાફી સસ્તી પડતી. મોટાં ચિત્રોને રસાયણમાં પાકાં કરવા માટેની તથા ધોવાની રકાબીઓ પણ ટીનનાં પતરાંની કરાવી હતી. ઓરડીને ચારે તરફથી લાકડાની પટ્ટીઓવાળા પડદા ઉપર પૂઠાં ચોડી સંપૂર્ણ અંધારી કરી દીધી હતી. (એ વખતે હજી પ્રીપ્લાઈ બોર્ડ બજારમાં આવ્યાં નહોતાં.) આ રીતે ઘર આગળ એ કામ થઈ શકે તે મેં જાણ્યું.

અત્યાર સુધી હું માત્ર રાત્રે જ દીવાબત્તી બંધ કરી લાલ બત્તી આગળ મારી નૅગેટિવો બનાવી લેતો. મારી પાસે ત્રણગણી લંબાય એવી ધમણવાળો સારો સૅન્ડરસન કૅમેરા હતો જ, એટલે બહુ થોડા ખર્ચે મેં ચૉક પાસેના મેડા નીચે સુથારની મદદથી ડાર્ક રૂમ બનાવી લીધી અને મારું ફોટોગ્રાફી કામ પણ વધવા માંડ્યું.

મારે ત્યાં રાત-દિવસ પોતાના ઘરની જેમ જ છૂટથી હરતાફરતા બાલુભાઈ (બળવંત) ભટ્ટને આ કામમાં રસ પડ્યો. એમણે ડાર્કરૂમમાં મારી સાથે સાધનોની આપ-લે કરતાં ફોટોગ્રાફીનાં તત્ત્વો સમજી લીધાં ને થોડા વખતમાં તો મારા કૅમેરાથી છબિઓ લેતાં પણ શીખી ગયા. પોતાની શાળામાં એ ઊંચો નંબર રાખતા. બુદ્ધિમાં પણ ચપળ અને ઘરમાં સૌથી નાના પુત્ર હોવાથી માતાપિતા પણ લાડ લડાવતાં. તેનામાં વિવિધ શૉખ-સંસ્કાર અને આવડત ખીલતાં જોઈ તેના પિતા મારા પ્રતિ બહુ જ માયા અને સદ્‌ભાવ બતાવતા.

૫૭૫ જીવણરામભાઈ વકીલ

બાલુભાઇને લીધે તેના પિતાશ્રી જીવણરામભાઈ વખતોવખત મારે ત્યાં સહેજે આવ-જા કરતા અને મારી સાથે વિવિધ વાર્તાલાપ કરતા. તેઓ એ કાળના અમદાવાદના સુપ્રસિદ્ધ વકીલોમાં ગણાતા. ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તેમની ઑફિસ હતી અને તેમના વચલા (બાલુભાઈથી મોટા) પુત્ર શ્રી લલ્લુભાઈ બી.એ. થઇને એલએલ. બી.નો અભ્યાસ કરતા હતા. તે પણ પિતા જેવી જ ચકોર બુદ્ધિવાળા હતા અને સૌને પૂરી ખાતરી હતી કે પિતાનો ધંધો તે સંભાળી લેશે. સૌથી મોટા કેશુભાઈ (કેશવલાલ) મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતા હતા. એ ઘણે ભાગે અભ્યાસમાં શિથિલ હતા, પણ ધંધાની અને ચિકિત્સાની વાતોમાં ખૂબ રસ ધરાવતા અને તેનાં પુસ્તકો પણ ભેગાં કરતા. આ સિવાય કુટુંબમાં જીવણરામભાઈના મોટા ભાઇને લકવો થએલો તે પણ સાથે રહેતા. પાછળથી નાના ભાઇ તુળજાશંકર વિધુર થતાં તે પણ સાથે આવીને રહ્યા હતા.

હું બાઉવા પોળમાં રહેવા આવ્યો તે જ અરસામાં જીવણરામભાઈએ પણ કોઠારી પોળનું નાનું મકાન ફેરવી રાયપુરમાં જ મકેરીવાડમાં મોટું મકાન લીધું અને તેમાં મોટા કુટુંબને છૂટથી સમાવી દીધું. ત્યાં ફળિયું પણ હતું. તેઓ સંસ્કૃત સારું જાણતા. દ્વારકાની ગાદી માટે ગાયકવાડ સરકાર સામે લડત કરતા શંકરાચાર્ય રાજરાજેશ્વરાનંદજીના એ ખાસ વકીલ હતા. એ કેસનાં ગાડાં ભરાય એટલા કાગળો તો થઈ ગયા હતા. પ્રશસ્ય વાત તો એ હતી કે જીવણરામભાઈ ધર્મબુદ્ધિથી જ વિના મૂલ્યે શંકરાચાર્યનો કેસ લડતા હતા.

મોકળાશવાળું ઘર અને ફળી મળ્યાં એટલે જીવણરામભાઈનો બીજો નાદ પ્રકટ થયો. તે હવે કોઈ વૈદ્ય મિત્રની સહાયથી વૈદ્યકના ગ્રંથોના પાઠ પ્રમાણે શુદ્ધ કીમતી ભસ્મો બનાવવા લાગ્યા. એની ભઠ્ઠી આંગણામાં જ નાખતા. મને મળે ત્યારે એમના પ્રયત્નો અને સિદ્ધિઓની વાતો કરતાં થાકે જ નહિ.

મારો દમનો વ્યાધિ મટાડવા તેમણે મારે માટે ભીલામાનો પ્રયોગ મારી પાસે કરાવ્યો. રોજ બે ભીલામા ઘીમાં તળી એ બધા ઘીનો શીરો ખાઈ જવાનો. મેં તેમના પરની શ્રદ્ધાથી પ્રયોગ તો કર્યો, પણ






જીવણરામભાઈ વકીલ અને તેમના પુત્ર બાલુભાઈ] **પિતાપુત્રની બે જોડી** [મોહનલાલ ત્રવાડી અને તેમના પુત્ર નાનુભાઈ

આઠે દિવસે મારા શરીર પર શીળસ જેવાં ચાઠાં નીકળી આવ્યાં. જીવણરામભાઈ જરા ચિંતામાં પડ્યા, પણ તરત ગ્રંથ જોઈ કોપરા અને કોથમીરનો લેપ ચોળવા માટે કરી આપ્યો અને એથી શાંતિ થઈ ગઈ. આમ એ મારા પરમ હિતસ્વી અને સ્નેહી બની રહ્યા હતા. જ્યારે પણ તેમને મળવા જાઉં ત્યારે પલાંઠી મારી સઘડી પાસે કે સ્ટવ પાસે બેસી, પોતે જાતે ચા બનાવી સાથે પીએ. જ્યારે-ત્યારે કહે: 'બાલુના પર તમે જાદુ કર્યું છે. ઘરમાં ટકતો જ નથી.' એમ કહી બાલુભાઈના સંબંધ માટે, તેના ભવિષ્ય માટે મારી સાથે છૂટથી ચર્ચા કરતા. એઓ મારા મનમાં એક અવિસ્મરણીય પાત્ર તરીકે સ્થિર થયા છે.

૫૭૬ મોહનલાલ અને નાનુભાઇ ત્રવાડી

બાકવા પોળમાં નિવાસ કર્યા પછી મને અમદાવાદના સ્થાનિક જીવનનો વિશેષ પરિચય થવા માંડ્યો. ખાસ તો અમદાવાદમાં વસતાં સગાંસંબંધીઓની અવરજવર ઘર આગળ થવા લાગી. તેથી મારાં પત્નીને પણ જીવનના વિસ્તારનો ખયાલ મળતો થયો. હું મારા વ્યવસાયમાં નિમગ્ન હોઉં ત્યારે પણ તેને વ્યવહાર અને જ્ઞાતિના સંબંધીજનો મળી જતા. આ પૈકી મોહનલાલ ત્રિવેદી અને તેમના પુત્ર નાનુભાઈ મારા આખાય પરિવારની સાથે ખૂબ જ નિકટજન બની ગયા હતા.

મોહનલાલ ત્રિવેદી, જેને મારાં બાળકો અને પત્ની પણ 'મોહન દાદા' તરીકે પ્રેમાળ સંબોધન કરતાં, તે તો હું અમદાવાદ આવ્યો ત્યારથી મારી ખબર લેતા રહ્યા હતા; પણ હવે તો બે ડગલાં કહી શકાય એટલી નજીકની ભાઊની પોળમાં જ રહેતા એટલે તેમના સુપુત્ર નાનુભાઇનો (જે એક જુવાન જ્યોતિષી તરીકે નામના કરી રહ્યા હતા) પણ સંપર્ક થયો. મારા સંબંધીજનોમાં એ પિતાપુત્ર જેવી સુજનતા મને ભાગ્યે મળી છે.

પહેલાંની વાતોની મને તો કશી ખબર નહોતી, પણ મારા પિતાશ્રી પોસ્ટ-ઈન્સ્પેક્ટર તરીકે કાઠિયાવાડમાં ફરતા ત્યારે ગામડાંના બ્રાહ્મણોની સ્થિતિ સારી નહોતી. કણબી-યજમાનોના આધારે જુદાંજુદાં ગામડાંમાં તેઓ ઝાલાવાડથી આવેલા. વર્ષો નબળાં થતાં તે આધાર પણ તૂટતો ગયો હતો. બ્રાહ્મણોને રોજ ઊઠી ઘર ઘર 'દયા પ્રભુની' કરી લોટ માગતા ફરવું પડતું અને જોડે બાળકોને પણ એ શિક્ષણ મળતું. છોકરાનાં ભણતરનાં ઠેકાણાં નહિ તો કન્યાને વળી કોણ ભણાવે! છતાં કુળની પરંપરા પ્રમાણે કેટલાં ય કુટુંબોએ કન્યાવિક્રય કર્યો નથી તેમજ વરપક્ષનો પૈસો પણ ઘરમાં આવવા દીધો નથી એનાં મેં અનેક દૃષ્ટાંતો જોયાં છે. પરંતુ ઘર આગળ જનોઈ, લગ્ન અને કારજનાં ખર્ચો તો જ્ઞાતિની ઠરાવેલી રીતે કરતા જ રહેતા. તેમાં ઘણી વાર ઘરેણાં, ઘર કે જમીન ગીરો મૂકવાં પડતાં, ને તે ન હોય તેઓ મુંબાઈની ખેપ કરી ખર્ચ પૂરતા બસો-અઢીસો રૂપિયા શેઠિયાઓ પાસે ટેલ નાખી ફાળો લઈ આવતા. અભણ યુવાનોને નોકરી કોણ આપે? કેટલાકને વૈષ્ણવ મંદિરોમાં મુખિયાજી, જળઘરિયા કે ભીતરિયા (રસોઈયા)ની નોકરી મળી જતી ને ગામડાના ધોરણ પ્રમાણે તેઓ સંતુષ્ટ રહી કુટુંબ-નિર્વાહ કરતા. વાંચતાં-લખતાં કોઈકને જ આવડતું હોય અથવા થોડું ભણ્યા હોય તો કોઈક વળી ઑફિસ-કચેરીમાં નોકરી પામતા. ઘણા તો રેલવે-સ્ટેશનો આગળ આવતા-જતા મુસાફરોને કંકુનો ચાંદલો કરી શુકનની શીખ માટે હાથ લાંબો કરતા.

મારા પિતાશ્રીને આ બાબતનું બહુ દુ:ખ હતું. પોસ્ટ-ઈન્સ્પેક્ટર તરીકે તેઓ પટાવાળા, હલકારા અને વિલેજ-પોસ્ટમૅનની ભરતી કરવાનો અધિકાર ધરાવતા હતા, એટલે કોઈ ગામે જાય ત્યાં જો કોઈ બ્રાહ્મણના યુવાનને નવરો જુએ તો સમજાવીને પોસ્ટમૅનની નોકરીમાં મૂકી દેતા, જેથી નિયમિત માસિક પગારમાં તે માનભેર ગામડામાં રહી શકતો. છતાં મારા પિતાશ્રીને મોટો અફસોસ એ રહેતો કે કોઈ મૅટ્રિક પાસ થએલો મળતો નહિ, જેથી તેને ખુરશીનો અધિકારી બનાવી શકાય.

આવા સમયમાં મોહનદાદાને લીલિયા ગામમાં વિલેજ-પોસ્ટમૅનની જગ્યા અપાવનાર મારા પિતાશ્રી હતા. એ વાત મેં તેમને જ મુખેથી જાણી હતી. તેઓ ઘણા ભાવપૂર્વક મારા પિતાશ્રીને યાદ કરતા. તેમણે નિષ્ઠાથી નોકરીની મુદત પૂરી કરી પેન્શન લઈ લીધું હતું અને તેમના ગુણો અને શીલના પ્રભાવે તેમના બે સુપુત્રો હરિભાઈ અને નાનુભાઈના સંસ્કારો દીપી ઊઠ્યા હતા. હરિભાઈ લીલિયામાં દરબારી વસૂલાતી ખાતામાં રહી ગયા હતા અને નાનુભાઈ અમદાવાદ આવી સંસ્કૃત પાઠશાળાની બધી પરીક્ષાઓ પછી જ્યોતિષ શીખ્યા હતા. ભાઊની પોળમાં દક્ષિણીના ડહેલામાં ભાઊસાહેબના આશ્રિત તરીકે તેમની જ પાસેના મકાનમાં તે રહેતા. ભાઊ-પરિવારનો તેમના ઉપર મેં બહુ જ સદ્ભાવ જોએલો. નાનુભાઇએ દાક્ષિણાત્ય રીતે પોતાના સંસ્કાર અને શીલમાં તેજસ્વિતા મેળવી હતી અને પોતાની વિદ્યા અને સુજનતાથી રાયપુર લત્તામાં જ નહિ પણ અમદાવાદના ઘણા સુજ્ઞ જનોમાં પણ તેમની સુવાસ હતી. બાકવાની પોળમાં આવ્યા પછી મેં જોયું કે નાનુભાઇએ મોહનદાદાની પ્રેમાળ સેવાભાવનાનો ખરો વારસો મેળવ્યો હતો.

તેમને મળ્યા પછી તેમના જીવનના અંત સુધી તેમનો આત્મીય ભાવ મને એક પ્રકારનો ઉત્સાહ અને હૂંફ આપતાં રહ્યાં છે. વાત્સલ્ય, કુટુંબભાવ અને જ્ઞાતિસેવા-જનસેવા એમના જીવંતમંત્રો હતા. કટાક્ષચિત્રો માટે પ્રસિદ્ધ થએલા આપણા કલાકાર ભાઈ 'ચંદ્ર' (ચન્દ્રકાન્ત) તેમના મોટા ભાઈ હરિભાઈના પુત્ર થાય; અને નાનુભાઈએ જ તેને સવિશેષ ભણતર માટે લીલિયાથી અમદાવાદ લાવી, પોતાને ત્યાં રાખી હાઈ સ્કૂલમાં દાખલ કરાવેલા. આ સંબંધની રૂએ સહજરીતે જ ચંદ્ર મારા ચિત્રવિદ્યાર્થીઓના પરિચયમાં આવી ગએલા અને એ રીતે એને ચિત્ર-દીક્ષા પ્રાપ્ત થઈ. તે પછીનાં વર્ષોમાં તેણે મૅટ્રિક પસાર કરીને ગુજરાત કલાસંઘમાં જોડાઈ મારી પાસે ચિત્રની સાધના પૂરી કરી અને અમદાવાદમાં જ કારકિર્દી જમાવી આજે તે સુપ્રસિદ્ધ કાર્ટૂન-ચિત્રકાર તરીકે નામના અને સુખસંપત્તિ પામી રહ્યા છે.



૫૭૭ ગંગારામ વ્યાસ

જેમ નાનુભાઈ મારા એક સુશીલ આત્મીયજન બન્યા હતા તેમ મારી જ્ઞાતિના એક વડીલ જન ગંગારામભાઈ વ્યાસ પણ મારા ઘરના મુલાકાતી બન્યા હતા. પડછંદ કાયાના, કાઠિયાવાડી બાંધાના, લાંબો કોટ, ઝૂલતો ખેસ અને માથે લાલ ગુલબેરનો ફેંટો પહેરેલા આ મુછાળા આદમી અમદાવાદના માર્ગમાં તરી આવતા. તેઓ ચૂના-પથ્થરના કૉન્ટ્રાક્ટર હતા અને સરસ ધંધાદારી હતા એટલે જ્ઞાતિના મોભાદાર શ્રીમંત ગણાતા. પણ તેમની મુલાકાત મને ભારે પડતી; કારણ કે તેમની પાસે સાહિત્ય, કળા કે દેશ પરદેશની વાતો નહોતી. તેઓ જ્ઞાતિનું એક જીવતું-જાગતું ગૅઝેટ હતા. મારે લેવા દેવા ન હોય તેવાં કુટુંબોની પણ કથનીઓ તે સંભળાવતા. અલબત્ત, તેમાંથી મને જ્ઞાતિના ઊંડા છૂપા કિસ્સાઓની જાણ થતી. એ પોતાને, જેને 'દુનિયાના કાબેલ' કહીએ તેમાં ગણાવતા. એમણે પંચાવન વર્ષે બીજું લગ્ન કર્યું તેનો ઊહાપોહ થએલો, પણ ટીકાકારોને તેમણે ચૅલેન્જ કરેલી કે 'તમારા આજકાલના કોઈ જુવાનિયાને મારી સામે મોકલો. જમવામાં કે લડવામાં મને તે પહોંચે તો ખરો કહું.'

મારે ઘણી વાર તેમની વાત મોકૂફ રખાવી મારા કામે જવું પડતું. મારી ધીરજ અને શાંતિથી તેઓ પ્રસન્ન રહેતા. જ્ઞાતિની ટીકા કરવામાં કે જડતી લેવામાં તે કડક અને આખાબોલા હતા એટલે પાછળથી સૌને તેમની હાજરી માટે અણગમો થતો તે હું જોઈ શકતો. પણ મેં તો તેમનું સર્ટિફિકેટ મેળવ્યું હતું કે આખી જ્ઞાતિમાં મારા જેવું કો'ક જ હશે. છતાં અમરેલીમાં મારાં બેન જ્યારે દક્ષિણામૂર્તિવાળા નાનાભાઈ ભટ્ટની મંડળી સાથે કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ગએલાં ત્યારે મારાં માતુશ્રી આગળ જઈને બખાળા કાઢી આવેલા કે આ બધા આભડછેટ વિનાની પંક્તિમાં જઈ આવ્યાં, અને તેથી મારાં બાને ખૂબ બળાપો થએલો.

ગંગારામ વ્યાસનો એક ગુણ મને ગમ્યો હતો: તે જરા ય વહેમ કે ડર રાખતા નહિ. પાકી અવસ્થાએ પહોંચેલા છતાં ભૂત-પ્રેતનો પરચો તેમને મળ્યો નહોતો. હનુમાનનો પણ તેમને ભય નહોતો. તેમના વતનના ગામ વરસડાના મકાનમાં હનુમાનની દેરી હતી અને લોકો ત્યાં દર શનિવારે તેલ-ફૂલ ચડાવવા આવતા. આથી કંટાળીને તે ઘરમાંના હનુમાનજીને ઉપાડી ગામના ચોરા પાસે ગોઠવી આવ્યા ને તે પર દેરી ચણાવી આપી. લોકોની એવી માન્યતા હતી કે હનુમાનજીનું આસન કદી ફરે જ નહિ; જ્યારે તેમણે તો મૂર્તિને ઉખાડીને બીજે ગોઠવી પણ દીધી! એમની અનેક રમૂજભરી વાતોમાં ઘરઘરની ટીકા હોય. તે પોતે કોઈ ઠેકાણે જમતા નહિ. સાથે સુખડી અને દોરી-લોટો રાખતા. એમના ભાણેજ જીવરામભાઈ મહેતા તો મારા નિરંતરના વિશ્વંભસ્થાન બન્યા હતા. તેમની પાસેથી તેમના આ મામાની બીજી અનેક વાતો મને જાણવા મળતી. ગંગારામભાઈ એક ડાયરી રાખતા, તેમાં પોતાને ત્યાં જે મહેમાનો આવી જાય તે કેટલા ટંક જમ્યા ને રહ્યા તેની નોંધ કરતા. કોઈ વાર કોઈક આગળ એમણે કોઈનું એવું પાનું કાઢી વાંચ્યું હશે તે પરથી જ્ઞાતિભાઈઓ વાત કરતા કે 'ભાઈ, એને ત્યાં જમ્યા હશો તો નામું ચડશે!' પરંતુ ખરું તો એ હતું કે તેમના ધંધા અંગે ઘરાકોના સ્વાગત માટે થતો એ ખર્ચ આવકવેરા ખાતાને બતાવવો પડતો એટલા માટે તો એ નોંધ રાખતા.

૫૭૮ વાડીલાલ મો. શાહ

બાહવા પોળનાં આરંભનાં નિવાસ-વર્ષોમાં એક સવારે સાવ સાદા પોશાકમાં મારા મેડા પર આવી બેઠેલા વાડીલાલ શાહને જોઈ ચકિત થયો. મુંબાઈમાં ભાઈ પરમાનંદની રવિવાર-સભામાં મેં એમને જોએલા. પછી એક-બે વાર હાજીમહમ્મદને ત્યાં જોએલા. પણ મુંબાઈમાં તો તે પૂરા સૂટબૂટના લેબાસમાં ટટ્ટાર ફરતા દેખાતા. મેં જાણ્યું કે તેમણે જૈન કોમનાં સૌ તડાંઓના વિદ્યાર્થીઓ માટે એકમ વિદ્યાર્થીગૃહ અમદાવાદમાં શરૂ કર્યું હતું અને પોતાની સર્વ સંપત્તિ અને શક્તિ તે પાછળ ખર્ચી રહ્યા હતા. તેમાં શ્રીમાન જૈનો તરફથી પૂરતી સહાય મળી નહોતી એટલે નિરાશ થયા હતા. પણ સમાજસુધારાનો તેમનો જુસ્સો અણનમ હતો.

એ કાળે હાજીમહમ્મદે તેમની સંસારસુધારાની ધગશની એક વાત કહેલી. જૈન ઓસવાળ જ્ઞાતિમાં કન્યાની અછત હોવાથી અને તે મોંઘી પડતી હોવાથી જુવાનો દેશમાંથી વિધવાઓ રસોયણ તરીકે લઈ આવતા અને ખાનગી ઘરવાસ રાખતા. તેઓ જો વિધવા સાથે લગ્ન કરી લે તો ગર્ભપાતો અને રોગોથી બચે અને ઓલાદ સંસ્કારી બને એમ વિચારી વાડીભાઈએ એક જુવાનને જાહેર રીતે વિધવાવિવાહ કરવા તૈયાર કર્યો. હાજીએ તે પહેલાં તેને દાક્તરી તપાસ કરવા પોતાના પારસી દાક્તર મિત્રને ત્યાં મોકલ્યો ત્યારે જણાયું કે તેને પ્રમેહનો રોગ ચોંટયો હતો; એટલે વાડીભાઈએ લગ્ન મોકૂફ રખાવી તેની દવાના પૈસા ખર્ચી શુદ્ધ કરાવ્યો અને દાક્તરે પ્રમાણપત્ર આપ્યું ત્યાર પછી જ લગ્ન કરાવી આપ્યું.

મને મળતાં જ તેમણે મુંબાઈની મુલાકાતોની યાદ આપી. જૈન સમાજ સુધારવાના પોતાના પ્રયત્નોમાં વિફળતાઓ મળી તેની કહાણીઓ કહી અને છેવટે પોતાના કુટુંબની કથા પર ઊતરી ગયા. તેમના પુત્રે જર્મન યુવતી સાથે લગ્ન કર્યું હતું અને તેને પોતાના કુટુંબમાં ભેળવવા ખૂબ પ્રયત્ન કરતા હતા, પણ બીજા ભાઈઓની પત્નીઓએ તેની સાથે ખૂબ અતડાઈ બતાવી તે વાત વાડીભાઈ આગળ તેણે જ કહેલી. વાડીભાઈને પુત્રવધૂ પ્રતિ ખૂબ જ પક્ષપાત હતો. તેના ગુણો તે સમજતા, પણ અન્ય કૌટુંબિક નારીવૃંદમાં સુધારો થવો અશક્ય હતો એટલે છેવટે પુત્રને અલગ થઈ રહેવા દેવામાં સંમત થયા હતા. પોતે પૈસેટકે ખૂબ ઘસાઈ ગયા હતા એટલે બધી વાતના સાર રૂપે થોડી રકમની મદદ મેળવવામાં હું સહાયભૂત થઈ શકું કે નહિ તે જાણવા ચાહ્યું. હું તો ચમકી ગયો. આ સમર્થ પુરુષને સહાય કરવાની મારામાં જરા ય હામ નહોતી. 'કુમાર'નો જુમ્મો તો હું વહોરી જ બેઠો હતો ને રાતદિવસ તેની ખર્ચી કાઢવા દરેક જાતના ઉપાયો કરતો હતો તે વાત મેં તેમને સમજાવી, એટલે એ ભલા માણસ નરમ થઈ ગયા અને સામેથી મને હિંમત આપી અને પોતે બીજે કોઈક પ્રયત્ન કરી જોશે એમ કહી વિદાય થયા. (ચાલુ)

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૦

ઊલટી

અપચનને લઈને જો વાયુ નીચેની ગતિ કરે તો ઝાડા થઈ જાય, અને ઉપર ગતિ કરે તો ઊલટી થાય. ઊલટીનું મુખ્ય કારણ ખોરાકનું અપચન છે. ઉપરાંત બીભત્સ પદાર્થનું કે દૃશ્યનું દર્શન, અણગમતી ગંધ, પ્રવાસમાં જીવ ચૂંથાવો કે ચક્કર આવવા. ખોરાકમાં અખાદ્ય પદાર્થ આવી જવો વગેરે પણ ઊલટીનાં કારણો છે. આયુર્વેદમાં તેને 'છર્દિ' કહે છે, સાંપ્રત વિજ્ઞાનમાં વૉમિટિંગ.

મોળ આવ્યા કરે, માથું ભમે, બેચેની જણાય, મોંમાં થૂંક આવ્યા કરે, એ બધાં ઊલટી થવા પહેલાંનાં લક્ષણો છે. આ પછી એકદમ વાયુના ધક્કા સાથે ઊલટી થાય છે, જેમાં ખાધેલું અન્ન હોય છે. ઊલટીનો સ્વાદ કડવો, ખાટો કે ફિક્કો હોય છે. ઊલટી વખતે ગભરામણ થાય છે.

ચિકિત્સા

૧. વાયુનું અનુલોમન કરવા માટે મોરપીછની ભસ્મ શ્રેષ્ઠ છે. મોરના પીછાની વચ્ચેની સફેદ દાંડલી કાઢી નાખી, તેનો ચળકતો ભાગ ભેગો કરી, લોખંડની કઢાઈમાં નાખી, ધીમા અગ્નિ ઉપર બાળવો. થોડી વારમાં દુર્ગંધી ધુમાડો નીકળી, મોરપીછ બળી જઈ થોડા પ્રમાણમાં કાળા રંગની ભસ્મ થઈ જશે. તેને એકઠી કરી શીશીમાં ભરી લેવી. આ ભસ્મ ચોખાભાર લઈ મધમાં દર અર્ધા કલાકે ચાટવાથી ઊલટી બંધ થાય છે.

૨. દાડમનાં બીનો રસ કે તેની છાલની ભસ્મ, લીંબુનો રસ કે તેની છાલની ભસ્મ, એલચીનાં બી કે તેની છાલની ભસ્મ પણ ઊલટી રોકવામાં ઉપયોગી છે. આ ભસ્મ ઉપર પ્રમાણે જ બને છે.

૩. રબરના કે પ્લાસ્ટિક ચડાવેલા વીજળીના તાર ઉપર જ્યાં માખીઓ બેસતી હોય ત્યાં કાળા રંગની તેની વિષ્ટા એકઠી થાય છે. તેને મધમાં ચટાડવાથી પણ ઊલટી બંધ થઈ જાય છે. છેને મઝા! માખી ઊલટી કરાવે અને તેની હગાર ઊલટી મટાડે!

૪. સોડા બાઈ કાર્બ પાણીમાં ઘોળીને પાવાથી પણ બેસી જશે.

૫. ક્યૂરકાચલીને છર્દિરિપુ કહે છે. તેનું ચૂર્ણ પણ અકસીર છે.

૬. સગર્ભાની ઊલટીમાં પાનમાં ખાવાના ચૂનાને ખાલી કૅપ્સ્યુલમાં ભરીને એ ગળાવી દેવી.

૭. બાળકોને ઊલટીમાં ડિલ વૉટર (સૂવાનું પાણી), ગ્રાઈપ વૉટર, અજમાનો અર્ક કે ફુદીનાનો અર્ક આપી શકાય.

૮. ઊલટીનું કારણ ફરીથી ન થવા દેવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજ જીવનનાં સંસ્મરણો મનોમંથન-૧૭

સંસ્કૃત-સંસ્કૃતિ પ્રત્યે આકર્ષણ

મારા પિતાશ્રી બહુ ભણેલા નહિ. કહે છે કે પ્રારંભકાળના એ જમાનામાં 'અંગ્રેજી જાણનાર કારકુન તો કચેરીએ જતાં પાલખીમાં બેસીને જતો!' એ જમાનામાં મૅટ્રિક કરતાં પણ ઊતરતી એવી એકાદ પરીક્ષા હતી. એનું નામ હતું Little go. મારા પિતાશ્રીના અક્ષર બહુ જ સારા અને કામ પૂરતું અંગ્રેજી બરાબર જાણે, એટલે એમને લશ્કરી ખાતામાં નોકરી મળી. લશ્કરના અમલદારે પિતાશ્રીને કહ્યું :'મારી દીકરીને સારા અક્ષર કાઢતી કરીશ તો રાજી થઈશ.' પિતાશ્રીએ એ છોકરી પાછળ ખૂબ મહેનત લીધી, એટલે અમલદાર કહે: 'ચાલ તને લશ્કરી ખાતામાંથી ફેરવી મુલ્કી ખાતામાં નોકરી અપાવું. લશ્કરી ખાતમાં બહુ ચડવાની સગવડ નથી; મુલ્કી ખાતામાં તું ખૂબ આગળ આવી શકીશ'.

આવી રીતે મારા પિતાશ્રી લશ્કરી ખાતામાંથી છૂટચા. મારા નાનપણમાં જ્યારે પિતાશ્રીને મોઢે આ વાત સાંભળી ત્યારે મને બહુ દુઃખ થયું. એઓ જો લશ્કરી ખાતામાં રહ્યા હોત તો ચડીચડીને છેક સુબેદાર સુધી પહોંચ્યા હોત. (એથી ઉપરની જગ્યાઓ ગોરાઓ માટે જ હતી.)

મારા પિતાશ્રી જોકે ભણેલા બહુ નહિ, પણ કેળવણીનું મહત્ત્વ એમને ગળે ઊતર્યું હતું. એટલે એમણે મારા બે મોટા ભાઈઓની કેળવણી પાછળ ખર્ચ કરવામાં કશી મણા ન રાખી. એક ભાઈ કેમે કરીને મૅટ્રિક પાસ થયા નહિ. અંતે ઇંદોર કે ઉજ્જૈન તરફ જઈ ત્યાંની મૅટ્રિક પાસ થઈને આવ્યા. બીજા ભાઈએ જેમતેમ કરીને બી.એ. કર્યું. પરંતુ કોઈ પણ પહેલે વર્ષે પરીક્ષા પાસ કરે જ નહિ. હું જ પહેલો કે જેણે હાઈસ્કૂલની આબરૂ રાખવા ખાતર પહેલે જ વર્ષે મૅટ્રિક અને યુ. એસ. એફ. (યુનિવર્સિટી સ્કૂલ ફાઈનલ)ની એમ બે પરીક્ષાઓ પાસ કરી.

આટલી પ્રસ્તાવના કર્યા પછી સંસ્કૃત ઉપર આવું છું. મારા મોટા ભાઈને સંસ્કૃત ભણાવવા માટે એક શાસ્ત્રી રાખ્યા હતા. રોજ સાંજે તે આવીને ભણાવે. અમે બાળકો ઓરડીમાં જઈએ તો અમને ધમકાવે. મને તો શાસ્ત્રી બુવાના કાનની અંદરના મોટા મોટા વાળ જ યાદ છે!

મારા મોટા ભાઈએ સંસ્કૃત સાહિત્યના કેટલાક શ્લોકો મોઢે કરેલા તે આખો દિવસ ગણગણે, એટલે સંસ્કૃતનાં ઉચ્ચારણ નાનપણથી કાને અથડાતાં. વળી પિતાશ્રી ધર્મનિષ્ઠ બ્રાહ્મણ, એટલે પૂજાના બધા મંત્રો એમને કંઠસ્થ હતા. એમના પણ ઉચ્ચારો અત્યંત શુદ્ધ, પણ અર્થ જાણે નહિ. પૂરી ભક્તિથી મંત્ર બોલી જાય. એમની પાસેથી જ પૂજાનું આખું તંત્ર હું શીખ્યો. છતાં મને સંસ્કૃતનો ચેપ લાગ્યો નહિ. અંગ્રેજી ચોથા ધોરણથી સંસ્કૃતનો જરા જરા પ્રારંભ થયો. પરીક્ષામાં માર્ક પણ સારા મળતા છતાં છઠ્ઠા ધોરણ સુધી એ ભાષામાં રસ ન જાગ્યો. ત્યાર પછી અમને એક સારા સંસ્કૃત શિક્ષક મળ્યા. સંસ્કૃતના રસિયા. એમના જ ઉત્સાહને કારણે મને સંસ્કૃતમાં રસ પડવા લાગ્યો. સંસ્કૃતનો અંગ્રેજી અનુવાદ કરીએ એ તો જાણે ઠીક, પણ હું તો અંગ્રેજીનું સંસ્કૃત પણ કરું.' એટલામાં સંસ્કૃતના છંદોનો મને છંદ લાગ્યો અને સંસ્કૃત હ્રસ્વદીર્ઘના નિયમો જાણ્યા, એટલે શ્લોકો રચવાની મઝા પડવા લાગી. વ્યાકરણની ભૂલો થાય તો કિત્તુર માસ્તર સુધારી આપે, એટલું જ નહિ પણ છંદોની ભૂલ થાય તો નવી શુદ્ધ લીટી પણ રચી આપે.

આમ જો મારી કેળવણી એકધારી ચાલત તો હું સંસ્કૃતનો સારો વિદ્વાન થાત. પણ પિતાશ્રી સાથે મુસાફરીએ જવાનો શૉખ ભારે, એટલે કોઈ પણ નિશાળમાં લાગલાગટ એક વર્ષ હું ભણ્યો નહિ. વ્યાકરણમાં રસ પડે, પણ પ્રગતિ થાય નહિ. વળી બીજા વિષયોમાં રસ વધારે; એટલે હું માનું છું કે મૅટ્રિકમાં મને સોમાંથી પાંત્રીસ-ચાળીસ કરતાં વધારે માર્ક નહિ મળ્યા હોય.

આપણા દેશની ભારતીય સંસ્કૃતિ વિષે ત્યારે કોઈએ ખાસ કહ્યું જ ન હતું. સંસ્કૃત એ ભારતીય સંસ્કૃતિનો પાયો છે એટલું યે કોઈએ ઠસાવ્યું ન હતું. ઉચ્ચ મરાઠી કવિતા સમજવાનો પ્રયત્ન કરતાં સંસ્કૃત સાથે પરિચય તો મેળવવો પડચો હતો, તેથી શબ્દભંડોળની મૂંઝવણ રહી ન હતી.

કૉલેજમાં ગયો ત્યાં તો બધા જ વિષયોમાં મને એકસરખો રસ જાગ્યો. અપવાદ ફક્ત રોમના ઇતિહાસનો. એમાં રસ ન પડચો, એટલે વર્ષના છેલ્લા એક બે મહિના સુધી એ વિષયને અડચો જ નહિ.

પણ ત્યાં સંસ્કૃત સાહિત્યમાં એકદમ રસ જાગ્યો; ભાષાની દૃષ્ટિએ નહિ, પણ તેની સાહિત્યિક ખુમારી પ્રત્યે ભક્તિ જાગી. પછી તો શ્લોકો મોઢે કરું. નવાનવા શ્લોકો વિવિધ છંદના રચતો જાઉં. અમારા અભ્યાસક્રમમાં ભર્તૃહરિનાં નીતિશતક ને વૈરાગ્યશતક હતાં, અને કાલિદાસનું શાકુંતલ.

સંસ્કૃત કવિઓની ઉચ્ચ અભિરુચિ, સંભાષણની ખૂબીઓ વગેરે જોઈ મારામાં સાહિત્યિક રસ જાગ્યો. એ જ અરસામાં અંગ્રેજી સાહિત્યની પણ ખૂબીઓ અમારે જાણવી પડતી. અંગ્રેજી અને સંસ્કૃત બંને સાહિત્યની અભિરુચિ અલગ અલગ, પણ બંનેમાં ઉચ્ચ સંસ્કારિતા. આમ મને અંગ્રેજી અને સંસ્કૃત બે સાહિત્યનો એકસાથે અભ્યાસ કરવાની તક મળી એ મારી કેળવણીનો હું ઉત્તમ ભાગ ગણું છું. અંગ્રેજીમાં નિબંધો લખું અને સંસ્કૃતમાં શ્લોકો રચું.

એક વખત મને થયું કે સર વૉલ્ટર સ્કૉટની કવિતાબદ્ધ નવલકથા 'લેડી ઑવ ધ લેઈક' સંસ્કૃતમાં ઉતારી દઉં. મને લાગે છે કે મેં સોએક શ્લોક રચ્યા હશે. અત્યારે એની પહેલી એક જ લીટી યાદ છે:

The Stag at eve had drunk his fill
Where danc'd the moon at Monan's rill

આનું મેં સંસ્કૃત કર્યું હતું:

सायंकाले मृगः पीत्वा प्रकामं सरसो जलम् ।
यत्र तोयेषु लोलेषु चन्द्रमाः साधु नृत्यति ॥

મારી મોટામાં મોટી મુશ્કેલી એ હતી કે મને બધા જ વિષયોમાં રસ પડે. અને રસ એટલે રસ. પરીક્ષામાં માર્ક મેળવવાની તમન્ના જરા યે નહિ. કોઈ પણ એક વિષયમાં પ્રવીણ થાઉં એવો પણ આગ્રહ નહિ. અને વર્ગના કે બહારના વિદ્યાર્થીઓ જોડે ચર્ચા કરતાં કેટલો વખત એળે ગયો એનું ભાન પણ રહે નહિ. મારે માટે કેળવણી એટલે રસાસ્વાદ.

આમ ચાર વર્ષમાં હું સંસ્કૃત શીખ્યો. તેમાં શાકુંતલ, ઉત્તર રામચરિત, કાદંબરી જેવું ગદ્યપદ્ય, કાવ્યશાસ્ત્ર તર્કશાસ્ત્ર અને થોડીક વૈદિક ઋચાઓ શીખી લીધી. આમાં પણ પ્રગતિ તો નામ લઈ શકાય એવી નહિ જ; પણ સંસ્કૃત સાહિત્ય પ્રત્યે ભક્તિ જાગી.

ત્યાર પછી સંસ્કૃત સાહિત્ય મૂળમાં અને અનુવાદમાં વાંચવાની તક મળે તો છોડું નહિ. કૉલેજની કેળવણી પૂરી થયા પછી જ રામાયણ-મહાભારત, વિષ્ણુપુરાણ વગેરે ગ્રંથો વાંચ્યા; વેદાંતનો અભ્યાસ કર્યો પછી જ ઉપનિષદોમાં રસ જાગ્યો; છતાં દુઃખ સાથે મારે કહેવું જોઈએ કે સંસ્કૃતમાં જેટલું વાંચવું જોઈએ તેટલું હજી હું વાંચી શક્યો નથી. સંસ્કૃત સાહિત્ય વિષે વાંચ્યું, સુભાષિતોમાં પ્રવેશ કર્યો, સંસ્કૃત સાહિત્યના નમૂનાઓ સાથે પરિચય કેળવ્યો. ત્યાર પછી ગ્રીક ને રોમન સાહિત્ય વિષે થોડું થોડું વાંચ્યું. એ પરથી સંસ્કૃત સાહિત્યની ભવ્યતાનો ખયાલ આવ્યો.

સંસ્કૃત સાહિત્યનું મારું અધ્યયન થોડું, પણ એને વિષે ભક્તિ વધારે. સંસ્કૃતના પરિચયને પરિણામે મરાઠી, ગુજરાતી, બંગાળી, કન્નડ અને સંસ્કૃત કુટુંબની તમામ ભાષાઓ પ્રત્યે કૌટુંબિક ભાવ જન્મ્યો.

અને છતાં પાલી ભાષા પ્રત્યે જરા યે આકર્ષણ જન્મ્યું ન(અનુ. પૃ. ૩૮૨)



કાકાસાહેબ
કાલેલકર
જાપાનમાં
◁

વહેલી
સવારની
એપ



ફોટો · શ્રીદામ ભટ્ટ









મથાળે **શિવપાર્વતીનાં બે શિલ્પખંડો** તથા નીચે **અનંતશાયી વિષ્ણુ અને ચતુરાનન બ્રહ્મા**

દક્ષિણમાં બાદામીની પૂર્વે મલપ્રભાના તટ પર આવેલા પ્રાચીન ઐહોળમાં પાંચમીથી સાતમી સદીના મંદિર-સ્થાપત્યના વિવિધ પ્રકારના અનેક અવશેષો છે. એમાં પ્રાચીનતમ મંદિરોમાં શિખર વિનાનું ઢળતા છાપરાવાળું 'લાડખાન' મંદિર મુખ્ય છે, તો દુર્ગમંદિર તરીકે ઓળખાતા એક સૂર્યમંદિરની ચોપાસ ગઢ અને બૌદ્ધ ચૈત્યના બ્રાહ્મણી રૂપાંતર જેવું તેનું સ્થાપત્ય છે. 'હુચ્ચિમલ્લીગુડી' મંદિરની સ્થાપત્ય-રચના ભુવનેશ્વરના પરશુરામેશ્વરના મંદિર જેવી મોટીમોટી શિલાઓના બાંધકામવાળી છે. 'મેગુટી' મંદિરની રચના જૈન છે. જ્યારે છઠ્ઠા સૈકાના મધ્યકાળનું વિષ્ણુમંદિર ચૌલુક્ય સ્થાપત્ય-શૈલીના પ્રારંભિક તબક્કાના નમૂના રૂપ છે. એ વિષ્ણુમંદિરમાંના આ શિલ્પખંડોમાં ઉત્તરની ગુપ્ત શૈલીના શિલ્પાંકનની પૌરુષભરી રજૂઆતના અસર સાથે, આગળ જતાં દક્ષિણનું સૌમ્ય અને અલંકરણયુક્ત જે આગવું શિલ્પસ્વરૂપ વિકસ્યું તેની આરંભની અસરનો સુંદર સુમેળ જોવા મળે છે. આ રીતે કલાના વિકાસક્રમમાં ઐહોળના અવશેષોનું એક આગવું મહત્ત્વ છે.

(પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમના સંગ્રહમાંથી)

અંતરગઠરી-૪૩

હિપ્પીજમાતના રંગઢંગ-૨

લેખક · ચંદ્રવદન મહેતા



△ પ્રબળ રેખા સામર્થ્યવાળું એક હિપ્પી શોભન

ગોલ્ડન ગેઈટ પાર્ક અને હાઇટી સ્ટ્રીટમાં હું ઠીકઠીક વાર ગયો, બેઠો, ફર્યો. આ એમનું વારાણસી. જો કે ગુરુ ગિન્ઝબર્ગે તો આપણી ગંગામાં વારાણસી આગળ સ્નાન કરી, બે હાથ જોડી પ્રાર્થના કરી મંત્રોચ્ચાર કર્યો હતો. મારુજીઆનાના એ ગુરુ. એનું કહેવું બરાબર છે, કે વ્હિસ્કી પર પ્રતિબંધ નથી, બ્રાન્ડી પર પણ નહિ. એ બે થકી તો પીનારાને વધારે કેફ ચડે છે; જ્યારે ભાંગ ગાંજાથી તો અગોચરનાં દર્શન થાય છે, જીવડો શાંત થઈ એકાગ્રતાને પામે છે. એવા પદાર્થ પર પ્રતિબંધ શા માટે? પણ એ અમેરિકન સરકારે હલ કરવાનો પ્રશ્ન છે. ગિન્ઝબર્ગે હિન્દમાં ભરપૂર ભાંગ પીધી હતી એમ એણે મને જાતે ઘણી વાર કહેલું. એ પીધા થકી એના ફાયદા પણ એણે સમજાવ્યા હતા.

હાઈટી મહોલ્લામાં (મોટરમાં નહિ) પગે ચાલો તો તમે ભારતના કોઈ મહોલ્લામાં ચાલતા હો એમ લાગે. હિપ્પી શાસ્ત્રનાં સૂત્રો થોડાં. એ ગમે તે હોય પણ એની નીતિ વિચારવા જેવી છે. અને એનો અમલ અહીં મોટા પ્રમાણમાં જોવા મળે. દરેક ધર્મ સ્વચ્છતાને સ્વીકારી છે, પછી આગળ ચાલતાં ઘરની, આસપાસની, દેવમંદિરની અને અંતરની-મનની ચોખ્ખાઈની વાતો આવે છે. પણ અહીં સ્વચ્છતા વિષે આપણે ફરી વાર યા નવો ખયાલ બાંધવો પડે. માઇલેક લાંબો આ મહોલ્લો ચાલો તો વચ્ચે માતાનું થાનક આવે, શિવનું મંદિર આવે, ક્યાંક ચોકમાં ઘંટારવો થતા સંભળાય, મૂર્તિઓ વેચાતી દેખાય, પ્રસાદ પણ ખાવા મળે. મોટા ભાગના હિપ્પી નાહ્યા વિનાના, મહિનાથી એક જ વણધોએલાં વસ્ત્રોમાં, ચિત્રવિચિત્ર ઝટિયાંવાળા ગંધાતા પણ અનુભવવા પડે. ક્યાંક ભોંય ઉપર અડ્ડો જમાવીને પણ બેઠા હોય. એક ફુવારા ઉપર તો એક સાધુસંત કપડાં પહેર્યાં વિના ગળામાં માત્ર રુદ્રાક્ષની માળા પહેરીને—જમાનો ભલે ચાલ્યો જતો, પોતે સ્થિર છે; નયનસ્થૈર્ય, મનોસ્થૈર્ય, શરીરસ્થૈર્ય કરી—લાપરવાહ થઇ બેઠો છે; તો બીજી બાજુ કેટલાક હિપ્પીનાં કપડાંમાં બાળોતિયા જેવાથી માંડી લાલપીળાલીલા, ઘેરાખુલ્લા, કાળાધોળા અને ક્યાંક તો બધા રંગના છંટકાવભર્યા લેંઘા, ફરાક, સ્કર્ટ, ચોળી જોવા મળે. દુકાનોમાં ઢગલાબંધ રુદ્રાક્ષ, ભભૂતિ, કરતાલ-મંજીરાં, તબલાં, સિતાર, ઢોળક, આરતી, દીવી, ધૂપદાન, હુક્કા-ચલમ પણ મળે. બરસાતી સાદડીથી માંડી હોનોલુલુની ટોપી પણ મળે-બધું જ મળે. કોઈ હિપ્પી કિશોરને માથે ફેંટો બાંધવાનું, કેડે મફલર વીંટવાનું મન થયું તો એની અભિલાષા પોષવા બધાં જ સાધનો અહીં મોજૂદ છે. નરસિંહ મહેતાએ ઘેલી ગોપીઓને નથી વર્ણવી?—‘અવળાં તે અંબર પહેરિયાં ને નેપુરિયાં બાંધ્યાં કાન’ એમ ઝાંઝર ગળામાં અને નથની કાનમાં, કંઠમાળ કેશમાં જોતા ચાલ્યા જ જાઓ. ક્યાંક મન થાય તો એકાદા રેસ્ટોરાંમાં ધૂસો, વ્હિસ્કી, સોડા, રમ, બ્રાન્ડી, કૉકટેલ કે કંઈ નહિ તો પછી બીઅરનો ગ્લાસ ઢીંચો; ને જરા હસીને દોસ્તીદાવે વાત કરો તો ભાંગનો કટોરો પણ પામો. એ ભાંગ જ છે, એમ માનવાનું કારણ નથી. મનની એ ભૂમિકામાં સ્થલાંતર થઈ શકે તો પદાર્થાંતર પણ થઈ શકે; અને સ્વાદ તો કશાના સ્થાયી છે જ ક્યાં? એક પ્રખ્યાત લેખક જ્યૉર્જ ઍન્ડ્રુઝ આવા નશાની અસરમાં લેખ લખ્યો એનો થોડો અનુવાદ નમૂના તરીકે અહીં રજૂ કરું છું. વંચાય તો વાંચજો અને જો સમજી શકો તો ઇશ્વરને મળો ત્યારે સવાલો પૂછજો…

‘કિલન્ટનું માનસ ચકચકતા પ્યાલામાં ખળખળ્યું. નયનનાં રત્નો જેવું આ ચળકતું પેય અંગમાંના હાડમાંસને ઓગાળી ભસ્મ કરી દઈ શકે છે. એ જે પ્રેમનો લલકાર ઉચ્ચારે છે તેને આપણા પૂર્વજો પ્રત્યે ઊંચે તારાઓના સાન્નિધ્યમાં વહેતો જુઓ, અભિનંદો. આખરે તો આ ક્ષર માટી જ છે. એમાંથી ગોળ વરાળિયાં ગૂંચળાં, સમુદ્રનાં મોજાં જેવા ધ્વનિની સેરો ઉપજાવતાં, પ્રતિબિંબિત થતાં જ્યોતિર્મય થતાં જાય છે, એને પામો. જુઓ, દેવદૂતો મધમાખી પેઠે બણબણતા આવી ચડ્યા. ગાઓ, પ્રેમનાં ગીતો ગાઓ, દુઃખનાં ફૂસકાં ભરો. જેઓ બીએ એમના પર લ્યાનત છે! મૂર્છાની જાગૃતિમાં નૃત્ય કરો અને અંતરમાંના સૂર્યનાં દર્શન કરો. આંખની મધ્યેથી ચન્દ્ર જેવો પ્રકાશ ઝગ્યો, ઊંચે ચડ્યો. સંગીતના સાતે સૂરોનો સમન્વય થતાં એક જ નાદની સુગંધમાં વિકસી રહ્યો, ત્યારે મારા જમણા હાથમાં હું એક સુવર્ણની થાળી ઝાલી, ડાબા હાથમાં ચાંદીનો કટોરો ઝાલી, બિલાડીની જેમ એક ખૂણામાં સંતાઈ, નાગની ફણાની માફક ટટ્ટાર બેઠો છું, ત્યારે મારા મગજમાંથી અનહદ નાદે સાગરનાં વિહ્વળ મોજાં સિત્કારી બોલાવતાં મનોરમ્ય સ્પંદન કરતાં ગરજી રહ્યાં છે..’

લખાણ તો હજી ઘણું લાંબુ છે, પણ આગળ તરજૂમો કરવાની આપણી જિગર નથી. આટલામાં જ મને પરસેવો થઈ ગયો.

હા, ક્યાંક ઊભા રહો તો ચાર રસ્તા ઉપર જાતજાતનાં ચોપાનિયાં-સાપ્તાહિકો વેચાતાં લેવાં પડે. આગ્રહ કરીને આપે—લ્યો જ! અને એ ત્યાં ઊભા રહી વાંચવા માંડો તો બેપાંચ ડોકાં પણ એ વાંચવા લંબાય. કોઇ માગે તો આપી પણ દેવું પડે, અને તરત જ એ પાછું વેચાવા પણ જાય! અહીં હું હું નથી, તું તું નથી, અહીં તો સહનોભુનક્તુ છે. જુઓ પેલી મોટર આવીને ઊભી રહી. એના પાછલા ભાગનું ઢાંકણું ખોલ્યું કે કોઇ દયાળુ રેસ્ટોરાંવાળાએ કરંડિયો આપ્યો હશે તે દેખાયો. એ મોટરમાંથી બહાર કાઢતાં જ એમાં ભરેલા પાંઉના ટુકડાઓ આરોગવા પેલું ટોળું કેવું કામે લાગી ગયું! સ્વાદ એમણે ક્રોધની માફક જીત્યો છે, એટલે એ રોટી સાથે એમને નિમકની જરૂર પણ નથી.

આગળ ચાલો. હા, આ હિપ્પીઓ ભીખ પણ માગે; કેમ ન માગે? અંતરની ખોજમાં નીકળેલો એ અવધૂત છે. કંઈ નહિ તો એનાં માબાપને ત્યાં પચ્ચીસ પચાસ લાખ ડૉલર હશે; પણ ઘર છોડીને સરસ્વતીચન્દ્ર ચાલી નીકળ્યા!—સાવકીમાનાં મેણાં સાંભળીને નહિ, પણ કૉલેજના કોઈ ગોઠિયાએ સૂચના કરી એટલે, કે ઘરમાં ગમતું નથી એથી, યા ચલો દેખે ભી તો દુનિયા ક્યા હય; ખાના પીના તો મિલ જાએગા, મિલના હી ચાહિયે, એમ કરી ચાલી નીકળ્યા. ન નહાવાની જંજાળ, ન કપડાં બદલવાની માથાકૂટ. એક ઓરડો મળ્યો છે ને પંદર જણની વગર પથારીએ લોથ પડી છે તો હય ભી એક શામિલ; અને આ પંદરમાં યે અરધા ઉપરાંત તો લડકી હૈ-યે ભી ઠીક હૈ, સહની

ભુનકતું. કાલ સવારે એકાદ માળા, એકાદ ગિટાર, રોટીનો એકાદ ટુકડો મળી જશે. બાકી દેખા જાએગા.

સી. સી. મહેતા જેવા કંઈક સહેલાણીઓ અહીં રોજ રોજ ફરકે છે, છુટ્ટા પરચૂરણના પૈસા આપી છૂટે છે, અથવા અહીંની વસતિનાં રડતાં કકળતાં માબાપ પોતાની મોટી મોટરો મહોલ્લા બહાર ઊભી રાખી પોતાના સંતાનને શોધવા આવે જાય છે. ક્યાંક આ જમાતમાં એનો ભેટો થઈ જાય તો ઘેર પાછા ફરવા સમજાવે છે. પણ મક્કમ મનની બાલિકા, અગમની શોધમાં નીકળેલી સાધ્વી, પોતાના દૃઢ નિશ્ચયથી ચળતી નથી, ત્યારે આંસુભરી આંખે માબાપ પાકીટમાં હોય એટલી રકમ એના હાથમાં મૂકી ભારે હૈયે પાછાં જાય છે. એ ગયાં એટલી જ વાર! તુરત જ્યાફતની તૈયારી ચાલે. ભગવાન આજે ખુશ છે, ચાલો ઉજાણી કરીએ. ખાણીપીણી, કીર્તનધૂન, અને ભજન મગન. વ્યાગ્રચર્મ ખરીદો, આજે આનંદો, નવાં ગીત લલકારો, મારૂજુઆના લાવો - સહનૌભૂનક્તુ! મથુરામાં ન મળે એવી આ પ્રેમગલી - કુંજગલી છે. સરસ્વતી લક્ષ્મી શિવ વિષ્ણુ, ખડગ ત્રિશૂળ એ બધાંથી પરિચિત છે આ જમાત, ક્યાંક દેવદેવીઓનાં ચિત્રો ચીતર્યાં છે, ક્યાંક સેક્સની નબળાઈ મિટાવવાની ખૂબીથી જાહેરાત કરતાં દવાખાનાં ક્લિનિકો છે.

તમારે પેલાં મેં ખરીદેલાં જાતભાતનાં ચોપાનિયાં વાંચવાં છે ને? વાંચશો તો બળભળી ઊઠશો. એમાં માતા, ખપ્પર, વિચિત્ર કાર્ટૂનો, રાધાકૃષ્ણનાં ચિત્રામણો, મારૂજીઆના એ જ અમૃત હોવાનાં સૂત્રો, સ્ત્રી-પુરુષનાં નાગાં ચિત્રો, વચમાં ચિન્મયાનંદજીના ભાષણની જાહેરાત, આ ચોકાનાં છાપાંની જાહેરાત, પોતે અન્ડરગ્રાઉન્ડ પ્રેસની મંડળીના સભ્ય હોવાની જાહેરાત આદિઆદિ વાંચો તો અક્કલ ઘુમરી ખાઈ જાય એવાં લાંબાંલચ કાવ્યો અને શબ્દો શબ્દો શબ્દો... ને એકની એક વાત.

કોઈક કહે છે કે આ કિશોર-કિશોરીઓમાંનાં મોટા ભાગનાં બકલી યુનિવર્સિટીનાં છે. ખોટી વાત. અહીં હશે થોડાં, પણ આ જમાત હવે તો ન્યૂ યૉર્કમાં છે, લૉસ ઍન્જેલિસમાં છે, ખટમંડુમાં છે, દિલ્હી. મુંબાઈ, કલકત્તામાં છે. અને હજી એ વિસ્તરતી જાય છે, વિસ્તરતી જશે. અહીં આ કુંજગલીને બંને નાકે સેવાભાવી દાક્તરોનાં થાણાં યે છે. નશે ચડી ગએલા અને એમાંથી છૂટવા પ્રયત્ન કરનારાઓ માટે ક્લિનિકો છે, કેટલાક એમાંથી ઊગરે પણ છે. પણ નશામાં જકડાએલા રહેવાનો જ ફક્ત એક રોગ ઓછો છે? અહીં તો જાતજાતના રોગ પ્રવર્તે છે. કુદરત વિરુદ્ધ આહાર-વ્યવહાર, શૌચાદિ ક્રિયાઓમાં પણ અનિયમિતતા અને સેક્સની બાબતમાં બધી જ જાતના વ્યભિચારીભાવો અહીં પ્રવર્તે ત્યાં શું ન થાય?

હા, એક સારું ફળ નિપજ્યું હોય તો તે આ નશાકેફમાં અંતરજ્ઞાન કે ઇશ્વરની જ્યોતિ મેળવવા ગએલા કેટલાક કલાકારોએ. પોતાની શક્તિઓ વધારે ઉત્તેજિત થતાં કે વિકસતાં, ભ્રમમાં કે સ્વપ્નોમાં કરેલાં ખ્વાબી દર્શનોમાં જે અવનવી સૃષ્ટિ એમણે જોઈ તેને પોતાના ચિત્રફલક ઉપર સફળતાપૂર્વક ઉતારી તે. આ રીતે કેટલાંક સુંદર ચિત્રો સાંપડ્યાં છે. સમજણ ન પડે, પણ જોતાં મુગ્ધ થઈ જઇએ, યા અજાયબીનો ભાવ અનુભવીએ. રંગરેખાની કેટલી ચિત્રવિચિત્ર અજબ લીલા છે એનો પણ ખયાલ પામીએ. આવાં ચિત્રો હવે તો સંઘરાવા માંડ્યાં છે, એનાં પ્રદર્શનો યોજાવા લાગ્યાં છે. સાઇકેડેલિક આર્ટ તરીકે એ વખણાવા પણ માંડ્યાં છે. આ રીતે કોઈની કવિત્વશક્તિ પણ ખીલી છે. પરંતુ મૂળ તલપ બહુધા સેક્સની. ત્યાં એ સંબંધી જ વધુ કલ્પનાઓ રજૂ થઈ છે, એમાં આપણાં રાધાકૃષ્ણ પણ વિચિત્ર રજૂ થયાં છે. પણ એ તો એમનો હક્ક છે. એમાં આપણે શું કહી શકીએ? અહીં હાઇટી મહોલ્લામાં યા હિપ્પીહિલ ઉપર આવાં અનેક ચિત્રો જોવા મળશે.

બે-ત્રણ વાર આ હિપ્પી મહોલ્લામાં ફર્યો. હિપ્પીઓના બે મોટા ગુરુ કવિમિત્ર ઍલન ગિન્ઝબર્ગ અને સ્વામી ભક્તિવેદાંતજીને મળ્યો. એમનાં ધૂન-કીર્તન સાંભળ્યાં. ત્રીજા બીટલ્સના ગણાતા ગુરુ મહેશયોગી વિષે પણ વાંચ્યું છે. એ તો વળી મહર્ષિ કહેવાય. વિશ્વામિત્રની તોલે પણ નહિ, વશિષ્ટની તોલે મૂકવા પડે એવા સમરથ. વિશ્વામિત્રને પણ મહર્ષિ થતાં મોભે પાણી ચડ્યાં હતાં, ત્યારે આ મહર્ષિ ઍરકંડિશન્ડ ગુફાની ઠંડક અને શાંતિમાં આત્મસાક્ષાત્કાર કરાવે એવો એમનો દાવો. આજના જમાનાના આ સવાઈ પતંજલિ, તે એમણે કૅપ્સ્યુલ યોગ શોધ્યો. એટલે કે મિનિ સ્કર્ટ જેવો મિની યોગ. અબઘડીમાં આંતરદર્શન! શું થાય? વખત ન હોય ત્યારે અઢાર અધ્યાયની ગીતા અઢાર શ્લોકમાં પણ સંકેલી લેવાય છે ને, તેમ. મહર્ષિ મહેશ યોગીનાં ટ્રાન્સિડેન્ટલ મેડિટેશન ઉપર મિ. આલ્બર્ટ બ્રુન્સનું ભાષણ સાંભળ્યું હતું. એ આ પંથના એક શિક્ષક છે. કેટલાક બીટલ્સોએ—યાદ રાખજો હિપ્પીઓએ નહિ—પોતાના અનુભવો છપાવ્યા છે. જ્હૉન લિનૉને, જ્યૉર્જ હૅરિસને—'અમારી પાસે શું નથી? ધનદોલત, રેડિઓ, મોટર બધું જ છે. અમે મહર્ષિને મળ્યા અને અમે અમારાં અંતર વિકાસ પામતાં અનુભવ્યાં'. મહર્ષિના પટ્ટ શિષ્ય મિ. હૅરિસન લખે છે: 'અમારા આ શંકરાચાર્યની અકાદમી કાશ્મીરમાં છે. દિલ્હીથી ફક્ત દોઢસો માઈલ જ દૂર. અને એ સ્થાનનું નામ સ્વર્ગાશ્રમ. ત્યાં રહેવાનું અને ગંગામાં સ્નાન કરવાનું.' હરદ્વારને એ શિષ્ય કાશ્મીર કહે છે, એ નાની ક્ષતિ જ્ઞાન સંપાદન કરવાની મહાન ક્રિયામાં જતી કરીએ, તો પણ સ્વયં મહર્ષિનું વિધાન વિચારીએ: 'આ યોગક્રિયામાં મટીરિયલ વર્લ્ડને છાંડી દેવાની નથી. એ ભલે રહી, પણ એ રાખતાં છતાં અંતરમાં વધારે શાંતિ પ્રાપ્ત કરવાનો આ પ્રયોગ છે.' આનું પૃથક્કરણ આપણે એમ કરીએ કે આ યોગપ્રયોગમાં ત્યાગને ક્યાંય સ્થાન નથી. તેન ત્યક્તેન ભૂંજીથા, એ સૂત્ર જ ખોટું.

પણ હું આ દિશામાં એક પ્રખર ચિંતક અને પ્રખ્યાત વિદ્વાન સ્વ. કનૈયાલાલ મુનશીનો મત જ ટાંકું. કુલપતિના પત્રો-તા. ૬ જુલાઇ'૬૯માં વાંચો: બીટલ્સ પાસે પુષ્કળ લક્ષ્મી છે. એલ. એસ. ડી. જેવાં ઔષધોનો શૉખ છે. સડી જતી સંસ્કૃતિના પરિપાક અને પ્રતીક સમા બીટલ્સ હૃષીકેશના આશ્રમમાં થોડાં અઠવાડિયાંમાં જ ગળવાની મીઠી ગોળીની જેમ ધ્યાનયોગની ટેકનિકને ગટગટાવી જવા આવ્યા હતા. હું મહેશ યોગીને મળ્યો છું...એ ખરેખર એમ માને છે કે પોતે જે 'કૅપ્સ્યુલ યોગ'ની પદ્ધતિ યોજી છે તે જ યોગીઓએ બોધેલો પૂર્ણ યોગ છે. યોગ માટે શરૂઆતમાં તો ત્રિવિધ તાલીમની જરૂર પડે છે. તપસ એટલે આત્મસંયમ, સ્વાધ્યાય એટલે પવિત્ર જપ, અને ઈશ્વરપ્રણિધાન એટલે ઈશ્વરને ચરણે જવું... યોગ શીખવા આતુર એવા વિદેશીઓને કોઈ કહેશે ખરું કે પતંજલિએ જણાવ્યું છે તે યોગસિદ્ધિ માટે સતત આત્મસંયમ અને ઈશ્વર પ્રણિધાનની જરૂર રહે છે?'

શ્રી મુનશીજીની વાત સાચી છે, પણ પૂર્ણ વૈભવયોગમાં માનતા અને રાચતા આ મહા ગુરુઓ ઉપરની વાત સાંભળશે ખરા? વળી, એમણે તો બીટલ્સના સંદર્ભમાં કહ્યું છે. બીટલ્સ પછી તો સવાયા બીટલ્સ એટલે કે હિપ્પી નીકળ્યા, અને જતે કાળે ટૂંકડામાં જ સવાયા હિપ્પી નીકળશે તે વળી હજાર એક્સ પાવરની હોમિયોપથી જેવી નાનકડી ગોળી બનાવી તે ગળી પલકમાત્રમાં આત્મદર્શન કરશે, અને એમના નવતર ગુરુઓ તો વળી ગોળી ગળાવ્યા વિના જ કદાચ સાક્ષાત્કાર કરાવશે! ૨૨ જુલાઈ '૭૦નું 'ગુજરાત સમાચાર' જુઓ. 'ૐ મંત્રના ઉચ્ચાર સાથે હિપ્પીઓના ઉત્સવની એમાં વાત છે. બે લાખ હિપ્પીઓએ બ્યરોજ શહેરને મંત્રોચ્ચારથી ગજાવી મૂક્યું. મંત્રોચ્ચાર તો બે મિનિટ. પછી નાચગાન-ત્રણ રાત અને ત્રણ દિવસ! શિવજીના જાનૈયા જેવાં હિપ્પીઓ મન મૂકી નાચતાં હતાં. કોઈ પાસેની ઝાડીમાં કામદેવ અને રતિના અવતાર બની ક્રીડા કરતાં હતાં, તો કોઈ આડાંઅવળાં વહેતાં વહેણોમાં નગ્નસ્નાન કરતાં હતાં.' આગળ વાંચો: 'આ શંભુમેળામાં હાજર રહેલા દાક્તરો

પણ વિમાસણમાં મુકાયા હતા. ફ્રીબંધ હિપ્પીઓ મારૂજુઆનાથી મદમસ્ત બની, ગાંજા-ચરસના અખંડ સેવનથી બેહોશ બની, આમતેમ અથડાતા-કુટાતા હતા. દાક્તરો પણ એમની સારવાર કરતાં કંટાળી ગયા હતા. મજા તો એ થઈ કે ત્રીસ વર્ષનો એક ભાન ભૂલ્યો ઍલેક્સ કુલેયે આ મેળો યોજી, ત્રણ દિવસની માથાદીઠ અઢાર ડૉલરની પ્રવેશ ફી રાખી બેઠો હતો. એટલે કે એકસો પાંત્રીસ રૂપિયાની એ ફીમાંથી એણે રોકેલા સાડત્રીસ લાખ રૂપિયા પેદા કરી કમાણી કરવા ધારેલી. પણ પ્રવેશ ફી આપવાની કડાકૂટમાં કોઈ હિપ્પી પડે ખરો? બે લાખમાંથી પિસ્તાલીસ હજાર હિપ્પીઓએ ફી ભરી, બાકીના દોઢ લાખે તો દરવાજા ઉપર આંદોલન જ શરૂ કર્યું, અને એટલી ધાંધલ થઈ કે એમને ફી લીધા વિના દાખલ કરવા જ પડ્યા.' ત્યાં વળી હિપ્પી ફીના પૈસા કાઢે? એને બદલે એ એનાથી માદક પીણાં ન પીએ? ભાંગ ગાંજા ચરસનો ઉપયોગ ન કરે?

કેટલાંયે અવતરણો અહીં આપી કે સૂચવી શકું. પણ મને કટિંગની જરૂર નથી. એમની સાથે પ્રાણાયામ પણ કર્યા છે. મિશિગન યુનિવર્સિટીમાં મારા ક્લાસમાં એક ઇટાલિયન અમેરિકન છોકરી હતી. તે સોમવારે કરી લાવવાના પાઠનું ઘરકામ કદી સુપરત ન કરે. ચારેક સોમવાર પછી કકડાવીને કહ્યું. રડી પડી. એકલા મળતાં મને કહે કે દર શુક્રવારની રાતે અમારી કાયાકોડાનાં કશાં ઠેકાણાં નહિ. અમારો એક અડ્ડો છે. અમે આઠ જણા—ચાર કિશોરો અને ચાર કિશોરીઓ ગાંજો ફૂંકી ત્યાં પડ્યાં રહીએ છીએ. મન જ્યાં જાય ત્યાં એને જવા દઇએ છીએ. યોગબોગની વાતો અમે નથી કરતાં, પણ અમે હિપ્પી જમાતનાં સભ્યો છીએ. શુક્ર, શનિ અને રવિની રાત બાદ સોમવારે અમારામાં ઊભા રહેવાની શક્તિ નથી રહેતી. કહો, શું કરું? એની દયા ખાઇને હું પણ શું કરું?

હાઇટી મહોલ્લામાંથી પાછો જ્યારે ઘેર જતો ત્યારે સન્મુખભાઈ અને લોકપતિ બંને આ, એમને મતે વાઘરાં ટોળાં માટે હજાર સવાલો પૂછતા. એમાં એક અગત્યનો સૌ કોઇને પૂછવા મન થાય એવો સવાલ પુછાયો હતો: 'આનો અંત ક્યાં? આપણે ત્યાં આ ચાળો આવશે?'

૯મી ફેબ્રુ. ૧૯૬૯ના 'નિરીક્ષક'નું ૭મું પાનું વાંચો. પ્રિય પરાશરને નીતમ ગોસ્વામીનો લેખ 'ડિસ્કૂવાથેકે'–ભારતમાં યુરોપ? એમાંનાં બે વાક્યો તો બહુ મહત્ત્વનાં છે. ૧૯૪૦ના પારી(સ)ની યાદ અપાવે એવા ડિસ્કૂવાથેકે રાજધાનીના યુવકોની છેલ્લામાં છેલ્લી દિશા છે... દિલ્હીમાં આવાં પાંચ ધામો તો છે... દિલ્હીમાં યુવકોને વીસી વટાવવી નથી. અહીં મુંબાઈમાં રાતોરાત એમને ત્રીસી પાર કરીને શરાબની 'હેલ્થ પરમિટ' લેવી છે. આખો લેખ મારા મતે જરા પણ અતિશયોક્તિ વિના લખાએલો છે. એમાં સેક્સની વાતો છે, સંગીતની વાતો છે, ડિસ્કની વાતો છે. અમદાવાદમાં એવા અડ્ડા નથી? એ લખાયું ત્યારે નહિ હોય તો ત્યાર પછી થયા હશે યા થશે. મને એ લેખના મથાળા સામે સહેજ વિરોધ છે. 'ભારતમાં યુરોપ?' ના. યુરોપમાં, અમેરિકામાં ભારતનાં ભાંગ, ગાંજા, ચરસ ગયાં એનું કંઈ નહિ? શિવ વિષ્ણુ નટરાજ કામસૂત્રો ગયાં એનું કંઈ નહિ? ભગવાન મેળવવાની યુક્તિઓમાંની યોગક્રિયા ત્યાં ગઈ એનું કંઈ નહિ? ગુરુ મહર્ષિઓએ ત્યાં જઈ અડ્ડા નાખ્યા, 'અકાદમી ઑવ મેડિટેશન' સ્થાપી, ત્યારે યુરોપ ક્યાં અહીં આપણે બારણે બબડવા નીકળ્યું હતું? આ નહિ અટકે. જ્યાં જ્યાં બંધનો મૂકશો ત્યાં મોક્ષગતિ માટે વૃત્તિ જાગવાની જ. પછી માર્ગ સદ્ યા અસદ્, માધ્યમ નબળાં ને સાધન જે હાથ આવે તે, એ સહન કર્યે જ છૂટકો. આ નહિ અટકે. હિપ્પીઓ એકલા અહીં આવ્યા છે? અમેરિકાથી મોટરો અહીં નથી આવી? ડૉલરો અહીં નથી આવતા? ત્યાંથી વહુઓ અહીં નથી આવતી? પુસ્તકો નથી આવતાં? જ્ઞાનવિજ્ઞાન અહીં નથી આવતાં? કેમ અટકે? પેલી વાત ભૂલી ગયા? સર્પગન્ધાની. એ ઔષધિની વેલી શોધાઈ. જોકે આયુર્વેદકમાં તો જાણીતી હતી જ. પરંતુ એ સ્વિટ્ઝર્લૅન્ડ ગઈ, સર્પેન્ટિના થઈ હૃદયની દવા તરીકે આવી. શું ભારત કે શું યુરોપ! ભાંગનો વેલો ત્યાં વધ્યો–વિસ્તર્યો, ગાંજો ચરસ ત્યાં પેંધ્યો પેંધાડ્યો, એમાં એમનો શો દોષ? આ એક ચક્ર છે. સાઈકલ ચાલ્યા કરશે, ક્યાંક ચકરડું ઢીલું પણ પડશે, પણ અટકાવ્યું નહિ અટકે. નવું દેખી હાય હાય ન કરો. કારણ, નવું કશું છે જ નહિ. ફિરકાને ફરી જવા દો. આપણા કરતાં આપણા વડીલો-વૃદ્ધો સારા. આવું જોઈ જરા ય ચમકતા નથી. શાંતિથી સંતોષથી કહેતા આવ્યા છે કે 'અમે તો કહેતા જ હતા, કળજુગમાં આવું બધું જ થશે, ને હજી કપરો કળજુગ આવશે.' આપણે એ સ્વસ્થતા કેળવવાનો કીમિયો ભૂલી ગયા છીએ.

ના, નિરાશ ન થશો. બીજા બે નક્કર મતો તારવી આપું છું. એલ. એસ. ડી. સંબંધી ૧ ડિસેમ્બર ૧૯૬૮નું ટાઈમ્સ ઑવ ઇન્ડિયાનું ૭મું પાનું જુઓ. મુંબાઈના જાણીતા સાહિત્યકાર નિસિમ ઇઝ્રેકિયેલનો ઈન્ટરવ્યૂ વાંચો: 'તમે એલ. એસ. ડી. લેવાનો અનુભવ કર્યો છે?' 'હા. ૧૯૬૭માં ન્યૂ યૉર્કમાં હતો ત્યારે'—નિસિમભાઈ કહે છે. પછી પોતાના અનુભવોની અચ્છી અચ્છી વાતો કરે છે. સમય અને સ્થાનનું ભાન ભૂલી એ અલૌકિક સૃષ્ટિમાં વિહરે છે. દસબાર સવાલજવાબ પછીનો છેલ્લો પ્રશ્ન આપણી પુખ્ત વયની વ્યક્તિઓએ એલ. એસ. ડી. લેવું એવું તમે પ્રતિપાદન કરશો? તો કહે છે 'પહેલાં તો એ સંબંધી સાહિત્ય વાંચો, પચાવો, સમજો. બંને તરફના અભિપ્રાયો વાંચો. એકલા હો ત્યારે તો કદી પણ લેવું નહિ. સાવચેતી વિના એ લેવામાં જોખમ છે. ભારે જોખમ છે.'

'જુનીઅર સ્ટેટ્સમૅન' કરી એક સામયિકનો સપ્ટેમ્બર ૧૬ ૧૯૬૭ અંક મળે તો જુઓ. આ છાપું નીકળે છે કલકત્તાથી, પણ સાન ફ્રાન્સિસ્કોમાં એ વેચાય છે. એનાં કલરફુલ ટાઈટલ પેજ છે. એ ઉપર મોટા અક્ષરે સૂત્રો લખ્યાં છે: 'આપને 'લવ'ની જ જરૂર છે.' 'લવ, લવ, લવ' જ આ સંસારનો ઉદ્ધાર છે. એમાં જાતજાતનો ઘણો મસાલો છે. એમાં 'ધૂપ, સાઇકેડેલિક રાગો અને કૃષ્ણનું અંતરમાં જ્ઞાન' એવા મથાળાના એક લેખમાં પં. રવિશંકરનાં વચનો ટંકાયાં છે. સાઇકેડેલિક શાસ્ત્રના એક વખતના હાર્વર્ડ યુનિવર્સિટીના હિપ્પીઓના ગુરુ ડૉ. ટિમોથી લિયરી એલ. એસ. ડી. લેવા થકી અવનવીન જાતના રાગોનું આયોજન થાય છે, એમ કહે છે. વિશાળ મનોક્રિયાની વાત કરતા રવિશંકરને પૂછતાં એણે કહ્યું 'ના, ભારતીય સંગીતને આ ભાંગ ગાંજા ચરસ સાથે સાંકળવામાં આવે છે, એ વાત ઠીક નથી. મને એવાં કાંઈ બંધાણની જરૂર નથી. વિના કેફ, વિના નશા, હું મારા સંગીત થકી મારા અંતરને ઉન્નત દશા તરફ લઈ જઈ શકું છું.' પણ આ ખારા સમુદ્રમાંની એક મીઠી વીરડીનો સાદ કોણ માનશે?

પ્રેમને પંથે, મારૂજુઆનાના માધ્યમ થકી, અંતરમાં અનંત અગોચરની શોધમાં નીકળેલા હિપ્પીઓનો જય હો! એ માર્ગ ભૂલ્યા હશે, તો પાછા વળશે; નહિ તો આપણે આપણો માર્ગ ભૂલ્યા છીએ એમને એ સાચા પંથે વાળશે. સંસારના ચઢઊતરના ચક્રમાં આ પંથે ચાલેલાનો ચીલો ક્યાંય અટવાઈ ખોવાઈ જશે, ને ગએલા સાપના લીસોટા જેવો પણ જોવા નહિ મળે!

(ચાલુ)

લોભ

અને ઇચ્છા જ્યારે લોભ બને ત્યારે ફળે નહિ.

લોભ પેદા થાય ત્યાંથી જીવન બે ડગલાં પાછું હટે છે. અને ક્યારેક લોભના બુરખામાં છુપાએલા મૃત્યુને આપણે જોઇ શકતા નથી જેમ હીરામાં છુપાએલા ઝેરને કોઈ જાણતું નથી!

ઇચ્છા નહિ, ઇચ્છાનો અતિરેક–લોભ–ખરાબ છે. અને જ્યારે પરિશ્રમ વિના લેવાની ઇચ્છા થાય છે ત્યારે જાણે આપણી સંવેદનશીલ ભાવનાઓને ફાંસો જ દેવાય છે!

લોભ જીવલેણ રોગ છે, પણ સંયમ એનો ઇલાજ છે.

'નિશીથ'

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૧૩ · રજોદર્શન]

રજોદર્શન અગાઉ અને એ દરમિયાન રોજિંદા જીવનની ચિંતાઓ, અયુક્ત આહાર, શરીરમાં પાણીનો ભરાવો તથા અંતઃસ્રાવી ગ્રંથિઓની પ્રક્રિયાઓને કારણે સ્ત્રીના દેહમાં અને સ્વભાવમાં સમસ્યારૂપ ફેરફારો જોવા મળે છે. સ્ત્રી-પુરુષ બંનેએ એને સમજવા ઘટે.

ઘણી તંદુરસ્ત સ્ત્રીઓ રજોદર્શન વખતે રોજિંદાં કામકાજ જરા હળવેથી ઉપાડી શકે છે, પણ નિયમસરના રજોદર્શન સાથે મોટા-ભાગે પેડુમાં ભારેપણું, વધારે પેશાબ, થોડું ચીડિયાપણું, બેચેની, પેટ પગ ને માથાનો દુખાવો, ઊબકા, ઊલટી, ચક્કર અને ઉદાસીનતા હોય છે. મોટા ભાગની કન્યાઓને શરૂઆતના બે દિવસ થોડીઘણી પીડા ને ત્રાસ-ભર્યા બને છે. તંદુરસ્ત શરીર ચેપ સામે પ્રતિકાર કરી શકે છે, તેમ તેનું રજોદર્શન પણ ઓછું પીડાકારી હોય છે. તંદુરસ્તીમાં રજોદર્શનનો ગાળો માંદગીભર્યો તો નહિ પણ કેટલાક ફેરફારોથી નાદુરસ્તીભર્યો તો બને છે. આ સમયે અભ્યાસ અને વાર્તાવિનોદમાં કંઈ રસ પડતો નથી. આરામ કે એકલા પડી રહેવાનું ગમે છે અને સ્વભાવમાં ચીડિયાપણાથી માંડી વિવેકહીનતા, ઉદાસીનતા, નિરુત્સાહ અને મનનું આળાપણું વગેરે થાયછે.

કદી કોઇને પુષ્કળ પીડા થાય તે કષ્ટાર્તવ (ડિસમેનોરિયા) છે. બીજ-ગ્રંથિ આગળ સોજો, ગર્ભાશયનો સંકોચ કે યોનિમાં કાટખૂણે ગોઠવાએલા ગર્ભાશયમાંથી લોહીસ્રાવના વહેવાની મુશ્કેલી વગેરેને કારણે આવું બને છે. કોઇને એપેન્ડિક્સનું ઑપરેશન કરાવ્યા બાદ તે મટે છે. વેદના થવામાં લાગણીનાં કારણો મોટો ભાગ ભજવે છે. ઘરમાં, શાળામાં કે મિત્ર સાથેના અમેળની ચિંતા રજોદર્શનના કષ્ટરૂપે વ્યક્ત થાય છે. રજોદર્શન સંબંધી સંદિગ્ધ ખયાલ, શરીરવ્યાપારો વિષે એની ઉપયોગિતાના પૂરતા જ્ઞાનનો અભાવ કે લોહી વહેવાથી ઊભો થએલો ડર પણ કષ્ટાર્તવના કારણરૂપ મનાય છે. માતાને જો કષ્ટદાયી રજસ્રાવ હોય તો દીકરી પણ તેને કષ્ટદાયી બાબત માની લઈ ભયભીત બનવાથી ગર્ભાશયની માંસપેશીઓની ખેંચ વધે છે અને રજોદર્શન કષ્ટદાયી બને છે. એક વાર અમુક ઢબ નક્કી થઈ, પછી તે બદલાવી મુશ્કેલ છે. પુનરાવર્તનથી કષ્ટ કાયમી બને છે.

રજોદય (મેનાર્કે) સમયની ઉમર અને રજોદર્શનની અસ્વસ્થતાને સંબંધ હોવાનું સાબિત થએલું છે. પંદર-સત્તર વર્ષની ઉંમરે શરૂ થતા રજોદર્શનમાં અસ્વસ્થતા બેચેની અને કષ્ટ ઓછાં હોય છે.

સ્ત્રીના જીવનમાં સગર્ભાવસ્થા સિવાય એક પછી એક રજોદર્શનનો ઘટનાક્રમ (મેન્સ્ટ્રુઅલ સાઈકલ) ચાલુ રહે છે. બે રજોદર્શનની વચ્ચેના ગાળામાં બીજગ્રંથિઓ હૉર્મોન્સ પેદા કરવાનાં અને બીજકોષ પક્વ બનાવવાનાં કામ ઉપાડે છે. શરીરની અંદર થતી આ ક્રિયાઓની કંઈ પણ જાણ પડતી નથી, પણ તેની અસરો મિજાજ, અનુભવ, મન અને લાગણીઓ ઉપર થાય છે. જલ્દી ચીડાય તેવી અને ક્ષુબ્ધ કે શીઘ્રભાવગ્રાહી વ્યક્તિને આની ઝાઝી અસર થાય છે.

રજોદર્શન પછી બીજગ્રંથિઓમાંથી પુષ્કળ પ્રમાણમાં ઈસ્ટ્રોજન બહાર પડે છે. આની અસરથી સ્ત્રી પ્રસન્ન, ઉત્સાહી અને ચપળ બને છે. આ સ્થિતિ ઑવ્યુલેશન સુધી ચાલુ રહે છે. આ પછી ઈસ્ટ્રોજનનું પ્રમાણ ઘટે છે. રજોદર્શનના અઠવાડિયા અગાઉ તેનું પ્રમાણ ખૂબ ઘટે છે. તે સાથોસાથ પ્રોજેસ્ટેરોનનું પ્રમાણ ખૂબ વધે છે. પછી ઇસ્ટ્રોજન પણ બીજી વાર ખૂબ વધી ધીમે ધીમે ઘટે છે. હોરમોનોના આ માસિક પ્રમાણમાં અને તેમની ભરતીઓટમાં વ્યક્તિગત ફેરફાર રહે છે. બન્ને સ્રાવની સમતુલા જોખમાય છે. આ અસમતુલાના કારણે સંવેદનાઓના બગાડા બહુ સામાન્ય છે. શરીરના બગાડા જેવા કે હતાશા, શિરોવેદના, આધાશીશી, દમના હુમલા, ગાલ ઉપર ખીલ, ખરજવું, મોંમાં ચાંદાં, નાક સીડાઈ જવાં, સાયનેસાઇટિસ, કમર અને સાંધાના દુખાવા થાય છે ને જો એ દુખાવા પહેલેથી હોય તો તેમાં વધારો થાય છે. રજોદર્શનના દસ દિવસ અગાઉ સ્વભાવમાં ફેર પડે છે. થોડું ચીડિયાપણું, કે ઉદાસીનતા આવી જાય છે. સ્વભાવ એવો બદલાઈ જાય છે કે આજ્ઞાધારક કે પ્રેમાળ સ્ત્રી પણ કજિયાખોર ને ચીડિયણ બની જાય છે. કોઈ ઘડીમાં પ્રફુલ્લતા તો ઘડીમાં નિરાશા વચ્ચે ઝોલાં ખાય છે. કોકને ઘડીકમાં કામ કરવાની સ્ફૂર્તિ આવે છે ને પછી એવી તો સુસ્તી લાગે છે કે કોઈ પણ કામ યાતનાભર્યું બને છે. આવાં કારણોથી અજ્ઞાત પુરુષ સ્ત્રીને બરાબર સમજી શકતો નથી. આ દિવસો દરમિયાન સ્ત્રીનાં કાર્યક્ષમતા, દક્ષતા, પ્રાવીણ્ય અને વિવેકબુદ્ધિ મંદ પડે છે. આવી અસરમાં અનુભવી સ્ત્રીઓ પણ અનેક ભૂલો અને ક્યારેક હિંસાત્મક ગુનાઓ પણ કરી બેસે છે.

રજોદર્શનના દસ દિવસ અગાઉનાં આ બધાં લક્ષણો 'પ્રિમેન્સ્ટ્રુઅલ ટેન્શન' કે 'સિન્ડ્રોમ' કહેવાય છે. અલબત્ત, કોકને આવી અસર ભાગ્યે જ થાય છે તો કેટલીક સ્ત્રીઓમાં તે ઉગ્રતાની હદે પહોંચે છે. કન્યાઓને માત્ર રજોદર્શનનું કષ્ટ પીડે છે, પણ વીસની વયની આસપાસ અને મોટે-ભાગે પરણેલી સ્ત્રીઓને તો પ્રિમેન્સ્ટ્રુઅલ સિન્ડ્રોમ શરૂ થાય છે. તેમાં એક મહત્ત્વનું લક્ષણ શરીરમાં પાણીનો ભરાવો થઈ ને વજનમાં બે ચાર શેરનો વધારો થાય છે. આથી કપડાં તંગ પડે છે કે હાથ અક્કડ બને છે, અગર તો મોં ફૂલેલું બને છે તથા સ્તનનું કદ વધે છે અને સૂતી વખતે પડખું બદલતાં જરા દબાતાં દુખે છે. રજોદર્શન થતાં પેશાબનું પ્રમાણ વધતાં પાણીનો ભરાવો ઘટે છે. આ બધાં શરીરવ્યાપારનાં સામાન્ય લક્ષણો છે, પણ એમાં રોજિંદા જીવનની ચિંતા મોટો ભાગ ભજવે છે. સ્વજનની માંદગી, પૈસાની ભીડ, પાડોશી સાથે તકરાર વગેરે જેવી રોજિંદા જીવનની ખેંચ અને બોજ વખતે તેમાં ઘણો વધારો થાય છે.

આ લક્ષણો નિવારવા રજોદર્શનના દસ દિવસ અગાઉથી પાણી ઓછું પીવું જોઇએ. મીઠાવાળા ખોરાક, અથાણાં, ચટણી, પાપડ અને ખોરાકમાં વધારે મીઠું ખાવાથી તેનું પ્રમાણ જાળવી રાખવા શરીર પાણી સંઘરે છે. એટલું મીઠું ખાવાનું ઓછું થતાં તેનું પ્રમાણ જાળવી રાખવા શરીરમાંથી પાણી ઓછું થાય છે. પાણીના ભરાવા માટે પ્રોજેસ્ટેરોનનું ઓછું પ્રમાણ કારણભૂત લેખાય છે. તે જો બિલકુલે ય પેદા ન થાય તો સ્ત્રી વંધ્ય નીવડે છે. બાકી તેના ઓછા પ્રમાણથી શરીરમાં પાણી ભરાય છે. ઉપચારમાં મોટી માત્રામાં વિટામિન એ, પ્રોજેસ્ટેરોનનાં ઇન્જેક્શન કે ગોળી, મૂત્રલ અને ટ્રાન્ક્વીલાઈઝર ઔષધો અપાય છે.

સ્ત્રી-દેહમાં રજોદર્શનના ઘટનાક્રમની સાથે પ્રજનનક્રમ રહેલો છે. ગર્ભાધાન પછી રજોદર્શન થતું નથી, પણ અપરિણીત જીવનમાં રજોદર્શન યથાસમયે ન થાય તો તે ચિંતાનું કારણ થઇ પડે છે. રજોદર્શન બંધ થવાનું મુખ્ય કારણ તો ગર્ભાધાન છે (અને એ કહેવાની જરૂર નથી કે પુરુષ સાથે દેહસંબંધ થયા વિના ગર્ભાધાન થતું નથી): પણ ક્હીક પુષ્કળ ઍનીમિયા કે આંતરસ્રાવી ગ્રંથિઓની અ-સમતુલા પણ કારણ રૂપ હોઈ શકે છે. મનની સ્થિતિ પણ મોટો ભાગ ભજવે છે. રજોદર્શન અનિયમિત થતાં ચિંતા ઊભી થાય છે, ક્ષુબ્ધ અને તંગ થવાય છે. આ સંજોગોમાં રજોદર્શન વિલંબમાં પડે છે. મન, જ્ઞાનતંતુઓ અને શરીર ગાઢ રીતે સંકળાએલાં છે. એકની બીજા ઉપર અસર થાય છે. રજોદર્શનની જેટલી ફિકર અને ચિંતા વધારે તેટલી તેમાં ઢીલ થાય છે. માટે ચિંતા ન કરવી.

ઘરના ખૂણે નાહ્યાધોયા વિના પડી રહી કોઇને અડકાય નહિ એવી રીતે અગાઉ અડકાવના દિવસો પળાતા. હવે જિંદગીની ઢબ સુધર્યાના

પ્રમાણમાં થોડીવત્તી આભડછેટ પાળવાથી માંડી બિલકુલે ય નથી પળાતી. આજનાં ચડ્ડી, ડાયાપર કે સૅનિટરી ટૉવેલના વપરાશથી તંદુરસ્ત તરુણી સુઘડ રહી ઘર, શાળા અને ઑફિસમાં કામ કરી શકે છે. હળવી રમતગમતમાં પણ ભાગ લઈ શકે છે. પરંતુ લાંબા અંતરની સાઈકલ-સવારી કે વધુ શારીરિક મહેનતવાળાં કામ, રમતગમતો અને ઠંડાગાર પાણીથી સ્નાન કે તેમાં તરવાનું ટાળવું જોઇએ. રજોદર્શન સામાન્ય શરીરવ્યાપાર છે અને તે કોઈ પણ પ્રવૃત્તિની આડે આવવું ન જોઇએ. હા, તેની શરૂઆતમાં ગર્ભાશયમાં આંકડી આવવા જેવું દરદ થાય છે. તેના માટે થોડો આરામ, પેડુ ઉપર ગરમ પાણીનો શેક અને ઍસ્પિરીન કે એનાલ્જિનની વેદનાહર ગોળીથી આરામ થાય છે. રજોદર્શનના બહાના હેઠળ કેટલાંક કામ ટાળી દેવાય છે; પણ આ વલણ છોડી દેવાનું છે. સમય બદલાયો છે. કોઈ માંદગી સંતાડી શકાતી નથી કે નવી પેદા થતી નથી. કષ્ટાર્તવ માંદગી નથી, પણ લક્ષણ છે. રજોદર્શન માંદગીરૂપ બનતું હોય તો તેના ઉપચાર થવા જોઈએ છે જેથી તેમાંથી મુક્તિ મળે.

આ દિવસો દરમિયાન રોજ ગરમ પાણીથી નાહવાનો રિવાજ રાખવો જોઇએ. ઋતુસ્રાવ સાથે જોડાએલી દુર્ગંધ માટે ગુહ્યાંગો સાફ કરવાનું જો કે કહેવાનું ન હોય, પણ આ દુર્ગંધને ઝીલી રાખનારા ભગસ્થાન ઉપરના વાળ સાફ થવા માટે થોડું કહેવાનું છે. આમ ન થવાથી ખજવાળ, આળાશ અને ફોડકીઓ થાય છે. ગુહ્યાંગ ઉપર વાળનો ભરાવો થવાથી તરુણો પણ આ સ્થિતિના ભોગ બને છે. ચહેરાની ચામડીની જેટલી માવજત થાય છે તેના પ્રમાણમાં ગુહ્યાંગની ચોખ્ખાઈ રાખવામાં બેદરકારી અને દુર્લક્ષ દેખાય છે. સાબુની છાંટ ન રહે એવી રીતે આ ભાગ પુષ્કળ પાણીથી ધોવા સાથે અવારનવાર આ વાળ કાઢી નાખવાની ચોકસાઈ રાખવી જરૂરી છે.

રજોદર્શન કોઈ માંદગી નથી કે તરુણી અગર સ્ત્રીના ચહેરા ઉપરથી તેનો કશો ખયાલ આવી શકે. પણ સ્વભાવમાં થએલા ફેરફારથી તે સંબંધી કળી જવાય છે. પુરુષોને સ્ત્રીઓ માટે ઊભી થતી સમસ્યાઓમાં મુખ્ય રજોદર્શન અંગે થતા સ્વભાવમાં ફેરફાર માટે સમાયોજન સાધવાનું છે, વિચારશીલ થવાનું છે—યુવાનીમાં સ્ત્રીમિત્ર સાથે ને પુખ્ત વયે પત્ની સાથે. સ્ત્રીઓના રજોદર્શન-ધર્મથી પુરુષમાત્રને—પતિ પુત્ર પ્રેમી અને (સ્ત્રી નોકરીમાં હોય તો) પરાયાને કંઇ ને કંઇ અસર પહોંચે છે અને પુરુષના વર્તાવથી સ્ત્રીની સ્થિતિ ઉપર અસર પહોંચે છે. સુમેળભર્યા વ્યવહાર માટે પુરુષોએ સ્ત્રીઓના રજોદર્શનના વ્યાપારો સંબંધી જાણવું જરૂરી છે અને સ્ત્રીઓએ પણ પોતાના શરીરમાં થતા ફેરફારો જાણી લઈ તેને અનુકૂળ રહી વર્તતાં શીખવું એટલું જ જરૂરી છે.

(હવે પછી 'પ્રથમ રજોદર્શન બાદ')

અનુસંધાન] **ઑરેસ્ટિયા** [પૃ. ૩૯૩થી

સ્કિલસે પલટી નાખી છે. છાપરે ઊભેલ સંત્રી જાણે પ્રકાશના ચિરસંકેતની પ્રતીક્ષાનું પ્રતીક છે. ક્લાઇટેમ્નેસ્ટ્રાના વિજયથી, દુરિત—'ઇવિલ'—ઘડીભર વિજયી થતું ને પછી એક ઉન્મત્ત માણસના પિતૃઋણ ચૂકવવાના વેરભર્યા ખયાલથી પરાસ્ત થતું લાગે તેય ભ્રમણાઓ છે. બહારનાં દુરિતોને અસિધારથી છેદી શકાતાં નથી. નાસ-ભાગ, યુક્તિ-પ્રયુક્તિ, હત્યા, ભય—એના સતત ઓથારવાળી લાગતી આ રચનાના પાર્શ્વ સૂરો 'શમ'ના છે. 'ઍગામેમ્નોન'માંના એક ગીતની ધ્રુવપંક્તિ આ આખી યે નાટ્યત્રયીનો સંદેશ વ્યક્ત કરે છે:

Then be your burden sad with sounds of wail,
But let t[illegible]e happier note prevail.
ભલે સત[illegible]ાન વેદન તણું જ વ્હેતું રહ્યું,
પ્રભાવ નિજ સ્થાપશે સતત શાન્તની ઝંકૃતિ.

વારતા ૧૫

વૈતાળ પચ્ચાસી

ભેગરાજ

વિનોદ ભટ્ટ

—અને સિદ્ધ વડ પરથી મડાને ઉતારી, ખાંધે નાખી રાજા વિક્રમે ચાલવા માંડયું કે મડાએ વારતા શરૂ કરી:

"ભેગરાજ નામે એક રાજ હતું. મૂળ તો એનું નામ કંઈ બીજું હતું પણ તેમાં ભેળસેળે માઝા મૂકી હોવાથી તે આ નામે ઓળખાતું. તેમાં સર્વત્ર તમામ ચીજવસ્તુઓ ભેળસેળવાળી મળતી હતી. ઘીમાં ડુક્કરની ચરબી, મરચાંમાં લાકડાનું રંગીન ભૂસું, ધાણાજીરામાં ઘોડાની લાદ, મરીમાં પપૈયાનાં બી, લસ્સીમાં સફેદ બ્લૉટિંગ પેપર, ચામાં મેંદીનો રંગ, ટૉમેટો ચટણીમાં કોળાનો રસ વગેરે તમામ પદાર્થો ભેળસેળવાળા જ વેચાતા. આ રાજમાં સ્ત્રીઓ આપઘાત માટે કેરોસીન છાંટવાનો પ્રયોગ કદી કરતી નહિ, કેમ કે તેમાં યે પાણીનો ભેગ આવતો. અહીં ઝેર ખાઈને કોઈ મર્યાની નોંધ નહોતી, પણ શક્તિની દવા ખાતાં મરેલાંનું પ્રમાણ મોટું હતું, કારણ કે બંને પ્રકારની દવાઓ ભેગવાળી મળતી. અને મચ્છરો તો અહીં ડી. ડી. ટી. પાઉડર છાંટતાં મરવાને બદલે વધુ શક્તિશાળી બની જોરદાર હુમલા કરતા. કેમ કે તેમાં યે ભેગ રહેતો.

આમ, રાજનું સમગ્ર વાતાવરણ ભેગમય બની ગયું હોઈ લોકોનું માનસ પણ એ રીતે ઘડાયું હતું. સ્ત્રી-પુરુષને એકબીજાના પ્રેમમાં પણ શંકા રહેતી. કોઈ પુરુષ કોઈ સ્ત્રીને, 'હું તને સાચા હૃદયથી ચાહું છું' એમ કહેતો ત્યારે હસી પડતી; અને કોઈ સ્ત્રી, પુરુષને 'મૈં તુમ્હારે બીના જી નહિ સકતી, ઝહર ખા કે મર જાઉંગી.' એમ કહેતી ત્યારે પુરુષ કોઈ 'જૉક' સાંભળી હોય તેમ હસીને બેવડ વળી જતો. રાજમાં પરચૂરણની તંગી નહોતી, પણ જે મળતું તેમાં બનાવટી સિક્કાનો ભેગ જરૂર થતો અને નોટો જે ચલણમાં હતી તેમાં યે ઘણી ખોટી ફરતી હતી.

આમ, સતત થતું રહેવાથી પ્રજાના કૌટુમ્બિક, શારીરિક, માનસિક તેમજ સામાજિક સુખમાં પણ દુઃખનો ભેગ થવા માંડયો હતો. અંતે પ્રજાએ રાજાને ફરિયાદો કરવા માંડી ત્યારે રાજાને પણ પ્રથમ તો એ ફરિયાદમાં મિલાવટની ગંધ આવી; પણ શુદ્ધ ઊંડી તપાસ કરતાં રાજાને જણાયું કે રાજમાં ભેળસેળ ખૂબ જ મોટા પાયા પર વધી પડી હતી. ખુદ રાજાના દારૂમાં ય ભેળસેળ થતી હોવાને કારણે એને પૂરતી લિજ્જત નહોતી મળતી તેનું કારણ પણ આથી સ્પષ્ટ થયું. આખરે આ ભેળસેળ ડામી દેવા અને ભેળસેળિયા સૌ કોઈ પર દાખલો બેસાડવા રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે રાજના એક નંબરના ભેળસેળિયાને જાહેરમાં ફાંસી આપવામાં આવશે. રાજાનો આ ઢંઢેરો સાંભળી રાજ્યના નાનામોટા બધા જ ભેળસેળિયાઓમાં ફફડાટ પેસી ગયો, કેમ કે દરેક ભેળસેળિયો વેપારી પોતાને પહેલા નંબરનો ભેળસેળિયો માનતો હતો.

પણ અંતે જેની સામે સૌથી વધુ ફરિયાદો હતી તે, બધી જ ચીજો વેચતા એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના વેપારીને જાહેરમાં ખડો કરવામાં આવ્યો ને તેના ગળામાં ફાંસીનો ફંદો નાખવામાં આવ્યો. આ જોઈ પોતાની પણ ભવિષ્યમાં આ જ વલે થશે એ વિચારે બીજા ભેળસેળિયા વેપારીઓ રડી ઊઠયા ત્યારે જેના ગળામાં ફાંસીનો ફંદો પડતો હતો તે મલકી રહ્યો હતો."

વારતાને આટલેથી જ અટકાવતાં વૈતાળે વિક્રમને પૂછયું કે 'હે વિક્રમ, ગળામાં ફાંસીનો ગાળિયો પડવા છતાં એ વેપારી કેમ હસ્યો હશે?'

'ફાંસી દેવા માટેનું દોરડું એ વેપારીના સ્ટોરમાંથી જ ખરીદાયું હોઈ તેની બનાવટમાં પણ બનાવટ હોવાથી એ તકલાદી હોવાની પેલા વેપારીને પ્રતીતિ હતી તેથી.' રાજા વિક્રમે જવાબ આપ્યો. અને મડું ઝાડ પર લટકી ગયું.

પચ્ચીસ વર્ષ પહેલાં

ઑક્ટોબર ૧૯૪૭
વર્ષ ૨૩
અંક ૨૭૪

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી ચિત્રવિજ્ઞાન નામની જે લેખમાળા ત્યારે આવતી તેના (અંક ૫૭૨ની માફક) એક વધુ આસ્વાદ

જ્યારે કોઈ પણ ચિત્રમાં વધારે રેખા અથવા વધારે વસ્તુના સમાવેશથી ચિત્ર-વસ્તુ એક તરફ નમી પડે છે ત્યારે તેને વજનમાં ઊંચું લાવવા માટે બીજી તરફ ભાર મૂકવો પડે છે. એટલે કે નવી વસ્તુના સમાવેશથી એનું પ્રમાણ સરખું કરવું પડે છે. ભારની આ સામ્યતા લાવવા માટે બંને તરફ એક જ મૂલ્ય અથવા એક જ વજનની વસ્તુનો સમાવેશ કરવો જોઈએ એવું કંઇ નથી. જ્યારે કોઈ પણ વસ્તુના આકર્ષણને લીધે છબિની એક તરફ મન ઝૂકી પડે, ત્યારે મનના આ ધ્યાનની સામ્યતા લાવવા માટે ચિત્રના વિપરીત અંશમાં કોઈ બહુ જ સાધારણ વસ્તુનો સમાવેશ કરવાથી પણ ભારનું તોલન જળવાય છે. એટલે, મનને બીજી તરફ ખેંચી જવા માટે સામાન્ય કારણ પણ જો હાજર હશે તો મન ચિત્રના ઉત્તમાંશમાં શ્રેષ્ઠતર આકર્ષણને લીધે ઝૂકશે. મનઃસંયોગનું આ ઇચ્છવા જેવું ભાર-સમતોલન (Balance) ચિત્ર-વિજ્ઞાનની રચનારીતિની ખરી મુદ્દાની વાત છે. પશ્ચિમના દેશોનાં ચિત્રોમાં કોઈ પણ જાતની વિપરીત આકર્ષણની સામગ્રીનું અંકન કરીને આ ભારતોલનનું પ્રમાણ લાવવામાં આવે છે; પણ પૂર્વ દેશોનાં ચિત્રોમાં, ને ખાસ કરીને ચીન જાપાનનાં ચિત્રોમાં, આ ભાર-તોલન શૂન્ય સ્થાન (ખાલી જગ્યા) વડે, એટલે કે વિપરીત આકર્ષણવાળી કોઈ પણ વસ્તુનું અંકન કર્યા વગર જ, અત્યંત કુશળતાથી સિદ્ધ કરવામાં આવે છે.


પશ્ચિમી ચિત્રોમાં ભાર-તોલન બે પ્રકારનું હોય છે: (૧) ચાક્ષુષ, અથવા પ્રત્યક્ષ, આ દૃષ્ટિગોચર સામ્ય (formal balance); અને (૨) અપ્રત્યક્ષ અથવા અંદરનું ભારસામ્ય (informal balance).

પહેલાના ઉદાહરણ તરીકે ઈટાલિયન કલાકાર ફ્રા ઍન્જેલિકોનું 'માતા ને દેવદૂતો'નું ચિત્ર લઈએ (સામે પાને આકૃતિ નં. ૪૮). આ ચિત્રમાં માતૃમૂર્તિ મેરીને વચમાં બેસાડી તેની બંને બાજુ દેવદૂતોની સમપ્રમાણ હાર મૂકવામાં આવી છે. ચિત્રના વસ્તુનું વજન કરી તેના બે સરખા ભાગ પાડવામાં આવ્યા છે. કોઈ પણ તરફ લેશમાત્ર વધારે-ઓછું નથી. વસ્તુનો એવો તો સમાન ભાગ કરવામાં આવ્યો છે કે બે ય તરફ વિષયવસ્તુ જાણે બરાબર સરખી જ તોળી બતાવી છે. આ જાતનું ભારતોલન ચિત્ર કળાના આદિ અથવા શૈશવ કાળમાં બહુ જ પ્રિય હતું.

બીજા પ્રકારના ઉદાહરણ માટે વિખ્યાત ઈટાલિયન ચિત્રકાર બોતીચેલ્લી (ઇ. ૧૪૪૪ થી ૧૫૧૦)નું ચિત્ર 'વીનસનો જન્મ' (Birth of Venus) લઇએ, આ ચિત્ર અપ્રત્યક્ષ ભાર સામ્યતાના દૃષ્ટાન્તરૂપ છે. (આકૃતિ નં. ૪૯). પહેલા ઉદાહરણ પેઠે આ ચિત્રના વિષયવસ્તુનું વજન કરીને તેના બે 'સરખા' ભાગ કરવામાં આવ્યા નથી. જમણી બાજુ ઊભેલી દેવપરીનું રૂપ તથા અવયવો ડાબી બાજુએ ઊભેલી વસ્તુની આકૃતિ કે વજન જેવાં નથી; છતાં ડાબી બાજુની વસ્તુ જમણી બાજુના ચિત્ર તરફથી આપણા મનને આકર્ષી લે છે. જમણી તરફના કરતાં વિરોધી જ એવું કંઈક ડાબી તરફ છે. (જુઓ નીચે એ જ ચિત્ર).

ચીન-જાપાનનાં ચિત્રોમાં આ ભાર-સામ્યતા, કોઈ પણ વિરોધી વસ્તુનું ચિત્રાંકન કર્યા વગર જ, ફક્ત વિપરીત સ્થાનને તદ્દન ખાલી રાખીને જ, સિદ્ધ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'ઊડતા હંસ'નું ચિત્ર (આકૃતિ નં. ૫૦) જુઓ. એ ચિત્રમાં ચંદ્રની બહુ જ નિકટ ઊડતા હંસ-યુગલનું સ્થાપન કરીને ચિત્રનો બધો જ નિમ્નાંશ (નીચેનો ભાગ) એકદમ ખાલી રાખવામાં આવ્યો છે. ઉપરના એ વિષય-વસ્તુનાં ભાર અથવા વજન, નીચેના શૂન્ય સ્થાનના ખાલી ભાગને ઘણી જ સહેલાઈથી પકડી રાખે છે. નીચે કોઈ પણ વસ્તુનું ચિત્ર નથી, છતાં ઉપરના ચિત્ર-વસ્તુને સ્વસ્થાને રાખી તેનો ભાર હલકો કરવામાં આવ્યો છે. જો નીચેનો શૂન્ય અશ ભરી દેવામાં આવે તો ઉપરના અંશનો ભાર અયોગ્ય રીતે વધી જતો લાગે–થોડી જગ્યામાં જાણે ઘણી વસ્તુની અયોગ્ય રીતે ભીડ થઇ હોય એવું લાગે.

બીજું ઉદાહરણ 'માનવી ને સારસ' (Man and Crane by Korin)નું લો. (આકૃતિ નં. ૫૧) આ ચિત્રમાં ચિત્રિત વસ્તુ ચિત્રપટના લગભગ અરધા ભાગની સીમા ઉપર દોરવામાં આવી છે. પટનો ઉપરનો અરધો ભાગ લગભગ ખાલી રાખવામાં આવ્યો છે, અને ત્યાં એક તરફ થોડાક અક્ષરો ઊભી હારમાં લખી દીધા છે. ઉપરની આ ખાલી જગ્યા ને તેમાં નાનાનાના અક્ષરોની આ હાર, માનવીના મોટા માથાના ને અવયવોના ભારને, ઉપલા શૂન્ય સ્થાનના વજન વડે પકડી રાખે છે. શૂન્ય સ્થાનને ઊંચું વજન આપી, ભારને હલકો કરી












←૪૮ ૪૯



૫૨



૫૦



૫૧



૫૩



૫૪



૫૫



૫૬

દઈને ચિત્રકારે છબિને દૃષ્ટિ-મધુર કરી છે. ત્યાં જો પેલી અક્ષરોની હાર ન મૂકી હોય તો ઉપરનો અરધો શૂન્ય ભાગ વધારે માથાભારે થઈ જાત, અને વજનનું સમતોલન ન રહેત. એટલા માટે ચિત્રકારે પોતાના નામની સહી કરવાની તરકીબ દ્વારા ચિત્ર-વસ્તુના વજનને કુશળતાથી સુવિભક્ત કર્યું છે.


ચિત્રરચનાના આદિ યુગમાં પ્રત્યક્ષ ભાર સામ્યતા (formal balance)નું બીજું પણ એક રૂપ હતું. તેનું નામ 'માપની સમતા' (symmetry). એટલે કે બંને બાજુએ સરખા જ માપની અને સરખા વજનની જ માત્ર નહિ, પણ એકસરખી જ જાતની બે વસ્તુનું સ્થાપન કરવું તે. (જુઓ નં. ૫૨, ૫૩, ૫૪). એ ડિઝાઇનોમાં ગૂંથેલા મોર, હરણ, ફૂલ આદિની રચના સમતાયુક્ત, symmetrical, બંને બાજુ એકસરખી છે. માત્ર શૃણુશાણગાર તથા આલંકારિક ચિત્રો (ડિઝાઈનો) સિવાય ચિત્રરચનામાંથી તો આ રીતિ હવે ઘણો વખત થયાં અલોપ થઈ ગઈ છે.

હવે ઘણુંખરું માપની આવી સમતા (symmetryને બદલે, a-symmetry અથવ 'અનવ્રેખંડનની'-ભાગ પાડવાની રીત તરફ વધુ પક્ષપાત દર્શાવાય છે. ચિત્રો ચીતરવામાં રૂપના આવા અરધોઅરધ વિભાગની રીતને બદલે સફેદ અને કાળી, અથવા પ્રકાશ ને છાયાની વિપરીતતાનો પ્રયોગ કરવામાં આવે છે.


પણ પ્રકાશ ને છાયાના ભાગ એકસરખા વજનમાં પાડવા ઉચિત નથી; એટલે, જો કોઈ પણ વિશિષ્ટ માપના પ્રકાશના પથ્થરને તોડવો હોય તો એના પ્રમાણ કરતાં વધુ છાયાની સ્થાપના કરવાથી જ ભાર-સામ્ય (balance)નું પ્રમાણ જળવાય. જગનામી ઈટાલિયન ચિત્રકાર ટીસ્યાં Titian (ઈ. ૧૪૭૭થી ૧૫૭૬)નું 'લાવીનિયા' નામનું ચિત્ર આના શ્રેષ્ઠ દૃષ્ટાન્ત રૂપ છે. (નં. ૫૫, ૫૬ તથા સામેના પાના પરનું ચિત્ર). એમાં જેટલો અંશ પ્રકાશથી ઊજળો છે તેના કરતાં લગભગ ત્રણ ગણો મોટો અંશ છાયામાં નિમગ્ન કરી ચિત્રકારે ભાર-સામ્યતા (અથવા પ્રકાશ ને છાયાનું સમપ્રમાણ) કર્યું છે. પ્રકાશ અને છાયાની આ પ્રકારની વિપરીત

રીતિને ઈટાલીના ચિત્રકારો 'Chiaroscuro' (ચીઆરો સ્કયુરો) કહે છે. ડચ કલાકાર રેમ્બ્રાં આ પદ્ધતિનો સમર્થસ્વામી ગણાતો.

સમગ્ર આકૃતિ (Mass)




૫૭



૫૮



૬૦



૫૯

કોઈ પણ વસ્તુવિષયની સમગ્ર આકૃતિ જ્યારે પ્રકાશની ગતિનો માર્ગ રોકે છે, અથવા એક વસ્તુ જ્યારે બીજી વસ્તુની આડે આવે છે. ત્યારે બીજીનો માર્ગ રોકીને તે વસ્તુ સંપૂર્ણપણે પોતાની હાજરી તથા પોતાના રૂપ તરફ આપણી દૃષ્ટિને આકર્ષે છે આવી રીતે પ્રકાશમાં અન્તરાય થવાથી આપણે જોકે એક અખંડ વસ્તુ તરીકે તેની હાજરી અનુભવી શકીએ છીએ, પણ તેના બીજા બધા અવયવોના જુદાજુદા અંશોનું અસ્તિત્વ અનુભવી શકતા નથી. તેને તો માત્ર એક દીવાલની માફક, એક ઢાંકણની માફક, એક રોકાણ તરીકે આપણે અનુભવીએ છીએ, આપણે એ અન્તરાયનાં અંગોનો ઝીણવટથી વિચાર કરવા બેસતા નથી, અથવા તો એનો વિચાર કરવાનો અવકાશ જ હોતો નથી. દેખાય છે તે માત્ર એટલું જ કે એક વસ્તુ તેની સમગ્ર આકૃતિ વડે બીજી વસ્તુના દર્શનનો માર્ગ રોકે છે ને બીજી એક વસ્તુને જોવા દેતી નથી. આકૃતિ નં. ૫૭ જોશો તો જણાશે કે મોટું ઝાડ તેની પાસેનાં નાનાંનાનાં ઝાડ તથા વેલવેલાના સમગ્ર જથ્થા સાથે એક ઢાંકણ રૂપ બનીને સામેના પેલા મકાનને જોવાનો રસ્તો રોકી ઊભું છે. એ રીતે આપણે એની સમગ્ર આકૃતિ (mass) અન્તરાય રૂપે, સમગ્રરૂપે, અખંડ રૂપે, વિરાટ રૂપે અનુભવીએ છીએ, પરંતુ તેના ખંડાંશોની વિગતો આપણી નજરે પડતી નથી. તેનું એ અખંડ, સમગ્ર, વિરાટ રૂપ તેના ખંડાંશોનું અતિક્રમણ કરી જાય છે. તેનાં પાંદડાં, ફળ, ડાળીઓ વગેરે કાંઈ પણ આપણી નજરે પડતું નથી.

ધોળો બાસ્તા જેવો વાદળગોટ ઘેરા ભૂરા આકાશને એક ખૂણે, હિમ-આચ્છાદિત હિમાલય જેવા મોટા રૂપથી, એ ભૂરા આકાશનો ઘણોખરો ભાગ જેમ ઢાંકી રહે છે (ચિત્ર નં. ૫૮) તેવી રીતે સફેદ આકાશનો અસીમ પ્રકાશ ઢાંકીને ઊભાં રહે છે શહેરનાં એકબીજાને વળગીને ઊભેલાં આપણાં વિવિધ મકાનો (આકૃતિ નં. ૫૯). તેમની એકત્ર દીવાલોનો અંતરાય એક અખંડ કિલ્લાની પેઠે આકાશના પ્રકાશનો માર્ગ રોકી રાખે છે. એ વખતે પછી એ દરેક મકાનનો દેખાવ, તેના ઓરડા, બારીબારણાં વગેરે કંઈ જ આપણી નજરે પડતું નથી.

દૃશ્ય-ચિત્રકારો જ્યારે કોઈ પણ પૅનોરમા (panorama) અથવા એક અખંડ વિસ્તારવંતા દૃશ્યનું નિર્માણ કરે છે, ત્યારે તેમને જુદાંજુદાં માપની આવી સમગ્રાકૃતિઓ-massesમાંથી એક સુદૃશ્ય માપના પ્રમાણ (proportion)ની કલ્પના કરી લેવી પડે છે. ચિત્ર નં. ૬૦માંની વૃક્ષરાજિની સમગ્રાકૃતિ-massમાં ને તેની પાછળની વસ્તુમાં એક સુદૃશ્ય, સુમધુર, નયનરંજક, આંખને તૃપ્તિકર એવા એક પ્રમાણ (proportion)ની અથવા ભારસામ્યતા balance)ની અથવા વજનના સમતોલન-equilibriumની સૃષ્ટિ તેણે યોજી છે. એ સમગ્રાકૃતિ-massના વ્યવધાનની લંબાઈ પહોળાઈ જો તેની પાછળની વસ્તુની લંબાઈ પહોળાઈ કરતાં ઘણી જ વધારે હોય તો સામેનું વ્યવધાન (mass) ભારે થઈ જઈને સમગ્ર છબિની ભારસામ્યતાને, balanceને નુકસાન પહોંચાડત. એટલે આ બંને વસ્તુની વચ્ચે આંખને તૃપ્તિદાયક એવું એક પ્રમાણ ને માપનું રક્ષણ કરવું એ ચિત્રકારનું અવશ્ય કર્તવ્ય છે. છાયા ને પ્રકાશની આ સમગ્રતાનું સમપ્રમાણ equilibrium of mass, એ ચિત્રરચનાના છન્દનું એક જરૂરી સાધન છે. ફ્રેન્ચ કલાકાર (Corot) કૉરોના 'અપ્સરાનું નૃત્ય' નામના એક ચિત્રમાં (જુઓ આ નીચેનું ચિત્ર) છાયા અને પ્રકાશના આ પ્રમાણનો અત્યંત સુંદર પ્રયોગ કરવામાં આવ્યો છે. □



સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'મંગૂસ' · 'નોળિયો'

અંગ્રેજીમાં નોળિયા માટે 'મંગૂસ' (mongoose, mangoose) શબ્દ છે. મરાઠીમાં તે 'મંગૂસ' 'મંગૂસ' કે 'મંગસ' કહેવાય છે. હિંદી પણ 'મંગૂસ', 'મુંગૂસ' વપરાય છે. ત્રણે ય ભાષાઓના આ શબ્દો ઘણા જ મળતા આવે છે તે જોતાં તેમનું એક જ મૂળ હોવાની સહેજે અટકળ થાય.

અને એ અટકળ સાચી ઠરે છે. અંગ્રેજીમાં 'મંગુસ' શબ્દ ભારતીય ભાષામાંથી આવેલો છે. બીજા અનેક શબ્દોની જેમ તે પણ ભારતીય પ્રભાવવાળા અંગ્રેજી—'ઍંગ્લો-ઇંડિયન' દ્વારા વ્યાપક બન્યો છે. 'હૉબ્સન-જૉબ્સન' કોશમાં સત્તરમીથી ઓગણીસમી શતાબ્દીના દસ્તાવેજોમાં વિવિધ જોડણીમાં થએલા તેના પ્રયોગો નોંધ્યા છે.

હેમચંદ્રે 'દેશીનામમાલા'માં 'મંગૂસ', 'મુગ્ગુસુ' અને 'મુગ્ગસ' એવાં રૂપમાં આ શબ્દ આપ્યો છે. પાછળના સંસ્કૃતમાં 'મગ્ગુશ, મદ્ગૂશ' એવાં સંસ્કૃત રૂપ પણ બનાવી કાઢ્યાં છે.

શબ્દ મૂળે દ્રાવિડી ભાષાનો છે. કન્નડમાં 'મુંગી', 'મુંગિસિ', 'મંગૂસિ' વગેરે; તેલુગુમાં 'મુંગિ' 'મુંગિસ'; ગોંદી ને કોલમીયાં 'મુંગુસ; તમિળમાં 'મુંગા' વગેરે.

ગુજરાતી 'નોળિયો'ના મૂળમાં સંસ્કૃત 'નકુલ' અને પ્રાકૃત 'નઉલ છે. 'શેઠિયો' 'વાંઝિયો' વગેરેની જેમ પછીથી 'ઇયો' પ્રત્યય લાગેલો છે. 'નોળીનોમ'માં 'નોળ' ઉપરથી નોળી એવું વિશેપણ બન્યું છે. હિંદી 'નૌલા', 'નેઉલા', 'ન્યૌલા'; ભોજપુરી 'નેઉરા' બંગાળી-આસામી 'નેઉલ'; ઉડિયા 'નોળ', 'નેઉળ'; પંજાબી 'નૌલ', 'નેઉલા'; નેપાળી 'ન્યૌરી', 'નેઉરી'; સિંધી 'નોરુ'; કાશ્મીરી 'નૂલ'; પહાડી 'નેરઠુ' વગેરે શબ્દો સંસ્કૃત 'નકુલ'માંથી થયા છે.

નોળિયો અરબી ભાષામાં 'બિન્તુલ અરૂસ' એટલે કે 'વરરાજાની દીકરી' કહેવાયો છે! આની સાથે બીજા બે અરબી પ્રયોગો પણ નોંધવા જેવા છે: 'બિન્તુલ જબલ' એટલે શબ્દશઃ 'પહાડની પુત્રી', પણ એ 'પડઘા'નો વાચક છે. તે જ પ્રમાણે 'બિન્તુલ ઇનબ' એટલે કે 'દ્રાક્ષની દીકરી', પણ એ શરાબ માટે પ્રચલિત છે.

મિસરી ભાષામાં આ જ રીતે નોળિયાને 'કિત્ત ફરાઊન' એટલે કે 'ફરાઓહ (બાદશાહ)ની દીકરી' કહ્યો છે!

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

આપણા જ્યોતિર્ધરો: ભારતને ઘડવામાં જે જે દિવ્યમૂર્તિ સાધુ-સંતો, કવિઓ-કલાકારો અને વિજ્ઞાનીઓએ ફાળો આપ્યો છે તેમની જીવનરેખા અને જીવનપ્રસંગોની રોચક રજૂઆત કરતું રમેશ જાનીનું આ પુસ્તક આસ્વાદ્ય છે. કાચા પૂઠાની ૧૪૪ પૃષ્ઠોની આ ઉત્તમ રીતે મુદ્રિત પુસ્તિકામાં કબીર, ગાલિબ, હેમચંદ્રાચાર્ય, દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, ચિત્તરંજનદાસ, મહાદેવ દેસાઈ, સી. વી. રામન, જગદીશચંદ્ર બોઝ, રવિ વર્મા, વિષ્ણુ દિગંબર પલુસ્કર વગેરેની સરસ ચરિત્રરેખાઓ સાંપડે છે. પ્ર૦ સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ., મુંબઈ ૧૪; રૂ. ૫-૦૦.

પ્રતિભા અથવા અલૌકિક બુદ્ધિ પ્રકટાવવાનાં સાધનો તથા સ્મરણશક્તિને ઉત્તમ પ્રકારની કલા: મનુષ્યજીવનની ઉન્નત યાત્રામાં માનસ-શક્તિઓના વિકાસનો ફાળો નાનોસૂનો નથી. આ માનસશક્તિઓનો કઈ રીતે વિકાસ કરવો તેનું સરળ બાનીમાં સચોટ નિરૂપણ આ પુસ્તકમાંના બે નિબંધોમાં સ્વ. 'વિશ્વબંધુ' કર્યું છે. પોતાની પ્રતિભા કેળાવવા ઇચ્છનાર પ્રત્યેક માનવીને આ નિબંધોનું ચીવટપૂર્વકનું વાચન જરૂર ફલદાયી થશે. ગંભીર વિચારણાને અહીં લેખકે દૃષ્ટાંતો અને રોચક શૈલીથી સુગ્રાહ્ય બનાવી છે. પ્ર૦ જગન્નાથ પૂંજાલાલ ડૉક્ટર, શ્રી નૃસિંહ પ્રકાશન વતી, ૨૨, ગોવાલિયા ટૅંક રોડ, મુંબઈ-૨૬, પાકું પૂઠું, પૃ. ૨૩૧; રૂ. ૪-૦૦.

યાદગાર કવિતા ૧૯૭૦: ઉક્ત વર્ષ દરમિયાન વિવિધ ગુજરાતી સામયિકોમાંથી અને એ જ વર્ષે બહાર પડેલા કાવ્યસંગ્રહોમાંથી યથારુચિ પસંદ કરીને કુલ ૪૬ કવિઓની ૧૦૩ રચનાઓ આ સંગ્રહમાં પ્રગટ કરવામાં આવી છે. છંદોબદ્ધ કરતાં ગેય રચનાઓ વિશેષ છે એ કદાચ સાંપ્રતી કવિતાના ઝોકનું પણ દ્યોતક છે. સુન્દરમ્, રાજેન્દ્ર શાહ, પિનાકિન્ ઠાકોર, ઉશનસ, જયંત પાઠક આદિ ઉપરાંત ભાનુપ્રસાદ પંડ્યા, હરિકૃષ્ણ પાઠક, રમેશ પારેખ, ધીરુ પરીખ, માધવ રામાનુજ, 'આમોશ' જેવા નવા કવિઓની રચનાઓ પણ નોંધપાત્ર છે. અલબત્ત, કાવ્યતત્ત્વ કરતાં સામાન્ય જનસમૂહને કવિતા સુગ્રાહ્ય થાય એ હેતુ આ સંપાદનની પાછળ પ્રગટ થયા વગર રહેતો નથી. કવિ મેઘાણીની ૭૪મી જયંતી પ્રસંગે સત્ત્વશીલ કવિતાના પ્રચારાર્થે કરેલું આ પ્રકાશન એમના પુત્ર મહેંદ્ર મેઘાણીએ કરેલું સમ્યક્ પિતૃતર્પણ ગણાશે. કાચું પૂઠું; પૃ. ૧૦૭; રૂ. ૨-૫૦; લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર-૧.

અપભ્રંશ વ્યાકરણ: હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહેમ'માં આવતાં અપભ્રંશ વ્યાકરણની ભૂમિકા અને ટિપ્પણ સાથેની ભાષાંતરની બીજી આવૃત્તિ. ગુજરાતી ભાષા-સાહિત્યનો અભ્યાસ આજે મહાશાળાઓમાં અને અનુસ્નાતક કક્ષાએ વધતો જાય છે ત્યારે ડૉ. ભાયાણી જેવા અધિકારીને હાથે તૈયાર થએલું આ પુસ્તક વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને અભ્યાસીઓને જરૂર ઉપયોગી થઈ પડશે. પ્ર. ફાર્બસ ગુજરાતી સભા, ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રસ્તો, મુંબઈ-૪; કાચું પૂઠું: પૃ. ૧૨૦; રૂ. ૭-૦૦.

મિસિસ શાહની એક બપોર: નવોદિત શક્તિશાળી વાર્તાકાર વિજય શાસ્ત્રીની આ અગાઉ 'આરામ', 'ચાંદની', 'રુચિ', 'સમર્પણ', 'નવચેતન' વગેરે સામયિકોમાં પ્રગટ થઈ ગએલી તેમ જ થોડી નવી મળી કુલ ૨૫ વાર્તાઓનો આ સંગ્રહ તેમની આકાર અને અંતસ્તત્ત્વ પ્રત્યેની પ્રયોગશીલતા અને કેટલીક વાર સર્જનશક્તિનો પણ પરિચય કરાવી જાય છે. પ્ર૦ સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧/૩૭૮૭, મોટી દેસાઈ પોળ, સૂરત-૧, પાકું પૂઠું રૂ. ૫.

શિક્ષકની અનુભૂતિ: ભાવનગરના આજીવન શિક્ષક સ્વ. ચંદુભાઈ ભટ્ટના પોતાના શિક્ષકજીવનની અનુભૂતિના નિચોડ રૂપ ૩૦ લેખોનો આ સંગ્રહ સાદી સરળ ભાષાશૈલીમાં લેખકની સચ્ચાઈ પ્રગટ કરે છે. બાળકેળવણી અને બાળકેળવણીકારોના શિક્ષણને પડછે સમાજ અને રાષ્ટ્ર હમેશાં આ શિક્ષક જીવની આંખ સામે તરવર્યા કર્યા છે. કોઈ પણ જાતના દંભ વગર રજૂ થએલા આ વિચાર પ્રત્યેક શિક્ષકને પોતાની દૃષ્ટિ-સૃષ્ટિમાં જરૂર ઉપયોગી થાય તેવા છે. પ્ર. ચંદુભાઈ ભટ્ટ સ્મારક સમિતિ, ભાવનગર; કાચું પૂઠું, પૃ. ૨૧૪, રૂ. ૨-૫૦.

અસાઈત ઠાકુર: વાણિયો ઍન્ડ ઝંડા ઝૂલણ: અસાઈતના ગુજરાતી ભવાઇવેશમાંથી બે પ્રસિદ્ધ વેશ (વાણિયો અને ઝન્ડા ઝૂલણ) ને પસંદ કરી હરીશ ત્રિવેદીના ગુજરાતી અનુવાદ પરથી ફાર્લી રિચમન્ડ અને તેવિયા અબ્રાહમ્સે અહીં અંગ્રેજીમાં રજૂ કર્યા છે. ગુજરાતી નહિ જાણનારને આ પુસ્તક દ્વારા ગુજરાતની ભવાઇમાં જરૂર રસ પડશે, એ દૃષ્ટિએ આ પ્રકાશનનું મહત્ત્વ ઓછું નથી. પ્રકા. રાઈટર્સ વર્કશૉપ, ૧૬૨/૯૨, લેક ગાર્ડન્સ, કલકત્તા ૪૫; પાકું પૂઠું; પૃ. ૪૫; રૂ. ૨૦-૦૦ ભારતમાં.

સ્વામી સહજાનંદ: સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક ને અવતારી પુરુષ સહજાનંદ સ્વામીના જીવનમાંથી માનવજીવનને પ્રેરણા આપે તેવા પ્રસંગોને ચૂંટીને શ્રી ગોરધનદાસ જીવરાજ સોરઠિયાએ આ નાનકડી પુસ્તિ-



ખુરશીદ ચાવડા · શ્યાવક્ષ ચાવડા

શ્રીમતી ખુરશીદ ચાવડા. મુંબાઈમાં જન્મ; અભ્યાસ પૂનામાં. શિક્ષણક્ષેત્રે ડિપ્લોમા મેળવ્યા પછી શિક્ષિકા ન થતાં પોતાનાં બહેન શીરીન વજીફદાર સાથે નૃત્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો. ઉદયશંકર, મેનકા, રામગોપાલ તથા તાંજોરમાં બાબા પિલ્લાઈ પાસે નૃત્યની તાલીમ લઈ શીરીનબહેનની 'નૃત્યમંજરી' સંસ્થામાં નૃત્ય શીખવ્યું. શીરીનબહેન અને કૃષ્ણ કટ્ટીની 'નૃત્યદર્પણ' મંડળીમાં ૯ વર્ષ સુધી સફળતાથી એકમ નૃત્યો આપ્યાં. દેશપરદેશમાં પણ ઘૂમ્યાં. વર્ષોથી 'નૃત્યજ્યોતિ' નામે પોતાની નૃત્યશાળા ચલાવવા સાથે મુંબાઈની જે. બી. પિટિટ હાઈસ્કૂલ ફૉર ગર્લ્સમાં નૃત્ય શીખવે છે. અવારનવાર પોતાના નૃત્ય-કાર્યક્રમો પણ આપે છે. **◐** કલાકાર શ્યાવક્ષ ચાવડાથી 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. નવસારીમાં જન્મ તા. ૧૧-૧૨-૧૯૧૪. મુંબાઈમાં ને પછી ઇંગ્લૅંડમાં કલાશિક્ષણ લીધું. તેમાં ચિત્રકળા ઉપરાંત રંગભૂમિને અનુષંગી વેશભૂષા, નેપથ્યવિધાન, લીથોગ્રાફી, જૂનાં ચિત્રોનું સમારકામ તથા ભીંતચિત્ર કલાનો અભ્યાસ પણ કર્યો. એમની કલામાં વર્તમાન ભારતની પ્રામાણિક રજૂઆત જોવા મળે છે. દેશવિદેશમાં અનેક વાર એમની કૃતિઓ રજૂ થઈ છે અને સંખ્યાબંધ સંગ્રહોમાં સંઘરાઈ છે. ભારતીય શાસ્ત્રીય સંગીતના અચ્છા જ્ઞાતા અને વ્યાયામના પણ પ્રેમી. સાહિત્યના જૂના-નવા પ્રવાહોથી પણ પરિચિત રહે છે.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**

૧. તમે બંને કલાકાર છો. કલા વિષેની તમારી માન્યતા કહેશો?

◐ શ્યા૰ : કલાકાર તરીકે મને દશ્યમાન તમામ આકાર અને રૂપ ગમે છે. પણ જેમાં ચપલ ગતિ ને સ્પંદનાત્મક ચલન મુખ્ય હોય એ સવિશેષ ગમે. જીવનમાં વ્યાપ્ત ધબકારને પારખવા સ્પર્શવા હું નમ્ર પ્રયાસ કરું છું.

ખુ૰ : નૃત્યક્ષેત્રમાં મેં કલાનું દર્શન કર્યું છે. જીવનની પગલીએ પગલીએ નૃત્યનો થડકાર છે. એ જાણતાં ને માણતાં આવડવું જોઈએ.

૨. તમે ચિત્રકલાની પસંદગી કેમ કરી?...અને તમે નૃત્યકલાની?

◐ શ્યા૰ : નાનપણથી જ એનો ભારે શૉખ હતો. વડીલોને કંટાળો આવે એમ મારા ઘરની દીવાલો ચીતરી મૂકતો. સંગીતનો યે શૉખ ખરો. બાર વર્ષ ભારતીય શાસ્ત્રીય સંગીતની પણ તાલીમ લીધી, પણ અંતે ૧૯૪૨માં ચિત્રકળાની જ આરાધના કરવાનો નિર્ણય કર્યો.

ખુ૰ : નાનપણમાં ઉદયશંકર, મેનકા ને રામગોપાલનાં નૃત્યો જોઈ નૃત્યકાર થવાની લગન લાગી.

૩. કલાકાર તરીકે તમને કેવા રંગો વધુ ગમે છે?

◐ શ્યા૰ : ઝળહળતા તમામ રંગો. વિષય ને ભાત પ્રમાણે ચિત્રની સજાવટ કરવા મેં અનેક રંગો વાપર્યા છે. ભારતમાં સુભાગ્યે સૂર્યપ્રકાશ સુલભ છે ને એની અસર આપણાં વિચાર-વર્તન પર પણ થાય છે. ઝાંખા અને ધૂંધળા રંગો મને ગમતા નથી.

૪. નૃત્યક્ષેત્રે વધુ સફળ અને આકર્ષણ જમાવનાર તમને કોણ લાગે છે?

◐ ખુ૰ : ઉદયશંકર. અઢી દાયકા પહેલાં એ માત્ર ભારતના જ નહિ, દુનિયાભરના અચ્છા નૃત્યકાર હતા. નૃત્યનાટિકાના ક્ષેત્રમાં આજે યે એમની તોલે કોઈ ન આવે. આજના નૃત્યકારોમાં એકમનૃત્ય (સોલો ડાન્સ)માં યામિની કૃષ્ણમૂર્તિની ખ્યાતિ નોંધપાત્ર છે.

૫. ચિત્રાલેખનમાં તમે વધારે ભાર શાના પર મૂકો?–રંગ પર કે રેખા પર?

◐ શ્યા૰ : મારી કૃતિઓમાં રેખાનું પ્રાધાન્ય વધુ જણાશે. અનાયાસે એ આવી જાય છે. છતાં રંગની જમાવટ પણ દેખાશે. વસ્તુતઃ તો રંગ અને રેખા બંને મહત્ત્વનાં છે.

૬. અચ્છા નૃત્યકાર થવા માટે શું જરૂરી છે?

◐ ખુ૰ : કલાની ઘેલછા જ કલાની નિપુણતા આણે છે. નૃત્યકાર થવા માટે સખત પરિશ્રમ અને સંગીતનું-તથા થોડું યોગનું જ્ઞાન જરૂરી છે.

૭. લાવણ્યવંતી કૃતિના સર્જન માટે સર્પરેખાનું આલેખન તમને કેમ વધુ ગમે છે?

◐ શ્યા૰ : સર્પમાં મને ત્વરિત રેખાની ચમક અને વધુ લયમધુર ગતિનાં દર્શન થાય છે; મને તેમાં જીવનનો ધબકાર જણાય છે. ૧૯૬૬માં કરેલાં કુંડલિનીનાં અનેક ચિત્રોથી મને પરમ સંતોષ થયો હતો.

૮. તમારા બંનેના અન્ય શૉખના વિષયો?

◐ શ્યા૰ : ભારતીય અને પાશ્ચાત્ય સંગીત, નાટક, નૃત્ય અને સિનેમા. યોગ વિષેના વાચનમાં પણ રસ ખરો. ખુ૰ : નાટકો, નૃત્યનાટિકાઓ ને સંગીતના કાર્યક્રમો તથા વાચન.

ખુરશીદબેન ચાવડા. Shiavax E. Chavda

કામાં સંકલન કર્યું છે. પ્ર. શ્રીજી સાહિત્ય પ્રચાર કાર્યાલય, બંગલી ચોક, બગસરા-જિ. અમરેલી; ૭૫ પૈસા.

વાર્તા-સૃષ્ટિમાં : ગુજરાતીના સીમાચિહ્ન જેવા ૧૫ વાર્તાકારો–સ્વ. અંબાલાલ દેસાઈથી સ્વ. ચૂનીલાલ મડિયા સુધીના—ની ૧૫ પ્રસિદ્ધ વાર્તાઓનો સંચય. સંપાદકો : ભાનુબેન વ્યાસ, પ્રકાશ મહેતા; પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, રતનપોળ નાકા સામે, અમદાવાદ-૧; પાકું પૂઠું; પૃ. ૨૨૨; રૂ. ૬–૦૦

ફલક : ઉમર અને અનુભવથી બુઝર્ગ હોવા છતાં ગઝલમાં સગીર–સહજ કોમળતા અને સરળતા દાખવતા 'સગીર'ના આ સંગ્રહની ગઝલો અને મુક્તકોમાંની સરળતા ને ગંભીરતાથી કેટલાક ઊંડાણની અપેક્ષા રાખનારા ભાવકો ન સંતોષાય એમ બને છે. સુમન પ્રકાશન, ૮૬, ડામરગલી. મુંબઈ-૯; પાકું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૪.

વડીલોના વાંકે : સ્વ. પ્રભુલાલ દ્વિવેદીએ ઈ. ૧૯૪૮માં લખેલું અને એ જ અરસામાં ત્રણસો'ક જેટલા પ્રયોગો કરી અનહદ લોકચાહના પામેલું શ્રી દેશી નાટક સમાજનું અસરકારક નાટક. પ્ર૰ જ્યોતિ પ્રકાશન, વિલે-પારલે (વેસ્ટ), મુંબઈ-૫૬; પાકું પૂઠું; પૃ. ૧૫૬, રૂ. ૪.

જોયું હળવી નજરે : પ્રા૰ દિનકર દેસાઈ

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૨૪] —કરાવનાર · જલન માતરી



બદરી કાચવાલા

શ્રી 'બદરી' કાચવાલાનું નામ ફિલ્મી સાપ્તાહિકોની આલમમાં છેલ્લાં ૩૦ વર્ષથી ખૂબ જ જાણીતું છે. ઈ. સ. ૧૯૪૧માં ફિલ્મી સાપ્તાહિક 'વેણી' શરૂ કરીને એમણે મોટી ધૂમ મચાવી દીધી હતી; અને ત્યારથી આજના ફિલ્મી સાપ્તાહિક 'પારસ' સુધી એમની નામના પથરાએલી છે.

બદરીભાઈ જેટલા સારા પત્રકાર છે. એટલા જ સારા શાયર પણ છે. ગઝલ એ એમની એક આગવી ધૂન છે. ગુજરાતી ત્રણ ચોપડીનું શિક્ષણ મેળવનાર બદરીભાઈની ગુજરાતી ભાષા ઉપર કેવી પકડ છે. એ એમના શેર કહી આપે છે.

અમદાવાદમાં 'સંદેશ'થી અખબારી કારકિર્દી શરૂ કરીને ઈ. ૧૯૨૮માં શ્રી બરડવાલા સાથે 'ધનચક્કર' નામનું દૈનિક શરૂ કર્યું હતું. ઈ. ૧૯૨૭થી ૧૯૩૨ સુધી કુમાર કાર્યાલયમાં દર બુધવારે યોજાતી કાવ્યસભામાં અવારનવાર હાજરી આપતા રહેલા. ઈ. ૧૯૩૫માં મુંબાઈ પહોંચ્યા અને ૧૯૪૧માં 'વેણી' સાપ્તાહિક શરૂ કર્યું. એ પહેલા ગુજરાતી પત્રકાર છે કે જે મરાઠી પત્રનું સંપાદન સંભાળે છે. હાલમાં તેઓ 'પારસ', (ગુજરાતી) 'શ્રાયસ' (હિન્દી) અને 'ફિલ્મ કેસરી' (મરાઠી) એમ ત્રણ ફિલ્મી સાપ્તાહિકો પ્રગટ કરે છે.

મૂળ નામ બદ્રુદ્દીન શમ્સુદ્દીન કાચવાલા. તખલ્લુસ બદરી છે. જન્મ ૧૯૦૫માં. વતન વડોદરા. પત્રકાર અને શાયર હોવા ઉપરાંત નવલિકાલેખક અને નવલકથાકાર પણ છે. એમની સામાજિક નવલકથા 'તરડાએલા ઝરૂખા' પ્રગટ થઈ છે. આગામી નવલકથાનું નામ છે 'છપ્પન ઘાટ'.

જીવન-વેદનાને મૂકી જઈ, ઈશારે ઈશારે ખેંચી રહેલા પ્રવાસીનાં પગલાંને શોધવા માટે કિનારે કિનારે ચાલી રહેલા, હાથ લાંબા કરીને શીતળ ચંદ્રનાં કિરણની શીતળતા લેવા જતાં કોઈ વિરાગીની વાતોએ દાઝી જતાં તિમિરના સહારે પાછા ફરેલા, ઉદાસી બધે એકસરખી નથી હોતી માટે જ મઝારે મઝારે ફૂલો નથી ચડતાં એવાં દષ્ટાંત આપી રહેલા આ શાયરના શેર માણીએ.

જમાનો મારી મહોબ્બતને જાલ સમજે છે;
કરું સલામ તો લોકો સવાલ સમજે છે!

∞

મારાં પાપોનો પુનર્જન્મ થયો છે આજે;
નામ ગભરાઈને મેં એનું 'ખુદા' રાખ્યું છે.
લાદવામાં જે ઈબાદત મને આવી છે બધી;
નામ એનું મેં ખુશ થઈને 'સજા' રાખ્યું છે.

∞

સંયમના પાત્રમાં મેં ઘણી સાચવી વ્યથા;
સંવેદના ઢળી પડી ઝાકળના પ્યારમાં.

∞

જાગી છે નવજીવનની તમન્ના પતંગમાં;
સળગી રહ્યો છે, સૂર્ય આ સંધ્યાના રંગમાં

કબ્રમાં કોઈ ના પડખામાં લપાયું મારા,
કામ આવી જ ગઈ મારા હૃદયની ઉષ્મા.

∞

વિચિત્ર પ્યારના વિસ્તારનો પ્રબંધ હતો;
કે રાત ટૂંકી ને લાંબો ઘણો નિબંધ હતો.
રહ્યાં સમીપ છતાં સ્પર્શ કોઈ ના પામ્યું;
વિચિત્ર નભ અને વાદળ તણો સંબંધ હતો:

∞

તું જીવાડી ન શક્યો સ્વપ્નને તારા ઓ પ્રભુ!
જિંદગી માટે તડપતું રહ્યું રણ-રણ મૃગજળ.

∞

રક્ત રેલાય છે જ્યારે કો' પ્રણય-ઘેલાનું;
એક બિંદુ જો જમા જાય તો કહેવાય છે દિલ.

છે 'બદરી'ની મંઝિલ સદા ઠોકરોમાં;
નથી શોધતો એ કિતાબોમાં મંઝિલ.

∞

તારી આળસ કદી મરડાય તો સર્જાય ગઝલ
પુષ્પ-વેણી કદી બંધાય તો ગૂંથાય ગઝલ.

∞

ભાગ્ય પર પડદો પડી જાય તો અંધકાર મળે;
કોઈ મૂરતને હું શોધું તો નિરાકાર મળે.
જીવી લઉં છું જીવન મારી ભુજાના બળ પર;
મારી ઇચ્છા છે પ્રભુને ય પણ આધાર મળે.

∞

ગગન વીંધી ઘણો ઊંચે ગયો છું;
મને આકાશ આ દેખાય ધરતી.
અહીંને બીજ તું આપે છે વૃક્ષો;
ન તારા ગુણ મને સમજાય ધરતી.
જીવનદાત્રી કહો છો આપ સાચું;
મરણના બાદ પણ લપટાય ધરતી.

∞

કિતાબોમાં ડૂબેલા જિંદગીનું દર્દ શું સમજે?
નદીનાં માછલાં દરિયાનો ઝંઝાવાત શું જાણે!

∞

ખગ્રાસ સૂર્યને આજે ગળે, ગળે ન ગળે;
વિષાદની પછી સંધ્યા ઢળે, ઢળે ન ઢળે.
તરસ મટી ન મટે છીપલાંની સાગરમાં;
તમારી આંખથી આંસુ ઢળે, ઢળે ન ઢળે.

∞

જે મૂકી ગયો છે જીવન વેદનાને,
જે ખેંચી રહ્યો છે ઈશારે ઈશારે,
હું શોધું છું એવા પ્રવાસીનાં પગલાં,
ને ચાલું છું તેથી કિનારે કિનારે.
કરી હાથ લાંબા ગયો હું તો લેવા
શીતળ ચંદ્રનાં તે કિરણની શીતળતા;
દઝાડી ગઈ કો વિરાગીની વાતો,
ફર્યો હું તિમિરના સહારે સહારે
કયામત સમી આ જવાની ઊભી છે,
છબિ થઈ વિનયની આ આંધી ચડી છે.
નિસરવાને એ દશ્ય જીવનનું 'બદરી'
ભટકવું પડે ના ઉતારે ઉતારે!

'વિશ્વબંધુ'ના આ પચાસ નર્મયુક્ત નિબંધોમાં જલદતા છે, આક્રોશ છે, ફરિયાદ છે, તહોમત છે. શહેરી સંસ્કારી જીવનની હાસ્યાસ્પદતા ઉપર એમને સીધાં તીર તાક્યાં છે. ગમે ત્યાંથી ગમે ત્યારે હાસ્ય નિષ્પન્ન કરી શકતી દષ્ટિ એમનામાં છે. કટાક્ષકાર જેને નિશાન બનાવે એને માટે એને મનમાં સમભાવ ન હોય ત્યારે એ માત્ર ટીકાખોર બની જાય એમ બને. લેખકમાં આવા સમભાવની ઓછી માત્રા ખૂંચે છે. પ્ર૦ લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી રોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૩૦૪, રૂ. ૮.

રાનીપરજમાં જાગૃતિ: સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, સૂરતનું આ ત્રીજું પુસ્તક પ્રતીતિ કરાવે છે કે આઝાદી જંગ જેવા રાષ્ટ્રીય યજ્ઞમાં આદિવાસીઓએ પણ ભારે ચેતના અને ખમીર દાખવેલાં. રાનીપરજ તરીકે ઓળખાતી પ્રજાના તબક્કાવાર વિકાસની તવારીખ આપવા સાથે સંપાદકે આ લોકોનાં 'ગીતો' અને 'દેવીનો પવન' જેવાં પ્રકરણો ઉમેરીને એમના જગતમાં પ્રવેશવાની આપણને સુવિધા કરી આપી છે. આ પ્રજાની મુક્તિના દસ્તાવેજ જેવું 'હોળી પ્રથાની નાબૂદી' એ આ ગ્રંથનું મૂલ્યવાન પ્રકરણ છે. લે૦ ઈશ્વરલાલ ઈ. દેસાઈ; પાકું પૂઠું, પૃ. ૨૯૨, બધાં પ્રકાશનોના આખા સેટની કિં. રૂ. ૧૦૦.

ડેવિડ કૉપરફીલ્ડ: વિક્ટોરિયન કાળના વિખ્યાત નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સની મૂળ પાંચસો-છસો પાનાંની અતિલોકપ્રિય બનેલી આત્મકથાત્મક નવલકથાનો નટવરલાલ પ્ર. બૂચ કૃત આ સંક્ષેપ્તાનુવાદ અંગ્રેજી ન જાણનાર વાચકોને આસ્વાદ્ય રહેશે. પ્ર૦ સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિ., લોકભારતી, સણોસરા, કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૩.

ખુદાનો બંદો : અન્યાય સામે સત્યાગ્રહ ખેડવામાં અને નિઃસહાય પ્રજાની સેવાનાં કાર્યોમાં વ્યસ્ત રહેતા લોકસેવક આત્મારામ ભટ્ટે એમની એક વખતની સાદી જેલનો સદુપયોગ કરીને આ નવલકથા લખી છે. એક વ્યક્તિના જીવનમાં પૂર્ણ શુદ્ધિ દાખલ થતાં એ કેવાં ધૂર્ત લોકોનાં હૃદયપરિવર્તન કરી શકે છે તેનાં દૃષ્ટાંતો અહીં ૧૫૨ પાનાંમાં ઠેરઠેર છે. પ્ર૦ સર્વોદય ગ્રંથમાળા, ૪૪૭, શિશુવિહાર સામે, ભાવનગર; કાચું પૂઠું, રૂ. ૧–૫૦

ગુજરાત સાહિત્યસભા (અમદાવાદ)ની કાર્યવહી : ઈ. ૧૯૬૮ના ગ્રંથસ્થ વાઙમયની સમીક્ષાનું પુસ્તક, જેમાં નવલકથા વિષે પ્રા. સુરેશ રાલી, લલિતેતર સાહિત્ય વિષે ડૉ. દિલાવરસિંહજી જાડેજા અને કવિતા-નાટક-નવલિકા વિષે ડૉ. મધુસૂદન પારેખની સમીક્ષાઓ ઉપલબ્ધ છે. પ્ર. ગુજરાત સાહિત્ય સભા, વૅલેન્ટાઇનની હવેલી, ત્રણ દરવાજા પાસે, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૪.

ગીતાદર્શન : અમદાવાદમાં ગયા ડિસેમ્બરમાં આચાર્ય રજનીશે ગીતા જ્ઞાનયજ્ઞ નિમિત્તે આપેલાં પ્રવચનોનો હિન્દીમાં બીજો ભાગ. સંપાદન તથા પરિચય: રાધેશ્યામ શર્મા; પ્ર૦ જીવનજાગૃતિ કેન્દ્ર, ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૪.

તાતી તલવાર : 'નવચેતન' માસિકના સન્નિષ્ઠ સંપાદક ચાંપશી વિ. ઉદેશીની કલમે લખાએલ રાજપૂત યુગની સંઘર્ષમય, જોશીલી અને જીવનમૂલ્યોની માવજત કરતી કાલ્પનિક કથા. પ્રથમ આ નવલકથા ઈ. ૧૯૨૭-૨૮માં 'નવચેતન'માં પ્રગટ થએલી. આ એનું ચોથું સંસ્કરણ છે. વાંચવી ગમે તેવી રોમાંચક નવલકથા. પ્રકાશક: 'નવચેતન' કાર્યાલય : અમદાવાદ-૭; કાચું પૂઠું; પૃ. ૧૪૨; રૂ. ૧–૫૦.

જંજીરને ઝણકારે : એ જ લેખકની આ પ્રથમ લઘુ નવલ પણ ઉપર્યુક્ત નવલની જેમ રાજપૂત યુગની જ કાલ્પનિક કથા છે. આ એની પણ ચોથી આવૃત્તિ છે. રોમાંચક પ્રસંગોથી સભર એવી સુવાચ્ય નવલકથા. પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૧૨૦; રૂ. ૧–૫૦.

આલ્બર્ટ શ્વાઈત્ઝર : બાળકોમાં સુરુચિ કેળવવા અવશ્ય વસાવવા યોગ્ય, જોતાં જ ગમી જાય તેવી લઘુ પુસ્તિકા. લેખિકા : વીણા શાહ, પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધીરોડ, અમદાવાદ. કાચું પૂઠું, પૃ. ૩૨, પચાસ પૈસા.

કોઈ મોતી કોઈ છીપ : 'મુંબઈ સમાચાર'માં પ્રગટ થતાં 'વીણેલાં મોતી' વિભાગમાં મુનિશ્રી 'વિશ્વબંધુ'એ અવારનવાર પ્રગટ કરેલ જીવનપ્રસંગોમાંથી કેટલાક ચૂંટીને અહીં સંગૃહીત કર્યા છે. પ્ર. સૌજન્ય સેવા-સંઘ, માહીમ, મુંબઈ-૧૬. મુ. વિક્રેતા : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. ૧૬૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ પાકું પૂંઠું, પૃ. ૧૭૨, રૂ. ૩.

ગાંધી ગઝલ ગુલઝાર : ગાંધીકાવ્યો તથા સામ્પ્રદાયિક એકતાનાં કાવ્યોનો સંગ્રહ. સંપાદકો : મનહર 'દિલદાર' અને પ્રિયકાન્ત 'રજત' પ્ર. શર્વરી પ્રકાશન, કોચરબ, પરબડી સામે, અમદાવાદ-૬. પાકું પૂંઠું, રૂ. ૫.

રાધા-માધવ : રાધા અને કૃષ્ણ સ્ત્રી-પુરુષ નથી, કર્મથી ઉત્પન્ન થનારા પાંચ ભૌતિક દેહધારી જીવ નથી, પરંતુ એક જ તત્ત્વનાં બે નામરૂપ છે એવી સમજ વિસ્તારતી હનુમાનપ્રસાદ પોદ્દારની પુસ્તિકાનો રાજેન્દ્રસિંહ રાયજાદાએ કરેલો અનુવાદ. પ્ર. પોતે. પો. સોંદરડા, વાયા-કેશોદ, જિ. જૂનાગઢ, કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૧–૫૦.

દયાના સાગર : મુસ્લિમજગતના લબ્ધપ્રતિષ્ઠિત વિદ્વાનોનાં મહમદ પયગંબર સાહેબ વિષયક છ ઉત્તમ લખાણોના આધારે સૈયદ ઈમામુદ્દીન દરગાહવાલાએ તૈયાર કરેલું અનુવાદિત આધારભૂત ચરિત્ર. પ્ર. લેખક પોતે, ઠે. ૩૩૫/૧, દરગાહ શરીફ, નવસારી. કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૨.

સંસ્કાર ખાતર : અમેરિકામાં જે વખતે હબસી બાળકો માટે નિશાળના દરવાજા બંધ હતા તે વખતે બુકર ટી. વૉશિંગ્ટને કષ્ટ વેઠીને શિક્ષણ લીધેલું. તદ્વિષયક 'એ ફાઈટ ફૉર એડ્યુકેશન'માં હબસી બાળકોની કેળવણી માટેની લડતોનું બયાન વિજય શાસ્ત્રીએ અનુવાદિત કર્યું છે. પ્ર. રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર, ૪/૭૭૩ ટાવર રોડ, સૂરત. કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૨.

સૌન્દર્યધામ ડુમસ : સચીનની નવાબી અને ડુમસ અંગે જાણવા જેવી તમામ માહિતી રજૂ કરવાની દૃષ્ટિથી ઈશ્વરલાલ ઈ. દેસાઈની કલમે લખાએલું પુસ્તક, જેનાં ૧૩૨ પાનાંને અંતે ૪૮ પાનાંના 'ચિત્રમય ડુમસ'ના ઉમેરા છતાં કિંમત માત્ર રૂ. ૩ છે તે પ્રશંસાપાત્ર છે. પ્ર. ઉપર મુજબ.

સ્મરણ-માધુરી : ભક્તકવિ શિવજીભાઈ દેવશી 'મગન બાબા' સ્મૃતિગ્રંથ. પ્ર૦ શિવજીભાઈ કલામંદિર ટ્રસ્ટ.

હેમ-રશ્મિ : નગીનદાસ પારેખ સન્માન સમિતિ તરફથી ગુજરાતના એ સરસ્વતીસેવકનું વ્યક્તિ અને સાહિત્યકાર તરીકેનું મૂલ્યાંકન કરતા, 'હેમ-રશ્મિ' ત્રિમાસિકના બીજા વર્ષના આ ચોથા અંકમાં 'પુરવણી' વિભાગમાં એમની સાહિત્યિક પ્રતિભાને મૂલવતા અધિકારી લેખકોના વિવિધ લેખો, જે અન્યત્ર પ્રસિદ્ધ થએલા તે, સંપાદિત કરવામાં આવ્યા છે. આ રીતે ગુજરાતી સાહિત્યના પ્રેમીને, આ અંક આજીવન શિક્ષક અને સારસ્વત શ્રી નગીનદાસ પારેખને સમજવા માટે ખૂબ જ ઉપયોગી થઈ પડશે. આ જાતના અભિનંદન અંકના પ્રકાશનથી જે તે વિભૂતિવિષયક મોટા ભાગની માહિતી એક જ સ્થળે ઉપલબ્ધ બની રહે છે તે અભ્યાસીઓને માટે મોટી રાહત છે. (પ્રકા. શ્રી દમણિયા સોની સહકારી મંડળ, ૩૩–એ, પાઠકવાડી, લુહાર ચાલ, મુંબઈ–૨.

મિલન : ગુજરાતના મૂર્ધન્ય કવિ-વિવેચક અને કેળવણીકાર શ્રી ઉમાશંકર જોશીને ભારતીય જ્ઞાનપીઠનો માનાર્હ પુરસ્કાર એનાયત થયો એ નિમિત્તે વલસાડના સંસ્કાર-મિલન તરફથી કવિશ્રીને સત્કારતો આ અભિનંદન અંક પ્રગટ કરવામાં આવ્યો છે. સર્વશ્રી નગીનદાસ પારેખે ઉમાશંકરને વિવેચક તરીકે, ઉશનસે કવિ તરીકે, ને બી. કે. મજમુદારે કેળવણીકાર તરીકે અહીં મૂલવ્યા છે. સાહિત્યરસિકોને આ અંક ગમશે. પ્ર. કવિશ્રી ઉમાશંકર સન્માન સમિતિ, સંસ્કાર મિલન, વલસાડ.

મેરી માં : હિન્દી સામયિક 'જીવનપ્રભાત'ના ત્રીજા વર્ષનો આ પ્રથમ અંક ઉપર્યુક્ત શીર્ષકથી વિશેષાંક તરીકે પ્રગટ કરવામાં આવ્યો છે. મનુષ્યના જીવનમાં માતાનું સ્થાન અદ્વિતીય રહ્યું છે. વિવિધ દેશોના ૧૦૦ જેટલા લેખકોએ માને કેન્દ્રમાં રાખીને લખેલી વાર્તાઓ તથા સ્મૃતિચિત્રો આ અંકમાં આપવામાં આવ્યાં છે. આમ, આ માતૃવંદનાનો રસપ્રદ અને રોચક અંક બની રહે છે. પ્ર. સંસ્કાર સાહિત્ય-માલા, કૈલાસભવન, મુંબઈ–૬૦; રૂ. ૨–૫૦.

'લોકજીવન' જુલાઈ : ૧૯૭૧ : સંનિષ્ઠ ગાંધીવાદી આચાર-વિચાર-પુરુષ ઠાકોરભાઈ દેસાઈનું ગયા જૂનની ૧૫મી તારીખે અવસાન થયું. તેમને અંજલિ અર્પતો નવજીવનના પાક્ષિક 'લોકજીવન'નો આ અંક સ્વ૦ની જીવનઝરમર, સ્મશાનગૃહમાં આપવામાં આવેલી અંજલિઓ, આકાશવાણી અને અખબારોની અંજલિઓને અહીં એકસાથે રજૂ કરે છે, તો કાકાસાહેબ, પ્રબોધ ચોકશી, મૂળદાસ વૈશ્ય, વલ્લભદાસ અક્કડ જેવાના અન્ય લેખો સ્વ. ઠાકોરભાઈના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડે છે. પરિવારના એક સ્વજનની ખોટને અર્ઘ્ય આપવાનો આ અવસર 'લોકજીવને' સુપેરે પાર પાડ્યો છે.

અનુભૂતિ : કવિતાના એ અનિયતકાલિકનો આ બીજો અંક સર્વશ્રી પિનાકિન્ ઠાકોર, ઉશનસ, યોસેફ મૅકવાન, માધવ રામાનુજ, ખામોશ, અંબાલાલ 'ડાયર' વગેરેની નાનીમોટી ૩૦ કાવ્યકૃતિઓ અને એક આસ્વાદ-લેખ સાથે પ્રગટ થયો છે. (સંપાદકો પ્રા. દિનકર ભોજક, પ્રા. જયંતી શાહ, વિસનગર)

(અનુસંધાન)

કલાવાર્તા

શ્રી ગેડોનનો કલાસંગ્રહ

રમણિકલાલ સોલંકી

થોડા વખત પર જર્મન સરકારના આમંત્રણથી હું બોન, બર્લિન અને મ્યુનિખના પ્રવાસે ગયો હતો. મ્યુનિખના માહિતી ખાતાએ કળા ભંડારોની મારી યાત્રામાં શ્રી ગેડોનના અંગત સંગ્રહને પણ સ્થાન આપેલું.

મ્યુનિખના હાઈમાં તેઓ વસે છે. એમનું નિવાસસ્થાન એટલે જાણે ભારતીય કલા-કૃતિઓનું સંગ્રહસ્થાન. પતિપત્ની બંનેનો સ્વભાવ પણ એવો જ મિષ્ટ, સ્નેહાળ અને હિંદી આતિથ્યભાવનાથી રંગાયેલો. જાણે આપણા કળાવારસાનું પ્રતિબિંબ જ એમાં પડતું લાગે.

હિંદી પ્રણાલિકા અનુસાર અમારું સ્વાગત કર્યા બાદ એમણે ભારતીય કલા પર વિવેચન કરવા માંડ્યું. ભારતના દેવદેવીઓનાં વિવિધ નામ સ્વરૂપોથી તેઓ એટલાં તો પરિચિત લાગ્યાં–જાણે કોઈ હિંદી યુગલ જ ભૂલથી જર્મનીમાં અવતર્યું હોય. ગણેશ અને કૃષ્ણનાં તો તેઓ ભક્ત જણાયાં. એમના સંગ્રહમાં ગણેશ અને કૃષ્ણની કાંસ્ય પ્રતિમાઓની હાર પણ લાંબી છે, જેમાં ત્રીજીથી અઢારમી સદી સુધીના વિવિધ સ્વરૂપોનું દર્શન થાય છે. આમાં પણ એક કાંસ્યપ્રતિમા વધુ ધ્યાન ખેંચે છે. રૂપે ગણેશની મૂર્તિ, પરંતુ ધ્યાનથી જોતાં ખબર પડે કે એ તો નારી-ગણેશની મૂર્તિ છે. ચૌદમી સદીની, દક્ષિણ ભારત (કેરળ)ની એ પ્રતિમા છે. મોટાભાગે આપણને અજ્ઞાત એવા ગણેશના નારી સ્વરૂપને ભારતના પુરાતત્ત્વવિદોએ પણ સ્વીકાર્યું છે કે તે કાળમાં ભારતમાં નારી ગણેશ પ્રચલિત હતા. અત્યારે તો કહે છે કે એમની બે જ પ્રતિમાઓ અસ્તિત્વમાં છે. એક આ કાંસ્યમૂર્તિ જે અહીં મ્યુનિખમાં શ્રી








ડાબી બાજુ છેડે: ૧૩-૧૪મી સદીનું બાલીનું કોઈ દેવ મસ્તક. તેની બાજુમાં: મિથુન: આશરે ૧૭-૧૮મી સદીની હાથીદાંતમાં કોરેલી એક દક્ષિણ ભારતીય શોભનપટ્ટીનો એક ખંડ. મથાળે: ગણેશી. ગણેશના નારી સ્વરૂપની આ આશરે ૧૪મી સદીની કાંસ્ય પ્રતિમા એક રીતે અદ્વિતીય જ છે. શ્રી ગેડોનને તે કેરળમાંથી મળેલી. ભૂતકાળમાં દક્ષિણ ભારતમાં ગણેશનું નારી સ્વ[illegible]જાતું હોવાનો ભારતના પુરાતત્ત્વ ખાતાનો મત છે.









ડાબી બાજુ મથાળે : શ્રાવક. મધ્ય ૧૯મી સદીની થાઇલૅન્ડની આ કાંસ્ય પ્રતિમામાં સાધુના વસ્ત્ર પર સુંદર ભાત કોરેલી છે. (તેની નીચે) કાલિ. ૧૪ થી ૧૫મી સદીની તાંજોરની એક કાંસ્યમૂર્તિ જમણી બાજુ મથાળે : લગભગ ૧૬મી સદીનો કેરળનો નાવઆકારનો એક પંચદીપ. (તેની નીચે) આશરે ૧૬મી સદીનો શોભન મંડિત ઘટદીપ. એની કિનાર પર બેસાડેલા નંદી અને શિવલિંગ પરથી એ કોઈ શૈવસંપ્રદાયનો અમુક ખાસ ધર્મ-ક્રિયા માટે જ વપરાતો હશે અને ત્યારે એના પ્રત્યેક નાળચામાં વાટ ભેરવી દીવા પ્રકટાવવામાં આવતા હશે. શ્રી ગેડોનને જે મ્હૈસુરમાંથી મળેલો.

ગેડોનની પાસે છે અને બીજી જે સદ્‌ભાગ્યે હજી ભારતમાં ક્યાંક અજ્ઞાત સ્થળે છે.

ઈ. ૧૯૬૭ના ફેબ્રુઆરીમાં લંડનના વિખ્યાત કલાવિક્રેતા 'સોથબી'એ ડૉ. જે આર. બેલ્મોન્ટાના સંગ્રહને વેચ્યા બાદ શ્રી ગેડોનનો આ સંગ્રહ, યુરોપભરનો ભારતીય કૃતિઓનો સર્વશ્રેષ્ઠ અને વિશાળ સંગ્રહ છે. લગભગ ૫૦૦ કૃતિઓના આ સંગ્રહનું મૂલ્ય કરોડ રૂપિયાથી યે વધુ અંકાય છે. ગણેશ, કૃષ્ણ, રામ, શિવ-પાર્વતી, નટરાજ, વિષ્ણુ, ગરુડ, બુદ્ધ, જૈન તીર્થંકર, બોધીસત્ત્વ મૈત્રેય, સૂર્ય, વિષ્ણુ-લક્ષ્મી, ઋષભનાથ, દુર્ગા, ભૈરવ, નટરાજની ભવ્ય વિશાળ પ્રતિમા, કાલિ, અગસ્ત્ય, પૂતના, ઐયનાર, ગજલક્ષ્મી, મહાકાળ, ગરુડ, વગેરેની ભારત તેમજ દૂર પૂર્વના દેશોની કલાકૃતિઓ છે. કાષ્ઠ ને પાષાણ શિલ્પકૃતિઓના પણ ઘણા અને સુંદર નમૂનાઓ એમના સંગ્રહને બહુ-મૂલ્ય બનાવે છે. ભારત, તિબેટ, નેપાળ, જાવા







લોકેશ્વર (બોધિસત્ત્વ અવલોકિતેશ્વર) ૧૮મી સદીની નેપાળની એક રંગીન કાષ્ઠપ્રતિમા. જમણી બાજુ ઉપર: ભૈરવ. તાંજોરની ૧૧ થી ૧૨મી સદીની ચોલ શૈલીની એક શૈલ પ્રતિમા. (તેની નીચે) દુર્ગા. ૯ થી ૧૦મી સદીની ભારતની એક શૈલ પ્રતિમા.

સુમાત્રાના આ પ્રવાસીના સંગ્રહમાં હાથીદાંત ને હાડકામાં કોતરેલી પાછલી સદીઓની ઘણી ઉત્તમ કૃતિઓ પણ જોવા જેવી છે. ઈ. ૧૯૬૬માં પોતાની પાસેની એક અપ્રતિમ ભારતીય દીપમાળ પેટાવી તેમણે દીપોત્સવી પર્વ ઊજવેલું. જ્યારે મ્યુનિખના હિંદીઓ, હિંદ-મિત્રો અને બોનથી ભારતીય એલચી કચેરીના અગ્રણી સભ્યોએ આનંદપૂર્વક તેમાં ભાગ લઈને વિક્રમના એ નવા વર્ષની શુભેચ્છા દાખવેલી.

શ્રી ગેડોનને આ સંગ્રહનો શોખ ઈ.૧૯૫૫થી લાગ્યો. શ્રી રૉબર્ટ ગેડોન 'થેરાપી' નામના એક તબીબી સામયિકના તંત્રી છે. આ ઉપરાંત પણ પંદર જેટલાં બીજાં તબીબી સામયિકો તેઓ પ્રકાશિત કરે છે. એમના પિતામહ શિલ્પી હતા (જેમના નામથી ઓળખાતો એક મહોલ્લો પણ મ્યુનિખમાં છે.) પિતામહના એ સંસ્કાર જ એમના આ પૌત્રમાં ઊતર્યા જણાય છે. ઈ. ૧૯૫૫થી શ્રી ગેડોન દર વર્ષે ભારતનો પ્રવાસ કરતા રહી પોતાના સંગ્રહમાં નવીન ઉમેરો કરતા રહ્યા છે. તેઓ પોતે તો માત્ર જર્મન ભાષા જ જાણે છે પણ શિલ્પકૃતિ સમ દેખાવડાં એમનાં પત્ની અંગ્રેજી પણ જાણે છે.



વાદ્યધારિણી. આશરે ૧૬મી સદીની ગુજરાતની એક જૈન કાષ્ઠપ્રતિમા. શ્રી ગેડોન પાસે આવી ચાર પ્રતિમાઓ છે. જે સંભવતઃ કોઈ દેવસ્થાનના શોભન માટે રચાઈ હશે.

અમારી મુલાકાત દરમિયાન દુભાષિયા તરીકે એ શ્રીમતી બ્રિગેડી ગેડોન જ સેવા આપી રહ્યાં હતાં. ભારતની કળા વિષેનો એમના મોટા ગ્રંથ-સંગ્રહમાં હિંદી કળા વિષેના જર્મન, અંગ્રેજી અને ફ્રેંચ ભાષામાં સંખ્યાબંધ પુસ્તકો છે.

કૉલોન ખાતે ઑગસ્ટ ૧૯૬૮માં યુરોપના અંગત કળાસંગ્રહોનું એક પ્રદર્શન યોજાએલું ત્યારે શ્રી ગેડોનનો આ સંગ્રહ પણ ત્યાં ભારતીય કળાના એક માત્ર સંગ્રહ તરીકે અલગ અને આગવું સ્થાન પામેલો. માત્ર સંગ્રહશૉખ કે ઘરના શણગાર તરીકે જ એમણે આ બધી કલાકૃતિઓ એકઠી નથી કરી, તેઓ પોતાના સંગ્રહમાંની દરેક કૃતિની કલાશૈલી અને એની પાછળના ઇતિહાસ વગેરેનું પણ આપણને શરમાવે તેવું તલસ્પર્શી જ્ઞાન ધરાવે છે.

આમ એક બાજુ જ્યારે ભારતીય શિલ્પ અને કળા આજ પશ્ચિમી જગતમાં એટલાં પ્રિય થઈ પડ્યાં છે કે તેની મોં માગી રકમ ઊપજી શકે ત્યારે બીજી બાજુ આપણને એની કદર નહિ હોઈને આપણો એ મહામૂલો વારસો લક્ષ્મીની લાલચે આપણે વેચી દઈએ છીએ. સરવાળે, આપણી શ્રેષ્ઠ કૃતિઓ વિદેશી ભંડારો અને સંગ્રહાલયોની શોભા બની છે. જ્યારે આપણે અનેક અદ્વિતીય ચીજો ગુમાવી છે.

ભારતીય નિયમોવાળો શતરંજનો કોયડો નં. ૫

આ વખતે પણ આપણે પ્યાદમ્હાતવાળો જ કોયડો જોઈશું. અહીં સફેદ પાસે ચાર પ્યાદાં છે. તેમાંનાં બે પ્યાદાં તો પહેલી જ ચાલે મ્હાત કરે તેમ છે. પણ અહીં સફેદના K5 ઉપરના પ્યાદાથી જ મ્હાત કરવાની શરત છે.



K 5 પરના પ્યાદાથી પાંચ ચાલમાં મ્હાત

આ શરતને પરિણામે ત્રણ મહોરાંનો આકર્ષક રીતે ભોગ આપીને K5 ઉપરના પ્યાદાને બહાર લાવવું પડે છે.

1 QN-B7ch, R×N; 2 P-Q7ch, R×P; 3 N-Q6ch, R×N; 4P×R, any; 5P-Q7 mate.

જ્યારે કોઈ ઉસ્તાદ નબળા ખેલાડી સામે રમે ત્યારે તેને બંનેના ધોરણના તફાવત અનુસાર પ્યાદું, ઘોડો, હાથી કે વજીર અંગે કંઈ ખાસ મર્યાદા (handicap) આપવાની પ્રથા પશ્ચિમમાં હતી. રમતની શરૂઆતમાં જ જો ઉસ્તાદ કહી દે કે હું અમુક પ્યાદાથી જ મ્હાત કરીશ તો તે ભારતીય પદ્ધતિમાં સૌથી મોટો હૅન્ડીકૅપ-અંતરાય ગણાતો.

આવી રમતનો એક કાલ્પનિક અંત દર્શાવતો આ કોયડો ઘણો આકર્ષક છે. **સુરેશ મોદી**

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

૨૧

ડૉ. પ્રહ્‌લાદભાઈ ચુ. વૈદ્ય

ડબ્લિન - તા. ૨૮-૬-૭૦

આયર્લૅન્ડથી આ છેલ્લો પત્ર લખવા બેઠો છું ત્યારે બેત્રણ ઘટનાઓ પત્રમાં જગ્યા માગતી ઊભી થઈ છે. એક તો ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટની હમણાં ચૂંટણી થઈ અને તેમાં મજૂર પક્ષની હાર થઈ તે. ઉત્તર આયર્લૅન્ડ (અંગ્રેજી હકૂમત નીચેના છ જિલ્લાઓ)ને બ્રિટિશ પાર્લમેન્ટમાં ૧૨ બેઠકો છે. એમાંની એક બેઠક ઉપર ૨૪ વર્ષની યુવતી મિસ બર્નેડેટ ડેવ્લિન ચૂંટાઈ છે. બર્નેડેટ સમાજવાદી છે અને ઉત્તરના છ જિલ્લાને અંગ્રેજ ધૂંસરીમાંથી છોડાવી સંયુક્ત આયર્લૅન્ડ રચવાની તરફદારી કરે છે. ચૂંટણીના પ્રચાર દરમિયાન એ છોકરીની સભાઓ આઇરિશ ટી. વી. ઉપર જોવાની બહુ મજા આવતી. આપણી આઝાદીની લડતની યાદ આપે એવાં તીખાં તમતમતાં ભાષણો આ છોકરી કરે છે.

હવે થયું છે-એવું કે આ છોકરી અત્યારે જેલમાં છે! ગયે વર્ષે જુલાઈ-ઑગસ્ટ માસમાં અંગ્રેજ હકૂમત તળેના આ છ જિલ્લાઓમાં કૅથલિક અને પ્રોટેસ્ટન્ટો વચ્ચે રમખાણો થયાં હતાં. એમાં બ્રિટિશ પોલીસે કૅથલિકો ઉપર ઘણો જુલમ ગુજાર્યો હોવાની ફરિયાદ ઊઠી હતી એટલે કૅથલિકોની કેટલી યે સંસ્થાઓ દમનનો સામનો કરવા કટિબદ્ધ થઈ હતી. તેમાં પોલીસ વિરુદ્ધ ઉશ્કેરવાના આરોપસર અંગ્રેજ સરકારે બર્નેડેટની ધરપકડ કરી, કેસ ચલાવી તેને છ માસ સજા કરી હતી. તે સામે બર્નેડેટે હાઇકોર્ટમાં અપીલ કરી. દરમિયાનમાં પાર્લમેન્ટની ચૂંટણી આવી. તેમાં તે ઊભી રહી અને જંગી બહુમતીથી ચૂંટાઈ. ત્યાર બાદ પરમ દા'ડે હાઇકોર્ટે બર્નેડેટની અપીલ કાઢી નાખી અને શુક્રવારે રાત્રે ૯-૩૦ વાગ્યે તે જેલમાં ગઈ. શનિવારની સવારથી આ છ જિલ્લાઓના મુખ્ય શહેર બેલફાસ્ટમાં અને બર્નેડેટના જિલ્લા લંડનડેરીમાં તોફાનો શરૂ થયાં છે. શનિવારનો આખો દિવસ તોફાનો રહ્યાં. લગભગ ૧૦૦ જેટલી આગો લાગી છે, આજે રવિવારે પણ તોફાનો ચાલુ છે અને લંડનનો ટી. વી. તેમ જ બી. બી. સી. રેડિયો ત્રણ ત્રણ કલાકે ઉત્તર આયર્લૅન્ડના સમાચાર આપે છે. આજે સાંજે ઇંગ્લૅન્ડના નવા વડા પ્રધાન હીથ ઉત્તર આયર્લૅન્ડના પ્રશ્ન ઉપર નિવેદન કરવાના છે. આ યુવતીની જેલયાત્રાએ અંગ્રેજ સરકારને બરાબર હચમચાવી છે.

અહીં દક્ષિણમાં (સ્વતંત્ર આયર્લૅન્ડમાં) તો તદ્દન શાન્તિ છે. પણ લોકોનાં મન બહુ વ્યથિત છે. છાપાંઓએ બર્નેડેટને છોડાવવાની ઝુંબેશ ઉપાડી છે. એક છાપાએ તો પહેલા પાના ઉપર તંત્રીલેખ લખીને ઇંગ્લૅન્ડને કહ્યું છે કે 'હજાર વર્ષના ઇંગ્લૅન્ડ-આયર્લૅન્ડના ઝઘડામાં અંગ્રેજ રાજપુરુષોએ ઘણી મૂર્ખાઈ આચરી છે. નવા વડા પ્રધાન હવે કાંઈ દીર્ઘદૃષ્ટિ દાખવશે કે પછી તે પણ another stupid, blundering British politician (બીજો મૂર્ખ, માર્ગ ભૂલેલો અંગ્રેજ રાજપુરુષ) પુરવાર થશે?...એક ૨૩ વરસની છોકરીને શા માટે જેલમાં પૂરી છે? તે છોકરી છ જિલ્લાના લોકોને અન્યાય સામે લડવા એક થવાની હાકલ કરે છે તે માટે?... જ્યાં સુધી બર્નેડેટ ડેવ્લિન જેલમાં હશે ત્યાં સુધી આયર્લૅન્ડ અને ઇંગ્લૅન્ડ વચ્ચેના સંબંધો બગડેલા જ રહેશે.

આઝાદી પછી આપણે ત્યાં તોફાનો થાય છે તેવાં તોફાનો અહીં આઝાદ આઇરિશ પ્રજાસત્તાકમાં તો થતાં જ નથી, પણ અંગ્રેજ હકૂમત નીચેના છ જિલ્લાઓમાં તેવાં તોફાનો થાય છે આપણે ત્યાં તોફાનોમાં પથ્થરબાજી થાય છે, આગ ને લૂંટના બનાવો બને છે અને કેટલીક વાર ઍસિડ ફેંકવાના પણ બનાવો બને છે. સામાન્ય રીતે પોલીસ લાઠી વાપરે, પછી ટીઅરગૅસ છોડે અને છેવટે ગોળીબાર કરે. પણ ઉત્તર આયર્લૅન્ડનાં તોફાનોમાં પથ્થરબાજી તો ખૂબ જ થાય છે અને પોલીસ પથ્થરમારાથી બચવા ખાસ પ્રકારની ઢાલ રાખે છે ને તેના પર પથરા ઝીલે છે. વાત બહુ વધી જાય ત્યારે જ ટીઅર ગૅસ છોડે છે, પણ ગોળીબાર તો કરતી જ નથી; એથી ઊલટું તોફાની ટોળાંમાંથી લોકો ગોળીબાર કરે છે. મકાનની અગાશી ઉપરથી પણ તોફાનીઓ ગોળીબાર કરે. આવા તોફાનીઓએ કરેલા ગોળીબારને કારણે ગઈ કાલનાં તોફાનોમાં ૮ મૃત્યુ થયાં છે. જ્યારે આવી રીતે ગોળીબાર કરતો તોફાની નજરે ચડે ત્યારે જ પોલીસ ગોળીબાર કરે છે. જનતાના રક્ષણ માટેની પોલીસ જનતા ઉપર ગોળીબાર ન જ કરે, જનતામાંથી ગોળીબાર કરતું કોઈ દેખાય તો જ ગોળીબાર કરે તેવી શિસ્ત શાહીવાદી અંગ્રેજ સરકારની પોલીસ આઇરિશ જનતા માટે આચરે ત્યારે નજીવી ઉશ્કેરણીમાં ૧૯૫૬માં વિદ્યાર્થીઓ પર આપણી પોલીસે કરેલો ગોળીબાર કેટલો વિચિત્ર લાગે?

એક બીજી ઘટના ગયે અઠવાડિયે બની: આયર્લૅન્ડના રોમન કૅથલિક ધર્મગુરુઓની પરિષદે ઠરાવ કર્યો કે હવેથી કૅથલિક વિદ્યાર્થીઓ ટ્રિનિટી કૉલેજમાં દાખલ થઈ શકશે. આવા નિર્ણય વિષે વાંચીને આપણને તો આશ્ચર્ય થાય. પણ અહીંનો ઇતિહાસ જ વિચિત્ર છે. ઇ. ૧૫૯૧માં ઇંગ્લૅન્ડની રાણી એલિઝાબેથ (પહેલી)એ શાહી ફરમાન કાઢી, આયર્લૅન્ડમાં પ્રોટેસ્ટન્ટ ધર્મનો ફેલાવો થાય તે માટે આ કૉલેજની સ્થાપના કરેલી, તેનાં શરૂઆતનાં ૧૦૦ વર્ષોમાં કૅથલિકને દાખલ થવાની મનાઈ હતી. પછીનાં ૨૦૦ વરસ સુધી દાખલ તો કરતા, પણ તેમને કૉલેજમાં ઈનામ, સ્કૉલરશિપ કે નોકરી ન મળી શકતી. ઠેઠ ઈ. ૧૮૭૩-માં કૅથલિકો ઉપરના આ પ્રતિબંધો નીકળી ગયા, પણ કૉલેજમાં પ્રોટેસ્ટન્ટો અને કૅથલિકો વચ્ચેનો ભેદભાવ તો ચાલુ રહ્યો. તેથી કૅથલિકોએ વળતું પગલું ભર્યું અને ડબ્લિનમાં રાષ્ટ્રીય યુનિવર્સિટીની સ્થાપના કરી અને કૅથલિકોએ ટ્રિનિટી કૉલેજમાં ન જવું તેવો પ્રતિબંધ મૂકયો. હમણાં રાષ્ટ્રીય યુનિવર્સિટી અને ટ્રિનિટી કૉલેજ વચ્ચે વાટાઘાટો થઈ. એક જ શહેરમાં આવેલી આ બે સંસ્થાઓએ સાથે રહીને જ શિક્ષણવ્યવસ્થા ગોઠવવી જોઈએ એમ સમાધાન કર્યું અને તેથી કૅથલિકોને ટ્રિનિટીમાં દાખલ થવા ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેવાયો.

ટ્રિનિટી કૉલેજ ડબ્લિન (T. C. D.) અને યુનિવર્સિટી કૉલેજ ડબ્લિન (U. C. D.) બન્ને મશહૂર સંસ્થાઓ છે. T. C. D.ની ડેન્ટલ મેડિકલ ડિગ્રી માટે દેશદેશાવરથી વિદ્યાર્થીઓ આવે છે. ભારત-પાકિસ્તાનથી પણ ઘણા ડૉક્ટરો અહીંની ઊંચ્ચ ડિગ્રી લેવા આવે છે એ જ પ્રમાણે U. C. D. તેના ટેક્નિકલ શિક્ષણ માટે જાણીતી છે. ઈ. ૧૫૯૧માં સ્થપાએલી એટલે કે ૩૮૦ વર્ષ જૂની T. C. D. હવે બધા જ ધર્મના વિદ્યાર્થીઓ માટે ખુલ્લી થઈ.

અમારો ત્યાં પહોંચવાનો કાર્યક્રમ નક્કી થઈ રહ્યો છે. વિગતો આવતા પત્રમાં. —લિ. કાકાના આશિષ (સંપૂર્ણ)

સુલેખન-સ્પર્ધા

ભારત યુવક નિકેતન(મહેસાણા)સંચાલિત'સુલેખન'સંસ્કારસમિતિએ આ વર્ષે પણ સમગ્ર ગુજરાત માટે સુંદર-અક્ષર-સ્પર્ધાઓ યોજેલી. તેમાં ધો. ૧થી એમ.એ., એમ.એડ. સુધીનાં ૨૦ હજાર ભાઈ-બહેનોએ ભાગ લીધો. કક્ષા પ્રમાણે સર્વ પ્રથમ આવનારને સુલેખન વિજય-પદ્મ તથા પ્રત્યેક જિલ્લામાં પ્રથમ ત્રણ જણને જાહેર સન્માન સમારંભમાં પુરસ્કાર એનાયત થશે. શિલ્ડ વિજેતાઓ નીચે મુજબ : ૧) અમરભાઈ રામાવત (નાગરિક) મહેસાણા, ૨) મોહનલાલ પટેલ (શિક્ષક) મોતા, ૩) શોધન માલા (ધો. ૧૧) અમદાવાદ, ૪) ઇન્દિરા શાહ (ધો. ૧૦) મુંબાઈ, ૫) જયશ્રી મણિયાર (ધો. ૯) મોરબી, ૬) વંદના પટેલ (ધો. ૮) વડોદરા, ૭) પારુલ દવે (ધો. ૭) આણંદ, ૮) કૃષ્ણભાઈ ટંડેલ (ધો. ૬) ધોલાઈ, ૯) અશોકકુમાર માંડલિયા (ધો. ૫) વલ્લભીપુર, ૧૦)ભાર્ગવ જોષી (ધો.૪) શારદાગ્રામ, ૧૧) કામિનીબેન પટેલ (ધો. ૩) આણંદ, ૧૨) સ્ટીફ રૉબર્ટ કાર્પેન્ટર (ધો. ૨) અમદાવાદ, ૧૩) તારાબેન છી. પટેલ (ધો. ૧) વાંજરી.

ટિકિટ સંગ્રહ



કેટલીક ખાસ જયંતીઓ નિમિત્તે બ્રિટને બહાર પાડેલી ત્રણ બહુરંગી ટપાલટિકિટો. પહેલી ટિકિટ ધી રૉયલ બ્રિટિશ લીજિયનની ૫૦મી જયંતી નિમિત્તની છે જેમાં બ્રિટિશ લીજિયનની સંજ્ઞાના 'પૉપી' ફૂલની માથે ખુશ્કી, તરી અને હવાઈ દળના દ્યોતક ત્રણ સૈનિકો સાથે ક્વીન ઍલેક્ઝાંડ્રાના રૉયલ આર્મી નર્સિંગ કૉર્પ્સની એક પરિચારિકાનું પચાસ વર્ષ પહેલાંના તેમના ગણવેશમાં આલેખન છે. બીજી ટિકિટ યૉર્ક શહેરની સ્થાપનાની ૧૯૦૦મી જયંતી નિમિત્તની છે, જેના પર બહુકોણી બુરજના આલેખનની આગળ ઓગણીસસો વર્ષ પહેલાંનો ત્યાંનો એક રોમન સરદાર દર્શાવ્યો છે. તેના હાથમાં ગરુડની સંજ્ઞા સાથેની છડી છે. જમણી બાજુ યૉર્ક શહેરની આજની ઢાલમુદ્રા બતાવી છે. ત્રીજી ટિકિટ રગ્બી ફૂટબૉલની રમતની શતાબ્દી પ્રસંગની હોઈ તેના પર ૧૮૭૧ની સાલના ફૂટબૉલના ખેલાડીઓ બતાવ્યા છે. ત્યારનો તેમનો વેષ જુઓ.



આર્ય સમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીના સુપ્રસિદ્ધ ગુરુ અને મથુરાના નેત્રહીન સંત સ્વામી વિરજાનંદના સ્મરણમાં તા. ૧૪મી સપ્ટેમ્બરે ભારતે બહાર પાડેલી ખાસ ટપાલટિકિટ. 'શબ્દબોધ'ના રચયિતા સ્વામી વિરજાનંદ અત્યંત અનુશાસનશીલ અને કર્મઠ ગુરુ હતા. ૧૮૬૮ની ૧૪મી સપ્ટેમ્બરે એમનું અવસાન થયું.

(પ્રેષક: ડાહ્યાલાલ પરમાર · અમદાવાદ)

જમણી બાજુની ઊભી હારમાં પહેલી બે ટિકિટ માલ્ટાની છે. લૅડી ઑવ વિક્ટરીઝની ૫૦મી સંવત્સરી અને સેન્ટ જૉસેફની યુનિવર્સલ ચર્ચના પૅટ્રન સેન્ટ તરીકેની જાહેરાતની પ્રથમ શતાબ્દી નિમિત્તની છે. બહુરંગી છપાઈવાળી આ બંને ટિકિટો પરનાં એમનાં નાનાં પણ અત્યંત ચોકસાઈભર્યાં ચિત્રોથી તે બહુ સુંદર દેખાય છે. પછીની ટિકિટ ઑસ્ટ્રેલિયાની રૉટરી ક્લબની પચાસમી જયંતી નિમિત્તે ગઈ તા. ૧૭મી મે એ બહાર પડેલી છે, જેના પર રૉટરીની જાણીતી સંજ્ઞા છે. ચોથી ઊભી ટિકિટ પણ ઑસ્ટ્રેલિયાની છે, જે રૉયલ ઑસ્ટ્રેલિયન એર ફૉર્સની સુવર્ણ જયંતી નિમિત્તની હોઈ તેના પર તેનાં પ્રથમ અને આજનાં ાવમાનોનું ચિત્રણ છે.

(સાતે ટિકિટોના પ્રેષક: અશોક કોરા, મુંબઈ-૨૬)











◁ યુદ્ધોત્તર કાળના બ્રિટનનું સ્થાપત્ય આધુનિક પ્રકારની રચનાઓમાં ઘણું આગળ વધેલું છે. સાઉથમ્પ્ટન, ઍબરિસ્ટવિથ, એસેક્સ અને લીસેસ્ટર યુનિવર્સિટીનાં એવી ચાર આધુનિક ઈમારતોનાં આલેખનવાળી ચાર સુંદર રંગીન ટપાલટિકિટો ગઈ ૨૨મી સપ્ટેમ્બરે બ્રિટને બહાર પાડી છે.


(પ્રેષક: અરવિંદ દેસાઈ, અમદાવાદ)

ટપાલટિકિટની કથા-૧૦



ઈ. ૧૮૪૦માં બ્રિટને સૌ પહેલી ટપાલટિકિટ બહાર પાડી તે પછી એકબે દાયકામાં તો અનેક દેશોએ એ પ્રથા અપનાવી લીધી, પણ 'ઈઝ્રાએલ' એક એવો દેશ છે જેની પહેલી ટપાલટિકિટ છેક ૧૯૪૮માં બહાર પડી. ત્યાં સુધી સંયુક્ત રાષ્ટ્રસંઘ વતી અંગ્રેજો ત્યાંનો વહીવટ કરતા ને એ દેશ પેલેસ્ટાઈન નામે ઓળખાતો. ત્યાંનું આરબથી અલગ યહૂદી રાષ્ટ્ર રચાયું. પણ એનું નામ નક્કી નહોતું થયું એટલે એની પહેલી ટપાલટિકિટ પર માત્ર 'ડાઅર ઈવરી' (યહૂદી ટપાલ) એટલી જ ઓળખ લખાઈ. આ ઈવરી પર એક પ્રાચીન રોમન સિક્કાનું ચિત્ર છે, જે રોમનો સામે આઝાદી માટે લડતા યહૂદીઓએ જ બહાર પાડેલો.

ઈ. સ. ૧૯૫૦ સુધી આ ટિકિટો ચાલેલી. ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની હોવાથી હજી હમણાંની જ હોવા છતાં આજે આ ટપાલટિકિટની ઊંચી કિંમત અંકાય છે.



છેલ્લે એક દેશની છેલ્લી ટિકિટની વાત. ઈ. ૧૪૯૭માં કૅનેડાની પૂર્વે જ્હૉન કૅબટે 'ન્યૂ ફાઉન્ડલૅન્ડ' ટાપુ શોધ્યો. ઈંગ્લૅંડનું એ સૌથી જૂનું સંસ્થાન. ઈ. ૧૯૩૧માં એ દેશ સ્વતંત્ર થયો. પણ કૅનેડાની તળભૂમિની બહુ જ નજીકના એ ટાપુની પ્રજાએ સ્વેચ્છાએ કૅનેડા સાથે જોડાઈ જવાનું નક્કી કર્યું અને તદનુસાર ઈ. ૧૯૪૯ની ૧ જુલાઈએ એ સંગઠન થયું.

આ પહેલાં ઈ. સ. ૧૯૪૭ની ૨૩ જૂને ન્યૂ ફાઉન્ડલૅન્ડની જે ટપાલટિકિટ બહાર પડેલી તે એની છેલ્લી ટિકિટ. જોગાનુજોગ પણ કેવો કે એ છેલ્લી ટિકિટ પર ન્યૂ ફાઉન્ડલૅન્ડનું દર્શન કરતા જ્હૉન કૅબટ અને એના જહાજ 'મૅથ્યૂ'નું આલેખન છે. એક દેશની એ છેલ્લી ટપાલટિકિટ હોઈ આજે એ એક યાદગાર ટિકિટ બની રહી છે.

—યશવંત મહેતા



મધુકરી

વિદ્યાની ઉચ્ચ તૃષ્ણા, જનહિત કરવા શૌર્યની ત્યાગશક્તિ,
શ્રદ્ધા સત્યે, સુધર્મે અનવરત હજો સિદ્ધની શુદ્ધ ભક્તિ,
ધી, શ્રી ને ધૈર્ય, શ્રેયઃ સુકૃતિ સુજનને સત્ત્વ ને દિવ્ય કાંતિ,
આપો કૈવલ્યદાતા સદય હૃદયથી આપ્તને ચિત્ત શાંતિ.

શિવકુમાર જોષી

મસમોટું, ચોખંડું, લગભગ સપાટ કપાળ; નજદીકથી નીરખો તો ડાબા ભાગમાં તીર જેવો એક ઘસરકો; ઉપર ઝાંખી ધોળી થતી જતી આછી બાબરી; ભમ્મરના ઊભા બરછટ વાળની વચ્ચે ખોદેલા તિલક જેવો નાનકડો ખાડો; ભરાવદાર પહોળું ઘાટઘૂટ વગરનું નાક; સાધારણ આંખો; જો કે હોઠ મરોડદાર અને હડપચી ઘાટીલી. પહેલી નજરે વારી જવાય એવું ભાગ્યે જ કંઈ જડે.

પણ તમે મળો, વાત કરો, અને ઝડપથી પૂરાં થતાં ટૂંકાં વાક્યો સાંભળો ત્યારે કેળવાએલા આરોહ-અવરોહ વિભૂષિત અવાજમાંથી ઊઠતો સાચુકલાઈનો રણકો તમને સ્પર્શી જાય. પહેલી જ મુલાકાતે તમને જચી જાય કે આ માણસને જે કહેવું છે તે જ બોલે છેઃ ભાર દઈને, નિર્ભય સ્પષ્ટતાથી, અને છતાં નિરાડંબરી નિખાલસતાથી. અવાજમાં જેટલી તાકાત છે તેટલી જ ભાષામાં મીઠાશ છે. માત્ર કહીને બેસી રહેવું તેમને પાલવે તેમ નથી, તમને જચાવવું પણ છે; એટલે દિલથી બોલે છે. પરંતુ તેમાં જ્ઞાનનો આડંબર કે આવડતનું મિથ્યાભિમાન નથી. છે માત્ર માણસને માણસ તરીકે મળવાની તાલાવેલી.

અને એટલે જીવનના હરેક ક્ષેત્રે અસંખ્ય માણસો તેમને મળી ખુશ થાય છે. કલકત્તાના બ્રેબોર્ન-રોડ પર, ખાદીના ટૂંકા અમદાવાદી સ્ટાઈલે પહેરેલા પહોળી પાટલીના ધોતિયા અને બંગાળી સ્ટાઈલના કુડતામાં, હાથમાં નાનકડો ચામડાનો પોર્ટફોલિયો લઈ ભીડ વચ્ચેથી મારગ કરતા શિવકુમાર જોષીને તમે ગમે ત્યારે જુઓ, અને જરાક મલકો, એટલે તે તુરત રોકાઈ જાય. ફૂટપાથ પર જ વાતોએ વળગે. ખાસ ઓળખાણ કે અંતરંગ દોસ્તી હોવાની કોઈ આવશ્યકતા પણ નહિ. તમે મૅનેજર હો કે ગુમાસ્તા, બંગાળી ભદ્રલોક હો કે ઉડિયા મૂટિયા (મજૂર), તેથી ભાગ્યે જ ફરક પડશે. તમે કોઈ ગુજરાતી સંસ્થાના દુભાએલા કાર્યકર્તા હશો તો પણ બે ચાર મિનિટે છૂટા પડશો ત્યારે લાગશે કે શિવકુમારભાઈ તો આપણા જ માણસ યાર! તમારું આમંત્રણ સ્વીકાર્યું હશે તો દસને ટકોરે, તમારા શ્રોતાઓ કે પ્રેક્ષકોની પૂરી હાજરી ભરાઈ હશે તે પહેલાં જ, સમયસર, પોતાની મેળે, ફરી તેડા-નોતરાની રાહ જોયા વગર આવી પહોંચશે. તમે જરા ખમચાશો કે મૂંઝાશો તો હસીને મૂંઝવણ ટાળી દેશે અને હાજર રહેલામાંથી ગમે તે પાંચ-સાત જણ વચ્ચે બેસી જઈ ટોળટપ્પાં હાંકવા માંડશે. પણ હૉલ ભરાઈ જતાં તેટલી જ સ્વાભાવિકતાથી વ્યાસપીઠ પર જઈ વિરાજશે, અને સમારંભનો દોર હાથમાં લેશે-કુશળ સૂત્રધારની અદાથી, પછી તો માત્ર સૂત્રધાર જ નહિ રહેતાં તેના મુખ્ય અભિનેતા, સમર્થ દિગ્દર્શક, સૌના પ્રણેતા બની જશે.



જ્યારે હજુ ચડી-બાંડિયામાં અમદાવાદની પોળોમાં રખડતા ત્યારથી, છ વરસની બાલવયથી આ માણસ નાટકો કરતો આવ્યો છે. ઈ. સ. ૧૯૨૨માં અમદાવાદની આગળપડતી 'નવી ગુજરાતી શાળા'માં લાંબાં ઓડિયાં જેવાં ઝુલ્ફાં ઉછાળતાં 'શાકુંતલ'માં સર્વદમન તરીકે તખ્તાનો કબજો લીધો તે લીધો જ. આજે પૂરાં પંચાવનની

શિવકુમાર જોષી

જન્મ: ૧૬ નવેમ્બર ઈ. ૧૯૧૬
ઉછેર અને અભ્યાસ: અમદાવાદમાં
કિશોરકાળે ને તારુણ્યે: ક્રીડાગણના ખેલાડી; તખ્તાપ્રવેશ
મુંબાઈ યુનિ.માંથી સંસ્કૃત ઑનર્સ સાથે ગ્રૅજ્યુએટ
શૉખ: ચિત્રકળા, ફોટોગ્રાફી અને રંગમંચ
વ્યવસાય: ૩૦ વર્ષથી કાપડનો—કલકત્તામાં

લેખનપ્રવૃત્તિ

ટૂંકી વાર્તાઓ	લગભગ ૨૫૦
એકાંકી અને રેડિયો નાટકો	૪૦
લાંબાં નાટકો	૧૮
નવલકથાઓ	૧૫
પ્રવાસકથા: (જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા)	૧
અનુવાદ: (રવીન્દ્રનાથનું 'જોગાજોગ')	૧
મુદ્રિત પૂર્ણરંગી ચિત્રકૃતિઓ	૬
ચિત્રપ્રદર્શન (કાન્તિલાલ રાઠોડ સાથે)	૧૯૪૮માં
પ્રવાસફોટો (૧૨૫)નું પ્રદર્શન: કલકત્તામાં	૧૯૭૧માં
પારિતોષિકો અને ચન્દ્રકો	૩૦ ઉપરાંત

પ્રૌઢ વયે પણ રંગમંચ પર તેમનો પ્રવેશ થતાંવેંત જ પ્રેક્ષકોનાં આંખકાન સરવાં બની જાય છે, ને ગમે તેવું નાનકડું પાત્ર ભજવતા હોય કે માત્ર બે-ત્રણ મિનિટ જ તખ્તા પર વિહરતા હોય તો પણ સમજદાર પ્રેક્ષકોનાં હૈયાં હલાવી દે એવી નાટ્યાત્મક અદા અને છટાનાં સુભગ દર્શન કરાવી જાય એવી એમની વરસોની અવિરત અને એકનિષ્ઠ નાટ્યસાધના છે.

આમ તો નાટક એમને ગળથૂથીમાં જ મળ્યું હશે. મામા જયંતીલાલ માણેકલાલ મહેતા નાટકો લખતા, જોતા અને માણતા. ભાણેજમાં નાટ્યશૉખ પાંગરતો જોઈ તેમની છાતી ફુલાતી. પિતા શ્રી ગિરિજાશંકર જોષી સંસ્કૃતના વિદ્વાન, પ્રખર જ્યોતિષી અને સાથોસાથ સફળ કાપડના વ્યાપારી. કાકા શ્રી લક્ષ્મીશંકર જોષીની કલકત્તામાં સજ્જન કાપડના વ્યાપારી તરીકેની સુવાસ. શિસ્તપ્રિય પિતાએ શરત મૂકેલી કે બી. એ.માં સંસ્કૃત ઑનર્સમાં દક્ષિણા ફેલોશિપ ન મેળવી શકે તો કલકત્તાની દુકાને બેસી જવું. જુવાન શિવકુમારને ઘણા ક્ષેત્રે ઘણું બધું કરવાની હોંશ. ક્રિકેટ, હૉકી, ટેનિસ તો રોજ રમવા જોઈએ. તેમાં ટેનિસ તો ખાસ. તરવાનો જબ્બર શૉખ. કસીકસીને ખડતલ બનાવેલું શરીર આટલાં વરસે પણ દિવસના ૧૬/૧૮ કલાક એકધારું કામ આપે છે. વળી વૅકેશનમાં રવિશંકર રાવળના કલાવર્ગો પણ ભરવાના. આમ ઇતર પ્રવૃત્તિઓએ અભ્યાસમાં થોડીક આળસ કરવી ને પરીક્ષામાં ૫૯ ટકા માર્ક મળતાં સેકન્ડ ક્લાસમાં જ આવ્યા—ઈ. ૧૯૩૭માં. પરિણામે, અભિજાત ખેલદિલી ને પાંગરતા કળાશૉખનું ભાથું લઈ વચનબદ્ધ જુવાન અમદાવાદનું ગોઠવાએલું ગમતું જીવન છોડી સેંકડો માઈલ દૂર અજાણી મહાનગરી કલકત્તાના પંથે પળ્યો.

કલકત્તામાં ચૌદ પંદર વરસ એકધારા કાપડના ધંધામાં જ ગાળ્યાં. ધંધો જમાવ્યો. પણ સાથોસાથ કળાકારનું હૈયું જીવનના અનેક ચિત્રવિચિત્ર ખાટામીઠા અનુભવોને કળાની ખરલમાં ઘૂંટી ઘૂંટીને અનુભૂતિનાં રસાયણો જમાવતું રહ્યું. તેની half confessional નૉવેલ 'આભ રુવે એની નવલખ ધારે'ના અશેષની જેમ આનો પ્રથમ ફણગો ફૂટ્યો ઈ. સ. ૧૯૪૯–૫૦માં અમદાવાદમાં નટમંડળમાં શ્રી રસિકલાલ પરીખ, શ્રી જયશંકર 'સુંદરી', શ્રી ઉમાશંકર જોષી ઈ.ની રાહબરી હેઠળ ભાસનું 'ઊરુભંગ' ભજવાયું ત્યારે. દુર્યોધનના પાત્રમાં શિવકુમારના ધીર અને સચોટ અભિનયે આ સૌની કદરદાની મેળવી. પછી તો ઈબ્સનનું Lady from the Sea (સાગર ઘેલી) અને Enemy of the people (લોકશત્રુ) ભજવ્યાં અને માંહ્યલો સુષુપ્ત નાટ્યકાર જાગી ઊઠ્યો. એ અરસામાં જ શરદબાબુની વાર્તા 'વિરાજ વહુ'નું નાટ્ય રૂપાંતર કર્યું અને શ્રી જયશંકર સુંદરીના દિગ્દર્શન હેઠળ પ્રેમાભાઈ હૉલમાં એ નાટક અનેક વાર રજૂ થયું.

પહેલું રેડિયો–નાટક 'કલ્યાણી' (મુક્તિ-પ્રસૂન) અમદાવાદ રેડિયો સ્ટેશનના મંગળાચરણ સમયે ઈ. સ. ૧૯૫૦માં જ લખાયું અને તુરત રજૂ થયું. વર્ષોનાં વાચન, મનન અને મંથન, પછી તો, શબ્દદેહે અવતરતાં ચાલ્યાં. ઈ. સ. ૧૯૫૦માં જ એકાંકી લખવાં શરૂ કર્યાં અને ઈ. સ. ૧૯૫૨માં 'હુઆ તો વિવાહ' માટે 'કુમાર ચંદ્રક' મળ્યો. તે જ વરસની 'કુમાર'માં પ્રસિદ્ધ થએલી શ્રેષ્ઠ વાર્તાનું ઈનામ પણ તેમની વાર્તા 'ઊભા રે'જો આવું છું' ને જ પ્રાપ્ત થયું. સ્વ. ગુરુદયાળ મલ્લિકને આ વાર્તા એવી ગમી ગઈ કે તેનો અંગ્રેજી અનુવાદ કર્યો, જે કલકત્તાના 'હિંદુસ્તાન સ્ટાન્ડર્ડ'માં પ્રગટ થયો. પછી તો રેડિયો નાટકો, એકાંકીઓ, ટૂંકી વાર્તાઓ અને નવલકથાઓનો ફાલ એકધારો ઊતરતો જ રહ્યો છે.

દિનપ્રતિદિન કલમની તાકાત બઢતી રહી. સાહિત્ય-ખેડાણ વધુ વિશાળ ક્ષેત્રે વિસ્તરતું રહ્યું. લાંબાં નાટકો લખાવા માંડ્યાં. સર્વ પ્રથમ 'સુમંગલા' લખાયું. ગુજરાતી નાટ્યમંડળની સ્પર્ધામાં પારિતોષિક મળ્યું. મુંબાઈની 'રંગભૂમિ'એ તે ભજવ્યું; કલકત્તાના સાહિત્ય મંડળે પણ ભજવ્યું અને સુરત સાહિત્યસભાએ નર્મદ સુવર્ણચંદ્રક આપી નાટકની દુનિયામાં શિવકુમાર જોષીનો ધ્વજ રોપી દીધો. દરમિયાન 'અંધારાં ઉલેચો' વડોદરામાં ભજવાયું ને આવકાર પામ્યું. હવે વિદ્વાનો અને સાધારણ જનસમાજ, સૌને શિવકુમારની એક પછી એક પ્રગટ થતી કૃતિઓ ગમવા માંડી. સત્તર વર્ષમાં ચાળીસ એકાંકી લખાયાં અને પાંચ સંગ્રહોમાં પ્રગટ થયાં અને તેમાંનાં મોટા ભાગનાં સફળતાપૂર્વક ક્યાંક ને ક્યાંક ભજવાતાં જ રહ્યાં. બસો ઉપર ટૂંકી વાર્તાઓ પ્રસિદ્ધ થઈ. સાત વાર્તાસંગ્રહો છપાયા. જાતજાતનાં ઈનામો મળ્યાં—સરકારી, સંસ્થાકીય, પ્રજાકીય. ઈનામ-ચાંદોની કુલ સંખ્યા ત્રીસ ઉપર પહોંચી ગઈ. તેમણે પોતાનો ચાહક વિશાળ વાચકવર્ગ ઊભો કર્યો. વિશેષે તો ગુજરાતનાં પ્રસિદ્ધ દૈનિકો ને સામયિકોમાં હપ્તાવાર છપાતી તેમની નવલકથાઓનાં પ્રકરણોની આતુરતાપૂર્વક રાહ જોતો આ વાચકવર્ગ તેમની લડાવી લડાવીને વાર્તા કહેવાની કળા પર વારી જતો હોય છે, લંબાણ પણ સહન કરી લેતો હોય છે. તેમનામાંનો સજાગ કલાકાર ક્યારેક ક્યારેક ટેકનિકના અવનવા પ્રયોગો કરતો હોવા છતાં તેમનું ધ્રુવપદ તો કહીને માણી શકાય તેવી વાર્તા લખવી જોઈએ એ જ રહ્યું છે. તેમની ઘણીખરી નવલકથાઓમાં વાર્તાતત્ત્વની માવજત કુશળ હાથે થએલી હોવાથી જ કદાચ તેમની કેટલીક નવલો ભારતની અન્ય ભાષાઓ—હિંદી, મરાઠી, તમીળ, મૈથિલી, સિંધીમાં અનુવાદિત થતી રહે છે.

ઈ. ૧૯૫૪માં કલકત્તાના ગુજરાતી સાહિત્ય મંડળના નેજા તળે રમણિક મેઘાણી ને જયંતીલાલ શાહના સહસંપાદનમાં ગુજરાતી ભાષાનું એક ને અજોડ વાર્ષિક 'કેસૂડાં' આરંભાયું. કલકત્તામાં નવી સાહિત્યિક હવા જામવા માંડી. ગુજરાતના સાહિત્ય-ધુરંધરોએ તેની સહર્ષ નોંધ લીધી. વાતાવરણ જામતું ગયું અને તેની ફળશ્રુતિ રૂપે રવીન્દ્ર-શતાબ્દીના પનોતા વર્ષે ઈ. સ. ૧૯૬૧માં ગુજરાતી સાહિત્ય પરિષદનું એકત્રીસમું સંમેલન કલકત્તામાં ભરાયું ત્યારે આ સાહિત્યમેળાને સફળ બનાવવામાં નવી તેજસ્વી કલમધારી દોસ્તો ચંદ્રકાન્ત બક્ષી અને મધુ રાય ખભેખભા મિલાવી રહ્યા. એ બધાની પાછળ શિવકુમારનો ખડતલ ખભો ખરો જ.

પણ શિવકુમાર જોષી અસ્સલ આદમી તો નાટકના જ. પૂર્વ ભારતના ગુજરાતીઓ તો 'શિવકુમાર એટલે નાટક' એમ, જાણે નાટકના પર્યાય જ એમને સમજે છે. અને કલકત્તાના બિન-ગુજરાતીઓમાં પણ એમની સુવાસ નાટ્યલેખક, નટ અને દિગ્દર્શકની જ વધુ છે. કલકત્તાના

સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ
ઉમા-મહેશ્વર

શંકરનો મૂળે તો 'ગાયોને તથા પુરુષોને હણનાર' દેવ તરીકે ઋગ્વેદમાં ઉલ્લેખ છે! પાછળથી તેમની નારીશક્તિ ઉમાની સંભાવના થઈ ને ઉમા-મહેશ્વર જગતનાં આદ્ય-માતાપિતા મનાવા લાગ્યાં. શૈવ શાક્તના સંધિકાળે આ રુંભ્યું.

મહાભારતમાં ઉપમન્યુના આદેશથી શ્રીકૃષ્ણે તપ કર્યું અને 'ઉમા-મહેશ્વર પ્રત્યક્ષ થયાં' એવો ઉલ્લેખ મળે છે. પણ એમની 'મૂર્તિ' ક્યારે અસ્તિત્વમાં આવી તે વિષે સ્પષ્ટ કહી શકાતું નથી. શિવનું લિંગ જ પૂજાતું હોઈ મૂર્તિ અતિ પ્રાચીન નથી એવું અનુમાન થઈ શકે.

શિવમૂર્તિનો પ્રથમ ઉલ્લેખ ઈ. પૂર્વે ૧૫૦માં પતંજલિના ગ્રંથોમાં મળે છે. સિક્કાઓમાં નંદી સહિતની પ્રથમ શિવ-આકૃતિ ઈ. સ.ની પહેલી સદીમાં મળે છે. ઈ. સ.ની બીજી સદીમાં પાશુપત સંપ્રદાયના પ્રવર્તક ભગવાન લકુલીશનો જન્મ; અને એ સમયની શિવની લિંગમય મૂર્તિઓ મથુરાના મ્યૂઝિયમમાં હયાત છે. આ સમયના ભારશિવ રાજાઓ શિવભક્ત હતા. તેમણે બંધાવેલા ભુમરાના મંદિરમાં ભારતની કદાચ સૌથી પ્રાચીન શિવમૂર્તિ આવેલી છે. ગુપ્તકાલીન શિવમૂર્તિ સારનાથમાંથી પ્રાપ્ત થઈ છે. ઉમા-મહેશ્વરની એક સુંદર મૂર્તિ, જે હાલ કલકત્તા મ્યૂઝિયમમાં છે, તેને શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી પાંચમી સદીની ગણાવે છે.

સૌરાષ્ટ્રમાં વલભીના રાજાઓમાંથી અનેક માહેશ્વર (મહેશ્વરના પૂજક) હતા. તેમણે ઘણાં શિવમંદિરો બંધાવ્યાં હોવાના ઉલ્લેખો છે. પણ મોટા ભાગનાં મુસ્લિમોને હાથે નાશ પામ્યાં. જોકે એ સમયનાં શિવલિંગો મળે છે. સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત શિવમૂર્તિઓમાં કડવાર ગામે વરાહમંદિર કહેવાતા પ્રાચીન મંદિરમાં ઉમા-મહેશ્વરની મૂર્તિ સૌથી પ્રાચીન છે.

અહીં આપેલી ઉમા-મહેશ્વરની મૂર્તિ ધુમલીમાં આવેલા ભૃગુકુંડના સ્થળે ખુલ્લામાં પડેલી છે. સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત મૂર્તિઓમાં આ વિરલ જ નહિ, અનન્ય પણ છે. ઉમા-મહેશ્વર નંદી ઉપર બેઠેલાં છે. મૂર્તિવિધાન શાસ્ત્ર મુજબ શિવને ચાર હાથ, ત્રિશૂલ, માતુલિંગ, સર્પ ને ચોથો આલિંગન ધરાવતો હોય છે. અહીં ત્રિશૂલને બદલે નરમુંડ છે એ આ મૂર્તિની વિ-



શિષ્ટતા છે. ડાબા પગ પર બેઠેલાં પાર્વતી એક હાથે શિવને આલિંગન આપતાં જણાય છે.

સમયની દૃષ્ટિથી પણ આ મૂર્તિ વિરલ છે. ગળાનો એકાવલી હાર અને કર્ણફૂલ તથા બેઠો ઘાટ આ મૂર્તિને ગુપ્ત અસરની, ગુપ્તોત્તર કાલીનપ્રતિહાર યુગની સાબિત કરી આપે છે.

—લેખક તથા તસ્વીર: નરોત્તમ પલાણ

હિંદીભાષીઓ તેમની પાસે હિંદીમાં નાટક કરાવે છે. તો બધી કળાઓમાં પોતાને સર્વોચ્ચ માનતા બંગાળીઓમાંના એક નાટ્યકાર તરુણ રૉયે પોતાના નાટકમાં ભાગ લેવા એમને આગ્રહપૂર્વક આમંત્ર્યા હતા.

કલકત્તાની ગણનાપાત્ર સંસ્કાર-પ્રવૃત્તિમાં એમણે પ્રથમ પ્રવેશ કર્યો 'ગુજરાતી સાહિત્ય મંડળ' દ્વારા. તેમણે મંડળમાં નવા પ્રાણ પૂર્યા; જાગતું કર્યુ. અઘરાં પ્રયોગશીલ નાટકો હિંમતભેર રજૂ કરી પ્રેક્ષકોના સુરુચિ-ઘડતરનું પાયાનું કામ કર્યું. કેટલાંક નાટકો તો ખાસ મંડળ માટે જ લખ્યાં. મંડળ અને શિવકુમારની ઈજ્જત વધતી ચાલી. મુંબાઈ-ગુજરાતમાં લોકો પૂછતા થયા, ને મુંબાઈની ગુજરાતી નાટ્યમંડળની સ્પર્ધામાં તેમના 'અંગારભસ્મ'ને ઇનામ મળ્યું. અમદાવાદ, દિલ્હી, સૂરત વગેરેમાં પણ તેમનાં નાટકો અવારનવાર ભજવાતાં રહ્યાં. પરંતુ તેમની સાચી કર્મભૂમિ તો કલકત્તા જ રહી. કારણ તેમને માનવસંબંધોની જે ઉષ્મા ત્યાં સાંપડી તેટલી ઉત્કટ બીજે કદાચ ન મળી. કલકત્તાના કૈં કેટલા યે ગુજરાતીઓની સુષુપ્ત કળા તેમણે હળવે હાથે જગાડી, મઠારી ને મીઠી માવજતથી તેમની અદાકારી મહોરાવી. તેમણે ઘડેલા આ અદાકારો કલકત્તાના હિંદી-ગુજરાતી રંગમંચ પર અને સીનેસૃષ્ટિના પરદે જ્યારે પોતાની કળા દાખવે છે, ત્યારે શિવકુમાર કૃત્યકૃત્યતા અનુભવતા હશે.

પછી તો પ્રગતિનાં સોપાનો એક પછી એક સર થતાં જ ગયાં. માત્ર masses-જનગણ જ નહિ પરંતુ classes પ્રશિષ્ટ ભદ્રજન પણ તેમની નાટ્યશક્તિથી પ્રભાવિત થતા ગયા. મધ્યસ્થ સંગીત નાટક અકાદમીએ તેમના નાટક 'સુવર્ણરેખા'ને ઍવૉર્ડ આપી સમ્માન્યું. ઈન્ટરનૅશનલ થીએટર ઇન્સ્ટિટ્યૂટના બ્યુડાપેસ્ટ (હંગેરી)ના જૂન ૧૯૬૯ના સંમેલનમાં ભારતીય નાટ્યસંઘે ચૂંટી મોકલેલા બે પ્રતિનિધિઓમાંના એક શિવકુમાર જોષી હતા. આવાં સંમેલનમાં માત્ર વાતો કરી ખાઈ પી છૂટા પડવાનું હોય તેવી 'સમજ' તેમને અગાઉથી આપવામાં આવી હોવા છતાં તેમનાથી રહેવાયું નહિ, અને કમિટી મીટિંગોમાં ડેવલપિંગ દેશોનો કેઈસ મુદ્દાસર ભારપૂર્વક રજૂ કર્યો. પરિણામ તુરત ૧૯૭૦-'૭૧માં આવ્યું કે વિકસતા દેશોની રંગભૂમિ માટે આઈ.ટી.આઈ.એ નાણાં ફાળવ્યાં.

બીજા પરિણામ રૂપે આવી: 'જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા!' એક કવિદિલની પૃથ્વીયાત્રાનાં સંભારણાં રસાળ શૈલીમાં જન્મભૂમિ-પ્રવાસીમાં ૬૬ અઠવાડિયાં ચાલતાં રહ્યાં. તેમની વાર્તારસ-ભરપૂર કથનશૈલીએ લોકહૃદય પર એવી પકડ જમાવી કે એક ખંડ પૂરો થતાં વાચકોએ તંત્રીઓને પત્રો લખી આ પ્રાસાદિક પ્રવાસવર્ણન ચાલુ રાખવા વિનંતીઓ કરી.

પૂર્વભારતમાં ગુજરાતીઓ માત્ર પૈસા કમાવા ખાતર આવે છે એવું મિથ્યા મહેણું ટાળવામાં આ એક વ્યક્તિનો બહુમૂલ્ય ફાળો છે. અનેક કળારસિક, સાહિત્યપ્રિય ગુજરાતીઓને સંગઠિત કરી મૌલિક ને અનુવાદિત નાટકો ભજવતા કર્યા, સાહિત્યિક સંમેલનો અને ચર્ચાસભાઓ ભરતા કર્યા અને કલકત્તાના બહુમુખી સાંસ્કારિક ક્ષેત્રે કલકત્તાના ગુજરાતીઓનો એકડો નોંધાવડાવ્યો ને પોતે લગભગ one-man institution (એકવ્યક્તિ-સંસ્થા) બની ગયા. બંગભાષા પ્રત્યેના પ્રેમાદરે તેમની પાસે રવિ ઠાકુરની 'જોગાજોગ' સાહિત્ય અકાદમી દ્વારા અનુવાદિત ને મુદ્રિત કરાવી, બંગ સાહિત્ય ને સંસ્કૃતિના અભ્યાસે શરદબાબુના સાહિત્ય વિષે બંગાળી શ્રોતાઓ સમક્ષ બોલતા કર્યા. બંગભાષા પ્રસાર સમિતિએ રાષ્ટ્રપ્રમુખનો સુવર્ણચંદ્રક અર્પણ કર્યો. પણ એમની આ ચાહના અને આદર અંધ ભક્તિમાં ન પરિણમ્યાં. એટલે જ બંગ રાજકારણમાં પેઠેલાં ધિક્કાર અને હિંસાને એ સદા ય વખોડતા રહ્યા છે અને બંગ સમાજમાં પ્રવર્તતી ઇર્ષા અને અહંકારને પડકારતા રહ્યા છે.

અને હવે, સૌ ચંદ્રકોના શિરમોર જેવો, ગુજરાતના સાહિત્યસ્વામીઓ જેની આતુર હૈયે અપેક્ષા સેવે તે રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી શિવકુમાર જોષીએ ગુજરાતી સાહિત્યની દુનિયાના દરબારચોકમાં ફરી એક વાર પૂર્વભારતનો સંસ્કારધ્વજ લહેરાવ્યો છે ત્યારે, સર્વે સાહિત્યરસિકો તેમનું બહુમાન કરતાં ઇચ્છશે કે તેમની કલમમાંથી હજુ વધુ સંગીન, વધુ સત્ત્વશીલ, નિતનવોન્મેષશાલી પ્રગટતું રહો.

(કલકત્તા) —જયંતીલાલ મહેતા

જગત-ભાષાઓનાં વિવિધ મહત્ત્વ

એવા અડસટ્ટો કાઢવામાં આવ્યો છે કે જગતમાં ૨,૭૯૬ ભાષાઓ છે. તેમાં લૅટિન, ગ્રીક, હિટાઈટ વગેરે જેવી મૃત ભાષાઓનો સમાવેશ થતો નથી. આ ૨,૭૯૬ ભાષાઓ પૈકી, પાંચ કરોડથી વધારે માણસો બોલતા હોય તેવી ભાષાઓની સંખ્યા માત્ર ૧૩ની જ છે. (જુઓ સારણી)

આનો અર્થ એ પણ થયો કે જગતની ૨/૩ ભાગની વ્યક્તિઓ સાથે વાતચીત કરવા માટે ફક્ત ૧૩ ભાષા જાણવી જરૂરી છે. એ ૧૩ લગભગ ૬૫ દેશોની રાષ્ટ્રભાષા છે. વળી આ સારણી પરથી એ પણ જણાશે કે ચીની ભાષાનું સ્થાન પ્રથમ આવે છે ને જગતની દર ચાર વ્યક્તિ પૈકી એક વ્યક્તિ એ ભાષા બોલે છે: ત્યાર પછીનું સ્થાન હિંદીનું છે.

પણ આ રીતે નિર્ણય કરવો યોગ્ય નથી. કોઈ પણ ભાષાની ઉપયોગિતા અનેક બાબતો પર આધાર રાખે છે. બોલનારાની સંખ્યા તો તેનું એક પાસું છે. કોઈ પણ ભાષા કેટલાં માણસો વાંચે છે, તેમાં કેટલું કાર્ય થાય છે તથા તેમાં કેટલું જ્ઞાન ભર્યું છે તે બાબત ખાસ મહત્ત્વની છે. એ દૃષ્ટિએ આ તેર ભાષાઓની કઈ સ્થિતિ છે? સારણીના બીજા સ્તંભમાં દરેક ભાષામાં પ્રગટ થતાં વર્તમાનપત્રોની સંખ્યા દર્શાવી છે. એ ઉપરથી જણાય છે કે સ્પૅનિશ, રશિયન, જર્મન, જાપાનીઝ, ફ્રેન્ચ તથા ઇટાલિયનમાં મળીને જેટલાં પત્રો પ્રગટ થાય છે તેટલાં એકલી અંગ્રેજીમાં પ્રગટે છે. અને વધારેમાં વધારે બોલનારા ધરાવતી ચીની તથા ભારતીય ભાષાઓનું સ્થાન ક્રમ પ્રમાણે ચોથું અને પાંચમું આવે છે.

આ જ રીતે કઈ ભાષામાં કેટલાં પુસ્તકો છપાય છે તે પણ (ત્રીજા સ્તંભમાં) તપાસવું રસપ્રદ થઈ પડશે. એમાં વધારેમાં વધારે પુસ્તકો રશિયન ભાષામાં પ્રગટ થતાં જણાય છે; બીજું સ્થાન અંગ્રેજીનું છે અને જર્મન તથા જાપાનીઝ ત્યાર પછી આવે છે. એ જ રીતે વૈજ્ઞાનિક પ્રગતિની દૃષ્ટિએ ચોથા સ્તંભમાં આપેલી ટૅકનિકલ પુસ્તકોની સંખ્યા જોઈએ તો રશિયન ભાષામાં ટૅકનિકલ તથા વૈજ્ઞાનિક પુસ્તકોની આપેલી સંખ્યા બીજી બધી ભાષાઓનાં કુલ પુસ્તકો કરતાં વધારે છે; એટલે કે વૈજ્ઞાનિક તથા ટૅકનિકલ પુસ્તકોના અભ્યાસ માટે રશિયન ભાષા પહેલી આવે ને ત્યાર પછી અનુક્રમે અંગ્રેજી, જર્મન તથા જાપાનીઝ ભાષા આવે. જાપાનમાં વૈજ્ઞાનિક તથા ટૅકનિકલ સાહિત્યનો વિકાસ ખૂબ ઝડપથી થાય છે, અને એ વિષયોનાં જાપાનીઝ પુસ્તકોનો બહુ થોડા પ્રમાણમાં અનુવાદ થાય છે. તેથી જાપાનીઝ ભાષાનો અભ્યાસ ખૂબ જરૂરી છે.

ભાષાની ઉપયોગિતાનું બીજું એક પ્રમાણ, તે ભાષાનાં કેટલાં પુસ્તકોનો બીજી ભાષાઓમાં અનુવાદ થાય છે તે જોવાનું છે. જગતમાં દર વર્ષે લગભગ ૩૦,૦૦૦ પુસ્તકોના અનુવાદ પ્રગટ થાય છે, તેમાં દર સો અનુવાદમાં ૩૩ અંગ્રેજીમાંથી, ૧૫ રશિયનમાંથી, ૧૩ ફ્રેન્ચમાંથી અને ૧૦ જર્મનમાંથી હોય છે.

અને છેલ્લે કઈ ભાષા કેટલા દેશમાં ઉપયોગી થઈ પડે છે? આ દિશામાં સ્પૅનિશનું સ્થાન પહેલું છે. કોલંબસ તથા બીજા વસાહત-સ્થાપકોને લીધે એ ભાષા ૨૦ દેશોમાં ફેલાઈ ગઈ. અંગ્રેજી ૯ દેશોની રાજભાષા છે. અરબી ૧૩ દેશોમાં, ફ્રેન્ચ ૯માં અને જર્મન ૩ દેશોમાં બોલાય છે. એટલે જો કોઈ વ્યક્તિ પાંચ ભાષા શીખી લે તો કોઈ પણ દુભાષિયાની મદદ વિના તે ૩૦ દેશોનો પ્રવાસ કરી શકે, જગતની ૩૦ ટકા વસ્તી સાથે વાત કરી શકે, અને દર સૅંકડે ૮૦ પુસ્તકો તથા પત્રો વાંચી શકે!
(વિલેનન ફિન્બર્ગ) —છોટાલાલ માનસિંગ કામદાર

સારણી-સંદોહ ૮

ભાષા	બોલનારની સંખ્યા કરોડમાં	પ્રકટ થતાં વર્તમાનપત્રો	દર વર્ષે પુસ્તકો	ટૅકનિકલ પુસ્તકો
ચીની	૭૦	૫૫૦		
હિંદી + ઉર્દૂ	૨૮			
અંગ્રેજી	૨૫	૨,૪૩૦	૪૨,૦૦૦	૯,૨૦૦
સ્પૅનિશ	૧૫	૧,૦૦૦		૧,૮૦૦
રશિયન	૧૩	૨૫૦	૫૮,૧૦૦	૨૮,૦૦૦
જર્મન	૧૦	૬૭૦	૩૩,૫૦૦	૬,૨૦૦
જાપાનીઝ	૧૦	૧૬૦	૬૨,૦૦૦	૪,૦૦૦
ફ્રેન્ચ	૮	૨૭૦	૧૬,૦૦૦	૨,૨૦૦
ઇન્ડોનેશિયાઈ	૮			
પોર્ટુગીઝ	૮	૨૬૦	૮,૦૦૦	
અરબી	૭			
બંગાળી	૬			
ઇટાલિયન	૬	૧૩૦	૧૩,૦૦૦	૨,૩૦૦
ભારતની ભાષાઓ		૫૦૦		
ડચ		૧૪૦		
સ્વીડિશ			૬,૦૦૦	
રૂમાનિયન			૫,૬૦૦	
અન્ય ભાષાઓ			૩૦,૬૭૦	

દાંતની સંભાળ

સુંદર અને સ્વચ્છ દાંત મુખની શોભા છે. તેની માવજત એ આરોગ્યની ચાવી છે. દાંતની સ્વચ્છતા અને જાળવણી માટે બાવળ કે લીમડાનું તાજું અને સ્વચ્છ દાતણ ચાવવાથી દાંતને અને જડબાંને કસરત મળે છે. બાવળથી પેઢાં મજબૂત થાય છે. લીમડામાં તો જંતુઘ્ન ગુણ છે. બંનેથી મોંની ચીકાશ દૂર થાય છે અને એની ચીરી વડે જીભ પણ ચોખ્ખી કરી શકાય છે. છતાં બ્રશ જ વાપરવું હોય તો તે પોચું વાપરવું અને બેએક મિનિટથી વધુ ઘસવું નહિ. એને વાપર્યા પછી બરાબર સ્વચ્છ કરીને મૂકવું. વળી, ઘરનાં સૌને માટે અલાયદું રાખવું. રસોઈમાં વપરાતો સોડા બાઇ કાર્બ અને બારીક દળેલું મીઠું સરખે ભાગે સારું દંતમંજન બની રહે છે. તે જ પ્રમાણે કોગળા કરવા માટે મીઠું કે ફુલાવેલી ફટકડી સહેજ ગરમ પાણીમાં ઉત્તમ છે. કપૂર અને દિવેલના મિશ્રણનું માલિશ પેઢાં માટે ગુણકારી છે. જે તે ચીજ વડે દાંત ખોતરવાથી નુકસાન થાય છે. સારો માર્ગ એ છે કે કંઇ પણ ખાધા-પીધા પછી બરાબર કોગળા કરી મોં સ્વચ્છ કરી નાખવું.

ખોરાકમાં પણ દાંતને કસરત મળે તેવા કઠણ પદાર્થોનો સમાવેશ કરવો તથા કૅલ્શ્યમ, ફૉસ્ફરસ, પ્રોટીન અને વિટામિન 'સી' તથા 'ડી'-વાળા પદાર્થોનો પૂરતો ઉપયોગ કરવો. પાનસોપારી, ચૂનો-તમાકુ, ધૂમ્રપાન, પોચા ગળ્યા ને ચરબીયુક્ત ખોરાક વગેરેનો અતિરેક પણ દાંત બગાડે છે. એ છામાં ઓછું સવાર-સાંજ દાંત સ્વચ્છ કરવાની ટેવ રાખવી.

અને જો દાંતનું ચોકઠું વાપરતા હો તો તેને પણ નિયમિત બ્રશ વતી ઘસીને સાફ રાખવું. આ માટે સાબુ, મીઠું, સોડા કે લીંબુના રસનો ઉપયોગ કરી શકાય. ચોકઠું સાફ કરવાનો તૈયાર પાઉડર પણ બજારમાં મળે છે. ચોકઠું હમેશાં ઠંડા પાણીથી જ ધોવું અને રાત્રે જો કાઢીને સૂતા હો તો ઠંડા પાણીમાં મૂકવું. કદીક મોંમાં ચોકઠું વાગવાથી કે છોલાવાથી યા બીજા કારણસર ચાંદું પડે તો તેની તાત્કાલિક યોગ્ય સારવાર લેવી.

આ બધી ઉપર તારવી તેવી સરળ સમજ ઉપરાંત પાયોરિયા તથા દાંતનો સડો વગેરે જેવા દાંતના સામાન્ય રોગોની માહિતી અને દાંતની જાળવણી અંગે કિંમતી સૂચનોવાળી 'દાંતના રોગો ને માવજત' નામની એક સચિત્ર પુસ્તિકા અમદાવાદના જાણીતા દંતવૈદ્ય ડૉ. પટ્ટણી (કાન્તિલાલ લંગાલિયા) એ લખી છે. પ્રકાશક: પરિવાર પ્રકાશન, સહકારી મંદિર લિ., અમદાવાદ-૧૩. કાચું પૂઠું, પૃ. ૪૪, કિં. રૂ. ૧-૦૦.

રેંટિયાની સુવર્ણ જયંતી

યંત્રયુગ પહેલાં આમ તો જગતભરમાં વપરાતું બધું જ કાપડ હાથે કાંતીને અને વણીને જ બનાવાતું હતું. ખાસ કરીને આપણો દેશ આ બાબતમાં મોખરાનું સ્થાન ધરાવતો હતો અને ઊંચા બરનું રંગીન અને ભાતીગળ કાપડ પરદેશ મોકલી આપણે સમૃદ્ધ પણ બન્યા હતા. ઢાકાની પ્રખ્યાત મલમલનું સૂતર હાથે જ કંતાતું અને હાથે જ વણાતું હતું.

વેપાર અર્થે અંગ્રેજો વગેરે પ્રજા અહીં આવી અને ખાસ કરીને કાપડનો વેપાર કરવા લાગી. દરમિયાનમાં યંત્રયુગ બેઠો અને વેપારનો પ્રવાહ ઊલટો બન્યો. આપણે પરદેશી કાપડ વાપરવા લાગ્યા અને આપણી જનતા રોજગારીના અભાવે ભૂખે મરવા લાગી. યંત્રયુગમાં આપણે પણ મિલો ઊભી કરી, પરંતુ તેનાથી બેકારીનો પ્રશ્ન તો ઊકલ્યો નહિ.

દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓને થતા અન્યાસ સામે ૨૦ વર્ષ સુધી લડત આપીને અંતે તેમાં વિજય મેળવીને ગાંધીજી ૧૯૧૫માં દેશમાં પાછા ફર્યા અને દેશને ગુલામીમાંથી છોડાવવાનો ઉપાય શોધવા લાગ્યા. એમણે જોઈ લીધું કે બ્રિટિશ સામ્રાજ્ય સામે હથિયારથી લડીને સ્વરાજ લેવાનું હિંદી પ્રજા માટે બહુ લાંબો સમય લે એમ છે. એમાં આપણે સફળ થઈએ કે નહિ એ વિષે પણ શંકા રહેતી હતી. એટલે આમ પ્રજાને અહિંસક લડત માટે એમણે તૈયાર કરવા માંડી અને તેના સાધન રૂપે એમણે રેંટિયાની અને ખાદીની શોધ કરી. એમણે જોયું કે દેશની ગરીબાઈ અને બેકારીનો ઉપાય પણ રેંટિયામાં રહેલો હતો. એમણે એક ધર્મકાર્યની માફક રેંટિયો અપનાવ્યો અને તેને પ્રજા આગળ મૂક્યો.

આજથી બરાબર પચીસ વર્ષ પહેલાં બેઝવાડાની અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની સભામાં વીસ લાખ ચરખા ચાલુ કરવાનો અને એક કરોડ રૂપિયા તિલક સ્વરાજ ફંડ માટે ભેગા કરવાનો ઠરાવ થયો. એ ગણતરીએ રેંટિયાના પુનરુદ્ધારને આ વર્ષે પચાસ વર્ષ પૂરાં થયાં છે.

આજે ચોવીસ વર્ષ થયાં સ્વરાજ આવ્યું છે, દેશે અનેક દિશામાં પ્રગતિ કરી છે અને વિજ્ઞાને તો ચંદ્ર પર પહોંચવા સુધીની ફાળ ભરી હોવા છતાં પેટનો ખાડો પૂરવાનો જ્યાં સવાલ છે ત્યાં રેંટિયો અને ખાદી એક નંબરના ઉપાય નીવડયાં છે. મોટામોટા અર્થશાસ્ત્રીઓ પણ આના સિવાય કોઈ વધારે સહેલો ઉપાય બતાવી શક્યા નથી.

(લોકજીવન) —રઘુનાથજી નાયક

'ફૂલછાબ'ની સુવર્ણજયંતી

તા. બીજી ઑક્ટોબર ૧૯૭૧ના રોજ સૌરાષ્ટ્રમાંથી નીકળતા દૈનિક પત્ર 'ફૂલછાબ'ને પચાસ વર્ષ પૂરાં થયાં. ઈ. ૧૯૨૧માં સૌરાષ્ટ્ર 'કાઠિયાવાડ' તરીકે જાણીતું હતું ત્યારે તે ૨૦૨ જેટલાં દેશી રાજ્યોની હકૂમતમાં વહેંચાએલું હતું. એ વખતે બેવડી ગુલામીમાં સબડતી મૂંગી પ્રજાને વાચા આપવા 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક તરીકે 'ફૂલછાબ'નો, દેશી-રાજાઓની જોહુકમીના સકંજામાંથી બચીને કામ કરવા માટે અમદાવાદ જિલ્લાના રાણપુર મુકામેથી જન્મ થયો. પ્રજાના પ્રાણ ઢંઢોળીને આઝાદી-સંગ્રામની મશાલ તેણે આખા યે સૌરાષ્ટ્રમાં પ્રગટાવી અને તેને સદા ય જલતી રાખી. સંસ્થાના સ્થાપક સ્વ. અમૃતલાલ શેઠ સાથે સ્વ. બળવંતરાય મહેતા, ભીમજીભાઈ સુશીલ, ઝવેરચંદ મેઘાણી અને કકલભાઈ કોઠારી જેવા મરજીવાની એક મંડળી 'સૌરાષ્ટ્ર' ફરતી જામી. કાઠિયાવાડની લડતોના સદા તૈયાર લડવૈયા મણિલાલ કોઠારી, ફૂલચંદભાઈ શાહ, શિવાનંદજી વગેરેનો સાથ મળ્યો.

સૌરાષ્ટ્રનું લોકજીવન અને 'સૌરાષ્ટ્ર' એકબીજામાં ઓતપ્રોત અને સજાગ બનીને વિકસ્યાં. લોકજીવનનું પ્રત્યેક અંગ—જેવું કે, સામાજિક રૂઢિઓ સામે જેહાદ જગાવવી, માનવ રાહતનાં કાર્યો કરવાં, અખિલ હિંદ રાજસ્થાન પ્રજા પરિષદ રચીને પરદેશ પ્રતિનિધિ મંડળો મોકલવાં અને નામીચાં રજવાડાં સામે દસ્તાવેજી પુરાવા સાથે તહોમતનામાં પ્રસિદ્ધ કરવા જેવાં કામ તેમણે કર્યાં. સ્વ. મેઘાણીનાં સંશોધન અને લેખનથી આ સંસ્થા મારફત લોકસાહિત્યનો વિકાસ થયો.

અંગ્રેજ રાજકર્તાનું દમન કઠોર બન્યું તેને પરિણામે 'સૌરાષ્ટ્ર'નું 'ફૂલછાબ'માં રૂપાંતર થયું. પછી તો સ્વરાજ આવ્યું, સમય પલટાયો, સૌરાષ્ટ્રનું સ્વતંત્ર એકમ રાજ્ય થયું અને 'ફૂલછાબ' માટે નવી ક્ષિતિજો અને નવાં કાર્યક્ષેત્રો ખુલ્લાં થયાં. રાણપુરથી 'ફૂલછાબ' રાજકોટ આવ્યું અને તા. ૨-૧૦-૧૯૫૦થી દૈનિક રૂપમાં ફેરવાયું.

આજે પચાસ વર્ષે દૈનિક 'ફૂલછાબ' સૌરાષ્ટ્રના પ્રાણનો ધબકાર બની રહ્યું છે. પ્રજાનાં સુખદુ:ખમાં ભાગીદાર બનવાની 'ફૂલછાબ'ની પ્રજાલક્ષી દૃષ્ટિ અને પ્રણાલિકાથી એની પ્રગતિ વિદ્યુતવેગી બની છે. સંજોગો બદલાતાં, ઘટીને એક સમયે ત્રણ હજાર નકલોનો થઈ ગએલો એનો ફેલાવો છેલ્લા ૧૫ વર્ષમાં ૪૨ હજાર નકલો સુધી પહોંચ્યો છે.

'સંજીવની'ની સેવાપ્રવૃત્તિ

મુંબાઈમાં શ્રી એચ. સી. મહેતા દંપતી છેલ્લાં ચારેક વર્ષથી 'ભૂખ્યાં-ને ભોજન' પહોંચાડવાની એક અભિનવ સેવાભાવી પ્રવૃત્તિ ચલાવે છે. હવે તો તેમની સાથે બીજા સોએક સેવાભાવીઓ ભળ્યાં છે અને તેઓ-માંનાં કેટલાંક સાધનસંપન્ન પણ હોઈ તન-મન ને ધનથી સાથ આપે છે. આજે એમની આ પ્રવૃત્તિ 'સંજીવની' નામના (આયપત વેરામાંથી મુક્તિ પામેલા) એક ટ્રસ્ટ તરીકે કાર્ય કરે છે.

ભોજનસમારંભોમાં એઠવાડ ઉપરાંત વધેલી વાનગીઓના પણ ઢગ ખડકાવાની આપણે ત્યાં નવાઈ નથી. આ રીતે વેડફાતા ખાદ્ય પદાર્થોનો સદ્-ઉપયોગ કરવાના એક સુવિચારથી આ પ્રવૃત્તિનાં બીજ રોપાયાં. ક્યાં યે આવી ચોખ્ખી રસોઈ કે વાનગીઓ વધી પડે તે જો સમારંભના યોજકો પણ જાણ કરે તો ત્યાંથી મેળવી ગરીબ વસ્તીમાં લઈ જઈ ત્યાં હાજતમંદોમાં વહેંચી દેવાનું સત્કાર્ય આ સેવાભાવીઓએ ઉપાડી લીધું. (ભૂખ્યાંને ભોજન ઉપરાંત નવસ્ત્રાંને વસ્ત્ર, બીમારોને ઔષધ, ગરીબ બાળકોને પુસ્તકો વગેરે પહોંચાડવાનું કાર્ય પણ તેઓ કરે છે.) હવે એમણે આ કાર્યને વિસ્તારીને 'લંચ પૅકેટ્સ'ની એક યોજના આરંભી છે. ઇચ્છુકો એ માટે દાન આપે તેમાંથી 'ઘાટકોપર સર્વોદય સ્વાસ્થ્ય સદને' ચોખ્ખા ઘીની રોટલી કે પૂરી તથા કઠોળના શાકનાં પૅકેટ્સ તૈયાર કરી સખાવતી સંસ્થાઓ, ઝૂપડપટ્ટીઓ, શ્રમજીવીઓ વગેરેમાં દાતાની ઇચ્છાનુસાર પહોંચાડવાનો થોડા સમયથી આરંભ કર્યો છે. આવું એક પૅકેટ પચ્ચીસ પૈસાનું પડે છે. આ પ્રવૃત્તિ અમદાવાદમાં પણ ચાલુ થઈ છે. ઇચ્છુકો માટે આ 'સંજીવની', રણછોડભાઈ મહેતા, 'ગોપિકા,' પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬નો સંપર્ક સાધી શકે છે.

ગણિતગમ્મત

૧ થી ૧૦ સુધીની સંખ્યાઓની જુદી જુદી રચનાથી મળી આવતાં વિચિત્ર પરિણામો ગણિતના વિચારકોને નવું માર્ગદર્શન આપશે.

૧×૨= ૨ (૧)
(૧+૨+૩) (૪+૫+૬)=૨ (૧+૨+૩+......+૯)
(૧+૨+૩+૪+૫) (૬+૭+૮+૯+૧૦)=૨ (૧+૨+૩+......+૨૪)
(૧+૨) (૩+૪)=૨૧=(૧+૨+૩+૪+૫+૬)
(૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯+૧૦)=૫૫=૧^{૨}+૨^{૨}+૩^{૨}+૪^{૨}+૫^{૨}
(૨+૩) (૪+૫)=૪૫=(૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯)
૧×૨×૩=૬= (૧+૨+૩)
૪×૫×૬=૧૨૦= (૧+૨+૩+............+૧૫)
૫×૬×૭=૨૧૦= (૧+૨+૩+............+૨૦)
૯×૧૦×૧૧=૯૯૦= (૧+૨+૩+............+૪૪)

ત્રણ પાસપાસેની સંખ્યાઓના ગુણાકાર ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર થાય એવાં જૂથ આપવામાં આવ્યાં છે. આવાં બીજાં પણ જૂથ હોઈ શકે.

—એમ. એન. ખત્રી

૭૫મી જન્મ-જયંતીએ

મેઘાણી–સ્મારક યોજના

પંચોતેરમી મેઘાણી-જયંતીની ઉજવણી માટે લોકમિલાપ ટ્રસ્ટે ગુજરાત સમક્ષ રજૂ કરેલી યોજનાને અમે ઉમંગભેર આવકાર આપીએ છીએ અને આપણાં હજારો કુટુંબો તેમાં હોંશે હોંશે શામેલ બને તેમ ઈચ્છીએ છીએ.

પંડિત સુખલાલજી	જુગતરામ દવે	વિનોદિની નીલકંઠ
કાકા કાલેલકર	ઉમાશંકર જોશી	બબલભાઈ મહેતા
રવિશંકર મ. રાવળ	ગગનવિહારી મહેતા	મનુભાઈ પંચોળી
	ઝીણાભાઈ દેસાઈ	

ઝવેરચંદ મેઘાણીની ૭૫મી જન્મ–જયંતી ૧૯૭૨ના ઓગસ્ટમાં આવે છે. એ અવસરને છાજે તેવું તેમનું સ્મારક રચવાની હોંશ હજારો લોકો અનુભવશે તેમ સમજીને એ માટેની એક નાની યોજના લોકમિલાપ ટ્રસ્ટ ગુજરાત પાસે સવિનય રજૂ કરે છે.

કોઈ પણ સાહિત્યકારનું સર્વોત્તમ સ્મારક તેનાં સર્જનો જ છે. એ રીતે, એક પચીસી દરમીઆન મેઘાણીએ આપેલાં એંશી જેટલાં પુસ્તકો એ જ એમનું મહાન સ્મારક છે. એ સ્મારકની ભવ્યતા થોડીક વધારવાનો પ્રયત્ન ૭૫મી મેઘાણી–જયંતી પ્રસંગે આપણે કરી શકીએ. મેઘાણી–સાહિત્યના ચાહકોને એ માટેની નીચેની યોજનામાં શામેલ બનવાની હોંશ થશે એવી શ્રદ્ધા છે.

૧. ૭૫મી મેઘાણી–જયંતીએ એમનાં પુસ્તકોની ૭૫ હજાર નકલોનો ફેલાવો ગુજરાતી પ્રજામાં કરવાની આ યોજના છે.

૨. મેઘાણી–સાહિત્યમાંથી ચૂંટેલી કેટલીક ઉત્તમ રચનાઓના ત્રણ સંગ્રહો આ પ્રસંગે બહાર પાડવા. એક પુસ્તકમાં મેઘાણીનાં કાવ્યો, બીજામાં નવલિકાઓ અને ત્રીજામાં લોકકથાઓ આવે. દરેક પુસ્તક આશરે ૨૫૦ પાનાંનું હોય, એટલે ત્રણેયમાં મળીને કુલ ૭૫૦ પાનાંનું મેઘાણી–સાહિત્ય સમાઈ જાય. દરેક પુસ્તકની ૨૫,૦૦૦ નકલ છાપવી, એટલે ત્રણેયની મળીને ૭૫,૦૦૦ નકલો થાય. એ ત્રણ પુસ્તકોનું એક સેટ રૂપે જ વિતરણ કરવું. એ રીતે, મેઘાણી–સાહિત્યના સંચય સમો આ સેટ ૨૫,૦૦૦ ગુજરાતી કુટુંબોમાં પહોંચી શકે.

૩. હજારો સામાન્ય કુટુંબો આ પુસ્તકો વસાવી શકે તે માટે તેના સેટની કીમત ઓછામાં ઓછી રાખવાની છે. આજે પુસ્તકોની કીમતનું જે સામાન્ય ધોરણ છે તે જોતાં ૨૫૦–૨૫૦ પાનાંનાં આવાં ત્રણ પુસ્તકોની કીમત ૧૮–૨૦ રૂપીઆ થઈ જાય. તેને બદલે માત્ર પાંચ રૂપીઆમાં આ ત્રણ પુસ્તકો મળી શકે તેવી આ યોજના છે. આ પાંચ રૂપીઆ તે તો એ પુસ્તકોના એકલા કાગળ–છાપકામની જ પડતર કીમત થાય. કોઈ પણ પુસ્તકની વેચાણ–કીમતમાં તેના કાગળ છપાઈના ખરચ ઉપરાંત લેખકનો પુરસ્કાર, મૂડી–રોકાણ કરનાર તથા જોખમ ખેડનાર પ્રકાશકનું વળતર અને પુસ્તક–ભંડારોમાં તેને સુલભ બનાવનાર વિક્રેતાનું મહેનતાણું—એ ત્રણ બાબતોનો પણ વાજબી સમાવેશ થતો હોય છે. એ બધો ખરચ ગણીએ તો આ પુસ્તક–સેટની કીમત રૂ. ૨૦ જેટલી થાય. પણ આ પ્રસંગે વધુમાં વધુ ગુજરાતી કુટુંબો આટલું મેઘાણી–સાહિત્ય ઓછામાં

ઓછી કીમતે વસાવી શકે તેને માટે આ પાછલા ત્રણે ય ખરચનો છેદ ઉડાડી મૂકીએ, તો માત્ર પાંચ રૂપિયામાં જ આ સેટ સુલભ બની રહે. એક બાજુથી લેખકનું કુટુંબ પોતાનો પુરસ્કાર જતો કરે, અને બીજી બાજુથી મેઘાણી–સાહિત્યના ચાહકો આવા પચીસ હજાર સેટનાં નાણાં અગાઉથી ભરીને મૂડી–રોકાણ, જોખમ તથા વિતરણનો સવાલ ઉકેલી આપે, તો આ યોજનાનો સુગમતાથી અમલ થઈ શકે.

૪. આ યોજનાનો વ્યવસ્થા-ખરચ પણ ઓછામાં ઓછો કરી નાખવો જોઈએ—નહિતર તો સેટની કીમતમાં એટલો વધારો થઈ જાય. એને માટે અગાઉથી સો–સો રૂપિયા ભરીને ૨૦–૨૦ સેટની જવાબદારી લેનારી બારસો જેટલી વ્યક્તિઓ ને સંસ્થાઓની જરૂર પડે. મેઘાણી–સાહિત્યના પ્રેમી ઓછામાં ઓછા ૨૦ વાચકો એક જ ગામમાંથી નીકળે અને પોતાના રૂ. ૧૦૦ અગાઉથી મોકલાવી આપે, તો તેમના વીસ સેટ એક જ સરનામે રેલ–પારસલથી પહોંચાડી શકાય; પછી એ વીસેયની વહેંચણી તેમણે કરી લેવાની. ગુજરાતમાં હાઇસ્કૂલો ને કોલેજો મળીને ૨,૫૦૦ જેટલી શિક્ષણ–સંસ્થાઓ છે. તેના શિક્ષકો ને અધ્યાપકો ઓછામાં ઓછા વીસ–વીસનું જૂથ બનાવીને પોતાની સંસ્થાને સરનામે આ સેટ સામટા મગાવીને પછી તેની વહેંચણી કરી લઈ શકે. વેપારી પેઢીઓ, કારખાનાં, કચેરીઓ વગેરે બીજી અનેક સંસ્થામાં કામ કરનારાઓ પણ આ રીતે ૨૦-૨૦નાં જૂથમાં સહકાર કરી શકે. એ રીતે જોતાં ગુજરાતીઓની અઢી કરોડની વસતીમાંથી પચીસ હજાર સેટ લેનારા લોકો ખુશીથી નીકળે.

૫. વીસ સેટની વરધી મૂકનારું જૂથ રચવું જ્યાં અનુકૂળ ન હોય ત્યાં એક જ વ્યક્તિ પોતાના સ્વજનો વતી પાંચ સેટ એક જ સરનામે મગાવે, તો તે રૂ. ૩૦માં તેમને રેલવે–પારસલથી પહોંચાડી શકાય, એટલે કે તેમને સેટ દીઠ રૂ. ૬નો ખરચ આવે.

૬. કોઈને એક જ સેટ મગાવવો હોય તો તે અગાઉથી રૂ. ૭–૫૦ મોકલી શકે, અને તેમને સેટ રજીસ્ટર ટપાલથી ઘેર બેઠાં પહોંચાડી શકાય. પ્રગટ થયા પછી આ સેટ પુસ્તક–ભંડારોમાં રૂ. ૭–૫૦માં મળશે, અને ઘેરબેઠાં મગાવનારને ટપાલ–ખરચ સહિત રૂ. ૧૦માં પડશે.

ટૂંકમાં, મેઘાણી–સાહિત્યમાંથી ચૂંટેલું, ૭૫૦ પાનાં જેટલું વાચન આપતાં ત્રણ પુસ્તકોનો આ સેટ આગોતરા પૈસા ભરનાર કોઈ પણ વ્યક્તિ ઘેર બેઠાં રૂ. ૭–૫૦માં મેળવી શકે; એવી પાંચ વ્યક્તિઓ ભેગી થાય તો પાંચ સેટ રૂ. ૩૭–૫૦ને બદલે એ રૂ. ૩૦–૦૦માં મેળવી શકે; અને વીસ વ્યક્તિઓ ભેગી થાય તો રૂ. ૧૫૦ને બદલે ફક્ત રૂ. ૧૦૦માં વીસ સેટ મેળવી શકે.

૭. આ સેટનું પ્રકાશન ૧૭ ઓગસ્ટ, ૧૯૭૨ને દિવસે, ૭૫મી મેઘાણી–જયંતીએ થશે. પણ તેનું છાપકામ ૧૯૭૨ના જાન્યુઆરીમાં શરૂ કરવું પડશે. એટલે ડિસેમ્બર ૧૯૭૧ના અંત સુધીમાં ઉપર જણાવ્યા મુજબની રકમ મોકલીને આગોતરા ગ્રાહક નોંધાવાની મેઘાણી–સાહિત્યના ચાહકોને વિનંતી છે.

૮. આ યોજના એ પણ બતાવે છે કે આપણી આમજનતાને પરવડે તેવી કીમતે તેને સારાં પુસ્તકો મેળવવાં હોય, તો એનો કીમિયો પ્રજાના પોતાના હાથમાં જ છે. કોઈ પણ પુસ્તકની પચીસેક હજાર નકલ ખરીદવાનું વાચકો જો નક્કી કરે અને, સામયિકોનાં લવાજમની માફક, તેની કીમત અગાઉથી ભરી આપે, તથા વીસ–વીસ ગ્રાહકોનું જૂથ પોતાની નકલો એક જ સરનામે મેળવીને અંદરોઅંદર વહેંચી લેવા જેટલો સહકાર કરવા તૈયાર થાય, તો આજના બજારભાવ કરતાં ત્રીજા ભાગની કીમતે એ પુસ્તક એમને સહેલાઇથી મળી શકે. જ્યાં પુસ્તકોની લાખો નકલો વેચાય છે એવા યુરોપ–અમેરિકાના દેશોમાં પણ 'પુસ્તક–મંડળો' (બુક–કલબ) ચાલે છે ને તેની મારફત બજારભાવ કરતાં ત્રીજા ભાગની કીમતે લાખો લોકો પોતાનાં પ્રિય પુસ્તકો ઘરમાં વસાવી શકે છે. ભારતમાં પણ હિન્દી, તેલુગુ વગેરે ભાષાનાં પુસ્તકો એ રીતે પ્રજાને સસ્તામાં સુલભ કરી

આપતી પુસ્તક–મંડળની કે 'ગૃહ–પુસ્તકાલય'ની યોજનાઓ સફળતાથી ચાલી રહી છે. ૭૫મી મેઘાણી–જયંતીની આ યોજના વાટે વિતરણ માટેનું જે માળખું તૈયાર થશે તેનો લાભ લઈને એક સુંદર 'ગૃહ–પુસ્તકાલય' યોજના આપણે ગુજરાતમાં પણ ચાલુ કરી શકીએ, જેની મારફત વરસે ૫–૭ રૂપીઆના નજીવા લવાજમમાં આપણાં હજારો કુટુંબો સામટું ૭૦૦–૧૦૦૦ પાનાંનું વિવિધ રસનું વાચન ઘેર બેઠાં મેળવી શકે. આવી યોજનાનો આરંભ ૨૫,૦૦૦ સભ્યોથી થાય અને થોડાં વરસોમાં જ તે સંખ્યા ૭૫,૦૦૦ ઉપર પહોંચાડી શકાય. એ આંકડો પણ ગુજરાતી પ્રજાના માત્ર એક ટકા જેટલાં કુટુંબોને જ આવરી લેનારો હશે, એટલે એને વધુ પડતો મહત્ત્વાકાંક્ષી કહી શકાય નહિ.

આવી ગૃહ–પુસ્તકાલય યોજનાનો આરંભ આવતે વરસે આપણે કરીએ, તો તે પણ ૭૫મી મેઘાણી–જયંતીનું એક વિશિષ્ટ સંભારણું બની રહે. આવા કામ માટે ૧૯૭૨નું વરસ બીજી રીતે પણ શુકનવંતુ ગણાય, કારણ કે ૧૯૭૨ને જગતભરમાં 'પુસ્તક–વરસ' તરીકે ઊજવવાનું સૂચન 'યુનેસ્કો' એ (સંયુક્ત રાષ્ટ્રોની શિક્ષણ–વિજ્ઞાન–સંસ્કૃતિવિષયક સંસ્થાએ) કરેલું છે અને તેને લગતા વિધવિધ કાર્યક્રમો ભારતમાં તથા દેશદેશાવરમાં યોજાયા છે. ગુજરાતી પ્રજાનાં એક ટકા જેટલાં કુટુંબોને આ ગૃહ–પુસ્તકાલય યોજનામાં શામેલ બનાવવાના સંકલ્પ સાથે આપણે પણ આ આંતરરાષ્ટ્રીય પુસ્તક–વરસની ઉજવણીમાં જોડાઈ શકીએ.

આંતરરાષ્ટ્રીય પુસ્તક–વરસનું પ્રતીક

—————— કાપલી ——————

લોકમિલાપ ટ્રસ્ટ, પો. બો. ૨૩ (૧૫૬૫ સરદારનગર), ભાવનગર

૭૫મી મેઘાણી–જયંતી પ્રસંગે ઝવેરચંદ મેઘાણીનાં ચૂંટેલાં કાવ્યો, નવલિકાઓ તથા લોકકથાઓમાં એકંદરે ૭૫૦ પાનાંનાં ત્રણ પુસ્તકોનો સેટ ૧૯૭૨ના ઑગસ્ટમાં પ્રગટ થવાનો છે તેની નીચે મુજબની નકલોની મારી વરધી નોંધવા વિનંતી છે:

સેટ દીઠ રૂ. ૫ લેખે **૨૦ સેટ**	(રેલ–પારસલથી મોકલવાના)	રૂ. ૧૦૦–૦૦
સેટ દીઠ રૂ. ૬ લેખે **૫ સેટ**	(,,)	રૂ. ૩૦–૦૦
૧ સેટ	(રજીસ્ટર ટપાલથી મોકલવાનો)	રૂ. ૭–૫૦
૧ સેટ	(લોકમિલાપના કાર્યાલયમાંથી રૂબરૂ મેળવવાનો)	રૂ. ૫–૦૦
૧ સેટ	(પરદેશમાં રજીસ્ટર ટપાલથી મોકલવાનો)	રૂ. ૧૨–૦૦

ઉપર મુજબની રકમ આ સાથે ચેક*થી / જુદા મનીઑર્ડરથી મોકલી છે.

[*ચેક 'લોકમિલાપ ટ્રસ્ટ' કે 'Lok-Milap Trust'ના નામનો]

નામ: ____________________

સરનામું: ____________________

____

ગામ: ____________ જિલ્લો: ____________

પુસ્તકોના વિતરણના કામમાં લોકમિલાપ ટ્રસ્ટ ઘણી જ ઝીણવટ અને વૈજ્ઞાનિકતા લાવી રહ્યું છે, એટલે મેઘાણી સાહિત્યસંચયના ૨૫,૦૦૦ સેટ કાઢવાની તમારી ઇચ્છા જરૂર સિદ્ધ કરી શકશો.

જુગતરામ દવે (વેડછી)

*

લોકમિલાપ ટ્રસ્ટ જે યોજના ઘડે છે તે હળવી ફુલ જેવી અને છતાં ઉપયોગી હોય જ છે.

પંડિત સુખલાલજી (અમદાવાદ)

*

મેઘાણીભાઈની માનસસૃષ્ટિ ઘરઘરમાં વસાવવા માટેની આ યોજના ધન્યવાદને પાત્ર છે. તમે ખરેખર મોટું કામ ઉપાડ્યું છે, પણ સદ્ભાવનાને દૈવી મદદ મળી રહે છે.

રવિશંકર રાવળ (અમદાવાદ)

*

તમારી પ્રવૃત્તિને મારા આશીર્વાદ છે.

સ્વામી આનંદ (કોસબાડ હિલ)

*

૭૫મી મેઘાણી–જયંતી આના કરતાં વધુ સારી રીતે ભાગ્યે જ ઉજવી શકાત. બહુજન સમાજ સુધી મેઘાણી પહોંચી શકે એવી લોકમિલાપની આ યોજનામાં આપણા લોકજીવન સાથેનો તમારો ઊંડો સદ્ભાવ અને જે કાર્ય-દક્ષતા અભિવ્યક્ત થાય છે તેને આપણા સાંસ્કૃતિક જીવનની એક યાદ રાખવા જેવી ઘટના હું લેખું છું.

ઝીણાભાઇ દેસાઈ (અમદાવાદ)

*

'ફુલછાબ'માં મેઘાણી–સ્મારક યોજના વિશે વાંચ્યું અને મનનો મોરલો નાચી ઊઠ્યો. એ યોજનાં વરસોથી મારા મનમાં ઘૂંટાતી હતી. મેઘાણીનાં પુસ્તકો તદ્દન નજીવા દરે પ્રજાના ઘરોઘર પહોંચતાં થાય, ભણેલાને વાંચવા મળે અને અભણને સાંભળવા મળે, ત્યારે સાચી જયંતી ઊજવી કહેવાય. મેઘાણી મારા પ્રિય લેખક છે. મારી ૫૮ વરસની ઉંમરમાં જેના મરણે મને આઘાત પહોંચાડી દિવસો સુધી રોવરાવ્યો છે, તેમાં મેઘાણીનું નામ છે.

મનજીલાલ જે. કપાસી (ઢસા જંકશન)

*

મેઘાણી–સ્મારક યોજનાના અનુસંધાનમાં એક સૂચન કરવાનું મન થાય છે કે, આવી યોજના વિસ્તારીને કલાપી અને બીજા ગુજરાતી સાહિત્યકારોનું સાહિત્ય સામાન્ય જનતા સુધી સસ્તી કીમતે પહોંચાડાય, તો ભાવિ પેઢી પર સારા સંસ્કારો પાડી શકાય.

રમણીકભાઈ ક્ષોત્રિય (હિંમતનગર)

*

વરસોથી મારા મનમાં એક વિચાર ઘોળાયા કરતો હતો કે આપણા સાક્ષરોની જન્મ, અવસાન અગર અમુક વરસની ઉંમરે ઊજવાતી જયંતી પ્રસંગે તેમનાં પુસ્તકો અમુક સમય સુધી ઓછી કીમતે અપાય તો તે લેખકના સાહિત્યનો વધારે પ્રચાર થાય. પણ અત્યાર સુધી કોઈએ તે દિશામાં પ્રયત્ન કર્યાની જાણ નથી. આજે મારું સ્વપ્ન સિદ્ધ થયું તે જાણી આનંદ થયો.

છોટાલાલ માનસિંગ કામદાર (વાંકાનેર)

*

અમો સહુ પ્રાથમિક શાળાના ગરીબ શિક્ષકોના ગજવાને પણ પોસાય ને મનની મુરાદ પાર પડે તેવી યોજના માટે શતશઃ ધન્યવાદ.

દલસુખરાય વિ. દવે (રાજકોટ)

*

યોજના ખૂબ આવકારપાત્ર છે. ૨૫,૦૦૦ ગ્રાહકો મળી રહેશે જ. મેઘાણીભાઈના સ્મારક માટે અનેક વ્યક્તિઓ ને સંસ્થાઓ સહકાર આપવા તૈયાર થશે.

તાપીદાસ હ. સંઘવી (અમરેલી)

*

લોકમિલાપ ટ્રસ્ટની યોજનાઓ મૌલિક અને લોકોને પોષાય તેવી હોય છે. આમાંથી કાયમી યોજના બની રહે તેવી શુભેચ્છા સાથે અભિનંદન.

ઈશ્વર પેટલીકર (અમદાવાદ)

*

આવું સર્વથા ઉચિત થાય તેવું, મેઘાણીભાઈના ગ્રંથોનાં પ્રકાશનો દ્વારા, સ્મારક ઊભું કરો છો તેથી આનંદ થાય છે. મારાથી બનશે તેટલો તેમાં સાહાય્યભૂત થઈશ તેની ખાતરી રાખશો.

ગુલાબદાસ બ્રોકર (મુંબઈ)

*

કલા-પ્રસારક અભિનંદનપત્રો

વારતહેવારે મોકલાતાં અભિનંદનો અને ખાસ તો નવા વર્ષે આવતાં અભિનંદનપત્રો એ જેમ વિખૂટા પડી દૂર દૂર વસતાં સ્વજનો અને મિત્રોની લાગણીનાં વાહક છે તેમ અવનવી કલાકૃતિઓનાં પ્રસારક પણ છે. અસલ ચિત્રો કે અન્ય કલાકૃતિઓ એની મોંઘી કિંમતોને કારણે બહુજન સમાજમાં વ્યાપી શકે એવી સ્થિતિ આપણે ત્યાં હજી આવી નથી અને પશ્ચિમના દેશોની પેઠે એવી ઉમદા કૃતિઓની તાદૃશ નકલો પણ આપણે ત્યાં ઉપલબ્ધ નથી ત્યારે ચિત્રસંપુટો કે કલાગ્રંથો સિવાય ઘરઆંગણે તેને માણવાનું એ પછીનું સરળ માધ્યમ છે કૅલેન્ડરો અને આ અભિનંદનપત્રો. આમાં યે કૅલેન્ડરો એ જાણે મફત મેળવવા-ની જ ચીજ ગણાય છે એટલે બાકી રહ્યાં તે અભિનંદનપત્રો જ આજે કદાચ સૌથી વધુ યોગ્ય અને સૌ સુધી પહોંચી શકે તેવું એક માધ્યમ રહ્યું છે. એમ કહી શકાય. આ પ્રકારનું છાપકામ પણ એક આગવી કલા છે. કાગળ, બ્લૉક્સ, શાહી અને યંત્રોનો સમન્વય સાધી ઉત્તમ મુદ્રણ કરવું એ ઊંડી સમજ અને સુરુચિપૂર્ણ દૃષ્ટિ માગી લે તેવું કૌશલ છે. આ રીતે મુંબાઈના વકીલ ઍન્ડ સન્સની છપાઈ એનાં અન્ય અનેક છાપ-કામોની સાથે આ ક્ષેત્રમાં પણ પ્રશંસનીય રહી છે. દેશભરના અનેક ખ્યાતનામ ચિત્રકારોની કૃતિઓ તથા રત્નસમાં અનેક પ્રાચીન ચિત્રો પરથી એમણે તૈયાર કરેલાં સેંકડો અભિનંદનપત્રોમાંથી જે બહુ થોડાં અહીં આપી શકાયાં છે એના પરથી એમની કલાદૃષ્ટિનો થોડો ખયાલ આવી શકશે. આ રીતે આવાં સુરુચિપૂર્ણ અભિનંદનપત્રો દેશમાં તેમજ વિદેશમાં આપણી પ્રાચીન તેમજ અર્વાચીન કલાનું જ પ્રતિબિંબ પાડે છે. અહીં મથાળે પહેલા ચિત્રમાં ઝીણીઝીણી વિગતો જતી કરીને માત્ર રંગ વડે જ સ્ત્રીવૃંદનું મધુર સંયોજન ઉપસાવ્યું છે. બીજામાં સૌરાષ્ટ્રનાં ખાંભી-પાળિયા પર કોરાએલી વિવિધ સંજ્ઞાઓ, તારની જાળી ને પત-રાનાં ચકરડાં વગેરેનો ઉપયોગ કરી એક આકર્ષણ ઊભું કર્યું છે, તો તેની બાજુમાં પતરાને જ પાછળથી ઠપકારીને આકૃતિઓ ઉપસાવી છે. વચલી હારમાં પહેલાં બંને રાજસ્થાની કલમનાં સુંદર ચિત્રો છે. ત્રીજામાં રેખા પર વધુ ભાર આપી સહેજસાજ રંગ સાથે પાત્રની લાક્ષણિકતા ઉતારી છે. ત્રીજી હારમાં પહેલા કાર્ડમાં ૧૮મી સદીના જૈન ગ્રંથમાં આલેખા-એલાં, જૈન તીર્થંકરોની માતાઓને સ્વપ્નમાં દેખાએલાં શુભસંકેતોનું રંગ-મધુર આલેખન છે. તે પછી ઉત્સવના આનંદને વ્યક્ત કરતું સરળ સચોટ રેખાંકન અને છેલ્લે ઊભા કાર્ડમાં તળપદી શૈલીનું રમ્ય શોભનાલેખન છે.



સાહિત્યસંપર્ક

(અનુસંધાન પૃષ્ઠ ૪૧૦થી)

प्रकाशन विभाग

माहिती प्रसरण विभाग, भारत सरकार
पतियाला हाउस, नवी दिल्ही-१

હિંદી પ્રકાશનો

બૅંક રાષ્ટ્રીયકરણ: ભારતની ચૌદ મુખ્ય બૅંકોનું રાષ્ટ્રીયકરણ થયા પછી એના વિવિધ પ્રત્યાઘાતો ઊઠ્યા. આથી બૅંક રાષ્ટ્રીયકરણ શું છે, શા માટે છે વગેરે મુદ્દાઓને સ્પર્શતા લેખો 'યોજના'(હિંદી-અંગ્રેજી)સામયિકના ૧૯૬૯ના ઑગસ્ટના વિશેષાંકમાં પ્રગટ કરવામાં આવેલા, જેમાં આ વિષયની તરફેણ અને વિરુદ્ધના મુદ્દાઓને વિવિધ લેખકોએ ચર્ચ્યા હતા. એમાંથી ચૂંટેલા ૨૦ લેખોનો આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. બૅંક રાષ્ટ્રીયકરણ વિષે જાણવા માગનારને આ માર્ગદર્શક થઈ પડશે. કાચું પૂઠું; પૃ. ૧૦૩; રૂ. ૧-૫૦

ઍની બેસન્ટ: ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે મહાવિભૂતિઓએ પોતાનો ફાળો આપ્યો છે તેમાં અંગ્રેજ વિદુષી ઍની બેસન્ટનું નામ ભુલાય તેમ નથી. ભારતના પુનરુત્થાનમાં પણ એમનો ફાળો નાનાસૂનો નથી. થીઑસૉફી તત્ત્વજ્ઞાનનાં પ્રચારક અને ભારતીય હોમરૂલ ચળવળનાં પ્રવર્તક, એક વખતનાં 'બેસન્ટ મૈયા'નું સંક્ષિપ્ત સુવાચ્ય ચરિત્ર આ પુસ્તકમાં, ભારતના બીજા મહાન બુદ્ધિરત્ન સર સી. પી. રામસ્વામી અય્યરની કલમે આલેખાયું છે. કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૩-૦૦

પંડિત મદનમોહન માલવીય: ભારતના મુક્તિજંગના લડવૈયા અને ભારતીય સંસ્કૃતિના આજીવન પુરસ્કર્તા તથા પ્રચારક પંડિત મદનમોહન માલવીયજીના બાળપણથી અંત સુધીના દિવસોની પ્રમાણભૂત ચરિત્રરેખા સીતારામ ચતુર્વેદીએ આ પુસ્તિકામાં સરળ શૈલીમાં આંકી છે. આજની નવી પેઢીને ભુલાતી જતી આવી વ્યક્તિઓની સ્મૃતિરેખાઓ પ્રેરણાત્મક અને માર્ગદર્શક થઈ પડશે. કાચુંપૂઠું, પૃ. ૧૨૦; રૂ. ૨-૨૫

વિવેકાનન્દ કી કહાની: આ સદીની શરૂઆતના દાયકાઓમાં ભારતના તરુણોની પ્રેરક અને માર્ગદર્શક વિભૂતિ તથા ભારતીય સંસ્કૃતિના મહાન પ્રચારક સ્વામી વિવકાનંદની જીવનકથા 'બાળપણ', 'ગુરુની મુલાકાત', 'ભ્રમણકાળ', 'પશ્ચિમના દેશોમાં વિવેકાનંદ' અને 'ઉદ્દેશ્ય–સિદ્ધિ' એમ પાંચ પ્રકરણોમાં વહેંચવામાં આવી છે. આ સચિત્ર અને રોચક જીવનકથા કિશોરો-યુવાનો સહુને પ્રેરણારૂપ બને તેવી છે. કાચું પૂઠું, પૃ. ૫૫, રૂ. ૧-૨૫

ભારત કે બચ્ચે: આજના યુગ સંદર્ભમાં અન્ય દેશોને મુકાબલે ભારતનાં બાળકોને પણ વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર તકો પૂરી પાડવામાં આવે છે. આજના ભારતનાં બાળકો આવતી કાલ માટે કેવી રીતે તૈયાર થઈ રહ્યાં છે તેની આર્ટ પેપર પર કરાવવામાં આવેલી આ ચિત્રમય ઝાંખી છે. કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૩-૨૫

એક દિન કા મહેમાન: મુઘલ સામ્રાજ્ય સામે શિવાજીના વખતથી મરાઠાઓએ જે સ્વાતંત્ર્યયુદ્ધ આપ્યું તેની તેમજ મહારાષ્ટ્રના ઇતિહાસને જેલ આપતી અન્ય ઐતિહાસિક મરાઠી વાર્તાઓનું સરળ હિંદીમાં કાશીનાથ ગોવિંદ જોગલેકરે સ્ફૂર્તિદાયક ભાષાંતર કર્યું છે, જેમાં શૌર્ય, ટેક અને કર્તવ્યભાવનાની ૧૪ સચિત્ર વાર્તાઓ સંગૃહીત થઈ છે. કાચું પૂઠું, પૃ. ૫૪, રૂ. ૧-૬૫

દશકુમાર ચરિત: સંસ્કૃતના પ્રસિદ્ધ કવિ દણ્ડી રચિત 'દશકુમાર ચરિત'નું અહીં બાલોપયોગી સરળ ને સચિત્ર સંસ્કરણ અને ભાષાંતર વીરેશ્વર ભટ્ટાચાર્યે કર્યું છે. દશ કુમારોની આ વાર્તાઓમાં પ્રાચીન ભારતનો સમાજ, તે સમયના રીતરિવાજો તથા લોકમાન્યતાઓ પર સારો પ્રકાશ પડે છે, અને આજનાં બાળકોને ભારતનો ભૂતકાળ કેવો હતો તેની ઝાંખી થઈ રહે છે. સાહિત્યિક અને સંસ્કૃતિક મૂલ્ય ધરાવતી આ મનોરંજક વાર્તાઓ બાળકોને જરૂર ગમશે. કાચું, પૃ. ૬૮, રૂ. ૨૨-૦

પ્રેરણાદીપ: દેશવિદેશના મહાનુભાવોની જીવન સરિતા સર્વકાળ માટે સહુને પ્રેરણા આપતી રહે છે. પુરાણ–ઇતિહાસની પ્રસિદ્ધિ વ્યક્તિઓથી માંડીને આજના યુગની ગાંધી-નેહરુ-સરદાર-વિદ્યાસાગર અને નેપોલિયન-વિલ્સન જેવી દેશ-વિદેશની પ્રતિભાશાળી વ્યક્તિઓના પ્રેરણાદાયક જીવન-અનુભવો તમજ અંશોને ઉપાખ્યાનના રૂપમાં શ્રી વ્રજભૂષણે અહીં રોચક રીતે રજૂ કર્યા છે. અહીં નિરૂપવામાં આવેલાં કુલ ૨૯ ઉપાખ્યાનો આજના કિશોરો અને યુવાનોને પોતાના ભાવિ-ઘડતર માટે અમૂલ્ય પાથેય બની રહે તેમ છે. આ ઉપાખ્યાનો પાછળ લેખકનો શ્રમ અને સૂઝ અછતાં રહેતાં નથી. કાચું પૂઠું. પૃ. ૧૧૧, રૂ. ૩.

સરલ પંચતંત્ર: પંડિત વિષ્ણુ શર્માના પ્રસિદ્ધ ગ્રંથ 'પંચતંત્ર'નું જર્મન, અંગ્રેજી, ઈટાલિયન, હિબ્રૂ, ફારસી આદિ અનેક ભાષામાં ભાષાંતર થએલું છે. બાળકોને શિક્ષણ આપવા માટે સૈંકડો વર્ષો પૂર્વે આ પંડિતે પશુ-પક્ષીઓને પાત્રો બનાવી આ ગ્રંથમાં જે મનોરંજક ઉપદેશકથાઓ રચેલી તેનું મૂલ્ય આજે પણ ઘટ્યું નથી એ એની લોકપ્રિયતા બતાવી આપે છે. હિંદીના પ્રસિદ્ધ લેખક વિષ્ણુ પ્રભાકરે તેને અહીં રોચક શૈલીમાં ઉતારી છે. કાચું પૂઠું, પૃ. ૬૭, રૂ. ૧-૭૫

રાજકુમારી નિહાલદે: જુદાં જુદાં રાજ્યોની લોકકથાઓને આધારે રચાએલી ૧૪ મનોરંજક અને જ્ઞાનપ્રદ સચિત્ર વાર્તાઓ આ પુસ્તકમાં સામેલ કરવામાં આવી છે. વિભિન્ન રાજ્યોનું લોકજીવન અને લોકમાન્યતાઓ કેવી હતી તે આ વાર્તાઓ દ્વારા બાળકોને સરળતાથી સમજાશે. આનંદ સાથે જ્ઞાન આપવામાં આવી લોકવાર્તાઓ અત્યંત ઉપયોગી થઈ પડે છે. બાલમાનસ અને રુચિ-શક્તિને ધ્યાનમાં રાખીને લખાએલી આ વાર્તાઓ બાળવાચનનું ઉપયોગી પુસ્તક બની રહે છે. પૃ. ૬૮, રૂ. ૨

લોહ પુરુષ સરદાર પટેલ: આધુનિક ભારતના સમર્થ ઘડવૈયા અને સ્વાતંત્ર્યસંગ્રામના અડગ સેનાની સરદાર વલ્લભભાઈ પટેલના જીવનની પ્રેરણાદાયી ઝાંખી અહીં શ્રી મુકુટબિહારી વર્માએ છ પ્રકરણોમાં કરાવીછે. આજની ઊછરતી પેઢીને આપણા સરદારનું આ જીવન પ્રેરણાદાયી થઈ પડશે. પૃ. ૩૨, રૂ. ૧-૫૦

ઝાંસી કી રાની લક્ષ્મીબાઈ: ભારતીય ઇતિહાસના નિર્માણમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનો ફાળો નોંધપાત્ર છે. એ વીર નારીના વ્યક્તિત્વ અને કાર્યને બિરદાવતી આ લઘુ ચરિત્રરેખા રોચક અને રોમાંચક છે. કિશોરોને એ ઉપયોગી વાચન પૂરું પાડે તેમ છે. અગિયાર લઘુ પ્રકરણોમાં રજૂ થએલી આ સચિત્ર જીવનકથાના લેખક છે શ્રીનિવાસ બાલાજી હાર્ડીકર. કાચું પૂંઠું, પૃ. ૪૦, રૂ. ૧-૦૦

ચિત્તરંજન દાસ: દેશબંધુ દાસ તરીકે જાણીતા થએલા ભારતના આધુનિક ઘડવૈયાઓમાં ચિત્તરંજન દાસ પણ એક હતા. એમની જન્મ-શતાબ્દીના અવસરે એમના જીવનમાંથી આજની પેઢીને પ્રેરણા મળી રહે તે આશયથી આ પુસ્તિકામાં એમનું સંક્ષિપ્ત ચરિત્રાલેખન કરવામાં આવ્યું છે. ભૂપેન્દ્રનાથ સાન્યાલે આલેખેલું આ લઘુ ચરિત્ર દેશબંધુને અંજલિ રૂપ છે. કાચું પૂંઠું, પૃ. ૪૬, રૂ. ૧.


માલવીયજી: મહામના પંડિત મદનમોહન માલવીયજી ભારતના મહાન નેતાઓમાંના એક હતા. એમની સેવાઓ અને ભારતીય સંસ્કૃતિની પૂજક–રક્ષક વૃત્તિને ભારત કદાપિ ભૂલી શકશે નહિ. આજની પાશ્ચાત્ય આંધી સામે યુવાન પેઢીને પ્રેરણા મળી રહે તેવું અગિયાર પ્રકરણમાં વિભક્ત સચિત્ર લઘુ ચરિત્ર શ્રી અવનીન્દ્રકુમાર વિદ્યાલંકારે તૈયાર કર્યું છે. કાચું પૂંઠું, પૃ. ૪૬, રૂ. ૧-૨૫

આ માસ(ઑક્ટોબર)ઇતિહાસમાં

તા. ૨, ૧૯૪૫ શાંતિપ્રદ સાદગીના કલાકાર હેંરી માતિસનું અવસાન. 'કલાકારનું ખરું કામ તો આ દુનિયા અને જીવનનાં દુ:ખ તથા વિષમતાઓ ઉપર શિષ્ટતા ને આશ્વાસનનો પડદો નાખી માનવીને શાંતિ અને આસાયેશ આપવાનું છે.' માતિસની આગવી કલાદૃષ્ટિનો આ એક મર્મ છે. ઈ. ૧૮૬૯માં એનો જન્મ. ભણતર વકાલતનું ભણતો હતો પણ માંદગીમાં પથારીવશ થઈ પડતાં વીસ વર્ષની વયે એણે ચિત્રકામ કરવા માંડ્યું ને પછી વકાલત રહી જ ગઈ. વસ્તુની આબેહૂબતા છોડીને તેના ઘાટઘૂટ ને રંગભભકને જ ચિત્રમાં ઉતારવાની એની આગવી ચિત્રશૈલીએ કલાના વિકાસમાં એક નવો ઝોક આપ્યો. 'કંટાળેલા કારકુનને ઘેર જઈ આરામખુરશી પર આડા પડતાં જે શાતા વળે એવી શાતા કલાકૃતિ જોતાં વળવી જોઇએ' એવું એનું મંતવ્ય એની કૃતિઓ જોતાં સાથે થતું જણાય છે. શિલ્પ અને સ્થાપત્યમાં પણ એણે પોતાની આ શાંતિપ્રદ સાદગી ઉતારી છે. અહીં એની એક કૃતિ આપી છે. એમાં રંગભભક તો નહિ પણ એની સરળ સાદગીભરી શૈલીનો ખયાલ મળી રહેશે.



તા. ૧૦, ૧૮૬૧ ઉત્તર ધ્રુવપ્રદેશનાં દ્વાર ખોલનાર નૉર્વેજિયન સાહસ-સફરી અને માનવતાવાદી રાજદ્વારી ફ્રિજોફ નાનસેનનો જન્મ. ૧૮૮૮માં ગ્રીનલૅન્ડની સફર કરી એણે એસ્કિમોના જીવન વિષે એક પુસ્તક લખ્યું. તે પછી એણે નેપલ્સમાં પ્રાણીવિદ્યાનો અભ્યાસ કર્યો, ને ક્રિશ્ચિયાના યુનિવર્સિટીમાંથી ડૉક્ટર ઑવ ફિલૉસૉફીની પદવી લીધી. પણ એની મહેચ્છા તો ઉત્તર ધ્રુવ સર કરવાની હતી. જો ધ્રુવસમુદ્રમાં જુવાળ આવી બરફના પ્રવાહો ત્યાંથી નીકળતા હોય તો એ પાછા પણ ત્યાં જ જવાના અને એ વળતા પ્રવાહો સાથે જવાય તો તેમની સહાયે ધ્રુવસમુદ્ર ને કદાચ ધ્રુવની પણ આરપાર નીકળી શકાય એવો એનો એક તર્ક હતો. તેનો વિરોધ પણ થયો પરંતુ એ તો ૧૮૯૩ના જુલાઈમાં ઊપડયો. બે એક માસની સફર પછી તેનું વહાણ 'ફ્રામ' બરફમાં ફસાયું. ૧૮૯૫ સુધી તેઓ ત્યાં સલવાઈ રહ્યા. અંતે નાનસેન એક સાથીને લઈ પગપાળો આગળ ઊપડયો ને ૮૬° ઉત્તર અક્ષાંસ સુધી પહોંચી ગયો, પછી ન છૂટકે પાછા ફરતાં માર્ગમાં જ આખો શિયાળો કાઢવો પડયો. ૧૮૯૬માં ત્યાં અન્ય શોધસફરી મળી જતાં એ પાછો ફર્યો. થોડા દિવસે એનું વહાણ પણ સલામત આવી



ચું. પણ એ પછી ૧૯૦૫માં ૨૬મી ઑક્ટોબરે નૉર્વે સ્વીડનથી છૂટું પડતાં નવી સ્થપાએલી રાજાશાહીમાં નાનસેન ઇંગ્લૅંડ માટેનો પ્રધાન નિમાયો. મહાયુદ્ધ પછી પ્રજાસંઘના કમિશનર તરીકે એણે પાંચ લાખ યુદ્ધકેદીઓને મુક્તિ અપાવી. ૧૯૨૧માં રશિયાના દુકાળનું જાતે અવલોકન કરી આવી દેશવિદેશમાંથી રાહત મેળવીને ત્યાં પહોંચાડી, અને ૧૯૨૩ના શાંતિ માટેના પોતાને મળેલા નોબેલ પુરસ્કારની રકમ પણ તેમાં આપી દીધી. ૧૯૩૦માં એનું અવસાન થયું.


તા. ૧૪, ૧૯૨૦ ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયે સ્ત્રી સ્નાતકોને ઉપાધિ આપવાનો આરંભ કર્યો. ઈંગ્લૅંડની છેક તેરમી સદીમાં સ્થપાએલી આ યુનિવર્સિટીમાં સ્ત્રીઓને સદીઓ પછી આ અધિકાર પ્રાપ્ત થયો.

તા. ૨૦, ૧૭૭૪ 'રેગ્યુલેટિંગ ઍક્ટ' દ્વારા કંપનીની સત્તા નાબૂદ કરી હિંદુસ્તાનના સર્વસત્તાધીશ તરીકે વૉરન હેસ્ટિંગ્સની ગવર્નરજનરલ તરીકે નિમણૂક કરવામાં આવી અને અંગ્રેજો હિંદના કાયદેસરના શાસક બન્યા.

તા. ૨૪, ૧૫૦૬ એશિયામાં યુરોપીય રાજસત્તાનો પ્રારંભ. કૉન્સ્ટન્ટિનોપલ તૂર્કોને હાથ ગયા પછી નજીકના યુરોપનાં રાજ્યો પર પણ એમની સત્તા વધવા માંડી. આથી પશ્ચિમ યુરોપનાં રાજ્યોએ નવા મુલકો તરફ નજર નાખવા માંડી જેમાં સૌને હિંદુસ્તાનનું વધુ આકર્ષણ હતું. હિંદ પહોંચવાનો જલમાર્ગ શોધવા અલ્ફૉન્ઝો આલ્બુકર્કને મોકલ્યો. હિંદી મહાસાગરથી એ પરિચિત હતો. એણે જોયું કે રાતા સમુદ્રમાંથી અરબી સમુદ્રમાં આવતા જલમાર્ગ પર સોકોટ્રા વ્યૂહાત્મક દૃષ્ટિએ બહુ મહત્ત્વનું સ્થાન હતું, એટલે પ્રથમ દરિયા પર વર્ચસ્વ મેળવવા એ કબજે કર્યું. એ પછી ઈરાનના અખાતમાંથી અરબી સમુદ્રમાં આવતા વ્યાપારી માર્ગ પર કાબૂ મેળવવા એણે રાજઆજ્ઞા મેળવ્યા વિના જ ઑર્મઝ પર પણ આક્રમણ કર્યું અને તેને સંધિ કરવાની ફરજ પાડી. તે સંધિ મુજબ ઑર્મઝમાં પોર્ટુગાલને ત્યાં કિલ્લેબંધી કરી લશ્કર રાખવાની સત્તા અને ઑર્મઝ પાસેથી ખંડણી મળી. પોર્ટુગાલની આ રાજસત્તાથી પૂર્વના દેશોમાં યુરોપીયન રાજ્યપ્રભાવનો આરંભ થયો.

તા. ૨૬, ૧૯૨૨ ઇંગ્લૅંડ સામે વર્ષોની લડત પછી આયર્લૅન્ડ તેનાથી સ્વતંત્ર થયું અને એની સ્વતંત્ર્ય લડતના એક પ્રખર પુરસ્કર્તા એમન ડી વૅલેરા તેના પ્રથમ પ્રમુખ ચૂંટાયા. ડી વૅલેરાનો જન્મ પણ આ જ માસમાં ૧૪મી તારીખે ઈ. ૧૮૮૨માં ન્યૂ યૉર્કમાં થએલો.

તા. ૩૧, ૧૮૭૫ ભારતની સ્વાતંત્ર્ય સાધનામાં ગાંધીજી પછી અગ્રણીઓમાં અગ્રણી અને સ્વાતંત્ર્ય પછી ભારતને એક અખંડ રૂપ આપનાર દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલનો કરમસદમાં જન્મ. ઇ. ૧૯૦૦માં ગોધરામાં પ્લીડર થઇને અને બોરસદ તથા આણંદમાં વકીલ તરીકે નામના કમાઇ ઈ. ૧૯૧૦માં ઇંગ્લૅંડ જઈ તેઓ પહેલા નંબરે પાસ થઈ બૅરિસ્ટર બન્યા. ૧૯૧૪માં અમદાવાદમાં વકાલત આદરી, ૧૯૧૫ માં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચૂંટાયા ને ૧૯૧૬માં ગાંધીજીના પરિચયમાં આવી બીજે વર્ષે ખેડા સત્યાગ્રહમાં ભાગ લીધો. તે પછી '૨૨માં બોરસદમાં અને '૨૩માં નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં તો તેમનું નેતૃત્વ હતું. '૨૪થી '૨૮ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ રહ્યા. '૨૮માં બારડોલીની લડતમાં વિજય મેળવી 'સરદાર' બન્યા.' ૩૧ની કરાચી કૉંગ્રેસના પ્રમુખ અને '૩૫માં પાર્લમેન્ટરી બોર્ડના પ્રમુખ ચૂંટાયા. '૪૭માં દેશ સ્વાતંત્ર થતાં ગૃહસચિવ ને નાયબ વડાપ્રધાન બન્યા. જે પદ પરથી દેશી રાજ્યોને વિલીન કરીને અખંડ ભારતનું સર્જન કર્યું. ૧૯૫૦ની ૧૫મી ડિસેમ્બરે એમનું અવસાન થયું.



વહ્યાં વર્ષો ક્લેશે સકલ નવ આજે સમરીએ,
રહ્યાં વર્ષો શેષે સકલ સહુ કાજે પમરીએ.
—ધીરુ પરીખ—

• વિખ્યાત સ્પૅનિશ કલાકાર પિકાસો પારી(સ)માં નાઝીઓને હાથ સપડાયો ત્યારે એક ચીડિયા અમલદારે તેને પૂછયું: 'તું જ પેલો નાઝી વિરોધી ચિત્રકાર ને ?'

'હા.' પિકાસોએ શાંતિથી જવાબ દીધો.

પેલા અમલદારે તરત 'ગર્નિકા' નામના પિકાસોના વિખ્યાત ચિત્રની છાપ તેની સામે ધરી જેમાં, સ્પૅનિશ આંતરવિગ્રહ વખતે નાઝી વિમાનોએ વાળેલા સત્યાનાશનું આલેખન હતું, અને તેને પૂછયું: 'આ કોણે, તેં કર્યું છે ને ?'

'ના જી;' જવાબ મળ્યો: 'એ આપે કર્યું છે!'

કહેવતોના અર્થ—'દીઠા દેવ ને પહોંચી જાત્રા': (૧) ઉત્કંઠાવાળી વસ્તુ કે પ્રસંગ પ્રાપ્ત થયા પછીની સિદ્ધિનો સંતોષ વ્યક્ત કરવા; (૨) તેનો મોહ ઊતરી ગયાનો ભાવ વ્યક્ત કરવા, કે (૩) તેને વિષે રાખેલી અપેક્ષા ન ફળતાં થતી નિરાશા દર્શાવવા વપરાતી કહેવત.

અનેકાર્થી શબ્દ: **ડાંગ**=વાંસની જાડી લાંબી લાકડી; ફદકો કે ફલાંગ; ખેડ-હકનો કબજો; પાણીના અભાવવાળો ઉચ્ચ પ્રદેશ કે ટેકરીઆળ જમીન; ચાર થી છ વેંતની લંબાઈનું એક માપ; વખતનું (૨૪ મિનિટનું) એક માપ; કાઠી જાતિમાં એક અટક; કર કે માનતા; જંગલો ધરાવતો ઉચ્ચ પ્રદેશવાળો દક્ષિણ ગુજરાત રાજ્યનો એક જિલ્લો.

'બાઈબલ' એ મૂળ ગ્રીક ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ 'પુસ્તક' એટલો જ થાય છે.



સામાન્યત: પક્ષીઓ જે ઊંચાઇએ ઊડે છે તે કરતાં ભેજવાળા હવામાનમાં નીચાં ઊડે છે. નિષ્ણાતો માને છે કે ભીની પાંખોને લીધે ઊંચે ન ઊડી શકતાં જીવડાંને શોધવા તે નીચાં ઊડે છે.



તામિલ દેશમાં પ્રાચીન કાળમાં ઈ.સ.ના ૬ થી ૮મા સૈકાનાં ત્રણસો વર્ષમાં પલ્લવો નામના પરાક્રમી રાજાઓ થઈ ગયા, જેમણે પોતાની રાજધાની કાંચી (આજના કાંજીવરમ્)થી છેક લંકા સુધી આણ વર્તાવી. દક્ષિણના ભવ્ય અને બલિષ્ઠ સ્થાપત્ય તથા શિલ્પનો પાયો પણ એ પલ્લવોએ નાખ્યો. એ પલ્લવોનો રૂપાનો એક સિક્કો ઉપર આપ્યો છે, જેમાં એક બાજુએ સિંહનું ચિત્ર છે, ને બીજી બાજુ બાજઠ ઉપર મૂકેલો કળશ તથા તેની ચોમેર પ્રકાશકિરણો છે.


ગણિત-ગમ્મત

૧૧, ૧૨ અને ૧૩—દસથી વીસની અંદરની પાસેપાસેની આ ત્રણ રકમો એવી ખૂબીદાર છે કે તેનું જે બીજરૂપ (square) આવે તે, એ જ રકમને ઉલટાવવાથી આવતી રકમના બીજરૂપનાં ઉલટાવેલા જવાબની બરાબર થાય છે. દા. ત. $૧૨^૨ = ૧૪૪$; ઉલટાવતાં $૨૧^૨ = ૪૪૧$ ઉલટાવતાં ૧૪૪! વીસથી ત્રીસ સુધીમાં આવી એક માત્ર રકમ ૨૨ છે. ત્રીસથી સોની મર્યાદામાં આવી બીજી સંખ્યાઓ તમે શોધી કાઢશો ?


—કા. મ. જોષી



ટોંગાની આ ટપાલટિકિટ પર રિસ્ટ-વૉચનું આલેખન નવતર પ્રયોગ જેવું છે; પણ એ સહેતુક છે. ગ્રીનિચ મીન ટાઈમ કરતાં આ એક જ દેશનો સમય તેર કલાક આગળ રહે છે. આ ટિકિટમાં નીચે પટ્ટાની કડી જેવું લાગતું આલેખન ત્યાંના 'હા અમૉંગા' નામે ઓળખાતા પ્રાગૈતિહાસિક અવશેષનું છે, જેનો ઉપયોગ વર્ષનો લાંબામાં લાંબો અને ટૂંકામાં ટૂંકો દિવસ ચોકસાઈથી નક્કી કરવામાં થતો હતો.



આ એરોપ્લેનની પહોળાઈ કરતાં લંબાઈ વધુ લાગે છે ખરું ? પણ એ દષ્ટિભ્રમછે. બંને સરખાં જ છે. માપી જુઓ.



ભારે વજન ઉપાડવાની ચીનાઓની યુક્તિ

યુક્તિભરી કારીગરી, નુસખા ને હુન્નરબાજી માટે ચીનની પ્રજા જાણીતી છે. આ ઉપર આપેલું ચિત્ર એ પ્રજાએ અતિ ભારે વજન ઊંચકીને હેરફેર કરવા માટે યોજેલી યુક્તિનું છે. એ પદ્ધતિથી માત્ર મોટા મજબૂત વાંસની મદદથી ૩૨ માણસો, એકબીજાની હડફેટે આવ્યા વિના, શિસ્તબદ્ધ રીતે જંગી ભારો ખેંચી જઈ શકે છે. વચ્ચે છાયાવાળો ભાગ તે વજનદાર વસ્તુ છે. પોલી લીટીઓ તે મજબૂત વાંસ દર્શાવે છે, અને દરેક કાળું ટપકું તે એકએક માણસ છે. આ પદ્ધતિથી વચ્ચેનું આખું વજન ૩૨ જણમાં સરખી રીતે વહેંચાઈ જાય છે. ઊંચકવા ને ખેંચી જવાનું કામ બરોબર એક સાથે, એક જ સમયે ને એકધારી રીતે થાય તે માટે તેઓ પણ, આપણા મજૂરોની માફક, 'હેઇસા' 'હેઈસા' જેવા તાલબદ્ધ ઉદ્ગારો કાઢતા જાય છે ને આગળ ધપતા જાય છે. ચીની બંદરોની ગોદીઓ અને એવાં મજૂરીનાં સ્થળો આવા તાલબદ્ધ આલાપોથી સદા ગુંજતાં જ હોય છે.